કમીટીની, અને ખુદ મરહુમ બમનજી પટેલની, મરજી પ્રમાણે ચાલુ રાખે. તે માટે કેટલાક ઉમેદવારોનાં નામો રજુ થતાં, તેઓમાંથી શેઠ રૂશતમ બરજોરજી પેમાસ્તર, બી. એ., એલ એલ. બી. નું નામ પસંદ કરવામાં આવ્યું અને ત્યાર પછી કેટલીક સરતોથી તેવણને એ કાંમ સોંપવામાં આવ્યું.

આ મુજબ, પેલી કહેવત પ્રમાણે, મરહુમ શેઠ બમનજી પટેલનો ઝભ્ભો (mantle) શેઠ રૂસ્તમ રનાં ખભાં ઉપર પડયો છે, અને આપણે ઇચ્છીશું કે તે તેવણ ઘણા વર્ષ સુધી પેહેરેલો રાખે. શેઠ રૂસ્તમ પેમાસ્તર આપણી પુરાંણી બાબતોના અભ્યાશનાં શોખીન છે. વળી તેવણ ઉલટ અને ઉતકથા ધરાવે છે. તેથી પારસી આલમ એવણથી એ કામમાં ઘણા ભલાંની આશા રાખે છે. એવણ સાહેબ હાઈ કોર્ટનાં વકીલ તરીકે જણાયલા છે. પોતાનાં ધંધાની રોકાંણો છતાં એવણે મેહરબાની કરી જે કાંમ માથે ઉઠાવ્યું છે, તે, તે કાંમ માટે ઉપલી યાદગારીનાં ફંડમાંથી જે "ઓનરેરીઅમ" આપવા જાહેર કર્યું છે, તે ઓનરેરીઅમનાં દામ કાજે નહિ, પણ તે કાંમના શોખ (labour of love) કાજે, તે ઓનરેરીઅમ તો આ ભાગો છપાવવાના ખરચને પણ પુરૂં પડશે નહિ. જે કાંમ શોખ કાજે થાએ છે, તે તેના દામના ખરા બદલા કરતાં વધારે સારી રીતે થાય છે. માટે એવણનાં શોખ તરફ જોતાં આપણે એ કાંમ માટે સારી આસા રાખીએ છિએ. શેઠ રૂશતમ પેમાસ્તરનો દાખલો એક બીજો વિચાર સુચવે છે, કે જેની વધુ નકલ થાય તો સારૂં. ગમેતેવા કામના એક કેલવાયલા પુરૂષે, પોતાનાં રાત દિવસનાં કામ સાથે પોતાનાં શોખનો અભ્યાસ, થોડો કે ઘણો, ચાલુ રાખવામાં, તેને પોતાને, તેનાં કાંમને, અને તેની અભ્યાસની શાખાને લાભ છે. અભ્યાસ એક માણસને પોતાનાં રાત દિવસનાં કામમાં શાંત, વ્યવસ્થિત (methodical), સ્થિર (steady), ચપળ અને મેહનતુ રાખેછે. અભ્યાસ તેનામાં એવી તબેહ ઉત્પન્ન કરે છે અને એવી તબેહથી એક અભ્યાસી પોતાનાં ધંધાનું રાત દિવસનું કામ પણ વધારે ઝડપ અને ચંચલાઈથી કરી શકે છે.

શેઠ રૂસ્તમ બરજોરજી પેમાસ્તરે માથે લીધેલાં કામનું આ પહેલું પરિણાંમ બહાર પાડવા માટે, એવણને એવણનાં કામમાં, મરહુમ શેઠ બમનજી પટેલનાં બેન બાઈ દીનબાઈ બેરામજી પટેલે કેટલીક મદદ કીધી છે. પોતાનાં મરહુમ ભાઈ તરફની ફરજનાં જે વિચારે એ બાઈને પારસી પ્રકાશનાં બીજાં દફતરનો છેલ્લો અંક બાહેર પાડવાને અને પછી તે આખ્ખુ દફતર પારસી આલમ હજુર મેલવાને ઉલટ આપી હતી, તે વિચારે એવણને આ કાંમમાં શેઠ રૂસ્તમ પેમાસ્તરને ઉલટથી મદદ આપતાં કર્યા છે.

ત્રીજાં દફતરનો આ ભાગ, શેઠ રૂશતમ પેમાસ્તરે, મરહુમ બમનજી પટેલે એકથી કરેલી નોંધો ઉપરથી તૈયાર કર્યો છે, એટલુંજ નહી, પણ એવણે પોતા તરફથી કેટલીક નવી નોંધો ઉમેરી છે.

બીજું દફતર બાહેર પડવા પછી આ ત્રીજાં દફતરનો પહેલો ભાગ બાહર પડતાં જરાક વિલંબ લાગ્યો છે, પણ તેનાં નવા કરતાનાં હાથમાં આ કાંમ નવું હોવાથી, તેવણને અનુભવ મેલવવા અને રાહે પડવા અલબતે શરૂઆતમાં કેટલોક વખત લાગવો જોઇએ, પણ આપણે આસા રાખીશું, કે હવે પછીનાં ભાગો બનતી ઉતાવલે બહાર પડતા જશે. આ ભલા કાંમમાં શેઠ પેમાસ્તરની કસાયલી કલમને હું ફતેહ ઇચ્છું છું અને દુઆ ગુજારૂં છું કે આ શોખનાં કામ સાથે એવણ પોતાનું [illegible] કીર્તિ અને ફતેહ સાથે—લાંબો વખત સુધી જોડેલું રાખે અને ભવિષ્યનાં કોઈ તવારીખ નવેશ માટે પુરતું અને અગત્યનું દ્રવ્ય પુરૂં પાડવાને શક્તિવાંન થાય.

મીથી લોજ, કોલાબા, તા૦ ૨ જી આગસ્ટ ૧૯૧૨.

જીવનજી જમશેદજી મોદી.

પારસી પ્રકાશ,

અથવા

પારસીઓના સંબંધમાં ઈ૦ સ૦ ૧૮૮૧ થી તે અત્યાર સુધીમાં બનેલા અગત્યના બનાવોની દર વર્ષને અનુક્રમે નોંધ.

ઈ૦ સ૦ ૧૮૮૧.

આએ વર્ષનાં "ટાઇમસ ઑફ ઈંડીઆ" નાં કેલેનડરમાં * સઘળી બીના નીચલા ફેરફાર તથા વધારા સિવાય આગલાં કેલેનડરની માફકજ છે.

જાંઇટ સ્ટાક કુંપનીઓ—

બોમ્બે યુનાઇટેડ સ્પીનીંગ એન્ડ વીવીંગ કુંપનીના ડાએરેકટરોમાં ખરશેદજી માણેકજી શેઠનાનું નામ વધારે.

કોલાબા લેન્ડ એન્ડ મીલ કુંપનીના સેક્રેટરી અને ટ્રેઝરર તરીકે ખરશેદજી રૂસતમજી કામાજી.

કુરલા સ્પીનીંગ એન્ડ વીવીંગ કુંપનીના ડાએરેકટરોમાં દાદાભાઈ બહમનજી જીજીભાઇનું નામ વધારે.

એમપ્રેસ સ્પીનીંગ એન્ડ વીવીંગ કુંપનીના ડાએરેકટરોમાં હોરમજજી અરદેશર હોરમજજી વાડીઆ.

હૈદરાબાદ (દખણ) સ્પીનીંગ એન્ડ વીવીંગ કુંપનીના ડાએરેકટરોમાં દીનશાહજી માણેકજી પીટીટ, હોરમજજી નવરોજજી સકલાતવાલા અને ફરામજી દીનશાહજી પીટીટ.

કરાંચી આઇસ કુંપનીના ડાએરેકટરોમાં નશરવાનજી ચાંદાભાઇ ઇજનેર.

કરાંચી લેન્ડીંગ એન્ડ શીપીંગ કુંપનીના ડાએરેકટરોમાં અરદેશર ગુસતાદજીનું નામ વધારે.

કયસરે હિંદ સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સના સેક્રેટરી તરીકે શેરાબશાહ ડોશાભાઈ મોતીવાલા.

મજગાંમ મેન્યુફેક્ચરીંગ કુંપનીના ડાએરેકટરોમાં ખુરશેદજી નોશરવાનજી કામાજી અને દોરાબજી ફરામજી પાંડે.

પોરટ કાનીંગ એન્ડ લેન્ડ ઇમપરૂવમેંટ કુંપનીના ડાએરેકટરોમાં ફરામજી જમશેદજી બાટલીબોઇનું નામ વધારે.

પુણાં એન્ડ ખરકી આઇસ કુંપનીના ડાએરેકટરોમાં નશરવાનજી ચાંદાભાઇ ઇજનેર.

રીપન ગોલ્ડ માઇનીંગ કુંપનીના ડાએરેકટરોમાં દીનશાહજી માણેકજી પીટીટ, શેરાબજી જમશેદજી જીજીભાઇ, નાનાભાઈ બેહરામજી જીજીભાઇ.

સધરન ઇંડીઆ સ્પીનીંગ એન્ડ વીવીંગ કુંપનીના ડાએરેકટરોમાં નશરવાનજી માણેકજી પીટીટ, કાવશજી દીનશાહજી એડનવાલા, દોરાબજી દીનશાહજી એડનવાલા, એદલજી નશરવાનજી શેઠના, જાંહગીર હોરમજજી મોદી; સેક્રેટરી અને એજંટ—જાંહગીર હોરમજજી (મોદી)ની કુંપની.

વિકટોરીયા મેન્યુફેક્ચરીંગ કુંપનીના સેક્રેટરી તરીકે મેહરવાનજી સોરાબજી જમશેદજી જીજીભાઇ.

વેસ્ટરન ઈંડીઆ સ્પીનીંગ એન્ડ મેન્યુફેક્ચરીંગ કુંપનીના ડાએરેકટરોમાં બહમનજી દીનશાહજી પીટીટ.

વાઈનાડ ગોલ્ડ માઇનીંગ કુંપનીના ડાએરેકટરોમાં નાનાભાઇ બેહરામજી જીજીભાઈ.

પારસી વ્યાપારી પેહડીઓમાં વધારે—

કાવશજી દીનશાહ એન્ડ બ્રધરસ
- કાવશજી દીનશાહજી એડનવાલા
- દોરાબજી દીનશાહજી એડનવાલા
- પેસતનજી દીનશાહજી એડનવાલા

ખરશેદજી શેરાબજી વાછાગાંધી એન્ડ કું૦ (કંટ્રાકટરો.)
- ખરશેદજી શેરાબજી વાછાગાંધી
- નવરોજજી દાજીભાઇ ઉનવાલા
- અરદેશર માણેકજી વાછાગાંધી

દાદાભાઈ નશરવાનજી કંટ્રાકટર

ડી. ચોથીઆ એન્ડ કુંપની
- દાદાભાઇ ધનજીભાઇ ચોથીઆ

ડી. પી. બાથા એન્ડ કુંપની
- દીનશાહ પેસતનજી બાથા
- અરદેશર એદલજી દાવર

---

* Times of India Calendar and Bombay Directory for 1881. Bombay: printed and published at the Times of India Office.

મેહરવાનજી નશરવાનજી સન્સ એન્ડ કુંપની
મેહરવાનજી નશરવાનજી પટેલ
હીરજીબાઇ નશરવાનજી પટેલ

એમ. એમ. મોદી એન્ડ કુંપની
મેહરવાનજી મનચેરજી મોદી

નશરવાનજી બહમનજી મોદી એન્ડ કુંપની
અરદેશર નશરવાનજી મોદી
જાંહગીરજી નશરવાનજી મોદી

નશરવાનજી માણેકજી એન્ડ કુંપની
નશરવાનજી માણેકજી પીટીટ
જમશેદજી નશરવાનજી પીટીટ

એન. વી. કરાંની એન્ડ કુંપની
નવરોજજી વીરજીભાઇ કરાંની

પાલનજી હોરમજજી સન્સ એન્ડ કુંપની
જમશેદજી પાલનજી કાપડીઆ
રૂસતમજી પાલનજી કાપડીઆ

પાલણજી દાદાભાઇ આરીટન

પેસતનજી મનચેરજી વાડીઆ એન્ડ કુંપની

તા૦ ૧૦ મી જાનેવારી

શેઠ શોરાબજી શાપુરજી બંગાલીએ અતરેની "જરથોસ્તી છોકરીઓની નીશાલ મંડળી" હસ્તકની કોટ ખાતેની નિશાલને માટે ૪૦૦ થી ૫૦૦ છોકરીઓ સમાય એવું એક કુશાદે મકાન પોતાના માતાજી બાઈ બીખાઈજીના નામથી બાંધી આપવાને રૂ. ૫૦૦૦૦) ની રકમ ચોકસ સરતોથી આપવાને એ ખાતાંની કારોબાર મંડલીને જણાવ્યું હતું જે સરતો આજ દીને મલેલી કારોબાર મંડળીની સભામાં બહાલ રાખવામાં આવી હતી.૧

તા૦ ૧૩ મી જાનેવારી

અતરેના એક પારસી જાગીરદાર શેઠ જાલભાઈ અરદેશર શેઠનાએ પોતાની નવરોજજી હીલવાલી કીમતી મીલકત ઉપરનાં આસરે ૧૦૦૦ ઘરોમાં વસ્તાં બાકુતોને આજ સાંજે ડુંગરી ઉપરની પોતાની વાડીમાં ધામધુમ સાથે એક મેજબાની આપી હતી. આ વેલા આસરે ૪૦૦૦ માણસો હાજર હતાં, જેઓની ગમતને માટે નાચ, નાટક, વગેરે કરવામાં આવ્યું હતું.૨

મુંબઇની મ્યુનીસીપાલીટીની ટાઉન કાઉનસીલના કોરપોરેશન તરફના આઠ પ્રતીનીધીઓ મધે નીચલા પારસીઓની નેમણુક થઇ હતી.૩

શેઠ નાનાભાઈ બેહરામજી જીજીભાઈ
,, ડોસાભાઈ ફરામજી
,, મનચેરજી નવરોજજી બનાજી
,, નવરોજજી ફરદુનજી

તા૦ ૧૯ મી જાનેવારી

મુંબઇનું શેઠ હોરમસજી બહમનજી વાડીયાજીનું આતશબેહરામ બંધાયું ત્યારપછી આતશબેહરામ સાહેબમાં બોએ દેનારા વારાદાર મોબેદો વારાના રૂપીઆ કેટલીક મુદત સુધી મરહુમ શેઠ હોરમસજી બમનજી શેઠનાને ત્યાં મુકતા હતા અને એ રૂપીઆનું વ્યાજ તથા ઉપજ વધીને આજે આસરે રૂ. ૪૦૦૦૦ ની થાપણ બાઈ રતનબાઈ તે મરહુમ શેઠ હોરમસજી બમનજી શેઠનાના વીધવા તથા તેવણના પુત્ર શેઠ હીરજીભાઇ હોરમસજી શેઠના તે મરહુમ શેઠનાના એકજીકયુટરીકસ તથા એકજીકયુટર એઓના હાથમાં બચેલી હતી પણ તેનો આજ સુધી ભગર સાથ અંજુમનનાં ફાયદાને સારૂ કોઇ રીતે ઉપયોગ થયો ન હતો એ રૂપીઆનો કેવી રીતે ઉપયોગ કરવો તે વીશે ઠેડાવ કરવા અને કાયદાસર ઉપાય લેવાની થોડા શખશોને સત્તા આપવા નવસારી મધે સમસત ભગર સાથ અનજુમને ભેગી થઈ ઉપલી થાપણ ઘટતા ઉપયોગમાં લાવી શકાય તે વીશે અને તે બાબદસર કાયદાસર ઉપાય લેવા વીશે અને અનજુમન તરફથી ઘટતી સતા વીગેરે આપવા વીશે ઠરાવ કીધા હતા. એ ઠરાવો મુંબઇ મધે પણ બાહાલ રાખવાને અહિયાંની ભગર સાથની અનજુમને એક જાહેર સભા આજ દીને કોટ મધેની મરહુમ માણેકજી શેઠવાલી વાડીમાં શેઠ નશરવાનજી રતનજી તાતાએ જાહેર ખબર છપાવી બોલાવી હતી. આ વેલાએ આસરે ૧૫૦ અથોરનાનો હાજર થયા હતા. સરનશીનની ખુરસી શેઠ જાલભાઇ અરદેશર શેઠનાને આપવાબાદ તેમની ફરમાસથી શેઠ દીનશાહ પેશતનજી કાંગા સોલીસીટરે સભા મલવાનું કારણ ખોલાસાથી કહી સંભલાવ્યું. એ પછી ઉપલો નવસારીવાલો પેહલો ઠેડાવ બાહલ રાખવાની દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાનાએ દરખાસ્ત કીધી અને તેને દસ્તુર જમશેદજી શોરાબજી કુકાદારૂએ ટેકો આપ્યો, બીજો ઠેડાવ બાહલ રાખવાની દસ્તુર ફરામજી શોરાબજી મેહેરજીરાંણા નાએ દરખાસત કીધી અને તેને એ૦ હોરમજજી બરજોરજી કુતારે ટેકો આપ્યો અને ત્રિજો ઠેડાવ બાહલ રાખવાની એ૦ ફરામજી હોરમજજી માડને દરખારત કીધી અને તેને એ૦

---

૧ રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી જાનેવારી ૧૮૮૧
૨ રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી જાનેવારી ૧૮૮૧
૩ રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી જાનેવારી ૧૮૮૧.

નશરવાનજી ફરદુનજી પાવરીએ ટેકો આપ્યો, જે પછી સઘલા ઠરાવો એકમતથી પસાર થયા હતા. એ બાદ મજકુર ફંડને જાળવી રાખનાર તથા તેને નાનીપરથી મોટી રકમમાં લાવનાર શેઠો હીરજીબાઈ અને ફરામજી હોરમજજી શેઠના તથા બાઈ રતનબાઇનો, તેમજ સરનશીન શેઠ જાલભાઇનો અને શેઠ નશરવાનજી રતનજી તાતાનો ઉપકાર માની સભા બરખાસ્ત થઈ હતી.૧

તા૦ ૨૦ મી જાનેવારી.

ડાકટર પેસતનજી નવરોજજીએ "દુખ નિવારણ" નામનું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.૨

તા૦ ૨૧ મી જાનેવારી

નવસારીવાલા શેઠ હોરમજજી એદલજી કોટવાલ, જેવણ વાંસદા સ્વસ્થાંનના ફોરેસ્ટ ઇનસ્પેકટરનો ઓધ્ધો ચલાવતા હતા તેવણે એક માસ ઉપર એક રાતમાં સામતા ત્રણ વાઘ મારયા હતા તેવણે આજ રાત્રે વાંસડા પ્રગણાના "ધાંકમાર" નામનાં ગામમાં એક પુખ્ત ઉમરના ચીતા વાઘને બંદુકની ગોલીથી મારયો હતો. ૩ એવણે પોતાની જીંદગીમાં ૬૦) થી વધારે વાઘ મારયા છે.

તા૦ ૨૫ મી જાનેવારી.

મુંબઇની યુનીવરસીટીના નવા "ફેલોઝ" તરીકે નામદાર સરકારે આજ દીને નીચલા પારસી ગ્રહસ્થોને ચુંટી કાઢયા હતાઃ—

ડાકટર કાવશજી નવરોજજી મેહતા, જી. જી. એમ. સી., શેઠો ફરદુનજી મનચેરજી દસ્તુર કામદીનના, એમ. એ., કાવશજી દાદાભાઈ નાએગાંમવાલા, એમ. એ., મનચેરજી નવરોજજી બનાજી, ડાકટર પેશતનજી મનચેરજી નીકલસન, જી. જી. એમ. સી. ૪

૧ રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી જાનેવારી ૧૮૮૧.

૨ "દુખ નિવારણ એટલે સરવેથી છેલ્લી શોધો અને સુધરેલી રીતિ પ્રમાણેનું દરેક જાતનાં દરદોને ઈલાજો તથા દવાઓનુ કુટુંબમાં રાખવાજોગ મોટું પુસતક" બનાવનાર ડાકટર પેશતનજી નવરોજજી. કિંમત રૂપીઆ છ.

૩ રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી જાનેવારી ૧૮૮૧.

એજ મુજબ તા૦ ૪ થી આપરેલ ૧૮૮૧ ને દીને વાંસડા પરગણાનાં "રાણી ફલીઆ" નામનાં બીજાં એક ગામમાં એવણે એક પુખ્ત ઉમરનો વાઘ મારી ઇનામ મેલવ્યું હતું, તથા તા૦ ૨૬ મી જુલાઇ ૧૮[illegible] એજ પરગણાનાં "નવતાર" નામનાં ગામમાં પટાએલ જાતનો એક મોટો વાઘ મારયો હતો.

૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટનો વધારો, તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૮૧.

તા૦ ૨૫ મી જાનેવારી.

રોજ ૯ માહા ૫ (શે.) ૧૨૫૦ યઝદેજરદી.

આજ દીને મરહુમ શેઠ દાદાભાઇ શોરાબજી મેહતાએ લકબે મલારીના ઉઠમણામાં તેમની પોતાની પુંજીમાંથી તથા ખેશીઓએ મલી રૂ. ૫૩૫) ધરમખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી હતી. ૫

તા૦ ૧ લી ફેબરવારી.

મુંબઈની યુનીવરસીટીની વીશમાં વર્ષની "કોનવોકેશન" આજ દીને સર કાવસજી જાંહગીર યુનીવરશીટી હાલમાં ભરાઈ હતી. પ્રમુખસ્થાને નામદાર ચાનસેલર સર જેમસ ફરગયુસન બીરાજયા હતા. આ વેલાએ જે વિદ્યાર્થીઓને પદવીની સનદો આપવામાં આવી હતી તેમાં નીચલા પારસીઓ હતા.—

માસતર ઓફ આરટસ (એમ. એ.) ની સનદ ફરામજી રૂસ્તમજી વાડીઆ.

બેચલર ઓફ લૉઝ (એલ. એલ. બી.) ની સનદ રૂસતમજી મનચેરજી ગીમી, ફરદુનજી માણેકજી કાંગા, કાવશજી બેજનજી શેઠના, રૂસતમજી ધનજીભાઇ શેઠના.

લાઈસેનશીએટ ઓફ મેડીસીન એંડ સરજરી (એલ. એમ. એન્ડ એસ.) ની સનદ—હોરમજજી એદલજી બનાત, દારાશાહ હોરમજજી બારીઆ, જાંગીરજી જમશેદજી લીલાંઉવાલા, દીનશાહ બહમનજી માસતર, પીરોજશાહ પાલણજી મુલ્લાં, નાનાભાઇ રૂસતમજી ઉમરીગર, સોરાબજી રૂસતમજી બાઇસ, ફરામજી દોરાબજી દીવેચા, રૂસતમજી જમશેદજી કાપડીઆ, ફરાંમજી એદલજી માડન, ફરામરોજ અરદેશર મુસ, શોરાબજી ડોસાભાઇ નાદરશાહ, રતનજી દોરાબજી નાનજી, શોરાબજી કાવશજી પાસકોલ, હોરમજજી જમશેદજી સીરવઇ, હોરમજજી નશરવાનજી સીરવઇ.

લાઇસેનશીએટ ઓફ સીવીલ ઇનજીનીઅરીંગ (એલ. સી. ઈ.) ની સનદ—માણેકજી શેહરીઆરજી ભરુચા, હીરાજી નાનાભાઈ સ્પેનશર, અરદેશર નવરોજજી નાદરશાહ, કેકોબાદ હોરમજજી રાવ.

બેચલર ઓફ આરટસ (બી. એ.) ની સનદ—માણેકજી દોરાબજી કાંગા, પેસતનજી દાદાભાઇ મરચંટ, રૂસતમ બહમનશાહ વકીલ, જમશેદજી મેહરવાનજી આંતીઆ, નવરોજજી હોરમજજી કોપર, દારાબશાહ દસ્તુર પેશોતન સંજાણા, એદલજી બેહરામશાહ હોડીવાળા, નશરવાનજી ફરાંમજી મીરજાં, ફરદુનજી પાલણજી પાવરી.

આ વેલાએ અપાયલી યુનીવરસીટી "સ્કાલરશીપો" માં મેહરવાનજી ફરામજી પાંડે સ્કાલરશીપ માણેકજી શેહરીઆરજી ભરુચાને એલ. સી. ઇ. ની પરીક્ષામાં મીકેનીકલ

૫ જામે જમશેદ, તા૦ ૨૯ મી જાનેવારી ૧૮૮૧.

ધનજીનીઅરીંગમાં સઉથી ચઢતી મારકસ મેલવવા માટે, અને નારાયણુ વાસુદેવ સ્કાલરશીપ નશરવાનજી ફરામજી મીરજાને બી. એ. ની પરીક્ષામાં ખુદરતી વિધ્યાના પત્રકમાં સઉથી ચઢતી મારકસ મેલવવા માટે તથા પ્રાઈઝોમાં ડોશાભાઇ હોરમજજી કામા પરાઈઝ ડાકટર કાવશજી નવરોજજી મેહતાને "હિંદુસ્થાનમાં હમણુાંના વખતમાં જણુાયલાં દરદો તે કેમ દાખલ થયાં અને તેને અટકાવના ઉપાયો" એ બાબદ ઉપર સઉથી સરસ રેસાલો લખવા માટે આપ્યા હતાં.

એ પછી નામદાર ચાનસેલરે એક કીમતી ભાષાણુ કીધા બાદ મેલાવડો બરખાસ્ત થયો હતો.[1]

તા૦ ૨જી ફેબરવારી

મુંબઈ મધે આવતી તા૦ ૧૬મી ફેબરવારી ૧૮૮૧ ને દીને વસ્તીની ગંણુત્રી સરકાર તરફથી થવાની હોવાથી તે કામ સવલ થઇ પડે એવા હેતુથી અતરેના કામ ચલાઉ મ્યુનીસીપાલ કમીશનર ડાકતર વેરે સઘલી કોમના આગેવાનોની સભા અવાર નવાર ભરી તેમને પોતાની કોમના લોકોને વસ્તીની ગણુત્રિ' કરવામાં સરકારની નેમ શું છે તે સમજાવવા બાએ સુચના કીધી હતી. તે મુજબ પારસી આગેવાનોની સભા આજ દીને મ્યુનીસીપલ આફીસમાં બોલાવી હતી. કેટલીક વાતચીત થવા

---

૧ ઉપલા પદવી મેલવેલા પારસીઓ ઉપરાંત આ વર્ષની યુનીવરસીટીની નીચલી પરીક્ષાઓમાં નીચલા પારસીઓ પસાર થયા હતા:—

ફરસ્ટ એલ. એમ. એન્ડ એસ. ની પરીક્ષામાં— નાનાભાઈ નવરોજજી કાતરક; મેહરવાનજી કુવરજી ભરૂચા, રૂસતમજી પાલણજી કુટાર, પેશતનજી બીખાજી નરીમાંન, જાંગીરજી માણેકજી પેનટી, ખરશેદજી નવરોજજી શહીઆર, ખરશેદજી સંતોકજી સંતોક, નાદરશાહ હોરમજજી સુખીઆ, જમશેદજી બીખાજી ઉનવાલા.

ફરસ્ટ એલ. સી. ઇ. ની પરીક્ષામાં—સોરાબજી જમશેદજી દાજી, નવરોજજી હોરમજજી કાતરક, રૂસતમજી હોરમજજી માટન, અરદેસર કાવશજી પટેલ, નશરવાંનજી મનચેરજી દલાલ, પેસુતનજી હોરમજજી દસ્તુર, હોરમજજી જમશેદજી કોટવાલ, ખરશેદજી હોરમજજી મીસતરી.

ફરસ્ટ બી. એસ. ની પરીક્ષામાં—મરજબાન મનચેરજી કાવશજી મરજબાનજી.

ફરસ્ટ એકઝામીનેશન ઇન આર્ટસ (એફ. ઇ. એ.) માં કેખશરૂ નશરવાંનજી બાધુરજી, દીનશાહ જીજીભાઇ ડાકટર, ખરશેદજી ધનજીભાઈ સરાફ, નવરોજજી દાદાભાઈ આલબલેસ, અરદેશર દાદાભાઇ આરીયાં, જીવાજી કાવશજી ભરૂચા, ખરશેદજી ફરાંમજી દારૂવાલા, રૂસતમજી ડોશાભાઇ ડાકટર, મનચેરજી કાવશજી કાગા, અરદેસર જમશેદજી લાલકાકા, કેખશરૂ ફરાંમજી મોદી, શાપુરજી જાંગીરજી વકીલ, દોરાબજી હીરજીભાઇ વાચ્છા.

પ્રીવીઅસ એકઝામીનેશન ઇન આર્ટસ પી. ઇ. ની પરીક્ષામાં— ફરામજી દોરાબજી ભરૂચા, જાંગીરજી ખરશેદજી રૂસતમજી કામાજી, મેહરવાંનજી શાવકશાહ દાવર, પેશતનજી માણેકજી કાંગા, મેહરજી નશરવાંનજી કુકા, બેજનજી નવરોજી ઢાર, આદરજી મેહરનોસજી મસાંની, હોરમજજી આદરજી નાણાવતી, જમશેદજી કાવશજી પટેલ, માણેકજી લીમજી ભાજીવાલા, સોરાબજી ફરાંમજી બીલીમોરીઆ, મેહરજી હોશંગજી દસ્તુર જામાસ્પ આશાના, કેખશરૂ તીરંદાજ ઇરાંની, પેશતનજી કાવશજી કાંગા, જાંગીરજી દોરાબજી નીમચવાલા, કેખશરૂ કેકોબાદ પંથકી, અરદેસર બાપુજી પોહચા, અરદેસર ફરાંમજી ઉનવાલા, જમશેદજી મેહરજીભાઈ વજીફદાર, જમશેદજી રૂસતમજી વાડીઆ.

મેત્રીકયુલેશનની પરીક્ષામાં—બરજોરજી જામાસપજી પાદશાહ, બહમનજી રૂસતમજી બાઈસ, મનચેરજી જામાસપજી મીસ્ત્રી, રતનશાહ માણેકજી મોદી, અરદેશર કાવશજી વકીલ,

કાવશજી ધનજીભાઈ માહલક્ષમીવાલા, ધનજીભાઈ રૂસતમજી તાતા, મેહરવાનજી પેસતનજી દારૂખાનાંવાલા, પીરોજશાહ નશરવાંનજી પલીટર, જાંહગીર જમશેદજી ચીનાઈ, ફરાંમરોજ શાવકશાહ દાવર, ધનજીશાહ એદલજી અંકલેસરીઆ, શોરાબજી કાવશજી બાપાસોલા, એદલજી ધનજીભાઈ ઈછાપોરીઆ, મેહરવાંનજી નાનાભાઈ સકલાતવાલા, જમશેદજી એદલજી બનાતવાલા, રૂસતમજી નાનાભાઇ રાંણીના, પાલણજી ખરશેદજી મીસ્ત્રી, રતનજી નાનાભાઈ નાલાશેઠના, પેશતનજી ધનજીભાઈ માહલક્ષમીવાલા દોરાબજી મેહરવાંનજી દાબુ, હોરમજજી દોરાબજી દસ્તુર, નશરવાંનજી હોરમજજી મુલ્લાં, રતનજી જીવણજી તારાપોરવાલા, માણેકજી બાપુજી લાહેવાલા, નવરોજજી મનચેરજી લાકડાંવાલા, હોરમજજી પેશતનજી કામાકાકા, ધનજીભાઈ હોરમજજી મેહતા, બહમનજી નસરવાંનજી ઉનવાલા, શોરાબજી જમશેદજી શોપકીપર, અરદેશર ધનજીશાહ કંત્રાકટર, બેહરાંમજી હીરજીભાઈ વારડન, ચાંનજીભાઈ માણેકજી સુતરીઆ, રૂસતમજી માણેકજી હીરામાણેક, પેશતનજી દાદાભાઇ પટેલ, શોરાબજી હોરમજજી મોદી, જાંહગીર અરદેશર કોલીઆર, પીરોજશાહ ધનજીભાઈ આલબલેસ, શાપુરજી બરજોરજી ડાકટર (સ્પેનસરના), અરદેશર બરજોરજી પેમાસટર, દીનશાહ માણેકજી લાકડાંવાલા, ફરાંમજી બેહરાંમજી મીસ્ત્રી, જમશેદજી નવરોજજી નગરવાલા, પેશતનજી હોરમજી ભરૂચા, એદલજી પેશતનજી તાતા, ખરશેદજી દોરાબજી આદરાંનવાલા, બહમનજી નવરોજજી કાબરાજી, કાવશજી બેહરાંમજી મરચંટ, દોરાબજી હોરમજજી પોંહચખાંનાવાલા, નવરોજજી કાવશજી કંત્રાકટર, ફરાંમજી ખરશેદજી ઉદવારીઆ, કાવશાહ બેહરાંમજી મેહતા, ખરશેદજી શોરાબજી પટેલ, નશરવાંનજી બરજોરજી લાલા, દીનશાહ શાપુરજી પટેલ, શાપુરજી ડોશાભાઈ ભરૂચા, પેશતનજી ખરશેદજી થાંણેવાલા, માણેકજી ડોશાભાઈ લાકડાંવાલા, ડોશાભાઈ લવજીભાઈ શેઠના, નશરવાંનજી ફકીરજી સરવેયર, બાપુજી રૂસતમજી વાડીઆ, હોરમજજી તેહમુલજી દાદાચાંનજી, ધનજીશાહ એદલજી પટેલ, ફરદુનજી દોરાબજી આદરાંનવાલા, અરદેશર નશરવાંનજી પલીટર, પીરોજશાહ એદલજી રીપોરટર, જાંહગીર પીરોજશાહ દુબાશ, જમશેદજી રતનજી દારૂવાલા, જમશેદજી ફરદુનજી કામદીન, શોરા[illegible]લજી માટન, ફરદુનજી દોરાબજી ડોટીવાલા, મનચેરશાહ બેહમનજી માસટર, ખરશેદજી રતનજી કાપડીઆ, નશરવાંનજી રતનજી માસટર, પીરોજશાહ મેહરવાંનજી કરંજીઆ, દીનશાહ દાદાભાઈ પટેલ, ફરાંમરોજ ફીરોજજી પંથકી, પીરોજશાહ મનચેરજી સુખડવાલા, દોરાબજી નવરોજજી બીલીમોરીઆ,

બાદ શેઠ નવરોજજી ફરદુનજીની દરખાસત ઉપરથી નીચલા પારસી ગ્રહસ્થોની એક કમીટી નેમવામાં આવી હતી કે જે કમીટી આવતા શનીવારે મલી તેમને જે ઉપાય ઘટતા લાગે તે લેવાનો ઠેડાવ કરે—૧

સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો બેહરામજી જીજીભાઇ, સી. એસ. આઇ., ફરામજી નશરવાનજી પટેલ, દીનશાહજી માણેકજી પીટીટ, શેરાબજી શાપુરજી બંગાલી, હીરજીભાઈ હોરમજજી શેઠના, ખરશેદજી ફરદુનજી પારખ, નશરવાનજી બેહરાંમજી સેક્રેટરી, ખુરશેદજી નોશરવાનજી કામાજી, નાનાભાઈ બેહરામજી જીજીભાઈ, નવરોજજી ફરદુનજી, હોરમજજી નવરોજજી સકલાતવાલા, નશરવાનજી માણેકજી પીટીટ, હીરજીભાઈ અરદેશર દાદીશેઠ, કેખશરૂ નવરોજજી કાબરાજી, ડાકટર કાવશજી હોરમજજી તથા દસ્તુરો પેશોતનજી બેહેરામજી સંજાણા, જામાસપજી મીનોચેહરજી જામાસ્પ આશાના, અને શેરાબજી રૂસ્તમજી મુલ્લાંફીરોજના.

તા૦ ૨ જી ફેબરવારી

ઈંગલાંડ ખાતે બારીસટરનું કામ શિખવા ગયલા પારસી ગ્રહસ્થ શેઠ મનચેરજી દાદાભાઇ કાદીશેઠને લંડનની ધારાને લગતી કેળવણી ખાતાંની કૌનસીલે "કોમન લો" ની ગયા ડીસેમબર માસમાં લેવાયલી પરીક્ષામાં સરસ ઉતરવા માટે રૂ. ૨૫૦) નું બીજું ઇનામ આપ્યું હતું. આવી હરીફાઇની પરીક્ષામાં ફતેહમંદ ઉતરનાર પારસીઓમાં પેહલ વેહલા એવણ હતા. ૨

તા૦ ૫ મી ફેબરવારી

મુંબઇવાલી મેસરસ એન. વી. કરાંનીની કું૦એ ઈ૦ સ૦ ૧૮૭૯ માં સીડની ખાતે ભરાયલાં છેલ્લાં પ્રદરશણમાં મુકવા માટે સુખડ તથા હાથીદાંતની બનાવટનો એક સુંદર નકસીદાર વરકીંગ બાકસ મોકલ્યો હતો, જેને માટે તેમને આ પ્રદરશણની કમીટીએ એક "ડીપલોમા" તથા "બ્રાન્ઝ" નો એક ચાંદ અતરે ભેટ મોકલ્યો હતો. ૩

તા૦ ૯ મી ફેબરવારી

અતરેની ગ્રાંટ મેડીકલ કોલેજમાં શીખનારા ચંચલ વિદ્યાર્થીઓને ઈનામો તથા સ્કાલરશીપો આપવાની વાર્ષીક સભા આજ દીને કોલેજનાં દીવાનખાનામાં મલી હતી. સરનશીનની ખુરસી મુંબઇના નામદાર ગવરનર સર જેમસ ફરગયુસને લીધા બાદ એ ખાતાનાં પ્રીનસીપાલ ડાકટર કુકે ગયાં સાલનો રીપોર્ટ વાંચી સંભલાવ્યો, જે બાદ સરનશીને

ધનજીભાઈ મેહરવાંનજી મુનશી, બેહરાંમજી સોરાબજી પોસ્ટવાલા, ફરદુનજી નશરવાંનજી બીશની, પેશતનજી શેરાબજી કરાકા, ભીમજીભાઈ માણેકજી પારખ, જમશેદજી મનચેરજી મુલ્લાં, શેરાબજી હોરમજજી હારવર, ખરશેદજી ડોશાભાઈ દારૂવાલા, કાવશજી જમશેદજી મોદી, દારાશાહ દીનશાહ રાઈટર, નવરોજજી રતનજી દીવેચા, હીરજીભાઈ દીનશાહજી એનજીનીઅર, ધનજીભાઇ શેરાબજી મેહતા, ડોશાભાઈ મેહરવાંનજી કરાકા, બેહરાંમજી પીરોજશાહ ભરૂચા, મેહરવાંનજી બેદલજી દારૂવાલા, જમશેદજી ભીખાજી પંથકી, રૂસતમજી અરદેશર દાદીમાસટર, દાદાભાઈ નાનાભાઈ મુસ, રૂસતમજી બેહરાંમજી, શેરાબજી બરજોરજી મેહતા, રૂસતમજી હોરમજજી મોરીસવાલા, હોરમસજી ખરશેદજી માકી દલાલ, ડોશાભાઈ પીરોજશાહ એનજીનીઅર, ડોશાભાઈ કાવશજી પટેલ, હોરમસજી પેશતનજી દાદી બરજોર, શાવકશાહ રૂસતમજી માસટર, ફરદુનજી શેરાબજી કાપડીઆ, રૂસતમજી નવરોજજી ઉનવાલા.

આએ વર્ષ યુનીવરસીટીના પરીક્ષકોમાં બે પારસી—ખાંન બાહદુર દસ્તુર હોશંગજી જામાસ્પજી જામાસ્પઆશાના (મેટ્રીકયુલેશનની પરીક્ષામાં) ફારસી ભાષાના, તથા શેઠ કાવશજી દાદાભાઈ નાએગાંમવાલા, એમ. એ. (ફરસ્ટ એલ. એમ. એન્ડ એસ. ની પરીક્ષામાં) રસાયણ શાસ્રના પરીક્ષક હતા.

૧ મુંબઈ સમાચાર, તા૦ ૩ જી ફેબરવારી ૧૮૮૧.

એ મુજબ તા૦ ૫ મી ફેબરવારી ૧૮૮૧ ને દીને કમીટીની સભા મ્યુનીસીપલ આફીસમાં શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલનાં પ્રમુખપણાં હેઠલ મલી હતી તે વેળાએ એવો ઠેડાવ કીધો હતો કે મ્યુનીસીપલ કમીશનરે ગુજરાતીમાં જે [redacted] કાઢયાં છે તેમાં કેટલેક અગત જોગ ફેરફાર કરવાની શેઠ નશરવાંનજી બેહરાંમજી સેકરેટરીને અરજ કરવી; અને તે પછી તેનાંજ હેંડબીલો આ સભાના સરનશીનની સહી સાથનાં છપાવી પારસી વસ્તીમાં તેમનો છુટથી ફેલાવો કરવો; તેમજ પારસી ટોળાના ઘણુંડે મુખ્ય દસ્તુરોને સેનસસના ફાયદા વિષે લોકોને ખોલાસા કરવા તથા પારસી ધર્મ ગુરૂઓની એ કામમાં મદદ મેલવવા માટે અરજ કરવી.

ઉપલા ઠેડાવો મુજબ ૫૦૦૦) હેંડબીલો છપાવી જરથોસ્તીઓમાં વેંહચ્યાં હતાં; તથા દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાએ ચંદનવાડી ખાતે મરહુમ હોરમજજી વાડીઆનાં આતશબેહરાંમમાં; તથા દસ્તુર શેરાબજી રૂસતમજી મુલ્લાં ફીરોજનાએ બાહેરકોટ દાદીસેઠનાં આતશબેહરાંમમાં, કોટ મધે દાદીશેઠની દરેમેહરમાં, ખેતવાડી મરહુમ શેઠ કાવશજી આસબરનરવાલી દરેમેહરમાં, અને ચોપાંતી વાછાગાંધીની દરેમેહરમાં; તેમજ દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસ્પ આશાનાએ ખેતવાડી હોરમજજી બાટલીવાલાની વાડીમાં, કોટમાં મરહુમ માણેકજી શેઠની વાડીમાં અને મજગાંમ શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલવાલી દરેમેહરમાં એ બાબદ ઉપર જુદે જુદે વખતે વાએજો કરી સંભલાવી હતી.

૨ બામ્બે ગેઝેટ, તા૦ ૩ જી ફેબરવારી ૧૮૮૧.

બીજે વર્ષ પણ શેઠ મનચેરજીને એજ કીમતનું એક ઈનામ કૌનસીલ તરફથી પરીક્ષામાં ચઢતા આવવા માટે મલ્યું હતું.

૩ રાસ્ત ગોફતાર, તા૦ ૬ થી ફેબરવારી ૧૮૮૧.

પોતાને હાથે વિદ્યાર્થીઓને ઈનામો તથા સ્કાલરશીપની સનદો આપી હતી, જેમાં નીચલા પારસી વિદ્યાર્થીઓ હતાઃ—

જાંગીરજી જમશેદજી લીલાઉવાલાને સર જમશેદજી જીજીભાઈ ગોલ્ડ મેડલ તથા રૂ. ૨૫) ની મેકલીનન સ્કાલરશીપ; હોરમજજી એદલજી બનાતને સર જમશેદજી જીજીભાઈ મેડીકલ પરાઈઝ; શોરાબજી માણેકજી કાકાને રૂ. ૨૫) ની એનડરસન સ્કાલરશીપ તથા સર કાવશજી જહંગીર પરાઈઝ; નવરોજજી બહમનજી ગંદેવીઆને રૂ. ૨૫) ની કરનાક સ્કાલરશીપ; બેહરામજી હોરમજજી નાંણાવતીને રૂ. ૨૫) ની ફ્રેરીશ સ્કાલરશીપ; અરદેશર દાદાભાઈ મોદીને રૂ. ૧૫) ની ફ્રેરીશ સ્કાલરશીપ; નાનાભાઈ નવરોજજી કાતરકને રૂ. ૧૫) ની રીડ સ્કાલરશીપ; નશરવાનજી હોરમજજી ચોકસીને રૂ. ૧૫) ની રીડ સ્કાલરશીપ; સોરાબજી ખરશેદજી નરીમાનને રૂ. ૧૫) ની એનડરસન સ્કાલરશીપ; જીજીભાઈ પેસતનજી નીકલસનને રૂ. ૧૪) ની ફ્રેરીશ સ્કાલરશીપ; ડોસાભાઈ હોરમજજી કાતરકને રૂ. ૧૩) ની કરનાક સ્કાલરશીપ; માનેકજી તેમુલજી પાવરી, મનચેરશાહ મોટાભાઈ વકીલ અને ધનજીભાઈ સોરાબજી મસાની એઓ દરેકને રૂ. ૧૦) ની સરકારી સ્કાલરશીપ.

એ બાદ નામદાર ગવરનરે એક શુભાષીત બાષાણ કરી સભા બરખાસ્ત કીધી હતી. ૧

તા૦ ૯ મી ફેબરવારી

રોજ ૨૪ માહા ૫ (શે.) ૧૨૫૦ ય.

આજ દીને મરહુમ શેઠ કાવશજી આદરજી જવેરીનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી તથા ખેશીઓએ મલી રૂ. ૧૨૬૦) ની રકમ ધરમખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી હતી. ૨

તા૦ ૯ મી ફેબરવારી

નામદાર ગવરનર જનરલનો મધ્ય હિંદુસ્થાન ખાતેનો એજંટ સર હેનરી ડાલી પોતાનો ઓધ્ધો છોડી ઈંગલાંડ સીધારનાર હોવાથી તે બણીની રઈયત તરફનું એક માનપત્ર તેને આજ દીને ઈંડોરની છાવણી મધે "ડાલી કાલેજ" વાલાં મકાનમાં એક દબદબા ભરી મીજલસમાં આપ્યું હતું, જ્યાં ઘણાક પારસી ગ્રહસ્થો પણ હાજર થયા હતા. માનપત્ર આપવા લેવાની ક્રિયા પુરી થયા બાદ દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાએ ઉઠી ઉરદુ બાષામાં એક સુબાષીત બાષાણ કીધું હતું, જે પુરૂં થયા બાદ પાન ગોલાબ લઈ મીજલસ બરખાસ્ત થઈ હતી.૩

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૧ મી ફેબરવારી ૧૮૮૧.

૨ જામે જમશેદ, તા૦ ૧૧ મી ફેબરવારી ૧૮૮૧.

૩ જામે જમશેદ, તા૦ ૨૧ મી ફેબરવારી ૧૮૮૧.

તા૦ ૧૦ મી ફેબરવારી

શેઠ કાવશજી બેજનજી શેઠના, બી. એ., એલ. એલ. બી. ને અહમદનગરની કોરટોમાં વકીલાતનું કામ ચલાવવાની હાઈ કોરટના નામદાર જડજોએ સનદ આપી હતી.૪

તા૦ ૧૦ મી ફેબરવારી

ખેડાના કામચલાઉ ડીસ્ટ્રીક્ટ ડેપ્યુટી કલેક્ટર દસ્તુર પીરોજજી હોશંગજી જામાસ્પ આશાનાને ધારવાડના હજુર ડેપ્યુટી કલેક્ટર તરીકે નામદાર સરકાર તરફથી નેમવામાં આવ્યા હતા.૫

તા૦ ૧૨ મી ફેબરવારી

મહારાજા હોલકર જે અહમદનગર ખાતે મુસાફરીએ આવેલો હતો તેને આજ દીને ત્યાંના જાણીતા પારસી ખાન બાહાદુર શેઠ નશરવાનજી ખરશેદજી ગોઇપોરીઆએ પોતાના મકાનમાં બોલાવી માન અકરામ આપ્યું હતું.૬

શેઠ તેમુલજી નવરોજજી સનજાના બી. એ. ને જામખંડીના રાજાના પ્રાઈવેટ સેક્રેટરી નેમ્યા હતા.૭

રતનજી સાપુરજી દુબાશ નામે પારસીએ પોતાની બાયડી પીરોજબાઈ અને સરકારી સેવીંગ બેંક ઉપર આસરે રૂ ૧૦૦૦ ની રકમની ફરીયાદી માંડી હતી, તેનો ચુકાદો જડજ મી૦ વેસટે વાદીના લાભમાં આપયો છે. એવું જણાય છે કે ૧૮૭૦માં વાદીના પીરોજબાઈ સાથ લગન થયા પછી થોડીક મુદત સુધી તેણી પોતાના બરથાર જોડે રહી પણ પછી પોતાના મા બાપને મલવા જવાને બાહાને વડોદરે ગઈ, અને વાદીના જણાવયા પ્રમાણે તયાં અનીતી ભરેલી જીંદગી ગુજારવા લાગી તથા તેડાવયા છતાં પાછી આવી નહીં, આ ઉપરથી ૧૮૭૧ માં વાદીએ તેણી સામે વડોદરાના મેજીસ્ત્રેની કોરટમાં રૂ ૨૦૦ રોકડ અને ઘરેણાં પાછાં મેલવવાની ફરીયાદી માંડી, જેનો નીવેડો એવો આવ્યો કે ઘરેણાં વેચવાથી ઉપજેલા રૂ ૪૬૯ તથા રૂ ૨૦૦ મલીને રૂ ૬૬૯ વાદી તથા પ્રતીવાદીને નામે સેવીંગ બેંકમાં મુકયા અને પ્રતીવાદી પોતાના માટી જોડે આવી રહી પણ તયાર પછી થોડીક મુદત વલી પાછી તેણી

૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૮૧.

[illegible] ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૮૧. હીયાંથી એમની બદલી થાણે કરી ત્યાં પેહલા વર્ગના માજીસ્ટ્રેટનો પણ અખત્યાર આપ્યો હતો.

૬ ટાઈમ્સ ઓફ ઇંડીઆ, તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૧.

૭ રાસ્ત ગોફતાર, તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૮૧.

ભરથારની રજા વીના વરો.રે જતી રહી અને આગલના જેવી નઠારી જીંદગી ગુજારવા લાગી, એ પછી બે વરસ વીતી જવા બાદ વાદીએ તેણી ઉપર પારસી મેટરીમોનીઅલ કોરટમાં રહાટવાટની ફરીઆદી માંડી, પણ મુદત ભરાઈ ગયલી હોવાથી તે ફરીયાદી જડજ મી૦ મેલવીલે ઉરાડી નાંખી. આ પછી વાદીએ સેવીંગ બેંકમાં પોતાનાં નાણાં હતાં તે લેવા માંગયાં પણ તેની જોડે તેની બાયડીને નામે પણ તે મેલેલાં હોવાથી બેંકે પીરોજબાઇની મંજુરીઆત વીના તે નાણાં આપવાની ના પાડી. આ ઉપરથી વાદીએ હાઇ કોરટમાં આ નાણાં ઉપર પોતાનોજ હક સાબેત કરવાની ફરીયાદી માંડી, અને જણાવયું કે પ્રતીવાદી પીરોજબાઇએ તેની જોડે નહીં રહીને આગલાં લખતની સરત તોડી હતી માટે તેણીનો કશો દાવો ચાલતો નથી. જડજે આ રકમ ઉપર વાદીનો દાવો સાબેત કરી આપ્યો અને ફરમાવયું કે પીરોજબાઇએ તેના માટીનો મુકદમાનો ખરચ આપવો.૧

તા૦ ૧૫ મી ફેબરવારી

દસ્તુર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આશાનાએ "સદ્દરે બેહેરે તવીલ યાને સો બાબ અથવા સો દરવાજાની કેતાબ" નામનું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.૨

તા૦ ૧૬ મી ફેબરવારી

મુંબઈની વસ્તીની ગણત્રિ આજ દીને અતરેની સરકારના હોકમથી લેવામાં આવી હતી. એ કામ મી૦ જે. એ. બેનસનાં ઉપરીપણાં હેઠલ થયું હતું.

એ ગણત્રિનું પરીણામ ડીસેમબર માસમાં બાહેર પડયું હતું, જેમાં જણાવ્યા મુજબ મુંબઈની વસ્તી કુલે ૭,૭૩,૧૯૬ માણસોની હતી; જે મધે ૪૮૫૯૭ પારસીઓ હતા. જેમાં મરદ ૨૫૩૧૫ અને ઓરત ૨૩૨૮૨ હતાં તેઓની ઉમર નીચે મુજબ હતીઃ—

	નર.	નારી.	જુમલે.
૫ વરસ સુધીનાં બચ્ચાં	૩૫૦૦	૩૨૩૨	૬૭૩૨
૧૦ વરસ સુધીનાં બચ્ચાં	૨૯૧૧	૨૭૫૪	૫૬૬૫
૧૧ થી ૨૦ વરસ સુધીનાં	૬૦૧૧	૫૦૦૫	૧૧૦૧૬
૨૧ થી ૩૦ વરસ સુધીનાં	૪૪૨૬	૩૮૨૯	૮૨૫૫
૩૧ થી ૪૦ વરસ સુધીનાં	૩૩૫૩	૩૧૪૭	૬૫૦૦
૪૧ થી ૫૦ વરસ સુધીનાં	૨૪૪૩	૨૪૨૮	૪૮૭૧
૫૧ થી ૬૦ વરસ સુધીનાં	૧૬૪૦	૧૬૫૨	૩૨૯૨
૬૧ થી ૭૦ વરસ સુધીનાં	૭૧૯	૭૬૭	૧૪૮૬
૭૧ થી ૮૦ વરસ સુધીનાં	૨૭૪	૩૮૨	૬૫૬
૮૦ થી ઉપરનાં	૩૮	૮૬	૧૨૪
	૨૫૩૧૫	૨૩૨૮૨	૪૮૫૯૭

એઓમાં શેહનશાહી તથા કદમીઓની સંખ્યા નીચે મુજબ હતીઃ—

	નર.	નારી.	જુમલે.
શેહનશાહી ...	૨૨૫૭૭	૨૦૭૧૫	૪૩૨૯૨
કદમી ...	૨૭૩૮	૨૫૬૭	૫૩૦૫

પારસીઓમાં નીચલી ઉમરનાં ૨૧૯૧૫ કુંવારાં, ૨૨૪૦૩ પરણેલાં, અને ૪૨૭૫ રંડાયલાં હતાં :—

	કુંવારાં.		પરણેલાં.		રંડાયલાં.	
	નર.	નારી.	નર.	નારી.	નર.	નારી.
૨૦ વરસની અંદરનાં...	૧૧૪૦૯	૮૭૯૮	૯૯૭	૨૧૬૧	૧૭	૩૨
૨૧ થી ૨૫ વરસ સુધીનાં..	૮૮૧	૧૯૫	૧૫૭૭	૧૭૬૧	૩૪	૮૧
૨૬ થી ૩૦ ,,	૨૫૫	૪૬	૧૬૦૪	૧૬૧૩	૫૫	૧૩૩
૩૧ થી ૩૫ ,,	૧૧૩	૧૨	૧૫૮૪	૧૩૮૮	૬૫	૧૮૦
૩૬ થી ૪૦ ,,	૧૧૦	૭	૧૪૦૪	૧૨૫૫	૭૭	૩૦૫
૪૧ થી ૪૫ ,,	૨૨	૬	૧૧૪૧	૮૩૩	૭૬	૨૯૪
૪૬ થી ૫૦ ,,	૧૧	૪	૧૦૮૧	૭૪૯	૧૧૧	૫૪૨
૫૧ થી ૫૫ ,,	૧૦	૦	૮૧૮	૪૯૬	૧૦૦	૩૧૫
૫૬ થી ૬૦ ,,	૪	૧	૫૮૯	૩૧૮	૧૧૯	૪૭૨
૬૦ થી ઉપરનાં	૧૫	૦	૭૦૧	૩૩૩	૩૧૫	૯૦૨
	૧૨૮૫૦	૯૦૬૫	૧૧૪૯૬	૧૦૯૦૭	૯૬૯	૩૩૦૬

પારસીઓમાં નીચલી વીગતે ૮૮૨૫ શીખનારાં અથવા વીદયારથીઓ, ૨૦૪૫૧ શીખેલા અથવા લખી વાંચી જાણનારા, અને ૧૯૩૨૧ વગર શીખેલા અથવા અભણ હતાંઃ—

	નર.	નારી.
શીખનારાં ૧૫) વરસની અંદરનાં.	૪૬૧૮	૨૮૨૯
શીખનારાં ૧૫) વરસની ઉપરનાં.	૧૨૦૨	૧૭૬
શીખેલાં ૧૫) વરસની અંદરનાં.	૭૩૩	૧૧૩૮
શીખેલાં ૧૫) વરસની ઉપરનાં.	૧૨૧૪૭	૬૪૩૩
અભણ ૧૫) વરસની અંદરના.	૪૩૬૮	૪૬૫૪
અભણ ૧૫) વરસની ઉપરનાં.	૨૨૪૭	૮૦૫૨
	૨૫૩૧૫	૨૩૨૮૨

---

૧ રાસ્ત ગોફતાર, તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૮૧.

૨ "સદ્દરે બેહેરે તવીલ યાને સો બાબ અથવા સો દરવાજાની કેતાબ. શ્રી ખોરાસાનના રેહેવાસી મુલ્લાં રૂશતમ અશફંદીઆર તથા મુલ્લાં બેહજાદ રૂશતમે લાંબી બેહેરને વજનનાં ફારશી નામીચી બેતો મધે બનાવેલી ભલી દીનનાં લોકોને [illegible] કરવા લાએક માજદયશની દીનની ફરજે તથા નસીઅતો[illegible]તીથી ભરેલી કેતાબનો ગુજરાતી તરજુમો. અશલ ઉપરથી વધારા તથા સુધારા અને નોટશ સાથે નવી આવૃતી બનાવનાર દસ્તુર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આશાના," સને ૧૨૫૦ યઝદેજરદી, સને ૧૮૮૧ ઈસ્વી. મુંબઈ મધે, ફોર્ટ પ્રીનટીંગ પ્રેસમાં છાપી છે.

પારસીઓના ધંધા નીચે મુજબ હતાઃ—

	નર.	નારી.
સરકારી ઓહ્દેદારો, મ્યુનીસીપાલ તથા પોલીસ નોકરો, બારીસ્ટરો, વકીલો, ડાકટરો, ઇજનેરો, શિક્ષકો, વગેરે ...	૧૦૮૫	૦
દાઇઓ તથા સ્ત્રી શિક્ષકો	૦	૫૯
ધર્મગુરૂઓ	૮૫૫	૦
ઘરસંસારી નોકરો	૨૦૭૯	૪૧૬
વેપારીઓ	૩૩૧૭	૨
ખેતી કરનારા	૬૭	૦
કારીગરો, સુથારો, છાપગરો, મીલોના નોકરો, વગેરે	૩૬૧૦	૦
સીવનારી તથા વણનારીઓ	૦	૮૭
કંત્રાકટરો, દુકાનદારો, મજુરો, વગેરે	૫૬૫	૧૩૯
પરચુટણ મીલકતપર રેહનાર તથા બેકાર	૧૩૭૩૭	૨૨૫૭૯
	૨૫૩૧૫	૨૩૨૮૨

પારસીઓની જન્મ ભાષા નીચે મુજબ હતીઃ—

	નર.	નારી.
ગુજરાતી	૨૪૪૮૭	૨૨૭૧૫
ફારસી તથા અરબી	૮૨૮	૫૬૭
	૨૫૩૧૫	૨૩૨૮૨

પારસીઓમાં ખાપણવાલાં ૨૫૧ માણસો નીચે મુજબ હતાં:—

	નર.	નારી.
ઘેલાં	૩૭	૨૦
મુગાં બેહરાં	૩૪	૨૦
આંધલાં	૪૯	૬૬
રગતપીતયાં	૧૬	૯
	૧૩૬	૧૧૫

વસ્તીના મથકો—	જુમલે.
કોલાબા	૫૬૧
કોટ	૧૬૬૯૭
મેદાન	૨૨૩
મારકીટ	૫૧૧૫
માંડવી	૪
ચકલા	૫૮૧
ઉમરખાડી	૧૦૮
ધોબીતલાવ	૧૦૧૦૪
ફનસવાડી	૧૬૬૬
ભુલેશ્વર	૮૮૫
ખારાતલાવ	૫૮૫
કુંભારવાડા	૬૧૨
ગીરગામ	૪૧૧
ખેતવાડી	૪૪૮૦
ચોપાતી	૬૮૪
વાલકેશ્વર	૮૭૩
માહલક્ષ્મી	૪૪૨
મજગામ	૨૦૫૯
ભાંએખલા	૪૦૪
કામાટીપુરા	૧૫૧
તારદેવ	૪૨૩
પરેલ	૬૬૦
સીવરી	૧૬૨
સીમ	૩૧૫
માહીમ	૨૪૭
વરલી	૯૫
બારાંમાં	૧૦
	૪૮૫૯૭

દેશાવરો.

મુંબઇ ઉપરાંત દેશાવરો ખાતે પારસીઓની વસ્તીઓ ગણત્રિ પ્રમાણે નીચે મુજબ હતીઃ—

ગુજરાતમાં.

	નર.	નારી.	જુમલે.
સુરત	૫૭૭૯	૬૮૧૪	૧૨૫૯૩
ભરૂચ	૧૪૪૪	૧૫૯૮	૩૦૪૨
ખેડા	૭૯	૫૨	૧૩૧
પંચમાહલ	૨૧	૯	૩૦
અમદાવાદ	૩૭૮	૨૭૪	૬૫૨
	૭૭૦૧	૮૭૪૭	૧૬૪૪૮

એ ૧૬૪૪૮ પારસીઓમાં ૧૬૧૦૯ શેહનશાહી (૭૫૩૮ નર અને ૮૫૭૧ નારી) તથા ૩૩૯ કદમી (૧૬૩ નર અને ૧૭૬ નારી) હતાં. એઓમાં ૬૪૬૧ કુંવારાં (૩૬૪૩ નર અને ૨૮૧૮ નારી), ૮૦૬૪ પરણેલાં (૩૬૬૪ નર અને ૪૪૦૦ નારી), અને ૧૯૨૩ રંડાયલાં (૩૯૪ નર અને ૧૫૨[illegible] નારી) હતાં. એઓમાં ૨૪૪૦ શીખનારાં (૧૭૮૩ નર અને ૬૫૭ નારી), ૫૧૩૮ શીખેલાં (૩૬૩૯ નર અને ૧૪૯૯ નારી), તથા ૮૮૭૦ અભણ (૨૨૭૯ નર અને ૬૫૯૧ નારી) હતાં. ખામીવાલાં યાને અપંગ, ઘેલાં, મુગાં બેહરાં વગેરે ૧૧૩ માણસો (૫૬ નર અને ૫૭ નારી) હતાં.

દખણમાં.

	નર.	નારી.	જુમલે.
ખાનદેશ	૯૩	૬૫	૧૫૮
નાશક	૧૬૪	૧૨૪	૨૮૮
અહમદનગર	૮૭	૯૨	૧૭૯
પુણાં	૮૬૧	૭૧૩	૧૫૭૪
શોલાપુર	૭૭	૮૦	૧૫૭
સતારા	૬૨	૩૭	૯૯
	૧૩૪૪	૧૧૧૧	૨૪૫૫

એ ૨૪૫૫ પારસીઓમાં ૨૩૦૨ શેહનશાહી (૧૨૬૦ નર અને ૧૦૪૨ નારી) તથા ૧૫૩ કદમી (૮૪ નર અને ૬૯ નારી) હતાં. એઓમાં ૧૧૫૫ કુંવારાં (૬૬૩ નર અને ૪૯૨ નારી), ૧૧૪૦ પરણેલાં (૬૩૧ નર અને ૫૦૯ નારી), અને ૧૬૦ રંડાયલાં (૫૦ નર અને ૧૧૦ નારી) હતાં. એઓમાં ૪૮૭ શીખનારાં (૩૬૧ નર અને ૧૨૬ નારી), ૧૦૮૯ શીખેલાં (૬૮૭ નર અને ૪૦૨ નારી), તથા ૮૭૯ અભણ (૨૯૬ નર અને ૫૮૩ નારી) હતાં. ખામીવાલાઓમાં ૪ (૨ નર અને ૨ નારી) અપંગ હતાં.

કોકણમાં.

	નર.	નારી.	જુમલે.
થાંણા	૧૬૫૮	૧૬૫૭	૩૩૧૫
કોલાબા	૨૫	૮	૩૩
રતનાગીરી	૧૨	૪	૧૬
	૧૬૯૫	૧૬૬૯	૩૩૬૪

એ ૩૩૬૪ પારસીઓમાં ૩૩૨૧ શેહનશાહી (૧૬૬૯ નર અને ૧૬૫૨ નારી) તથા ૪૩ કદમી (૨૬ નર અને ૧૭ નારી) હતાં. એઓમાં ૧૩૨૦ કુંવારાં (૭૬૯ નર અને ૫૫૧ નારી), ૧૬૭૯ પરણેલાં (૮૬૭ નર અને ૮૧૨ નારી), અને ૩૬૫ રંડાયલાં (૫૯ નર અને ૩૦૬ નારી) હતાં. ૪૦૯ શીખનારાં (૩૨૯ નર અને ૮૦ નારી), ૧૦૩૪ શિખેલાં (૮૦૨ નર અને ૨૩૨ નારી) અને ૧૯૨૧ અભણ (૫૬૪ નર અને ૧૩૫૭ નારી) હતાં. ખામીવાલાં યાને અપંગ, ઘેલાં અને મુગાં બેહરાં ૭ માણસો (૨ નર અને ૫ નારી) હતાં.

પશ્ચિમ કર્નાટીકમાં.

	નર.	નારી.	જુમલે.
બેલગાંમ	૪૫	૧૯	[illegible]
ધારવાર	૨૦	૧૧	૩૧
કલાદગી	૧૦	૧૬	૨૬
કનેરા	૯	૮	૧૭
	૮૪	૫૪	૧૩૮

એ ૧૩૮ પારસીઓમાં બધાં શેહનશાહી હતાં. એઓમાં ૬૭ કુંવારાં (૩૯ નર અને ૨૮ નારી), ૬૨ પરણેલાં (૪૧ નર અને ૨૧ નારી) અને ૯ રંડાયલાં (૪ નર અને ૫ નારી) હતાં. એઓમાં ૨૦ શીખનારાં (૧૨ નર અને ૮ નારી), ૫૯ શીખેલાં (૪૧ નર અને ૧૮ નારી) અને ૫૯ અભણ (૩૧ નર અને ૨૮ નારી) હતાં.

સીંધમાં.

	નર.	નારી.	જુમલે.
કરાંચી	૫૪૦	૪૨૯	૯૬૯
હેદરાબાદ	૧૩	૮	૨૧
શીકારપુર	૪૪	૨૦	૬૪
સીંધની ઉત્તર સરહદ	૮	૧	૯
	૬૦૫	૪૫૮	૧૦૬૩

સીંધના શેહનશાહી કદમીઓ છુટા આપ્યા નથી. એઓમાં ૫૦૭ કુંવારા (૩૧૪ નર અને ૧૯૩ નારી), ૪૭૯ પરણેલાં (૨૬૯ નર અને ૨૧૦ નારી) અને ૭૭ રંડાયલાં (૨૨ નર અને ૫૫ નારી) હતાં. એઓમાં ૨૩૨ શીખનારાં (૧૫૮ નર અને ૭૪ નારી), ૪૫૭ શીખેલાં (૩૦૧ નર અને ૧૫૬ નારી), અને ૩૭૪ અભણ (૧૪૬ નર અને ૨૨૮ નારી) હતા. ખામીવાલાં યાને અપંગ, ઘેલાં અને મુગાં બેહરાં ૬ માણસો (૨ નર અને ૪ નારી) હતાં.

મુંબઇ ઇલાકાને લગતાં દેશી રાજ્યોમાં.

	નર.	નારી.	જુમલે.
કચ્છ	૨૭	૧૫	૪૨
પાલણપોર	૯૨	૧૧૫	૨૦૭
મહીકાંઠા	૪	૧	૫
કાઠીઆવાડ	૨૮૫	૨૦૪	૪૮૯
રેવાકાંઠા	૧૩૩	૮૭	૨૨૦
ખંબાત	૫૯	૬૦	૧૧૯
સુરત એજનસીને લગતાં દેશી રાજ્યો ...	૪૬૩	૨૮૭	૭૫૦
કોકણનાં દેશી રાજ્યો	૩૦	૨	૩૨
દખણનાં દેશી રાજ્યો	૩૨	૧૨	૪૪
	૧૧૨૫	૭૮૩	૧૯૦૮

એ ૧૯૦૮ પારસીઓમાં ૧૯૦૧ શેહનશાહી (૧૧૨૧ નર અને ૭૮૦ નારી) તથા ૭ કદમી (૫ નર અને ૨ નારી) હતા. એઓમાં ૬૯૬ કુંવારાં (૪૨૫ નર અને ૨૭૧ નારી), ૧૦૭૫ પરણેલાં (૬૬૩ નર અને ૪૧૨ નારી) અને ૧૩૭ રંડાયલાં (૩૭ નર અને ૧૦૦ નારી) હતાં. એઓમાં ૧૬૨

શીખનારાં (૧૬૯ નર અને ૪૩ નારી), ૯૪૪ શીખેલાં (૭૫૫ નર અને ૧૮૯ નારી) અને ૮૦૨ અભણ (૨૫૧ નર અને ૫૫૧ નારી) હતાં. ખામીવાલાં યાને અપંગ તથા મુગાં બેહરાં માણસો (૫ નર અને ૧ નારી) હતાં.

એડનમાં પારસીઓની વસ્તી ૨૩૬ માણસો (૧૬૪ નર અને ૭૨ નારી)ની હતી. તેઓમાં ૨૩૦ શેહનશાહી (૧૬૨ નર અને ૬૮ નારી) તથા ૬ કદમી (૨ નર અને ૪ નારી) હતાં. એઓમાં ૯૧ કુંવારાં (૫૭ નર અને ૩૪ નારી), ૧૩૩ પરણેલાં (૧૦૦ નર અને ૩૩ નારી) તથા ૧૨ રંડાયલાં (૭ નર અને ૫ નારી) હતાં. એઓમાં ૨૮ શીખનારાં (૧૬ નર અને ૧૨ નારી), ૧૪૪ શીખેલાં (૧૧૯ નર અને ૨૫ નારી), અને ૬૪ અભણ (૨૯ નર અને ૩૫ નારી) હતાં.

એ રીતે ૧૮૮૧ ની વસ્તીની ગણત્રિ મુજબ મુંબઇ શેહરમાં ૪૮૫૯૭, મુંબઈ ઇલાકાનાં બીજાં શેહરોમાં ૨૩૪૬૮, એડનમાં ૨૩૬, અને મુંબઇ ઇલાકાને લગતાં દેશી રાજ્યોનાં ગામોમાં ૧૯૦૮ મલી ૭૪૨૦૯ પારસીઓ (૩૮૦૩૩ નર અને ૩૬૧૭૬ નારી) હતાં, જેઓમાં ૬૮૩૫૬ શેહનશાહી અને ૫૮૫૩ કદમી એતેકાદવાલાં હતાં.

તા૦ ૨૧ મી ફેબરવારી

રોજ ૬ માહ ૬ ૧૨૫૦ ય.

મરણ—શેઠ દાદાભાઈ કાવસજી દાહાડીવાળા ઉ. વ. ૭૦ અખબારે સોદાગરના માલેક. માત્ર એ કે ત્રણ રૂપ્યાને પગારે એક ટીબાં ગોઠવનાર દાખલ તેવણે પોતાની જીંદગી શરૂ કરી હતી. મુંબઇ સમાચાર પત્ર મરહુમ શેઠ ફરદુનજી મરજબાનજીએ પહેલવહેલું સાઠ વરસ ઉપર ઉભુ કીધું ત્યાર પછી થોડાંજ વરસમાં મરનાર ત્યાં ધંધે લાગયા હતા. તેવણે મુંબઈ સમાચાર છોડયા પછી "અખબારે સોદાગર" આશરે ૧૮૪૫ માં ઉભુ કીધું હતું અને તેમાં વેપારી વરતમાન આપવાની તેમની કોશેશ પહેલીજ હતી. વેપારીઓને ઉપયોગી પંચાંગો તથા અવસતાના ગ્રંથો છપાયાં હતાં અને પારસીઓની ડુંગરવાડી ઉપર સરવેના ઉપયોગ માટે સંખ્યાબંધ ચોપાન્યાઓ ભેટ કરયાં હતાં. દેશી છાપાખાના સારૂં તેવણે આખી જીંદગી ઘસી નાંખી હતી. ૧

તા૦ ૨૩ મી ફેબરવારી

પારસીઓને એડમીનીસ્ટરેટરના ધારાની ચોકસ કલમોમાંથી બકાટ રાખવા સંબંધી વાઇસરોયની ધારા સભામાં રજુ થયેલું બીલ આજ રોજે સભામાં પસાર થયું હતું. ૨

તા૦ ૨૪ મી ફેબરવારી

શેઠ ફરદુનજી માણેકજી કાંગા, બી. એ., એલ. એલ. બી. ને અમદાવાદ જીલ્લાની તથા શેઠ રૂસતમજી ધનજીભાઇ શેઠના, બી. એ., એલ. એલ બી ને પુણાં જીલ્લાની કોરટોમાં વકીલનું કામ ચલાવવાની હાઇ કોરટના નામદાર જડજોએ સનદ આપી હતી. ૩

તા૦ ૨૮ મી ફેબરવારી

રોજ ૧૩ માહ ૬ (શે૦) ૧૨૫૦ ય.

આજ દીને મઉ મધ્યે શેઠ આદરજી દાદાભાઇનાં ભાણેજ બાઇ કુવરબાઇના ઉઠમણામાં દસ્તુર ખરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાની ભલાંમણ ઉપરથી તે તરફ દોખમાં ભણી જવાનો રસ્તો ઘણો બીકટ હોવાથી નવો રસ્તો બાંધવાને મઉ તથા ઈંદોરના જરથોસતીઓએ એક ફંડ ઉભું કીધું હતું, જેમાં મજકુર બાઇ કુવરબાઇનાં માએ બાઈ દીનબાઇ તે મરહુમ શેઠ કાવસજી ફરદુનજી ભરૂચાના વીધવાએ રૂ. ૫૦૦) તથા ખાન બાહદુર શેઠ એદલજી પેસતનજી ધાસવાલાએ રૂ. ૫૦૦) ભરી શરૂઆત કીધી હતી. એ ફંડના ટરસ્ટીઓ તરીકે ખાન બાહદુર એદલજી પેસતનજી ધાસવાલા તથા શેઠો આદરજી દાદાભાઇ મસાલાવાલા અને સોરાબજી દાદાભાઈ પટેલને તથા સેક્રેટરી તરીકે શેઠ કુવરજી કાવસજી ભરૂચાને ઠેડાવ્યા હતા. ૪

તા૦ ૨ જી મારચ

ઈંગલાંડ મધ્યે લેવાયલી છેલ્લી "ઇનડીઅન મેડીકલ સરવીસ" ની પરીક્ષામાં પારસીઓ મધે શેઠ જમશેદજી ખરશેદજી કાંગા પસાર થયા હતા. ૫

તા૦ ૩ જી મારચ

ગુજરાતના આગલા કવિ શામલભટની કરેલી "નંદ બત્રીશી" ની મનોરંજક વારતાનો કાંઇક ગાયન રૂપી સાર કહી સંભલાવવા માટે અતરેનાં રાસ્ત ગોફતાર પત્રના અધીપતી શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજીએ થોડાક ઈંગ્રેજ તથા બાકીના દેશી ગ્રહસ્થો અને બાનુઓની એક ખાસ મીજલસ આજ રાત્રે ફરામજી કાવસજી ઇનસ્ટીટયુટના દીવાનખાનામાં મેલવી હતી. સરનશીનની ખુરસીએ નામદાર ગવરનરની કૌંસીલનો મેમબર ઓનરેબલ મી૦ આશબરનર, સી. એસ. આઈ બીરાજયો હતો. શેઠ કેખશરૂએ એ કથાના

---

૧ રાસ્ત ગોફતાર તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૮૧.

૨ રાસ્ત ગોફતાર. તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૮૧.

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૮૧.

૪ જામે જમશેદ, તા૦ ૭ મી મારચ ૧૮૮૧.

૫ મુંબઈ સમાચાર, તા૦ ૨ જી મારચ ૧૮૮૧.

કેટલાક ચુંટી કાઢેલા ભાગો જુદા જુદા રાગોમાં ઈંગ્રેજી તથા દેશી ગાયણો સાથે બરાબર ૨। કલાક સુધી કહી સંભલાવ્યા હતા. ૧

તા૦ ૩ જી મારચ

પંચમાહલમાં આવેલા જાંબુગોરા ગામના માહલકરી શેઠ ધનજીભાઇ દોરાબજીને નામદાર સરકારે પંચમાહલના બીજા વર્ગના માજીસ્ટરેટ નેમ્યા હતા. ૨

તા૦ ૬ થી મારચ

કરાંચી મધે આજ દીને જરથોસ્તી અનજુમનની એક સભા મલી હતી તે વેલા ત્યાંના નસેસાલારના ફંડની શરૂઆત શેઠ જેહાંગીર હોરમજજી કોઠારીએ રૂ. ૧૦૦૦ તથા શેઠ અસપંદીઆરજી દીનશાહ ખંભાતાએ એક જરથોસ્તી તરફથી રૂ. ૫૦૦ આપ્યાથી થઇ હતી. એ ફંડ માટે ત્યાંના ૭ ગ્રહસ્થોને ત્રસ્ટી નેમ્યા હતા. ૩

તા૦ ૭ મી મારચ

મધરાસ ખાતે ભરાયલા હુનરનાં પ્રદર્શણમાં મુંબઇના એક પારસી ચીતારા શેઠ પેશતનજી બહમનજી પ્રીંટરને તેમનાં ચીતારેલાં સરસ "ઓઇલપેટીંગો" ને માટે પાંચમું ઇનામ મલ્યું હતું. ૪

તા૦ ૧૦ મી મારચ

ખેડાના ડીસ્ટરીકટ ડેપ્યુટી કલેકટર શેઠ એદલજી ડોશાભાઇને નામદાર સરકારે ખેડા જીલ્લાના પહેલા વર્ગના માજીસ્ટ્રેટ નેમ્યા હતા. ૫

તા૦ ૧૨ મી મારચ

કરાંચીવાળા શેઠ એદલજી દીનશાહ શરાફે ત્યાંનુ રોમન કેથલીક દેવળ બાંધવાના ફંડમાં રૂ. ૧૦૦૦ની રકમ ભરી હતી. ૬

તા૦ ૧૨ મી મારચ

રોજ ૨૫) માહ ૬ (શે) ૧૨૫૦ ય.

મરણ—બેહરામજી હોરમજજી ગોરવાલા ઉમર વર્ષ ૬૬) શેઠ શાપુરજી શેરાબજી કપાવાલાની બાહેરકોટની મોટા મોહલામાં આવેલી દરેમહેર તથા આદરીઆનના એક ત્રસ્તી.

તા૦ ૧૬ મી મારચ

દસ્તુર જામાસપજી મનોચેહરજી જામાસપઆશાનાને પારીસ મધે "લાંઝેને ઓરીએનટલ" નામની પુર્વ દેશના ધરમો અને તેઓને લગતી ભાષાઓનો ફેલાવો કરવા સારૂ ઉભી થયલી મંડલીના એક "ઓનરરી મેમબર" ઠેરવ્યા હતા. ૭

તા૦ ૧૭ મી મારચ

પુણાંની "કોલેજ ઓફ સાએનસ"માં ખેતીવાડીને લગતી પરીક્ષામાં શેઠો દીનશાહ ડોશાભાઈ કાંગા અને નવરોજજી મનચેરજી પટેલ પસાર થયા હતા. ૮

તા૦ ૨૨ મી મારચ

રોજ ૫ માહ ૭ (શે.) ૧૨૫૦ ય.

આજ દીને મરહુમ બાઇ મેહરબાઈ તે શેઠ કાવશજી ધનજીભાઇ પાંઉવાલાનાં વીધવાના ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી તથા ભત્રિજાઓ શેઠો ખરશેદજી અને દોરાબજી પાલણજી તથા શેરાબજી કાવશજી પાંઉવાલા અને બીજાં બેશીઓએ મલી રૂ. ૨૯૬૭) ધર્મખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી હતી. ૯

તા૦ ૨૩ મા મારચ

આજ રોજે મી૦ ડોસાભાઈ ફરામજીએ મી૦ માહાદેવ ગોવીંદ રાનાદે સોડેથી મુંબઇની પોલીસ કોર્ટના બીજા મેજીસ્ટ્રેટ દાખલનો પોતાના હોદ્ધાનો અખત્યાર પાછો લીધો હતો. ૧૦

તા૦ ૨૪ મી મારચ

અતરેની એલફીનસટન હાઇ સ્કુલના વાઇસ-પ્રીનસીપાલ તરીકે શેઠ જમશેદજી અરદેસર દલાલ, એમ. એ. એલ. એલ. બી ને નામદાર સરકારે નેમ્યા હતા. ૧૧

---

૧ રાસ્ત ગોફતાર, તા૦ ૬ થી મારચ ૧૮૮૧.

એજ કથણ ફરી બીજીવાર શેઠ કેખશરૂએ તા૦ ૯ મી એપરેલ ૧૮૮૧ ને દીને હિંદુ ગ્રહસ્થોના એક મેલાવડા હજુર હલાઈ ભાટીઆ માહજનવાડીમાં કરયું હતું.

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૩ જી [illegible]૮૮૧.

૩ રાસ્ત ગોફતાર તા૦ ૧૩ મી મારચ ૧૮૮૧.

૪ ટાઇમસ ઓફ ઇડીઆ, તા૦ ૮ મી મારચ ૧૮૮૧.

૫ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૦ મી મારચ ૧૮૮૧.

૬ રાસ્ત ગોફતાર તા૦ ૧૩ મી મારચ ૧૮૮૧.

૭ ટાઇમસ ઓફ ઇડીઆ, તા૦ ૧૭ મી મારચ ૧૮૮૧.

૮ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૭ મી મારચ ૧૮૮૧.

૯ જામે જમશેદ, તા૦ ૨૩ મી મારચ ૧૮૮૧.

૧૦ રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી મારચ ૧૮૮૧.

૧૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૪ મી મારચ ૧૮૮૧.

તા૦ ૨૪ મી મારચ

ખાન બાહદુર બહમનજી શેરાબજી તારાપોરવાલાને પુણાંની "સાયનસ કૉલેજ"ના ગણિત અને સીવીલ ઇનજીનીઅરીંગ ખાતાંના પ્રોફેસર તરીકે નામદાર સરકારે નેમ્યા હતા.૧

તા૦ ૨૬ મી મારચ

મુંબઇ મધે મજગામમાં આવેલી "જનાના મીશન" નામની પાદરીઓની સ્કુલમાં ઇંગ્રેજી ભાષાની કેળવણી લેવા જતી પીરોજબાઈ રતનજી જમશેદજી પારખ નામની ૧૫ા વરષની એક પારસી છોકરી આજ દીને સવારનાં પાંચ કલાકે પોતાનાં મા બાપનો આસરો છોડી ઉપલી સ્કુલમાં જઈ રહી હતી, જે ઉપરથી તે છોકરીના બાપ તરફથી આજ દીને હાઈ કોરટમાં મી૦ જસટીસ વેસ્ટની હજુરમાંથી ઉપલી મીશન સ્કુલના સેક્રેટરી રેવરંડ સકુવેરસ તથા બે લેડી પ્રમુખો મીસીસ અને મીસ ફ્રાશન ઉપર હીબીઅસ કારપસનુ હોકમનામુ ઉપલી છોકરીને આવતા મંગલવારે કોરટમાં રજુ કરવાને કાઢયું હતું. ૨

તા૦ ૨૭ મી મારચ

પેશાવર મધે જરથોસ્તીઓનાં રવાંનોને ભુમીદા કરવાની જગોની આસપાસ પાકી ફરતી દેવાલ બાંધવાનો ઠેઠાવ કરી ઉઘરાંણું કરવાને આજ દીને ત્યાંના પારસી રેહવાસીઓની એક સભા શેઠ હોરમજજી કાવશજી મારકરનાં મકાનમાં મલી હતી, જે વેળાએ એ દેવાલ બાંધવાનાં કારણસર શેઠ મેહરવાંનજી સનસને ત્યાંથી પાકી ઈંટ આસરે દોઢથી બે લાખ સુધી આપવાને જણાવ્યું હતું, તથા શેઠ જાંગીરજી જશાવાલાની કું૦ એ રૂ. ૫૦૦), શેઠ રતનજી ખરશેદજી બાટલીબોઇએ રૂ. ૧૭૫), શેઠ હોરમજજી કાવશજી મારકરે તથા શેઠ શાપુરજી શેરાબજી રાજાએ દરેકે રૂ. ૧૨૫), અને બાકી બીજા ૧૫ જરથોસ્તીઓએ પોતાની ગુંજાસ મુજબ રકમો ભરી હતી. ૩

તા૦ ૨૮ મી મારચ

મુંબઇનો કમાંનડર-ઈન-ચીફ જનરલ વેર પોતાનો ઓધ્ધો છોડી ઈંગલાંડ જનાર હોવાથી આજ દીને નામદાર ગવરનર સર જેમસ ફરગયુસને વાલકેશરના સરકારી મેહલમાં તેની મેલાકાતને માટે ઇંગ્રેજ તથા દેશી ગ્રહસ્થો અને બાનુંઓનો એક મેલાવડો કીધો હતો, જે વેળાએ પારસીઓમાં નીચલા ગ્રહસ્થો તથા બાનુંઓ હાજર થયાં હતાં:—

ઓનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, શેઠ મેહરાંમજી જીજીભાઇ, સી. એસ. આઇ; ફરાંમજી નશરવાંનજી પટેલ, દીનશાહજી માણેકજી પીટીટ, ખરશેદજી ફરદુનજી પારખ, નાનાભાઇ મેહરાંમજી જીજીભાઇ, જમશેદજી ખરશેદજી જમશેદજી, શેરાબજી જમશેદજી જીજીભાઇ, ખાનબાહદુર જમશેદજી ધનજીભાઇ વાડીઆ, નવરોજજી ફરદુનજી. (એખલા.) ડોશાભાઇ ફરાંમજી કરાકા, સી. એસ. આઇ; ખાનબહાદુર મનચેરજી કાવશજી મરજબાન, જાંગીરજી કાવશજી જાગીરજી રેડીમની, અરદેસર હોરમજજી વાડીઆ, હોરમજજી અરદેસર વાડીઆ બારીસટર, પીરોજશાહ મેહરવાનજી મેહતા, માણેકજી ખરશેદજી સરાફ, ખરશેદજી રૂસતમજી કામાજી, કેખશરૂ નવરોજજી કાબરાજી, સોરાબજી શાપુરજી બંગાલી, સી. આઈ. ઇ; જાંગીરજી બરજોરજી વાછા, અરદેસર ફરાંમજી મુસ. ૪ (કુટુંબ સહીત)

તા૦ ૩૧ મી મારચ

બીરારના આસીસ્ટંટ કમીશનર દસ્તુર બહમનજી જામાસપજી જામાસ્પ આશાના, સી આઈ. ઇ; એ લાંબી મુદત સુધી સરકારની નોકરી કરયા બાદ પેનશન લેતું કરી પોતાનો ઓધ્ધો છોડવાથી તા૦ ૨૩ મી મારચે તેમને બાસીનના લોકો તરફથી એક માનપત્ર આપ્યું હતું, તા૦ ૨૬ મી મારચે આકોલાના લોકોએ એક મોટી જીયાફત આપી હતી, તા૦ ૨૯ મી મારચે બીરાર કમીશનના યુરોપ્યન આફીસરોએ એક માનપત્ર, અને આજ દીને આખાં બીરારના દેશીઓ તરફથી એક માનપત્ર આપવામાં આવ્યું હતું.૫

૧ બૉમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૪ મી મારચ ૧૮૮૧.

૨ મુંબઈ સમાચાર, તા૦ ૨૮ મી મારચ ૧૮૮૧.

આ છોકરી મંગલવાર અગાઉ પાછી પોતાનાં માબાપોને ત્યાં આવવાથી એ મુકદમો માંડી વાળ્યો હતો.

૩ રાસ્ત ગોફતાર, તા૦ ૨૪ મી એપરેલ ૧૮૮૧.

૪ બૉમ્બે ગેઝેટ, તા૦ ૩૧ મી મારચ ૧૮૮૧.

૫ જામે જમશેદ, તા૦ ૧૪ મી એપરેલ ૧૮૮૧.

દસ્તુરજી બહમનજી આકોલાથી પોતાનાં વતન પુણે આવવાને તા૦ ૨૮ મી એપરેલ ૧૮૮૧ ને દીને નીકલ્યા હતા તે વેળાએ આંકોલાનાં રેલવે સ્ટેશન ઉપર લોકોની પુષ્કળ ગીરદી થઈ હતી અને વાવટાઓ તથા તોરણોથી સ્ટેશન સણગારયું હતું. સ્ટેશન ઉપર દસ્તુરજીનાં આવતાંજ "બીરાર વરતમાન"નાં અધીપતી મી૦ ખંડેરાવ બાલાજીએ તેમને એક માનપત્ર વાંચી સંભલાવ્યું હતું. એજ મુજબ આકોલાથી ૨૪) મૈલ દુર શેગાંવ સ્ટેશન ઉપર પણ રૂના વ્યાપારીઓએ એમને એક માનપત્ર આપ્યું હતું. તા૦ ૫ મી મેએ એવણ પુણે આવી પુગયા હતા તે વેળાએ દસતુર હાલમાં શેઠ એદલજી જીવાજીએ ગુજરાતીમાં એક માનપત્ર એમને વાંચી સંભલાવ્યું હતું.

તા૦ ૩૧ મી મારચ

ડાંગતપુરાના મામલતદાર ખાનસાહેબ રતુનજી એદલજી ડાંગાને નાશકના પેહલાં વર્ગના માજીસ્ત્રેટ તરીકે નામદાર સરકારે નેમ્યા હતા. ૧

તા૦ ૧ લી એપરેલ

શેઠ જમશેદજી પાલનજી કાપડીઆએ તવારીખે મલુકે તવાયફે જરથોસતીઆન નામની ચોપડી બાહાર પાડી હતી. ૨

તા૦ ૫ મી એપરેલ

આજ દીને નામદાર માહરાંણી વીકટોરિઆએ લંડન મધે ભરેલી લેવીમાં મુંબઈના એક પારસી ગ્રહસથ શેઠ એદલજી માણેકજી શેઠના બીરાજયા હતા. ૩

તા૦ ૭ મી એપરેલ

નીચલા પારસી ગ્રહસ્થોને નામદાર સરકારે નવા સુલેહના અમલદાર એટલે "જસટીસ ઓફ ધી પીસ" ઠેડાવ્યા હતા—૪

શેઠો કાવશજી જમશેદજી લાલકાકા, જાંગીરજી કાવશજી જાંગીરજી રેડીમની, જાંગીરજી બરજોરજી વાછા, મનચેરજી મેહરવાંનજી ભાવનગરી, નવરોજી જાંગીરજી ગામડીઆ.

તા૦ ૮ મી એપરેલ

શેઠ ફરામજી રૂસ્તમજી વીકાજીએ તર્કશાસ્ત્ર મધે એન્ટેન આરનોલ્દની પંકતી એ વિષય ઉપર મુંબઇની લીટરરી એન્ડ સાયનટીફીક સોસાયટી સનમુખ વાંચેલા રેશાલાને છપાવી પ્રગટ કીધો હતો. ૫

તા૦ ૯ મી એપરેલ

શેઠ દાદાભાઈ હોરમજજીને નામદાર સરકારે આજ દીનથી રેવાકાંઠાના "એકટીંગ એસીસ્ટંટ પોલીટીકલ એજંટ" ઠેડાવ્યા હતા. ૬

તા૦ ૧૩ મી એપરેલ

રાહનુમાએ માજદીઅસનાંન સભા તરફથી શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ આજ દીને "જરથોસ્તીઓમાં ધરમની કેલવણીની હાલની હાલત તથા સારાપાયા ઉપર કેલવણી આપવાની અગત" એ બાબદ ઉપર ફરામજી કાવશજી ઇનસ્ટીટીયુટમાં એક જાહેર ભાષાણ કીધું હતું. ૭

---

૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૪ થી આગસ્ટ ૧૮૮૧.

૨ તવારીખે મલુકે તવાયફે જરથોસ્તીઆંન શીકંદર પછી અરદેશર બાબેગાન સુધી પાનતસ કાપાદોસીઆ, આરમીનીઆ, મીદીઆ આત્રોપેતીન (આદરબીજાન) ખુદપરસીસ (ફારસીસ્તાન તથા પારથીઆનાં માજદીઅસનાન રાજ્યોનો ઇતિહાસ.

ઈ. પુ. ૩૩૦ થી ઈ. સને ૨૨૬ સુધી) વાલમ બે, ભાગ પાચમાં બનાવનાર જમશેદજી પાલનજી કાપડીઆ મુંબઈ યુની-વરસીટીનો ફેલો તથા મયુનીશીપલ કોરપોરેશનના એક સભાસદ અને "તવારીખે કદીમ ઈરાન" તથા "કાફરે શીહાપોસ"ના કર્તા વાલમ ૧ લું ભાગ ૧ લો મુંબઇ ધોબીતલાવ નંબર ૮૭૨ વાલાં ઘરમાં મુબઇ, વર્તમાન છાપાખાનામાં મનચેરજી હોસંગજી જાગોસે છાપ્યો છે. સને ૧૮૮૧.

૩ જામે જમશેદ, તા૦ ૨૯ મી એપરેલ ૧૮૮૧.

૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૭ મી એપરેલ [illegible].

"Antcine Arnauld: His place in the history of Logic. (Being a paper read before the Students' Literary and Scientific Society, Bombay, on the 8th of March 1881) By Framjee R. Vicajee Bombay Education Society's Press. 1881."

૫ રાસ્ત ગોફતાર, તા૦ ૧૨ મી જુન ૧૮૮૧.

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨ જી જુન ૧૮૮૧.

૭ મુંબઇ સમાચાર તા૦ ૧૬–૧૭ એપરેલ ૧૮૮૧.

આ ભાષણ ઉપર જાહેર તકરાર ચલાવવાને તા૦ ૧૯, ૨૭, ૨૮, ૨૯, અને ૩૦ મી એપરેલ ૧૮૮૧ ને દીને એજ ઠેકાંણે બીજી પાંચ જાહેર સભાઓ મલી હતી. તે સઘળી સભા-ઓમાં સરનશીનની ખુરસી શેઠ નવરોજજી ફરદુનજીએ લીધી હતી, તથા કેટલીક તકરારો અને ભાષાણો થવા બાદ નીચલા ઠેડાવો રજુ થયા હતા.

શેઠ જાંગીરજી મેહરવાંનજી પલીડરે દરખાસ્ત કીધી અને તેને શેઠ બહમનજી બેહરાંમજી પટેલે ટેકો આપ્યો કે "આ સભાનું એવું મત છે કે જરથોસ્તી બાલકોની નવજોતની કીરીઆ કરવામાં આવે તેની આગમજ ધરમ સંબંધી કેટલાંક મુળતતવોની તેમને કેલવણી આપવાની જરૂર છે." આ દરખાસ્ત ઉપર ડાકટર ખરશેદજી ફરામજી બોરીએ અમેનડમેંટ મુકયું અને તેને શેઠ હોરમજી નવરોજજી લોરડે ટેકો આપ્યો કે "આ સભાનું એવું મત છે કે જરથોસ્તીઓનાં ફરજંદો જયારે સમજમાં આવે ત્યારે તેઓની નવજોતની કીરીઆ કરવી અને તે વેલા તેઓને ધરમ સંબંધી કેટલાંએક મુલતતવોનું જ્ઞાન હોવાની જરૂર છે." એ અમેનડમેંટ વધુ મતથી પસાર થયું હતું. એ પછી નીચલા પાંચ ઠેડાવો સરવેનાં એકમતથી પસાર થયા હતા.

શેઠ દારાશાહ રતનજી ચીજગરે દરખાસ્ત કીધી અને તેને શેઠ હોરમજજી નવરોજજી લોરડે ટેકો આપ્યો કે "આ સભાનું એવું મત છે કે જરથોસ્તી મા બાપોએ પોતાનાં ફરજંદોને વીદઆ તથા એલમ હુનરની કેલવણીની સાથ ધરમ સંબંધી કેલવણી આપવી જોઇએ છે."

એમ૦ ખુરશેદજી મનોચેહરજી કટેલીએ દરખાસ્ત કીધી અને તેને એરવદ એદલજી કેરશાસ્પજી આંતીઆએ ટેકો આપ્યો કે "આ સભાનું એવું મત છે કે જે અથોરનાંનો નાવર મરાતબ થઇ અથોરનાનનો ધંધો કરવાની ઉમેદવારી ધરાવતા હોય તેઓ સારા પાયા ઉપર જરથોસ્તી ધરમની કેલવણી લઇ લાએક જ્ઞાન મેલવેલા હોવા જોઇએ અને તેવી રીતની કેલવણી પામેલા મરાતેબોને જરથોસ્તીઓએ પોતાનાં ઘરનાં કીરીઆ મારગનાં તથા ધરમબોધ આપવાનાં કાંમ સોંપવાં ઘટે છે."

શેઠ નાનાભાઈ રૂસતમજી રાંણીનાએ દરખાસ્ત કીધી અને તેને શેઠ કાવરાજી દીનશાહજી કેઆસે ટેકો આપ્યો કે "આ સભાનું એવું મત છે કે જરથોસ્તી ધરમના અભીઆસનાં સાંધણુ તરીકે આપણા ધરમને લગતાં જુદી જુદી ભાશાઓમાં રચાયલાં પુસતકોનું એક કેતાબખાનું સ્થાપવાની ઘણી જરૂર છે."

શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજીએ દરખાસ્ત કીધી અને તેને શેઠ કાવરાજી મેહરવાંનજી સરાફે ટેકો આપ્યો કે "આ સભાનું એવું મત છે કે જરથોસ્તી ધરમને લગતાં જ્ઞાનનો આપણા ટોલામાં જેમ બની શકે તેમ વધારે ફેલાવો કરવા સારૂં ધરમ સંબંધી પુસતકો રચાવવા તથા છપાવી પરગત કરવા તથા જરથોસ્તીઓનાં ફરજંદોને સારા પાયા ઉપર આપણા ધરમની કેલવણી આપવાનાં કારણુસર એક ફંડ ઉભું કરવાની ઘણી જરૂર છે; અને આ સભા તે ફંડમાં નાણાં ભરાવવા સારૂં રાહનુમાએ માજદીઅસનાંન સભાની કારોબાર મંડલીને એવી એલતેમાસ કરે છે કે જરથોસ્તીઓમાં ઉઘરાંણાંનું એક લીસટ ફરતું કરે તથા નાણાં વસુલ કરે અને તે નાણાં ઉપર લખી જણાવેલાં કારણુસર વાપડે.

શેઠ હોરમજજી મનચેરજી ચીજગરે દરખાસ્ત કીધી અને તેને શેઠ હોરમજજી અરદેસર વાડીઆ (બારીસટર) એ ટેકો આપ્યો કે "આ સભામાં થએલા ઠડાવ તથા સભાની ઉપજ નીપજનો મુખતેસર અહેવાલ જરથોસ્તીઓની વાકેફગારીને માટે છપાવી પરગટ કરવો."

ત્યાર બાદ સરનશીનનો ઉપકાર માનવાની દરખાસ્ત શેઠ હોરમજજી દાદાભાઈ પ્લીડરે કીધી હતી.

ઉપલાંમાના ચોથા ઠેડાવ મુજબ સભામાંજ એક લીસટ ઉભું કરવામાં આવ્યું, જેમાં પેહલવેહલા શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ પોતાની તરફથી રૂ ૧૦૦૦) ભરયા.

એ અગાઉ જરથોસ્તીઓની સંસારી તથા ધર્મ સંબંધી હાલત વિષે તથા તેઓને પોતાનો ધર્મ તથા ધર્મ નીતિના જ્ઞાનની અગત વીશે ઉપલી સભાની તરફથી શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજીએ તા૦ ૪ ઠી મે ૧૮૭૯ને દીને ફરાંમજી કાવરાજી ઈનસ્ટીટયુટ મધે જરથોસ્તીઓની એક જાહેર સભાની હજુર ભાશણ આપયું હતું અને તે ભાશણ ઉપર તકરાર કરવાને સારૂં ત્રણવાર સભા મળી હતી જે વેલા ઘણી ઉલટ ભરેલી તકરાર થયા પછી એ જાહેર સભામાં નીચે જણાવયા મુજબના ત્રણ ઠરાવો કરવામાં આવ્યા હતા.

ઠરાવ ૧ લો—મુંબઈ મધે જરથોસ્તીઓને વિદ્યાની તથા સાધારણ કેળવણી આપવા સારૂં સ્થાપેલી જાહેર તથા ખાનગી નીશાળોને તથા ઇંગરેજી સ્કુલોના મુતેવલી તથા માલેકોને આ સભાની તરફથી ભલામણ કરવી કે તેમના હસ્તકની કેળવણી ખાતામાં જરથોસ્તીઓને આપણા ધર્મની તથા નીતિની કેળવણી આપવાની ગોઠવણ કરે.

ઠરાવ ૨ જો—સઘળે વાંઘેના જરથોસ્તીઓને પોતાના ધર્મ તથા નીતીની માહેતગારી મેળવવાની અતિ ઘણી અગત્ય છે એવું જાણીને આ સભા આપણા દીનચાશીદાર દસ્તુરોને ભલામણ કરવાની રજા માંગે છે કે તેઓએ તસદી લઇને એ અગત્યની બાબદો વિષે ઘટતી જોગવાઈએ વાયજ કરીને માજદીઅશની ફ્રેકાના લોકોની રાહનુંમાઈ કરવી.

ઠરાવ ૩ જો—આ સભાની તરફથી રાહનુંમાએ માજદીઅસનાન સભાના સરનશીનને એલતેમાસ કરવી કે આ સભામાં એકમતથી પસાર થયેલા ઠરાવો જાહેર તથા ખાનગી કેળવણી ખાતાંના મુતેવલીઓ તથા માલેકો તથા આપણા દસ્તુરો ઉપર લખી મોકલવા.

ઉપલા મધેના ઠરાવ ૧) ની દરખાસ્ત મેલતાં શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ જણાવ્યું કે જરથોસ્તીઓ હસ્તકની છોકરાઓ તથા છોકરીઓની નીશાળોમાં કેળવણી લેનારાં વિદ્યાર્થીઓની જરથોસ્તી ધર્મ તથા ધર્મ નીતીની કેળવણી આપવાને લાયકની જુદે જુદે દરજ્જેની ચોપડીઓ છુટા છુટા ભાગોમાં છપાવી પ્રગટ કરવી અને તેમ કરવાના ખરચમાં ખુટ પડે તો રૂ. ૨ હજાર સુધી એ શેઠે આપવાની જામીનગીરી આપી અને પ્રજાએ રૂ. ૭૩૨–૧૪ ની રકમ ભરી હતી. તે રકમ ઉપલી સભાના સ્વાધીનમાં આપી હતી. ત્યાર બાદ પાંચ વરસ રહીને આજ દીને મલેલી સભાના ઠરાવોની રૂહે ઉઘરાણાના લીસ્ટો બહાર પાડવામાં આવ્યાં હતાં અને તેમનો ફેલાવો અતરેના તથા દેશાવર ખાતેના જરથોસ્તીઓમાં બોહલી રીતે કરવામાં આવ્યો હતો અને ૧૯૦૮ના સાલ સુધીમા નીચલી રકમો ભરાઈ હતી.:—

રૂ૭૩૨–૧૪ શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીના હાથમાં પરચુટણ ખાતે.

રૂ૧૩૬૯૪–૧૦ મુંબઈના જરથોસતી સાહેબોએ બખશીશ તથા લવાજમ અને ઉઠમણામાં ભરેઆ તે.

શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી રૂ૧૦૦૦, શેઠ નોશરવાનજી રતનજી તાતા રૂ૫૦૧, શેઠ શોહરાબજી શાપુરજી બંગાલી, સી. આઈ. ઈ. રૂ૫૦૦, બાઈ હીરાંબાઈ તે શેઠ માણેકજી મેહેરવાંનજી શેઠના વીધવાએ પોતાની ઈઆદગારી રાખવા કીજે સરકારી નોટ રૂ૫૦૦) ની ટકા ૪ ની ખાતું પડાવી આપી, મરહુમ શેઠ દીનશાજી દાદાભાઈ ગાંધીનાં છોકરાઓએ પોતાના બાવાની ઈઆદગારી રાખવા કીજે સરકારી નોટ ટકા ૪ ની રૂ૫૦૦) નીનું ખાતું પડાવી આપી છે, પારસી બોરડીંગ સકુલ ફંડની કમીટી તરફથી રૂ૫૦૦, શેઠ નવરોજજી ફરદુનજી, શેઠ જાલભાઈ અરદેશર શેઠના, એક જરથોસતી (શેઠ શોહરાબજી ફરાંમજી પટેલની મારફતે), શેઠ જાંહાંગીરજી કાવશજી જાંહાંગીરજી રેડીમની, શેઠ મનચેરજી બહમનજી પંથકી દરેકે રૂ૩૦૦, શેઠ જમશેદજી નશરવાંનજી તાતા, શેઠ હોરમજજી બહમનજી જીજીભાઈ, શેઠ શોહરાબજી ફરાંમજી પટેલ, શેઠ નવરોજજી જાંહાંગીરજી ગાંમડીઆ, એક જરથોસતી (ડા૦ ટેમુલજીની મારફતે) દરેકે રૂ૨૦૦, શેઠ શોહરાબજી જમશેદજી જીજીભાઈ રૂ૧૫૧, શેઠ નશરવાનજી નવરોજજી બોદ રૂ૧૦૫, શેઠ બાપુજી હોરમજજી શકલાતવાલા રૂ૧૦૧, શેઠ ખરશેદજી માંણેકજી શેઠનાં, શેઠ શોહરાબજી કાવશજી પાંઉવાલા, બંદેખોદા, શેઠ એશ, (અશતક શેઠ ખરશેદજી જાંહાંગીરજી તારાચંદ), શેઠ મનચેરજી ફરાંમજી કામાજી, શેઠ રતનજી જમશેદજી જશાવાલા (દરેકે રૂ૧૦૦), શેઠ દાદાભાઈ માણેકજી શેઠના રૂ૭૫, શેઠ માણેકજી જીવાજી મઉ રૂ૭૧, શેઠ શોરાબજી બેજનજી વકીલ રૂ૬૧, શેઠ હોરમજજી શાપુરજી વકીલ રૂ૬૧, શેઠ જાંગીરજી મેરવાનજી વકીલ રૂ૬૦, શેઠ રૂસતમજી ડોસાભાઈ શેઠના રૂ૫૧, રૂ૯૫૦ હેઠલ જણાવેલા ૧૯) સાહેબોએ દર રૂ૫૦) લેખે ભરેઆ. શેઠો મનચેરજી ડોરા–

ભાઈ કામાજી, દાદાભાઈ દીનશાજી ગાંધી, કુંવરજી કાવસજી જમસાવાલા, ડોસાભાઈ ફરામજી કરાકા સી. એસ. આઈ., નાનાભાઈ રૂસતમજી રાણીના, મેરવાનજી ફરદુનજી' મરજબાનજી, દીનસાજી મનચેરજી પંથકી, ફરાંમજી એદલજી દાવર, શોરાબજી નવરોજજી કોપર, દાદાભાઈ તથા કાવરાજી પાલણજી ચવના, પેશતનજી હોરમજજી કાલેટ, રતનજી બમનજી દુબારા, લીમજી દી૦ ફરદુનજી, નાનાભાઈ રૂસતમજી પેશતનજી બીલીમોરીઆ, કાવરાજી શાપુરજી મેહેતા, ફરામજી અરદેશર દાવર, જીજીભાઈ જાંગીરજી લામના, મેરવાનજી તથા બેરાંમજી રૂસતમજી દલાલ, બમનરા કાવરાજી વકીલ. રૂ૩૧૦૪ પરચુટણ ભરાયલા.

બખસીસ તરીકે રૂ૪૪૩૬)૧)૯ દેશાવર ખાતેના જરથોશતીઓએ ૧૮૮૧–૧૮૮૨ના સાલમાં શ્રી સુરત ખાતેથી મલેઆ. રૂ૧૦૦) બાઈ બચુબાઈ તે શેઠ મેરવાંનજી હોરમજજી ફરેજરના બેટી તથા શેઠ નશરવાંનજી માણેકજી દરબારીના વીધવાએ પોતાના ભાઈ ખાનબાધુર શેઠ બરજોરજી મેરવાંનજી ફરેજરની નઈઅતે. રૂ૫૦ શેઠ જમશેદજી કાવસજી એંટીએ પોતાના બાવા શેઠ કાવશાજીની નઈઅતે, રૂ૧૪૯ પરચુટણ ભરાયલા, મલીને જુમલે રૂ૨૯૯. રૂ૨૦ દમણ, રૂ૨૭ વલશાડ, રૂ૧૦ાા નવસારી, રૂ૫૦ ખાનબાહાદુર શેઠ પદમજી પેશતનજી ને રૂ૨૪૭ પરચુટણ ખાતે મલી પુના ખાતે જુમલે રૂ૨૯૧. ભરૂચ ખાતે રૂ૨૦૦ શેઠ શોરાબજી હોરમજજી વખારીઆ, રૂ૧૦૦ મનચેરશા શોરાબજી વખારીઆ, રૂ૨૪૨ પરચુટણ, મલી જુમલે રૂ૫૪૨. રૂ૧૮૩ ઈનદોર, કલકતા ખાતે રૂ૫૪ શેઠ ફરાંમજી મનચેરજીએ, ને ૨૬ પરચુટણના મલી જુમલે રૂ૮૦. રૂ૬૨ પેશાવર, રૂ૧૦ શગંમનેરથી, કરાંચી ખાતે રૂ૫૨ એદલજી દીનશાજી શરાફ, રૂ૫૨ જાંહગીરજી હોરમજજી કોઠારી, રૂ૨૦૪ પરચુટણ, મલી જુમલે રૂ૩૦૬. રૂ૧૦ કુરંદવાર, રૂ૨૭ લીમડી, રૂ૨ બારશી, રૂ૬૫ મુલતાન, રૂ૧૨ શોલાપુર ખાતેના, રૂ૩૫ લંડનથી, રૂ૧૦ ઉમરાવતીથી, રૂ૧૧ કારવાડથી, રૂ૧૫ મરી હીલ, રૂ૭૦ ભાવનગર, રૂ૧૦ ઓરંગાબાદ, રૂ૧૩૧ એદન, રૂ૩૬ ભુસાવલ, રૂ૨૦ ભુજ, રૂ૫૦ શેહેગાંમ, રૂ૩૦૦ અમદાવાદથી શેઠ નવરોજી પેશતનજી વકીલ, રૂ૩૦ આંકોલા, સીંગાપોરથી, રૂ૧૦૧ વીકટોરીઆ નાટક મંડલીના માલેકો, મેસરશ ખરશેદજી મેરવાંનજી બાલીવાલા તથા ધનજીભાઈ ખરશેદજી પડીઆલી અને ડોસાભાઈ ફરદુનજી મોગલ એવોએ આ મંડલીનાં હીશાબમાંથી અને રૂ૧૦૪ પરચુટણ, મલી જુમલે રૂ૨૦૫. રૂ૪૫૪)૧૪)૯ હાંગકાંગ, તથા કનતાન, રૂ૨૦ મકાઉ, શાંગાઈ રૂ૫૧, શેઠ કાવશાજી પાલણજીની કું૦, રૂ૨૬૦ પરચુટણ મલી જુમલે રૂ૩૧૧. રૂ૩૨ ઈગતપુરા, કુચ અફગાનીસ્તાન રૂ૧૦૦, શેઠ ધ૦ કુ૦ પેશતનજી રૂ૩૭ પરચુટણ મલી જુમલે રૂ૧૩૭. રૂ૭૬ રાવલપીડી, રૂ૨૮ મઊ, રૂ૧૨ લાહોર, રૂ૫ તવરી, રૂ૨૩ દોહાડ, રૂ૮ જબલપોર, રૂ૬૪ નાગપોર, રૂ૭૭ શીકનદરઆબાદ, રૂ૫૬ અમદનગર, રૂ૧૧૦ રાજકોટ, રૂ૧૫ ધારવાડ, રૂ૧૦૦ નીમચથી શેઠ અરદેશર પેશતનજી જાલ, ફેરાવાલાએ પોતાના માતાજી ડોશીબાઈની નઇએતે, રૂ૮ જાવરેથી, રૂ૫ રંગુનથી, રૂ[redacted]થી, રૂ૪ બગદાદથી.

(૧૮૮૨–૮૪) માં ૬૫૪ા બખશીશ તરીકે ભરાએલા વશુલ થયા. મરહુમ શેઠ નશરવાંનજી મનચેરજી કામાજીનાં ધરમ ખાતાંનાં ફંડમાંથી પાઠમાલા આંક ૧ લાને માટે ઈનામનાં રૂ૩૦૦ શેઠ બેજનજી નાનાભાઈ કાપડીઆની નઈઅતે રૂ૧૦૧, નો. બ. મા. (ડાક્ટર હીરજીભાઈ જમશેદજી અપુની મારફતે) રૂ૫૦, રંગુંનથી રૂ૨૫ અને પરચુટણ રૂ૧૦૨ા, (૧૮૮૪–૯૨) રૂ૭૪ાા વસુલ થયા હતા. (૧૮૯૨–૯૪) ઈનામ આપવા માટે મલેલા રૂ૨૦૮–૯–૨, શેઠ નશરવાનજી રૂસતમજી ચોકસીએ આપ્યાછે તે એવી શરતે કે એ રૂપયામાંથી રૂ૨૦૦) ની સરકારી પ્રામીસરી નોટ લેવી અને તેનું જે વ્યાજ ઉપજે તે અમારાં નામનું ઈનામ આપવામાં વાપરવું અને મુદલ અનામત રાખવા. રૂ૩૦ શેઠ પાલનજી દાદાભાઈ ચવનાએ સીલવર કપ તથા ટાયરો વેચાતાં લેઈને છોકરાંઓને ઈનામમાં આપવા માટે આપ્યાં. મલી જુમલે રૂ૨૩૮–૯–૨. શેઠ ખરશેદજી રૂશતમજી કામાજીએ સ્કોલરશીપ આપવા માટે રૂ૧૦૦,(૧૮૯૪–૯૬) સ્કાલરશીપો આપવા માટે શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી તરફથી વરસ ૨) નાં રૂ૨૦૦ મલ્યા, ઈનામ આપવા માટે શેઠ મેરવાનજી ફરદુનજી મરજબાનજીએ રૂ૫૦ ને શેઠ નસરવાનજી રૂસતમજી ચોકસીને નામનું ઈનામ આપવા માટે રૂ૮ મલી જુમલે રૂ૨૫૮..(૧૮૯૬–૯૮) સ્કોલશીપ આપવા શેઠ ખરશેદજી રૂશતમજી કામાજી તરફથી રૂ૧૦૦ તથા પરચુટણ રૂ૩૦ મલી રૂ૧૩૦. ઇનામ આપવા માટે શેઠ મેરવાનજી ફરદુનજી મરજબાનજી રૂ૫૦ ને પરચુટણ રૂ૨૦ મલી જુમલે રૂ૭૦. (૧૮૯૬–૯૮) માં બખશીશ તરીકે વસુલ થયેલા રૂપીઆ ૩૬૯૧ જેમાં એક સખી ગ્રહસ્થે મી૦ કે. ન. કાબ્રાજી મારફતે, રૂ૧૫૦૦, શેઠો મેરવાનજી તથા હોરમજજી મનચેરજી કામાજી રૂ૨૫૦, બાઈ આઈમાય હોરમજજી મનચેરજી ચીજગર અને શેઠ ફરામજી સોરાબજી ભાવનગરી દરેકે રૂ૨૦૦, એક વીધવા બાઈ હસ્તક શેઠ દોરાબજી કાવરાજી દાવર, રૂ૧૦૧, એક જરથોસ્તી બાનુ હસ્તક બ. બે. પટેલ, એક પારસી બાનુ હસ્તક બ. બે. પતેલ. શેઠ માણેક તરફથી, શેઠ શાપુરજી બરજોરજી ભરૂચાને સરકાર તરફથી સુલેહના અમલદાર નેમાયા તેની ખુશાલીમાં, એક દીન ચુસ્ત જરથોસ્તીના અને સર જેહાંગીરજી કાવશાજી જેહાંગીરજી નાઈટ દરેકે રૂપીઆ ૧૦૦, ડાકટર હોરમજજી હીમજીભાઈ બાટલીવાલા રૂપીયા ૬૦, શેઠો પીરોજશાહ મેરવાનજી મરજબાનજી, એદલજી મેરવાનજી દુબાશ, બાઈ શીરીનબાઈ મેરવાનજી રૂશતમજી દલાલ શેઠો જીજીભાઈ જેહાંગીરજી લામ અને અરદેશર નશરવાનજી મોદી દરેક રૂપીઆ ૫૦, અને રૂ૬૩૦ પરચુટણ, શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજી તરફથી રૂ૨૦૦ સ્કોલરશીપ આપવા માટે ૧૮૯૮ થી ૧૯૦૨ માં મલ્યા. ઈનામ આપવા માટે શેઠ મેહરવાનજી ફરદુનજી મરજબાનજી રૂ૫૦ તથા પરચુટણ રૂ૨૦૦ મલી રૂ૨૫૦. (૧૮૯૮–૧૯૦૨) બખશીશ તરીકે રૂ૧૩૨ વસુલ થયેલા. સ્કોલરશીપ આપવા માટે મળેલા રૂ૧૦૦, શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી ઈનામ આપવાનાં ફંડમાં ભરેલા મલ્યા રૂ૧૮૫. ૧૯૦૬–૮ રૂપીઆ ૧૧ વસુલ થયા હતા. સ્કાલરશીપ શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીનાં નામથી આપી રૂ૧૦૦, બાઈ ધનબાઈ ડોસાભાઈ દારૂવાલા રૂ૬૦, બાઈ દીનબાઈ પેસતનજી અવારીઆએ રૂ૪૦, ઈનામ આપવા માટે શેઠ મેરવાનજી ફરદુનજી મરઝબાનજી બાઈ આવાંબાઈ ફરામજી દીનશાહજી પીટીટ દરેકે રૂપીઆ ૫૦ અને પરચુરણ રૂ૧૭૫.

(૧૮૮૧–૮૨) ના સાલમા લવાજમ તરીકે ૨૪૧ રૂપીઆ વસુલ થયા હતા. રૂ૫૫ બાઈ બચુબાઈ શોરાબજી હોરમજજી બાટલીવાલાએ માસ ૧૧ ના. રૂ૫૦ એક હીમાએતી શેઠ પેસતનજી દાજીભાઈની મારફતે સને ૧૮૮૧ ના સાલનાં. રૂ૧૩૬ પરચુટણ

ભરાયલા. ૧૮૮૨–૮૪ મરહુમ શેઠ હોરમજજી મનચેરજી કામાના ફંડમાંથી સને ૧૮૮૩ ના સાલના રૂ૨૦૦, બાઈ બચુબાઈ સોરાબજી હોરમજજી બાટલીવાલાએ ૧૮ માસના રૂ૯૦, એક હીમાયતી શેઠ પેસતનજી દાજીભાઈની મારફતે ૧૮૮૨ના સાલના રૂ૫૦, પરચુટણ ૩૩૫ મલી જુમલે ૬૭૫. ૧૮૮૪-૮૬ મરહુમ શેઠ હોરમજજી મનચેરજી કામાના ફંડમાંથી સને ૧૮૮૪ ના સાલના રૂ૨૦૦, ભોપાલથી શેઠ જમાસ્પજી નવરોજી ગોકલે સને ૧૮૮૩-૧૮૮૬ સુધી ૪ વરસના રૂ૪૮, શેઠ પીરોજશાહ પેશતનજી નાલાશેઠનાએ પોતાના ધણીયાણીના પુનને માટે અપરેલ ૧૮૮૪થી ૧૮૮૬ વરસ બે ના રૂ૪૮, પરચુટણ રૂ૧૫૮ મલી જુમલે રૂ૪૫૪, ૧૮૮૬-૮૮, શેઠ પીરોજશાહ પેસતનજી નાલા શેઠનાએ પોતાના ધણીઆણી બાઈ નવાજબાઈના પુનને માટે ૨૨ માસના ૩૪૪, પરચુટણ રૂ૧૩૨ મલી જુમલે રૂ૧૭૬. (૧૮૮૮–૯૦) શેઠ પીરોજશાહ પેશતનજી નાલાશેઠનાએ પોતાના ધણીઆણી બાઈ નવાજબાઈના પુનને માટે ૨૨ માસના રૂ૪૪, ભોપાલથી શેઠ જમાશજી નવરોજજી ગોકલે ૩ વરસના રૂ૩૬ અને પરચુટણ રૂ૯૩ મલી જુમલે રૂ૧૭૩ (૧૮૯૦–૯૨) શેઠ પીરોજશાહ પેસતનજી નાલાશેઠનાએ પોતાના ધણીઆણી બાઈ નવાજબાઈના પુનને માટે ૧૭ માસના રૂ૩૪, પરચુટણ રૂ૭૧ જુમલે રૂ૧૦૫ (૧૮૯૨-૧૯૦૮) પરચુટણ રૂ૨૩૭.

(૧૮૮૧–૮૨) ઉડમણામાં ભરાએલા વશુલ થાએઆ તેની વીગત. રૂ૨૦૬૨, બેહશતનશીન શેઠ રૂસતમજી દાદાભાઈ ગંદેવીઆનાં રૂ૧૦૦૦, મરહુમ શેઠ રૂસતમજી દાદાભાઈ ગંદેવીઆનાં પુનને માટે રૂ૨૦૨, શેઠ બેહરાંમજી રૂસતમજી દલાલ રૂ૧૦૦, શેઠ ધનજીભાઈ પેશતનજી ગંદેવીઆ રૂ૫૧, શેઠ બેહરાંમજી પેશતનજી ગંદેવીઆ રૂ૫૧, મરહુમ શેઠ નવરોજજી પાલનજી બાટલીવાલા તથા આમરીઆના પુનને કીજે રૂ૨૫૦, મરનારનાં ફંડમાંથી આપેઆ રૂ૨૦૦, બાઈ નાઈજી તે શેઠ પાલનજી આમરીઆના ધણીઆંનીએ રૂ૨૫, શેઠ દાદાભાઈ નવરોજજી પાલનજીએ રૂ૨૫, શેઠ માંણેકજી બેરાંમજી ગજદરનાં ઉડમણામો રૂ૩૫, પરચુટણ ૫૭૫ (૧૮૮૨-૮૪) ઉડમનામાં ભરાએલા વશુલ થાએઆ. રૂ૧૭૧૫, શેઠ બમનજી ખરશેદજી માણેકજી શેઠનાએ પોતાનાં ધણીઆણી બાઈ પુતલીબાઈની નઈઅતે રૂ૨૦૦, શેઠ નવરોજજી પેશતનજી કાપડીઆએ પોતાનાં ધણીઆંણી બાઈ હીરાંબાઈની નઈઅતે રૂ૧૦૦, બાઈ દીનબાઈ તે શેઠ પેશતનજી કાવશજી સંજાણાની ધણીઆણી તથા બાઈ માણેકબાઈ તે શેઠ રૂસતમજી મુલ્લાંફીરોજના ધણીઆણીએ પોતાના બાવા શેઠ શેરાબજી દોરાબજી વીમાંદલાલની નઈઅતે રૂ૭૫, શેઠ નવરોજજી ફરદુનજી તથા બેશીઓએ શેઠ કેખશરો ફરદુનજીના ધણીઆંની બાઈ આવાંબાઈની નઈઅતે રૂ૭૫, મરહુમ શેઠ દાદાભાઈ નવરોજજી બાટલીવાલાનાં એકજીક્યુટરોએ મરનારની પુંજીમાંથી, શેઠ ધનજીભાઈ પેસતનજી પાંડેના છોકરાઓએ પોતાના બાવા શેઠ ધનજીભાઈની નઈઅતે, બાઈ શુનાબાઈ તે શેઠ બેરાંમજી કાવશજી કાપડીઆનાં ધણીઆંનીએ, પોતાના ખાવંદ શેઠ બેરાંમજીની નઈઅતે, શેઠ એદલજી ફરાંમજી આલબલેશનાં છોકરાઓએ પોતાના ભાઈ શેઠ બમનજીની નઇઅતે, બાઈ રતનબાઈ તે શેઠ ખરશેદજી શાપુરજી ઉમરીગરનાં બેટીએ બાઈ જરબાઈ તે શેઠ બેરાંમજી ફરાંમજી જશાવાલાની દીકરીની નઈઅતે શેઠ એદલજી મેરવાંનજી તથા બેશીઓએ પોતાના ભાઇ શેઠ જાહાંગીરજી પલીડરની નઈઅતે, દરેકે રૂપીઆ પચાસ. (૧૮૮૪–૮૬) જીઆઈજી તે શેઠ માણેકજી જમાસ્પજી કાકાના ધણીઆણીએ પોતાના ખાવીંદ મરહુમ શેઠ માણેકજીની નઈઅતે રૂ૧૦૦, બાઈ ગુલબાઈ તે શેઠ નવરોજજી ફરદુનજી સી. આઈ. ના વીધવાએ પોતાના ખાવીંદ શેઠ નવરોજજીની નઈઅતે રૂ૧૦૦, શેઠ બરજોરજી તથા જેહાંગીરજી રૂશતમજી મોદીએ પોતાના ભાઈ શેઠ કુવરજી રૂશતમજી મોદીની નઈએતે રૂ૫૦, શેઠ નવરોજજી દોરાબજી ભરૂચાએ પોતાના બાવા શેઠ દોરાબજી નશરવાનજી દારૂવાલાની નઈએતે રૂ૫૦, પરચુટણ રૂ૨૦૬ મલી જુમલે રૂ૬૦૬ ભરાયા હતા. (૧૮૮૬–૮૮) રૂ૧૦૦ ડાકટર હોરમજી ભીમજીભાઈ બાટલીવાળાએ શેઠ મનચેરજી રૂશતમજી બાટલીવાલાની નઈયેતે, રૂ૫૦ શેઠ ફરામજી સોરાબજી ભરૂચા તથા બેસીઓએ બાઈ દીનબાઈની નઈયતે, પરચુટણ રૂ૧૦૯ મલી જુમલે રૂ૨૫૯. ૧૮૮૮થી ૧૮૯૬ સુધી રૂપીયા ૩૪૬ (૧૮૯૬–૯૮) શેઠ બરજોરજી ફરામજી લાલીએ પોતાના માતાજી બેહેસ્તનસીન બાઈ વીરબાઈજીના પુનને માટે રૂ૧૦૦, પરચુટણ રૂપીઆ ૬૬ મલી રૂ૧૬૬ (૧૮૯૮–૧૯૦૬) પરચુટણ રૂ૨૫૬.

નીચે જણાવેલા ગ્રહસ્થો તથા બાનુઓની રકમ અનામત રાખવી અને એ રકમનું વીઆજ ઉપજે તે વાપરવું શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીનાં નામનાં ખાતાના, રૂ૧૦૦૦. બેહસ્તનશીન શેઠ રૂસતમજી દાદાભાઇ ગણદેવીયાનાં ખાતાંનાં. બાઇ હીરાંબાઇ તે મરહુમ શેઠ માણેકજી મેહરવાનજી શેઠનાં વીધવાનાં ખાતાંનાં રૂ૫૦૦, બેહસ્તનશીન શેઠ દીનશાહજી દાદાભાઇ ગાંધીના ખાતાંનાં રૂ૫૦૦, શેઠ હોરમજજી ભીમજીભાઈ બાટલીવાલાએ પોતાના મરહુમ મામાજી શેઠ રૂસતમજી હોરમજજી મીસતરીનાં પુનને માટે પડાવેલાં ખાતાંનાં રૂ૫૦૦, શેઠ નશરવાનજી રૂસતમજી ચોકશીએ સરકારી નોટ રૂ૨૦૦ ની સને ૧૮૪૨–૪૩ ની ટકા ૩ા ની આપીછે. એ નોટનું વીઆજ ઉપજે તે ઇનામ આપવામાં વાપરવું ને મુદલ રકમ કાયમ રાખવી. રૂ૨૦૦, મરહુમ શેઠ ધનજીભાઈ મેહરવાનજી કરાકાનાં પુનને માટે એવણના બેશીઓએ સરકારી નોટ રૂ૨૦૦, ની સને ૧૮૪૨–૪૩ ની ટકા ૩ા ની આપીછે. એ નોટનું વીઆજ ઉપજે તે ઇનામ આપવામાં વાપરવું ને મુદલ રકમ કાયમ રાખવી. રૂ૨૦૦, સર દીનશાહજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના દીકરા બેહસ્તનશીન શેઠ ફરામજીનાં પુનને માટે પડાવેલાં ખાતાંનાં. રૂ૧૦૦૦, શેઠો આદરજી તથા રતનજી મનચેરજી દલાલે પોતાની યાદગારી રાખવા માટે સરકારી નોટ રૂ૫૦૦ ની આપીછે, પણ કરાર પ્રમાણે અડધા રૂપીઆ રૂ૨૫૦, ની નોટ આ ફંડમાં જમે કરીને બાકી ભાષણ અને વાએજ ખાતાંમાં જમે છે. શેઠ કાવસજી બેજનજી પારખે પોતાનાં માતાજી બાઇ વીરબાઇજીનાં પુનને માટે પડાવેલાં ખાતાંનાં રૂ૫૦૦, શેઠ ~~મિસ્ત્રી~~ ફરામજી દીનશાહજી પીટીટનાં પુનને માટે સરકારી નોટ રૂ૧૦૦૦ ની આપીછે, પણ એવણના કરાર પ્રમાણે અરધા રૂપીઆ રૂ૫૦૦, ની નોટ આ ફંડમાં જમે કરીને બાકી ભાષણ અને વાએજ ખાતાંમાં જમે છે. મલી જુમલે રૂપીયા ૬૧૫૦)

ડાકટર બરજોરજી બેહરામજી ભાવનગરવાલાએ પોતાના મરહુમ બેટા નોશરવાનજીનાં પુનને માટે સરકારી પ્રોમીસરી નોટ રૂ૫૦૦ ની સને ૧૮૪૨-૪૩ ની ટકા ૩ાા ની વીઆજ તા૦ ૧ લી ફેબરવારી સને ૧૯૦૬ થી ચહડતાંની આ ફંડખાતાંના ટ્રસ્ટી સાહેબોજોગ એન્ડારશ કરી મોકલી આપી. એ વીશે કરાર એ છે જે એ નોટનું વીઆજ ઉપજે તે ખરચમાં વાપરવું ને મુદલ રકમ કાયમ રાખવી. રૂ૫૦૦, ઇનામ આપવાના મેલાવડાનાં ફંડમાં ભરેલા મલ્યા. શેઠ બમનજી દીનશાહજી પીટીટના રૂ૨૦, શેઠ મેહેરવાનજી ફરદુનજી મરજબાનજીના રૂ૫૦ મલી જુમલે રૂ૭૦.

કેળવણીનું ફંડ.

આગળાં વર્ષોની બાકી રૂ૯૨૦૮-૧૪-૧૧, ડાકટર બરજોરજી બેહરામજી ભાવનગરવાળા તરફથી રૂ૫૦૦, મુંબઈ મધે જરતોસ્તીઓથી ચાલતી નિશાળો જેમાં જરતોસ્તી ધરમ નીતિના સબકો આપવામાં આવેછે તે સ્કુલો તરફથી મળેલા રૂ૩૯૧-૮-૦, લવાજમના તથા બક્ષેશ તરીકે મળેલા રૂ૨૧, ઇનામના મેળાવડાના ખર્ચ માટે મળેલા રૂ૭૦, વ્યાજના મળેલા રૂ૬૩૧-૧-૭ તે ઉમેરતાં કુલે રૂ૧૦૮૧૨-૮-૬ થયા છે. એજ ફંડને હિસાબે આ બે વર્ષોમાં રૂ૧૨૯૩-૧૨-૦ નો ખર્ચ થયો હતો તે બાદ કરતાં હાલ રૂ૯૫૧૮-૧૨-૬ બાકી રહયા છે.

(૧૮૮૧-૮૨) ના સાલમાં બાળકોની સંખ્યા ફોરટ હાઈ સ્કુલ ૭૨, પ્રોપ્રાંએટરી સ્કુલ ૧૯૧, ચંદનવાડી હાઇ સ્કુલ ૧૨૫, આદરજી કાવશજી સ્કુલ ૮૫, ફરાંમજી નશરવાંનજી પટેલ સ્કુલ ૯૪, જરથોસતી છોકરીઓની કોટ ખાતેની સ્કુલ ૧૫૧, જરથોસતી છોકરીઓની ચંદનવાડી ખાતેની સ્કુલ ૯૨, જરથોસતી છોકરીઓની મજગામ ખાતેની સ્કુલ ૨૫- જુમલે ૮૩૫ છોકરાઓએ કેળવણીનો લાભ લીધો હતો. મુંબઇ મધેની સ્કુલોના માલેકો તરફથી મલ્યા સને ૧૮૮૧ના સાલનાં- પરોપ્રાઇટરી સ્કુલ રૂ૨૦૦, ફોરટ હાઇ સ્કુલ રૂ૨૦૦, જરતોશતી છોકરીઓની નીશાલ મંડળી રૂ૧૫૦, ખેતવાડી ખાતેની શેઠ ફરામજી નશરવાનજી પટેલવાલી આંગલો-વરનાકયુલર સ્કુલ રૂ૧૦૦, ચંદનવાડી હાઇ સ્કુલ રૂ૯૯, ધોબીતલાવ ખાતે એરવદ આદરજી કાવશજીની સ્કુલ રૂ૮૬, મલી જુમલે રૂ૮૩૫. (૧૮૮૨-૮૪) મુંબઇ મધેની સ્કુલોનાં માલેકો તરફથી મલેઆ, જરથોશતી છોકરીઓની નીશાલ મંડળી સને ૧૮૮૨-૮૩ ના રૂ૩૦૦, પરોપરાઇટરી સ્કુલ રૂ૧૫૦, ખેતવાડી ખાતેની શેઠ ફરામજી નશરવાંનજી પટેલવાલી આંગલો-વરનાકયુલર સ્કુલ રૂ૧૪૬, ફોરટ હાઇ સ્કુલ રૂ૧૦૦, ચંદનવાડી હાઇ સ્કુલ રૂ૬૦, ધોબીતલાવ ખાતે એરવદ આદરજી કાવશજીની સ્કુલ રૂ૫૦ મલી જુમલે રૂપીયા ૮૦૬. (૧૮૮૪-૮૬) મુંબઇ મધેની સ્કુલોના માલેકો તરફથી મલ્યા જેમાં સર કાવસ[illegible]ાંગીર રેડીમનીની ખેતવાડી છોકરીઓની અંગ્રેજી ગુજરાતી નીશાલ મંડલી તરફથી રૂ૫૦ તથા રૂ૪૨૦ પરચુટણ મલી રૂ૪૭૦, (૧૮૮૬ થી ૧૯૦૮) સુધીમાં ઉપલી સ્કુલોના માલેકો તરફથી રૂપીઆ ૪૨૦૭ મલ્યા હતા. (૧૯૦૫ થી ૧૯૦૮) ના સાલમાં બાલકોની સંખ્યા ? ફ. ન. પટેલ એંગ્લો-વરનાકયુલર સ્કુલ ૧૫૨, મે. માં. શેઠના કાંદાવાળા મોહલ્લા ગર્લ્સ સ્કુલ ૪૬, બ્રિટન્યા ગર્લ્સ સ્કુલ ૮૩, દોરાબજી કુતાર ખેતવાડી છોકરીઓની નિશાળ ૧૪૫, રિપન હાઈ સ્કુલ ૫૫, ધોબીતળાવ બોયઝ એંડ ગર્લ્સ સ્કુલ ૧૬, જુમલે સંખ્યા ૪૯૭

તા૦ ૧૪ મી એપરેલ

રોજ ૨૮ માહ ૭ (શે.) ૧૨૫૦ ય.

મરણ—મનચેરજી ફરાંમજી કોહલા-ઉમર વર્ષ ૬૨ મઝગામ મધે શેઠ મનચેરજી ફરામજી કોહલાના બેટા. પોતાના બાપની માફક ચીનનો વેપાર કરતા હતા અને પોતાના બાપના ઉઠમણાંમાં તા૦ ૧૭મી એપરેલ ૧૮૭૯ના દીને રૂપીઆ ૫૦૦ની રકમ પંચાતને લગતાં આંધળાં પાંગળાનાં ફંડમાં આપી હતી. તેમના માતાજી બાઇ મેહરબાઈના ઉઠમણામાં તેવણે પોતાના ભાઇઓ શેઠો ફરદુનજી તથા દોરાબજી સાથે મલી રૂપીઆ ૧૫૦૦ ની રકમ ધર્મ ખાતે તા૦ ૨૯ મી આગસટ ૧૮૫૧ એ આપી હતી.

તા૦ ૧૬ મી એપરેલ

રોજ ૩૦ માહા ૭ (શે) ૧૨૫૦ ય.

આજ દીને મરહુમ બાઈ શુનાંબાઈ તે શેઠ જાંગીરજી રૂસતમજી દીવેચાનાં ધણીઆંણી તથા શેઠ કાવશજી જમશેદજી જશાવાલાના દીકરીનાં ઉઠમણાંમાં તેમનાં બેશીઓએ રૂ ૮૯૩ ની રકમ પરચુટણ ધર્મખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી હતી. ૧

તા૦ ૧૭ મી એપરેલ

રોજ ૧ માહા ૮ (શે) ૧૨૫૦ ય.

ભરૂચ મધે સુરતવાલા મરહુમ શેઠ મેહરવાંનજી હોરમજજી ફરેજરે ત્યાંના જરથોસ્તીઓને સર અવસરે વાપડવાને એક મકાંન ધર્મ ખાતે આપેલું હતું તે બીશંમાર થવાથી તેમના દીકરા ખાંનબાહદુર શેઠ બરજોરજી મેહરવાંનજી ફરેજરે તે દરૂસ્ત કરાવી આજ દીને જાહેર જશન કરી ત્યાંની અંજુમનને સ્વાધીન કીધું હતું. ૨

---

૧ જામે જમશેદ, તા૦ ૧૮ મી એપરેલ ૧૮૮૧.

૨ આ મકાંન ઉપર નીચલી તખ્તી મારેલી છે:—

"એ ધરમશાલા શ્રી સુરતવાસી મરહુમ બેહેસતનશીન મેહેરવાંનજી હોરમજજીએ પોતાનાં પુનને માટે ભરૂચનાં જરથોસ્તી રેહેવાસીઓને સારે માઠે વાપરવા સારૂં બંધાવી આપેલી તે દરૂસત કરાવીને એ મરહુમના પુતર ખાંન બાહાદુર બરજોરજી મેહેરવાંનજીએ આજ દીને અનજુમન મેલવી માજદીયસની દીનના હોકમ મુજબ જશન કરીને ભરૂચના પારસી જરથોસ્તીઓને વાપરવાનાં કારણુંસર અનજુમનના હવાલામાં આપી છે. રોજ ૧ લો માહ ૮ મો સને ૧૨૫૦ ય. તા૦ ૧૭ મી એપરેલ સને ૧૮૮૧ ઇશવી."

તા૦ ૨૦ મી એપરેલ.

મુંબઇની યુનીવરસીટીની મેતરીકયુલેશનની પરીક્ષામાં અપાયલાં ફારસી વ્યાકરણ અને etymologyના ઇ.સ.૧૮૬૮ થી ૧૮૮૦ સુધીના સવાલોના જવાબનું એક પુસ્તક શેઠ નશરવાંનજી પેશતનજી મુનશી, (બી. એ.) એ રચી બાહેર પાડયું હતું.૧ એ પુસ્તક રચનારે પોતાની વાહલી માદરને અર્પણ કીધું હતું.

તા૦ ૨૧ મી એપરેલ

દસતુર બેહેમનજી જામાસપજી સી. આઈ. ઈ. આસીસટંટ કમીશનર નરનાલેના કીલા ઉપર શીધારવા કાજે આકોટ ગયા હતા એવણને એસતેકબાલ લેવા સારૂં ત્યાંના સર્વે મુખ્ય ગ્રહસ્થો તથા દેશી વેપારીઓ અને રેહેવાશીઓનો એક અછો મેલાવડો થયો હતો. દસતુર બેહેમનજીને અતરેના રેહવાશીઓ તરફથી બે માનપતરો એક મરાઠી તથા એક ઉરદુ બાશામાં આપ્યાં હતાં જેનો જવાબ દસતુર બેહેમનજીએ વાલયા બાદ અતરેના તેહશીલદાર મી૦ દેવરાવ જેકરીશન અને બીજા સરકારી અમલદારો વતરોગે સાથ મુલાકાત લીધી હતી.૨

તા૦ ૨૨ મી એપરેલ

રોજ ૬ માહ ૮ (શે૦) ૧૨૫૦ ય૦

મરણ—ડાકટર રૂસતમજી મેહેરવાંનજી દાદીના—ઉમર વર્ષ ૫૩) ૧૮૬૭ના સાલમાં મુંબઈના મ્યુનીશીપાલ ખાતા તરફથી તેમના મારકેટના લટાના જન્મ અને મરણ નોધવા માટેના રેજીસ્ટાર નેમાયા હતા. ૧૮૬૯ ના સાલમાં મુંબઈના બહારકોટના લટા ઉપર એક પુસ્તકખાનુ સ્થાપવા માટે નેમાયલી કમીટીમાં મરનાર એક અધીકારી નેમાયા હતા. ૧૮૭૦ ના સાલમાં ચેપીરોગને લગતો ધારો મુંબઈ શહેરમાં દાખલ થવાથી બે પારસી ઓરતોએ જાહેર વેશ્યાપણું ચલાવવાની સરટીફીકેટ મેલવવાને અરજ કીધી હતી તેમની સામે તીરસકાર બતાવવા એક સભા મલી હતી ત્યાર બાદ એ પારસણોમાંની એકને સુધારી એક પારસી સાથ લગન કરી આપવા માટેની આગેવાની શેઠ ફરામજી દોરાબજી માદન સાથ મરનારે લીધી હતી. ૧૮૭૩ નાં સાલના જુલાઈ માસમાં તેમને મુંબઇની સરકારે એક સુલેહના અમલદાર નેમ્યા હતા અને તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૭૫ ને દીને મુંબઈ યુનીવરસીટીના ફેલો નેમાયા હતા. તા૦ ૧ લી સપટેમબર ૧૮૭૫ ને દીને સર કાવશજી જેહાંગીર રેડીમની સી. એસ. આઇ. એ બહારકોટ ખાતે પોતાને ખરચે એક ધરમનું દવાખાનું ઉઘાડયું હતું તે દવાખાનાના તબીબ તરીકે મરનારને મુકરર કીધા હતા. ૧૮૭૯ ના સાલમાં તેવણ અતરેની લોડજ "સાઇરસ" ના એક મેસન થવા હતા.

તા૦ ૨૫ મી એપરેલ

રોજ ૯ માહ ૮ (શે૦) ૧૨૫૦ ય૦

મરણ—ધનાબાઇ તે કાવશજી કુંવરજી ઉમરીગરના મમાઈ—ઉમર વરસ ૧૦૧. આ બાઇ એક સદીની ઉપર ઉમર ગુજારી શકયાં હતાં તે માટે તેમનું મરણ જાણવાજોગ છે.

તા૦ ૨૮ મી એપરેલ

શેઠ ખરશેદજી નશરવાંનજી કંત્રાકટર, બી. એ. ને નામદાર સરકારે શીકારપુર હાઈ સ્કુલના હેડમાસટર નેમ્યા હતા. ૩

તા૦ ૩૦ મી એપરેલ

શેઠ અરદેસર શેરાબજી દસ્તુર કામદીનજીનાએ "એક વખત આખી દુનયામાં સરદારી ભોગવી ગયલા ઈરાની પાદશાહોનો ટુક હેવાલ" એવે નામનો કયોમરશથી તે યજદજરદ શેહરીયાર સુધીના ઈરાંની પાદશાહોનો ટુક અહેવાલ આરસીમાં ટાંગવા લાયક એક મોટા કદના કાગજ ઉપર છપાવી પ્રગટ કીધો હતો. ૪

તા૦ ૩ જી મે

અતરેના એક પારસી બારીસટર શેઠ અરદેશર બેરામજી કાપડયાની ઇસ્ટ ઈંડીઆ બેંકના ઑફીશીયલ લીકવીડેટર તરીકે એ બેંકના વહીવટના સંબંધમાં કેટલીક ગેરવરતણુક વાપરેલી જાહેર થવાથી, તેમની તપાસ ચલાવવાને હાઈ કોરટના બારીસટરોએ ચીફ જસટીસને અરજ કરી હતી અને તે અરજ મુજબ તેમની તપાસ હાઈ કોરટના સઘળા જડજોએ સાથે મલીને ખાનગી રીતે ચેમબરમાં ચલાવી હતી, અને તેનો ચુકાદો તે નામદારોએ આજ દીને બંધ બારણે ચેમબરમાં આપ્યો હતો કે તેવણે બે વરસ સુધી બારીસટર તરીકેનો પોતાનો ધંધો ચલાવવો નહીં. ૫

---

૧ "The Bombay University Matriculation Examination Papers in Persian Grammar and Etymology with their answers. For 13 years From 1868 to 1880. Compiled by N. P. Munshi, B. A. Bombay; Printed at the Education Society's Press. 1881."

૨ રાસ્ત ગોફતાર તા૦ ૨૪ મી એપરેલ ૧૮૮૧.

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૮મી એપરેલ ૧૮૮૧.

૪ મુંબઈ સમાચાર, તા૦ ૩૦ મી એપરેલ ૧૮૮૧.

૫ મુંબઇ સમાચાર, તા૦ ૪ થી મે ૧૮૮૧

તા૦ ૫ મી મે

શેઠ નશરવાનજી ફરામજીએ "માઝદયસનાન અથવા જરથોસતી ધર્મનું પડી ભાંગવું" નામનું એક ચોપાન્યું પ્રગટ કીધું હતું. ૧

તા૦ ૮ મી મે

ખાનબાહદુર એદલજી પેશતનજી ધાસવાલાને મઉની કેનટોનમેંટમાં બીજા વર્ગના માજીસ્ત્રેટની સત્તા સાથે ઓનરરી માજીસ્ત્રેટની પદવી હિંદુસ્થાનના નામદાર ગવરનર જનરલે આપી હતી. ૨

તા૦ ૯ મી મે

પુણાંની કાંપ મધે ઘરવાલાઓ ઉપર નાખવા ધારેલા નવા છાપા સાંમે નામદાર ગવરનર ઉપર એક અરજી કરવાને ત્યાંના રેહવાસીઓની એક સભા જુના કમાનડર ઇન ચીફવાલા બંગલામાં મલી હતી. સરનશીનની ખુરસી શેઠ આદરજી દોરાબજી ધાસવાલાને આપ્યા બાદ કેટલીક વાતચીત થયા બાદ શેઠ દોરાબજી દાદાભાઇએ અરજીનો ખરડો વાંચી સંભલાવ્યો હતો, જે બાહલ રાખવા બાદ સભા બરખાસ્ત થઈ હતી. ૩

તા૦ ૧૧ મી મે

અતરેની માણેકજી પીટીટ અને દીનશાહ પીટીટ મીલોના મેનેજર શેઠ નવરોજજી નશરવાનજી વાડીઆ ઇંગલાંડ જનાર હોવાથી આજ દીને એ બેહુ મીલોનાં આસરે ૫૦૦૦ માણસોએ એમને એક માનપત્ર આપ્યું હતું. ૪

તા૦ ૧૨ મી મે

ખાનસાહેબ માણેકજી નશરવાનજી નાણાંવતીને નામદાર સરકારે રતનાગીરી ખાતે પેહલા વર્ગના સબારડીનેટ જડજ તરીકે નેમ્યા હતા. ૫

તા૦ ૧૨ મી મે

આજ દીને અતરેથી ઉપડી ગયલી ઇંગલાંડની મેલ સ્ટીમરમાં શેઠો ફરામજી દીનસાહજી પીટીટ, દાદી નશરવાનજી દાદીશેઠ, પીરોજશાહ મેહરવાનજી જીજીભાઈ, કાવશજી દાદાભાઇ લીમજી અને નવરોજજી નશરવાનજી વાડીઆ યુરોપની મુસાફરીએ સીધારયા હતા. આ વેળાએ માણેકજી પીટીટ તથા બીજી મીલોનાં લગભગ ૧૫૦૦ કામદારો શેઠો ફરામજી પીટીટ અને નવરોજજી વાડીઆને માન આપવાને બંદર ઉપર હાજર થયા હતા. ૬

તા૦ ૧૩ મી મે
રોજ ૨૭ માહ ૮ (શે.) ૧૨૫૦ ય.

આજ દીને મરહુમ શેઠ નવરોજજી પાલણજી આમરીઆ અથવા બાટલીવાલાનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી તથા ખેશીઓએ મલી રૂ. ૧૫૬૧ પરચુટણ ધર્મખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પદાવી હતી. ૭

તા૦ ૧૯ મી મે

પુણાંના આસીસ્ટંટ કલેકટર શેઠ શોરાબજી પદમજી પેશતનજીને નામદાર સરકારે થાંણાના આસીસ્ટંટ કલેકટર નેમ્યા હતા. ૮

તા૦ ૨૧ મી મે
રોજ ૫ માહ ૯ (શે.) ૧૨૫૦ ય.

સુરત જીલ્લાનાં ચીખલી પરગણાં મધે આવેલાં ખેરગામ મધે બાઇ મોટીબાઇ તે મરહુમ શેઠ બહમનજી જમશેદજી મુલ્લાંના વીધવાએ પોતાના ખાવંદનાં પુનને માટે બંધાવવા માડેલાં દોખમાંનો તાંણો પુરવાની ક્રિઆ આજ દીને કરવામાં આવી હતી. ૯

તા૦ ૨૩ મી મે

પુણાંથી શીનગરની ટેકડીપર જવાના રસ્તાની મરામત ત્યાંવાલા ખાનબાહદુર શેઠ પદમજી પેશતનજીએ પોતાને ખરચે આ માસમાં કરાવી હતી. ૧૦

૧ "માજદીયસનાન અથવા જરથોસતી ધર્મનું પડી ભાગવું or the decline of the Mazadayasnan Zoroastrian religion બનાવનાર નોશીરવાન ઉરફે નશરવાનજી ફરામજી મુંબઈ મધે ગણપત કીશનાજીના છાપાખાનામાં છાપી..."

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી મે ૧૮૮૧.

૩ જામે જમશેદ, તા૦ ૧૧ મી મે ૧૮૮૧.

૪ ટાઇમસ ઓફ ઇંડીઆ, તા૦ ૧૨ મી મે ૧૮૮૧.

૫ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૨ મી મે ૧૮૮૧.

૬ રાસ્ત ગોફતાર, તા૦ ૧૫ મી મે ૧૮૮૧.

૭ જામે જમશેદ, તા૦ ૧૬ મી મે ૧૮૮૧.

૮ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૯ મી મે ૧૮૮૧.

૯ મુંબઇ સમાચાર, તા૦ ૨૩ મી મે ૧૮૮૧.

એ તાંણો પુરવાનાં જશનની ક્રિઆમાં સરવે જરથોસ્તીઓને શામેલ થવાને બાઈ મોટીબાઇએ તા૦ ૧૪ મી મે ૧૮૮૧ નાં મુંબઇ સમાચાર તથા ૧૭ મી મે ૧૮૮૧ નાં જામે જમશેદમાં જાહેર ખબર છપાવી અરજ કીધી હતી.

૧૦ જામે જમશેદ, તા૦ ૨૩ મી મે ૧૮૮૧.

તા૦ ૨૪ મી મે

આજ દીને શેઠ શોરાબજી શાપુરજી બંગાલીને નામદાર આહરાણીએ "કમપેનીઅન ઑફ ધી ઇનડીઅન એમપાએર" (સી. આઈ. ઇ.) નો એતાબ આપ્યો હતો. ૧

રોજ ૮ માહ ૯ (શે.) ૧૨૫૦ ય.

આજ દીને મરહુમ શેઠ પેશતનજી કાંવશજી ચોકસીનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી તથા ખેશીઓએ મલી રૂ. ૫૩૫) ધર્મ ખાતે આપલા તંદરોસ્તી પઢાવી હતી. ૨

તા૦ ૨૫ મી મે

પુણાંની "વેસટરન ઈંડીઆ રાઈફ્લ એસોસીએશન" ના ઑનરરી સેક્રેટરીનો ઓધ્ધો શેઠ દોરાબજી પદમજી પેશતનજીને તે મંડલી તરફથી આપવામાં આવ્યો હતો. ૩

તા૦ ૨૬ મી મે

મુંબઇની પારસી ચીફ મેતરીમોંનીઅલ કોરટના કલીઆણી ખાતેના એક ડેલીગેટ શેઠ દોરાબજી રૂસતમજીએ પોતાના ઓધ્ધાનું રાજીનામું આપ્યાથી નામદાર સરકારે આજ દીને તેમની જગોએ કલીઆંણીવાલાં દસ્તુર દારાબશાહ રૂસતમજી સંજાણાને એક ડેલીગેટ ઠેરવ્યા હતા. ૪

તા૦ ૨ જી જુન

શેઠ જાંગીરશાહ એરચશાહ કોહીઆરને નામદાર સરકારે મુંબઇ ઈલાકાનાં દેશી છાપાના રીપોરટર તથા દેશી ભાષામાં છપાતાં પુસ્તકોના રેજીસ્ટાર તરીકે મી૦ ગોવીંદ ચીઠલ કરકરેની જગાપર નેમ્યા હતા. ૫

તા૦ ૨ જી જુન

રોજ ૧૭ માહ ૯ (શે.) ૧૨૫૦ ય.

વલસાડની પાસેનાં પારડી ગામમાં ત્યાંના એક રેહવાસી શેઠ હોરમજજી ગાંડાભાઇએ પોતાના બાવા શેઠ ગાંડાભાઇ બહમનજીની યાદગારી અને કાકા શેઠ એદલજી બહમનજીનાં પુનને માટે એક દરેમેહેર તથા જરથોસ્તીઓને સર અવસરે વાપડવાને એક ધર્મશાલા બંધાવી આજ દીને એક જાહેર જશન કરી પરકાવી હતી. જશનની ક્રિઆ ઉદવારાના દસ્તુરો ખુરશેદજી મીનોચેહરજી અને પેશતનજી બરજોરજી મીરજાંએ કીધા બાદ શેઠ હોરમજજી ગાંડાભાઇ તરફથી એક અંજુમન પત્ર શેઠ બેરામજી પેસ્તનજી બરડાએ વાંચી સંભલાવ્યો હતો; જેમાં એ દરેમેહર ઉદવારાની વડી અંજુમનની દેખરેખ હેઠલ પારડીની અંજુમનના હવાલામાં સોંપવાને તથા એ દરેમેહર, ધર્મશાલા, અને જરથોસ્તીઓનાં બાળકોને જંદ અવસતા શિખાડવાને સ્થાપેલી નિશાલના ચાલુ ખરચને માટે પારડીની જરથોસ્તી અંજુમને ઉભાં કીધેલાં ફંડમાંથી રૂ. ૧૧૦૦૦)ની રકમ એલાહેદી કાઢી છે અને તેનું કાયદા પ્રમાણે ટ્રસ્ટડીડ કરાવવામાં આવશે એમ જણાવ્યું હતું, તથા એ ધર્મનું કામ સંપુરણ કરવામાં શેઠ માણેકજી કાવશજી દમણવાલાએ ઘણી દીલસોજીથી મદદ અને ઉલટ આપી તે માટે તેમનો ઉપકાર માનવામાં આવ્યો હતો. એ અંજુમન પત્ર વંચાયા બાદ શેઠ માણેકજી કાવશજી દમણવાલાએ ઉઠી શેઠ હોરમજજી તથા તેમના બાવાને ઘટતા શબ્દોમાં મુબારકબાદી આપી તથા ઉદવારાના દસ્તુર પેશતનજી બરજોરજી મીરજાંએ ધરમનાં કામો કરનારને કેવો સવાબ હાંસલ થાય છે તે વિષે એક ભાષણ કરી સમજાવ્યું, જે બાદ અરસપરસ શેઆલોની પેહરાંમણી થાઇ, અને સર્વે અંજુમન ચાશની કરી વદાય થઇ હતી. ૬

તા૦ ૩ જી જુન

રોજ ૧૮ માહ ૧૦ (ક.) ૧૨૫૦ ય.

મરણ—હોરમજજી બહમનજી કામાજી—ઉમર વરશ ૨૮) શેઠ બહમનજી ફરામજી કામાજીના બેટા. ૭

તા૦ ૩ જી જુન

નવસારી મધે આવતા આગસટ માસથી દારનાં ફંડ વિષેનો નવો ધારો અમલમાં આવનાર હોવાથી તેની સામે વડોદરે નામદાર ગાયકવાડ સરકારના દીવાન ઉપર એક અરજી મોકલવાને આજ દીને નવસારીની પારસી અંજુમનની એક સભા ખુરશેદવાડી મધે દસ્તુર દારાબજી માહીઆરજી મેહરજી રાણાનાં પ્રમુખપણાં હેઠલ મલી હતી, જે વેળાએ અરજી બાહાલ રાખી તેપર લોકોની શહી લઇ એક ડેપ્યુટેશનની મારફતે વડોદરે મોકલવાને ઠેરવ્યું હતું. ૮

૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૭ મી મે ૧૮૮૧.
૨ જામે જમશેદ, તા૦ ૧ લી જુન ૧૮૮૧.
૩ મુંબઇ સમાચાર, તા૦ ૨૫ મી મે ૧૮૮૧.
૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૬ મી મે ૧૮૮૧.
૫ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨ જી જુન ૧૮૮૧.
૬ જામે જમશેદ, તા૦ ૯ અને ૧૦ મી જુન ૧૮૮૧.
૭ એમને નામે એક પહેડી હતી.
૮ મુંબઈ સમાચાર, તા૦ ૭ મી જુન ૧૮૮૧.
એ મુજબ એ ડેપ્યુટેશન અરજી લઈ તા૦ ૧૨ મી જુને દીવાન ટી. માધવરાવ, સી. એસ. આઈ. પાસે ગયું હતું, જેઓએ [illegible] વાતચીત થયા બાદ જણાવ્યું કે એ બાબે હિંદુસ્થાનની વડી સરકાર તરફથી તેમને ઘણું દબાણ થવાથી એ ફંડનો ધારો કાઢવાની અંતે લાચારીએ ફરજ પડી છે. એ બાદ કેટલોક દીલાસો આપી દીવાને એમાં પોતાથી બનતી મદદ કરવાને કબુલાત આપી હતી.

તા૦ ૫ મી જુન

રોજ ૨૦ માહ ૯ (શે.) ૧૨૫૦ ય.

આજ દીને પારડી મધે અંજુમનના ઉધરાતથી બંધાવેલું ૩૫) પાએરીનું એક નવું દોખમું પરઠવાની ક્રિઆ કરવામાં આવી હતી. આ વેળાએ જરથોસ્તીઓની એક મોટી ઠઠ ત્યાં મલી હતી. જશનની ક્રિઆ ઉદવારેના દસ્તુરજી સાહેબોએ શરૂ કીધી હતી, જે પુરી થવા બાદ શેઠ બેહરામજી પેશતનજી ભરડાએ એક અંજુમન પત્ર વાંચી સંભળાવ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે એ દોખમું બાંધવાને પારડીના જરથોસ્તીઓએ પોતપોતામાં ઉઘરાણું કરી રૂ. ૨૨૭૨૫) એકઠા કીધા હતા, ૧ જે મધેથી રૂ. ૧૧૦૦૦) બદલ એ દોખમાંનું કામ જાણીતા કંત્રાકટરો શેઠો ફરામજી અને દોરાબજી હોરમજજી ગજદરને સોંપવામાં આવ્યું હતું, અને બાકી રૂ. ૧૧૦૦૦ પારડી મધે શેઠ હોરમજજી ગાંડાભાઈએ બંધાવેલી નવી દરેમેહર, ધરમશાલા, તથા જંદ અવસ્તાની નિશાલના ખરચ સારૂં એલાહેદી કાઢી છે. એ ઉપરાંત આ દોખમાંનાં કામમાં શેઠ માણેકજી કાવશજી દમણવાલાએ ઘણી દીલસોજીથી વારંવાર મદદ તથા સારી સુચનાઓ કીધી તે માટે તેમનો ઉપકાર માન્યો હતો. એ અંજુમન પત્ર વંચાયા બાદ ઉદવારેવાલા દસ્તુર પેશતનજી બરજોરજી મીરજાંએ દોખમું બાંધવાનાં કારણો અને અગત વિષે એક ભાષણ કરી સમજાવ્યું, જે બાદ પારડીની અંજુમન તરફથી દસ્તુર પેશતનજી તેમજ ઉદવારાના વડા દસ્તુર ખુરશેદજી મનોચેહરજી તથા શેઠ પેસતનજી એજદીઆરજી-ભરડા, અને મોબેદ મનચેરજી બેહરામજી દસ્તુરને એકકી શેઆલ હોઢાડવામાં આવી હતી, અને તે પછી ચાશની કરી સર્વે લોક વદાય થયું હતું. ૨

---

૧ એ રૂ. ૨૨૭૨૫) નીચે મુજબ પારડીના જરથોસ્તીઓએ પોતપોતામાં ભરયા હતા—(રૂ. ૫૦૧૮) પારડીના જરથોસ્તીઓએ આગલ પોતપોતામાં એકઠા કીધેલા (રૂ. ૩૬૨૬) ફરાંમજી કુવરજી તથા મેહરવાનજી ફરાંમજી અને બેહરાંમશાહ ફરાંમજીના વારેસો (રૂ. ૨૦૦૧) ધનજીભાઈ ભુરાભાઈ વલસાડવાલા રૂ. (૨૦૦૦) ગાંડાભાઈ બહુમનજી (રૂ. ૧૬૭૫) જીનાભાઈ તથા મેહરવાંનજી પેશતનજી (રૂ. ૧૬૨૫) દોરાબજી જમશેદજી, દોરાબજી તથા રૂસતમજી તથા ભીખાજી શોરાબજી (રૂ. ૧૧૫૦) નાનાભાઈ મુગાજી (રૂ. ૧૧૨૫) શોરાબજી પીરોજશાહ (રૂ. ૮૭૫) એદલજી પાલણજી (રૂ. ૫૦૦) હોરમજજી મોટાભાઈ (રૂ. ૪૭૫) બહુમનજી અને માણેકજી મનચેરજી પેશી (રૂ. ૨૫૦) રૂસતમજી હોરમજજી, કુવરજી પીરોજશાહ (રૂ. ૨૦૦) તેહમુલજી જીવણજી પાટીવાલા (રૂ. ૧૧૫) દીનશાહ પેશતનજી, જમશેદજી રૂસતમજી વેહવાલા (રૂ. ૧૦૦) પરચુટણ ભરાયલા.

૨ જામે જમશેદ, તા૦ ૯ અને ૧૦ મી જુન ૧૮૮૧.

એ દોખમું પરઠવાનાં જશનમાં શામેલ થવાને પારડીની જરથોસ્તી અંજુમન તરફથી શેઠો હોરમજજી ગાંડાભાઈ, ધનજીભાઈ ભુરાભાઈ વલસાડવાલા, જમશેદજી ફરાંમજી, [illegible]ભાઈ પેશતનજી, દોરાબજી શોરાબજી, અને તેમુલજી દોરાબ[illegible] તા૦ ૧૩ મી મે ૧૮૮૧ ને દીનેથી મુંબઈનાં ગુજરાતી વર્તમાન પત્રોમાં જાહેર ખબર છપાવી સર્વે જરથોસ્તીઓને અરજ કીધી હતી.

તા૦ ૧૫ મી જુન

એરવદ તેહમુરસ દીનશાહજી અંકલેશરીઆએ ખુરદે અવસ્તા જંદ હુરૂફે છપાવી પ્રગટ કીધી હતી.૩

તા૦ ૧૬ મી જુન

રોજ ૧ માહ ૧૦ (શે.) ૧૨૫૦ ય.

મરણ—શાપુરજી જામાસપજી ભાવનગરી—ઉમર વરસ ૪૩ તા૦ ૧લી અકટોબર ૧૮૫૮ ને દીને મુંબઈના કસ્ટમ ખાતાંના એક એસીસ્ટંટ કલેકટર તરીકે નેમાયા હતા, એઓ સુરતના નામીચા ભાવનગરીયા ખાનદાનના એક નબીરા હતા, એ ખાનદાનના પડતા વખતમાં મી૦ શાપુરજીને નામદાર સરકારે ઉપલો ઓધો આપ્યો હતો જે તેવણે બાર વરસ સુધી ફતેહમંદી સાથ બજાવ્યો હતો. તેવણ એ ઓધા ઉપર છેક છેલ્લી પાયરી ઉપરથી વધી પહેલી પાયરી વેર ચહડયા હતા. તેવણ ૧૮૫૯ ના સાલમાં મુંબઈના ગવરનરની કૌન્સીલના એક અધીકારી આ૦ બી. એચ એલીસની યાદગારીના ફંડમાં નાણા ભરનારાઓમાંનાએક હતા. ૧૮૬૯ ના સાલમાં તેમને ચોથા વર્ગના અને ૧૮૭૦ ના ડીસેમ્બર માસમાં ત્રીજા મદદનીશ કમીશનર તરીકે નેમયા હતા, અને ૧૮૭૨ ના આગસ્ટ માસમાં તેવણ પાછા ચોથા મદદનીશ કમીશનર નેમાયા હતા અને ૧૮૭૪ ના એપ્રેલ માસમા તેવણ પાછા ત્રીજા મદદનીશ નેમાયા હતા. ૧૮૭૦ ના સાલમાં નામદાર માહારાણી વીકટોરીયાના બીજા પુત્ર શાહજાદા ઓલફ્રેડ અથવા ડયુક ઓફ્ એડીનબરો મુંબઈ આવ્યા હતા તેના માનમાં અત્રે સરકારી મેહેલમાં એક રીસેપશન કરવામાં આવ્યું હતું તે મધે મરહુમ હાજર હતા. "તેવણ જેવા મહેનતુ અમલદાર હતા તેવાજ લાયકીવાળા ગ્રહસ્થ હતા." ૪

તા૦ ૨૧ મી જુન

મુંબઇના નામદાર ગવરનર સર જેમસ ફરગયુસને આજ દીને પુણાં મધે "કૌનસીલ હાલ"માં એક લેવી ભરી હતી, જે વેળાએ નીચલા પારસી ગ્રહસ્થો ત્યાં હાજર થયા હતા—

ખાનગી મોલાકાતે—ઓનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, ખાન બાહદુર પદમજી પેશતનજી, ખાન બાહદુર દસ્તુર નશરવાંનજી જામાસ્પજી જામાસ્પ આશાના.

"૩ ખુરદે અવસ્તા જંદ હુરૂફે પ્રગટ કરનાર એરવદ તેહમુરસ દીનશાહજી અંકલેશરીઆ તે મરહુમ નામદાર સર જમશેદજી જીજીભાઈ જરથોસતી મદરેસાના આગલા મરહુમ લેડી આવાબાઇને નામની ફેલોશીપ ધરાવનાર તથા એજ મદરેસાના માજી સંસ્કૃત શિક્ષક. ૧૨૫૦ યઝદેજરદી ૧૮૮૧,"

૪ રાસ્ત ગોફતાર, તા૦ ૧૯ મી જુન ૧૮૮૧.

જાહેર મોલાકાતે—શેઠો આદરજી દોરાબજી ઘાસવાલા, દસ્તુર બહમનજી જામાસપજી જામાસ્પ આશાના, સી. આઇ. ઈ, બેહરામજી પદમજી પેશતનજી, દોરાબજી પદમજી પેશતનજી, દોરાબજી દાદાભાઇ ખુતી, ફરામજી અરદેસર, ફરામજી દોરાબજી, ખાન બાહદુર દસ્તુર હોશંગજી જામાસપજી જામાસ્પ આશાના, જમશેદજી ખરશેદજી જમશેદજી, કેકોબાદ બેહરામજી દસતુર જામાસ્પ આશાના, મેહરજી હોશંગજી દસતુર જામાસ્પ આશાના, નવરોજજી પદમજી. ૧

તા૦ ૨૫ મી જુન

કરાંચાના એક પારસી ગ્રહસ્થ શેઠ શાપુરજી ફરામજી વખદને ઈ. સ. ૧૮૭૫ નાં પારીસનાં સંગ્રહસ્થાનમાં અચાર વગેરે કેટલોક ઘણો સરસ માલ દેખાડવાને મોકલવાથી તે સંગ્રહસ્થાનની કમીટીએ કરાંચીના કલેકટરની મારફતે એક ચાંદ ઈનામમાં મોકલ્યો હતો. ૨

તા૦ ૨૬ મી જુન

રોજ ૧૧ માહ ૧૦ (શે.) ૧૨૫૦ ય.

આજ દીને મરહુમ શેઠ રૂસતમજી દાદાભાઈ ગંદેવીગરાનાં ઉઠમણાંમાં તેમના બેટાઓએ રૂ. ૨૨૦૦)ની રકમ ધર્મખાતાંઓમાં આપી હતી.

તા૦ ૨૬ મી જુન

આજ દીને શેઠ નશરવાનજી રૂસ્તમજી વાછાએ એક ગુજરાતી નાટક છપાવી પ્રગટ કીધો હતો. ૩

તા૦ ૨૭ મી જુન

રોજ ૧૨ માહ ૧૦ (શે.) ૧૨૫૦ ય.

આજ દીને મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી બાટલીબોઇનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી રૂ. ૨૦૦૦) પરચુટણ ધર્મખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી હતી. ૪

---

૧ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા૦ ૨૩ મી જુન ૧૮૮૧.

૨ મુંબઈ સમાચાર, તા૦ ૨૫ મી જુન ૧૮૮૧.
એજ મુજબ ઈ. સ. ૧૮૭૩ માં વીએના ખાતે ભરાયલાં પ્રદર્શનમાંથી પણ એમને એક ચાંદ ઈનામમાં મલ્યો હતો.

૩ "નોશીરવાને સમનગાન અને શીરીને શીસતાંન નાટક ચાર અંકી, બનાવનાર નશરવાંનજી રૂસતમજી વાછા મુંબઈ, જામે જમશેદ છાપાખાનું ઈ. સ. ૧૮૮૧ "

૪ જામે જમશેદ, તા૦ ૨૯ મી જુન ૧૮૮૧.

તા૦ ૨૭ મી જુન

આજ દીને રેવરંડ ડાકટર મરે મીચલે અતરેના ટાઉન હોલમાં "પારસીઓની પુરાતમ બાબદોને લગતી છેલી શોધ" ઉપર એક જાહેર ભાષણ કીધું હતું, જે વેળાએ પ્રમુખસથાંને યુનીવરસીટીના ચાનસેલર જસટીસ વેસ્ટ બીરાજયો હતો. ૫

તા૦ ૧ લી જુલાઇ

દેવલાલીની કાપના વડા કાનસ્ટેબલ શેઠ રૂસતમજી પાલણજીની માલેગાંમ ખાતે બદલી થવાથી આજ દીને દેવલાલીના રેહવાસીઓએ તેમને એક માનપત્ર આપ્યું હતું. ૬

તા૦ ૪ થી જુલાઇ

મધરાજની ખેતીવાડીની (એગ્રીકલચર) કાલેજમાં આએ વર્ષે ૪) હિંદુ અને નીચલા ૩ પારસીઓ પસાર થયા હતા:—

શેઠો પેશતનજી દાદાભાઇ રાણા, જાંગીરજી ખરશેદજી માણેકજી શેઠના, જાંગીરજી દીનશાહજી કટેલી. ૭

તા૦ ૭ મી જુલાઇ

પુણા જીલ્લામાં આવેલાં જુનારના બીજા વર્ગના સબાર ડીનેટ જડજ ખાંનસાહેબ નવરોજજી દોરાબજી ખંડાલેવાલાની એજ જીલ્લાનાં વડગાંમ મધે બદલી કરવામાં આવી હતી. ૮

તા૦ ૭ મી જુલાઈ

રોજ ૨૨ માહ ૧૦ (શે૦) ૧૨૫૦ ય૦

મરણ—નાનાભાઈ પેશતનજી રાંણા—

રાવલપીડી મધે એક વેપારી હતા અને ત્યાંજ તેવણનું મરણ નીપજ્યું હતું. તેવણ અછા ગુજરાતી જાહેર લખનાર

---

૫ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા૦ ૨૮ મી જુન ૧૮૮૧.

એજ મુજબ રેવરંડ ડાકટર મીચલે તા૦ ૨ જી સપટેમબર ૧૮૮૧ ને દીને એજ બાબદ ઉપર પુણાં મધે આલબરટ એડવરડ ઈનસ્ટીટીયુટમાં એક ભાષણ કીધું હતું, જે વેળાએ સરનશીનની ખુરસીએ ઓનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ બીરાજ્યા હતા, તથા મુંબઇનો નામદાર ગવરનર સર જેમસ ફરગયુસન પણ સભામાં હાજર થયો હતો. ભાષણ પુરૂં થયા બાદ તે નામદારે તથા સરનશીને પોતાના વિચારો જણાવ્યા હતા, તથા શેઠો નાનાભાઈ બેહરાંમજી જીજીભાઈ અને દોરાબજી પદમજી પેશતનજીએ ભાષણ કરતાનો, અને ખાન બાહદુર દસ્તુર હોશંગજી જામાસપજી જામાસ્પ આશાનાએ સરન[illegible] ઉપકાર માનવાની દરખાસ્તો કીધી હતી.

૬ મુંબઈ સમાચાર, તા૦ ૪ થી જુલાઈ ૧૮૮૧.

૭ બોમ્બેગેઝેટ, તા૦ ૪ થી જુલાઈ ૧૮૮૧.

૮ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૭ મી જુલાઈ ૧૮૮૧.

હતા. પારસી પંચનાં અધીપતી હતા ત્યાર પછી તેવણે "દોસતે પારસી બાનુઆન" નામનું એક અઠવાડીક પત્ર સ્થાપ્યું તથા ચલાવ્યું હતું અને છેલ્લે તેવણ,ઘણોક વખત "આબુક" પત્રના અધીપતી હતા. "ખ્રીસ્તી ધરમનું ખોતારૂં એ નામે કાબેલ્યત ભરેલી તકરારોથી રચેલું એક ચે.પ.ન્યુ કેટલાક અંકોમાં બાહેર પાડયું તેથી તેવણ વધારે પંકાયા હતા. એ ચોપાન્યાના અંકોનું પાછળથી એક પુસ્તક બાહાર પાડયું હતું. શેવટે તેવણે જાહેર લખનારનો ધંધો છોડી વેપાર કરવા માંડયો હતો. ૧

કલકતા મધે કાલી ગુલીનો પાક કરનારાં ઈંગરેજ પ્લાનટરો દેશી ખેડુતો ઉપર ઘણો જુલમ ગુજ્નરતા હતા તેમની હીમાયત તે તરફના કેટલાક ઇંગરેજી વરતમાન પતરોએ કરવાથી ત્યાંના દેશીઓનો શું વિચાર છે તે જણાવવા માટે "નીલ દરપણ" નામના બંગાલી ભાષામાં છપાયલા એક નાટકનો રેવરંડ જેમ્સ લોંગ નામના એક પરોપકારી પાદરી ગ્રહસ્થે ઈંગરેજીમા તરજુમો કીધો હતો. આ ઉપરથી ત્યાના ઈંગલીશમેન પત્રે ઉપલા ગૃહસ્થની સાંમે ફરયાદી માંડી તેને કેદની સજા કરાવી હતી. એ ઉપરથી આખાં દેશમાં દેશીઓની દીલશોજી એ ભલા પાદરી તરફ ઉસકેરાઇ હતી. અને મુંબઇના નીકલતા ગુજરાતી પત્રોના અધીપતીઓએ તેના ઉપર દીલાસાનું એક માનપત્ર મોકલ્યું હતું તેમાં "મુંબઈ ચાબુક" ના અધીપતી તરીકે મરનારે સહી કરી હતી.

તા૦ ૮ મી જુલાઇ

રોજ ૨૩ માહ ૧૦ (શે૦) ૧૨૫૦ ય૦

આજ દીને નવસારી મધે મરહુમ એ૦ એજનજી રૂસતમજી કાંગાના ઉઠમણામાં તેમની છોકરીના છોકરાઓ શેઠો ફરદુનજી અને શોરાબજી માણેકજી કાંગાએ રૂ. ૧૦૦૦) ની સરકારી નોટ મુંબઇની યુનીવરસીટીમાં દર શાલ રૂ. ૪૦) નું એક ઈનાંમ સારૂં આપવાની તંદરોસ્તી પઢાવી હતી. ૨

તા૦ ૨૦ મી જુલાઇ

આજ દીને શેઠ એદલજી ફરામજી ડોંડીએ એક ગુજરાતી નાટક છપાવી પ્રગટ કીધો. ૩

તા૦ ૨૪ મી જુલાઈ

મુંબઇના નામદાર ગવરનર સર જેમસ ફરગયુસન પોતાની દખણ ભણીનાં દેશોની મુસાફરીને દરમેઆંન આજ દીને અહમદનગર મધે ખાંન બાહદુર શેઠ નશરવાંનજી ખરશેદજી ગોપીપોરીઆને મકાંને તેમની મોલાકાતે ગયો હતો. આ વેલાએ ત્યાંનો ખરશેદજી સ્ત્રીટ રંગબેરંગી વાવટાઓ, તોરણો, અને ચીનાઇ ફાણુસોથી સણગારયો હતો. કેટલીક વાતચીત કરયા બાદ નામદાર ગવરનરને વદાય થતી વખતે શેઠ નશરવાંનજીનાં કુટુંબની બાનુઓએ ફુલોના ગજરા પેહરાવ્યા હતા. ૪

તા૦ ૨૮ મી જુલાઈ

કરાંચીવાલા શેઠ ફરામરોજ એદલજી પંથકીને નામદાર સરકારે કરાંચી પરગણાના બીજા વર્ગના માજીસ્ટ્રેટ નેમ્યા હતા. ૫

તા૦ ૩૧ મી જુલાઇ.

શેઠ નશરવાનજી માણેકજી પીટીટે અતરેની "બોમ્બે નેટીવ ડીસપેનસરી" ને ખેતવાડી મધે દવાખાનું ચાલુ રાખવા માટે રૂ. ૨૦૦૦૦) ની રકમ બખશેશ કીધી હતી. ૬

તા૦ ૩ જી આગશટ

રોજ ૧૯ માહ ૧૧ (શે૦) ૧૨૫૦ ય૦

આજ દીને મરહુમ શેઠ રૂસતમજી પાલણજી શેઠનાના ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી તથા ખેશીઓએ મલી રૂ. ૫૨૦) પરચુટણ ધર્મખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી હતી. ૭

તા૦ ૧૧ મી આગશટ

શેઠ શોરાબજી પદમજી પેશતનજીને નામદાર સરકારે કોલાબા જીલ્લાના આસીસટંટ કલેકટર તરીકે નેમ્યા હતા. ૮

તા૦ ૧૧ મી આગશટ

મરહુમ શેઠ દાદાભાઈ હોરમજજી કામાજીની પેહડીના તરસ્ટીઓ શેઠો ખરશેદજી રૂસતમજી કામાજી, નવરોજજી ફરદુનજી, અને શોરાબજી કાવશજી પાંડેવાલાએ તે પેહડીની તરફથી તથા શેઠ મનચેરજી હોરમજજી કામાજીએ પોતાની તરફથી મરહુમ શેઠ મેરવાંનજી ફરાંમજી પાંડેને એ બંધે ભાઇઓએ ધીરેલા રૂ. ૪૫૦૦૦૦) નાં બદલામાં શેઠ મેહર-

---

૧ રાસ્ત ગોફતાર, તા૦ ૧૦ મી જુલાઈ ૧૮૮૧.

૨ મુંબઈ સમાચાર, તા૦ ૧૫ મી જુલાઈ ૧૮૮૧.

૩ "સીતમે હસરત અને નેકીએ નેકબખ્ત, યાને [illegible] તેવી પાર ઉતરણી. નાટક ચાર અંકી, બનાવનાર, એદલજી ફરાંમજી ડોંડી મુંબઈ મધે જામે જમશેદ છાપખાનામાં હોરમજી દાદાભાઈ મીસ્તરે છાપ્યો છે. ઈસવી સને ૧૮૮૧"

૪ જામે જમશેદ, તા૦ ૨૯ મી જુલાઈ ૧૮૮૧.

૫ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૮ મી જુલાઈ ૧૮૮૧.

૬ રાસ્ત ગોફતાર, તા૦ ૩૧ મીં જુલાઈ ૧૮૮૧

૭ જામે જમશેદ, તા૦ ૫ મી આગશટ ૧૮૮૧.

૮ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૧ મી આગશટ ૧૮૮૧.

વાંનજીએ સ્થાપેલાં કેટલાંક ધરમખાતાંઓ (રદ કરી તે નાણુ મેલવવાની ફરીઆદી અતરેની હાઈ કોરટમાં માંડી હતી, જેને લગતો મુકદમો નામદાર જડજ સર ચારલસ સારજંટ આગલ ૧૪ દિવસ સુધી ચાલ્યો હતો, અને તે દરમઆંન વાદીઓ તરફથી શેઠો મનચેરજી હોરમજજી કામાજી, રૂસતમજી દાદાભાઈ કામાજી, ખરશેદજી રૂસતમજી કામાજી, અને જવેરીલાલ ઉમીયાશંકર તથા પરતીવાદીઓ તરફથી શેઠો દોરાબજી ફરાંમજી પાંડે, હોરમજજી બેરાંમજી કામાજી, નશરવાંનજી કાવશજી ઉમરીગર, કાવશજી એદલજી પટેલ, લેસલી કાફરડ, મનચેરજી ફરાંમજી તંબોલી, અને રતનજી મનચેરજી કોહલાની શાહેદી લેવાઈ હતી, જે બાદ આજ દીને નામદાર જડજે એ મુકદમાનો ચુકાદો વાદીઓની વીરૂધમાં આપ્યો હતો, અને મરહુમ શેઠ મેહરવાંનજીએ સ્થાપેલાં ધરમખાતાં મંજુર રાખ્યાં હતાં. ૧

આ ધરમખાતાં કાએમ રહયાં તેની ખુશાલીમાં મરહુમ શેઠ મેહરવાંનજીવાલી કરેલવાડીની ધર્મશાલામાં ઉતરેલા જરથોસ્તીઓએ તા૦ ૧૪ મી આગશટ ૧૮૮૧ ને દીને તથા કોલાબે સેનાટેરીઅમમાં રેહનારા જરથોરતીઓએ તા૦ ૧૯ મી આગશટ ૧૮૮૧ ને દીને જશનો કીધાં હતાં, તથા રૂ. ૧૦૦) અને રૂ ૫૦) ની રકમ ધર્મખાતાંમાં આપી હતી. તથા તરફીઓને મુબારક બાદીનાં માનપત્રો આપ્યાં હતાં.

તા૦ ૧૬ મી આગશટ

ગાથા ૨ (ફ૦) ૧૨૫૦ ૫૦

મરણ—પેશાતનજી નવરોજજી બનાજી-ઉમર વર્ષ.૭૩)

૧૮૬૪ ના સાલમાં કદમીઓના નવા દસ્તુરને પગાર આપવાના ફંડમાં મરનારે રૂ. ૫૦ ભરયા હતા. ૧૮૬૬ ના સાલમાં પુણા કોલેજના સંસકૃત ભાષાના પ્રોફેસર ડા૦ મારતીન હાઉગ ઓધો છોડી વિદાય થતા તેમના માનમાં ઉભા થયલાં ફંડમાં મરનારે રૂ. ૧૫ ભરયા હતા. ૧૮૭૬ ના સાલમાં મુંબઈ મધે ચોપાટી પારસીઓના દોખમાઓવાલા ડુંગરની ડાબી બોરડુની જગા ઉપર જુદ્દીનોએ તરાપ મારવાની કોશેશ કરી હતી અને પોલીસે અપમાન ભરેલી શખતાઇ વાપરી હતી તે બાબે નામદાર સરકાર જોગ અરજી મારફતે કહેવરાવવાને જરથોસ્તી કોમની એક જાહેર સભા બોલાવવામાં આવી હતી તે માટેના રેકવીજેશન ઉપર મરનારે પણ સહી કરી હતી.

તા૦ ૨૩ મી આગશટ.

રોજ. ૯ માહ. ૧૨ (શે.) ૧૨૫૦ ૫૦

મરણ—ખાનબાહદુર બરજોરજી મેહરવાંનજી ફરેજરના ઉ. વ. ૬૫. એમના પીતાના વખતથી તેમની જોંડ એવનની નીકલ કુ૦ ની સાથ આડતની પહેડી ચાલતી હતી સુરત મધે ઈ. સ. ૧૮૬૩ ના સાલમાં શેઠ ફરદુનજી જમસેદજી ડાકટરે એક કસરત શાળા ઉઘાડી તેમાં એવણે રૂપીઆ ૨૦૦ ભરયા હતા. ઇ. સ. ૧૮૫૭-૧૮૫૮ ના બળવા વખતે અંગ્રેજ સરકારને એવણે મદદ કીધી તેના બદલામાં સુરતના કલેકટર મી૦ કામેરને એક મીજલસ ભરી સુનાનો ચાંદ ઇ. સ. ૧૮૬૫ માં તેમને ભેટ આપ્યો હતો. બંગાલ ઇલાકામાં દુકાલ ચાલવાથી ત્યાં મદદ કરવા તેવણે તથા તેવણના ધણીઆણી બાઇ પીરોજબાઇએ રૂપીઆ ૧૦૦ ભરયા હતા. ઈ. સ. ૧૮૬૭ ના સાલમાં મુંબઇના ગવરનર સર બારટલ ફ્રીયરને સુરત તરફનું એક માનપત્ર મુંબઈ મોકલી આપ્યુ તથા સુરતની છોકરીઓની નીશાળોને એ નામદારના નામનું એક પ્રાઇઝ આપવા માટે એક ફંડ ઉભુ કીધું તેમાં એવણે રૂપીયા ૨૫૦ ભરયા હતા. મોરીસ મધે ઇ. સ. ૧૮૬૭ ના સાલમાં તાવથી ૨૦૦૦૦ માણસો મરણ પામવાથી તે લોકોને મદદ કરવા એવણે રૂપીયા ૧૦૦ ભરયા હતા. ઇ. સ. ૧૭૬૮ માં સુરતની મ્યુનીસી પાલીટીના સરકાર તરફથી મેમ્બર તરીકે નેમાયા હતા. ઇ. સ. ૧૮૭૪ થી ૧૮૭૭ અને ૧૮૮૨ માં એવણને પાછા નેમયા હતા. સુરત મધે કીલ્લાની પાસે નદીકાંઠે લોકોને ફરવા હરવાનો એક પરોમીનેડ રૂપીયા ૮૦૦૦ ની કીંમતે બંધાવી ત્યાંની મ્યુનીસીપાલીટીને સ્વાધીન કરયો હતો. ઇ. સ. ૧૮૭૦ માં એવણને નામદાર સરકારે તેઓની સુરત શેહરની સુધારા માટે ઉલટ તથા જાહેર સખાવતો માટે ખાનબહાદુરનો ખેતાબ આપ્યો હતો તેની મુબારકબાદીમાં સુરતના લોકોએ એક માનપત્ર તા૦ ૧૭ મી નવેમબરે આપ્યું હતું તથા તેમણા મીત્રો તરફથી સાત સાલો આપવામાં આવી હતી. ઇ. સ. ૧૮૭૧ માં પોતાના બાવા મરહુમ શેઠ મેરવાનજી હોરમજજી ફરેઝરની યાદગારીમાં સુરત મધે નવા પલાના લટા તરફ રૂ ૧૪૦૦૦ ને ખરચે ઘડીઆલ સાથનો એક મોટો મીનારો બંધાવી પ્રજાના વપરાસ માટે ખુલ્લો મુકયો હતો. ઇ. સ ૧૮૭૧ માં તેવણે સુરત જીલ્લાને લગતાં મોજે અઠવા ગામમાં એક મોટો કુવો તથા હવાડો બંધાવી લોકોને વાપડવાને માટે ખુલ્લો મેલ્યો હતો. ઇ. સ. ૧૮૭૨ માં વડોદરાં રેલવેના ત્રાફીક સુપ્રીનટેનડન્ટ મી૦ વીલકીનસનની સુરતથી બદલી થવાથી તેમના માનમાં તેવણે એક મોટો મેલાવડો કરી માનપત્ર આ[illegible]નં. ઇ. સ. ૧૮૭૭ માં નામદાર મહારાણી વીકતોરીયાએ એમપ્રેસ આફ ઇનડીયા અથવા કાસરે હીંદનો ખેતાબ લીધો તેનો ઢંઢેરો ફેરવ્યો તે વખતે સુરતમાં દરબાર ભરાઇ તેમાં કલેકટર મી૦ પ્રાતે એવણને વફાદારીની સરટીફી-

---

૧ મુંબઈ સમાચાર, તા૦ ૧૨ મી આગશટ ૧૮૮૧.

કેટ પોતાના હાથે આપી હતી. ઈ. સ. ૧૮૮૧ માં તેવણે પોતાના બાવા મરહુમ શેઠ મેરવાનજી હોરમજજી ફ્રેરેજરવાલા ભરૂચના કોટ મધેના મેરવાન બાગ તથા કંપાઉડમાંની ધર્મશાલા નવેસરથી બંધાવી પંચાયતના ફંડના ટ્રસ્ટીઓને સવાધીન કીધી હતી. ભરૂચમાં ફુરજા આગલની ધર્મશાળા તેવણે ધર્મ ખાતે આપી હતી.

તા० ૨૫ મી આગશટ.

રોજ ૧૧ માહા ૧૨ (શે०) ૧૨૫०

આજ દીને સુરત મધે મરહુમ ખાનબાહદુર શેઠ બરજોરજી મહેરવાનજી ફ્રેરેજરના ઉઠમણામાં તેમની પુંજીમાંથી રૂ. ૧૦०० તથા તેમનાં ખેશીઓએ મલી રૂ. ૧૨૫० પરચુટણ ધર્મખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પધારી હતી. ૧

તા० ૨૫ મી આગશટ

છેલી અફગાન લડાઈ વખતે સરકારની ઘણી ચાલાકી તથા નીમકહલાલીથી સેવા બજાવવાના બદલામાં નામદાર વાઇસરાયે મુંબઇ ઇલાકાનાં કમીસરીએટ ખાતાંના નીચલા પારસી અમલદારોને નીચે પ્રમાણેના ખેતાબો આપ્યા હતાઃ—

ખાંન બાહદુરનો ખેતાબ—ખાંન સાહેબ બેજનજી શેરાબજી. ખાંન સાહેબના ખેતાબો—શેઠો પાલણજી રતનજી, રતનજી બેજનજી, જમશેદજી રૂસતમજી, દીનશાહ ડોશાભાઇ ખંબાતા. ૨

તા० ૨૭ મી આગશટ

જંગબાર ખાતે પારસીઓની વસતી પેહલવેહલી ઈ. સ. ૧૮૭૪ માં થઇ હતી. એ સાલના અકટોબર માસમાં શેઠ બહમનજી ધનજીભાઇ તલાટી જંગબારના બ્રીતિશ કાનસલ જનરલની આફીસમાં હેડ કલાર્ક તરીકે ગયા હતા. તે પછી તેવણે બીજા પારસીઓને ત્યાં બોલાવી વસતી વધારી હતી. ઈ. સ. ૧૮૭૭માં ત્યાં એક પારસીનું આઠ દિવસનું બચ્ચું વહમાન થવાથી જરથોસ્તીઓએ પોતાનાં રવાંનોને ભુમીડા કરવાની એક એલાંહેદી જગા લેવાને પોતપોતામાં ફંડ ઉભું કીધું હતું, અને તેની મેનીજ ત્યાંના એક પારસી વેપારી શેઠ પેશતનજી ધનજીભાઇ તલાટીને સોંપી હતી. એ પછી બીજા ત્યાંના પારસીઓને શેઠ પેશતનજી સાથે કાંઇ વાંધો પડયાથી આએ માસમાં રવાંનોની જગા ખરીદવા તથા તેની સંભાલ રાખવાને એક બીજું ફંડ ઉભું કરી તેના તરસ્ટીઓ તરીકે શેઠો બહમનજી માણેકજી દારૂખાંનાવાલા, શેરાબજી માણેકજી [illegible]ાંનાવાલા અને મનચેરજી પેશતનજી તલાટીને ઠેરવ્યા હતા, તથા નીચલા જરથોસ્તીઓ તેમાં શામેલ થયા હતાઃ—

શેઠો પીરોજશાહ મેહરજી, શાપુરજી પેશતનજી તલાટી, હોરમજજી નવરોજી તલાટી, હોરમજજી શેરાબજી તલાટી, રૂસતમજી શેરાબજી ઇજનેર, ધનજીશાહ મોટાભાઇ દારૂખાંનાવાલા, મનચેરજી મેહરવાંનજી પોસ્ટ માસતર, નવરોજજી દાદાભાઈ વાંનીઆ, દીનશાહજી મેહરવાંનજી ઈજનેર,, નશરવાંનજી બહમનજી કામાજી, ભીખાજી નાનાભાઇ ઇજનેર, ખરશેદજી અરદેસર પટેલ, ખરશેદજી શેરાબજી ઉમરીગર, જમશેદજી ભીમજીભાઈ પટેલ, દાદાભાઇ ભીમજીભાઈ પટેલ, જીજીભાઈ નવરોજજી તારીવાલા, ગુસતાદજી બેહરાંમજી રાંદેલીઆ, શાપુરજી શેરાબજી તલાટી, નશરવાંનજી રતનજી પટેલ, નવરોજજી દીનશાહજી સોપારીવાલા. ૩

તા० ૩૧ મી આગશટ

રોજ ૨૭ માહ ૧૨ (શે०) ૧૨૫० ५०

આજ દીને મરહુમ શેઠ કાવશજી નવરોજજી કોપરનાં ઉઠમણાંમાં તેમની પુંજીમાંથી તથા તેમના ખેશીઓએ મલી રૂ. ૨૪००)ની રકમ જુદાં જુદાં ધરમખાતાંઓમાં આપી હતી. ૪

તા० ૧ લી સપટેમબર

નાશકમા માજી ડેપ્યુટી કલેકટર અને માજીસ્ત્રેટ ખાન બાહદુર ફરાંમજી નશરવાંનજી શેઠનાએ પેનશન લઇ ઓધધો છોડવાથી તેમના માજી ઓધ્ધા સાથનો ખાન બાહદુરનો ખેતાબ ચાલુ રાખવાનું માન નામદાર સરકારે આપ્યું હતુ. ૫

તા० ૫ મી સપટેમબર

અતરેનો એક જાણીતો પાદરી રેવરંડ ડી. મેકફરસન જે ખ્રીસ્તીઓના ઘણાક ધર્મખાતાં સાથે જોડાયલો હતો તે તા० ૬ થી આગશટ ૧૮૮૧ ને દીને મુંબઇ મધે મરણ પામવાથી તેની અતરે ઘટતા આકારમાં કાંઇ યાદગારી રાખવાને અતરેના ઈંગ્રેજ ગ્રહસ્થોએ એક ફંડ ઉભું કીધું હતું, જેમાં હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ તથા શેઠો શેરાબજી શાપુરજી બંગાલી સી. આઈ. ઈ. અને શેઠ હોરમજજી અરદેસર હોરમજજી વાડીઆએ દરેકે રૂ. ૧००) તથા શેઠો બેહરાંમજી જીજીભાઇ, સી. એસ. આઈ, દીનશાહજી માણેકજી પીટીટ, નશરવાંનજી માણેકજી પીટીટ, ફરાંમજી નશરવાંનજી પટેલ, ખાંન બાહદુર પદમજી પેશતનજી અને ધનજીશાહ જમશેદજીએ દરેકે રૂ. ५०) ભરયા હતા. ૬

---

૧ જામે જમશેદ, તા० ૨૭ મી આગશટ ૧૮૮૩

૨ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા० ૨૫ મી આગશટ ૧૮૮૧.

૩ મુંબઈ સમાચાર, તા० ૧૯ મી સપટેમબર અને ૧૬ મી નવેમબર ૧૮૮૧.

૪ બોમ્બે કરોનીકલ, તા० ૧૧ મી સપટેમબર ૧૮૮૧.

૫ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા० ૧ લી સપટેમબર ૧૮૮૧.

૬ બોમ્બે ગેઝેટ, તા० ૧૨ મી સપટેમબર ૧૮૮૧.

તા૦ ૭ મી સપટેમબર

રોજ ૨૪ માહ ૧૨ (શે૦) ૧૨૫૦ ૫૦

મરણ—રતનજી હોરમજજી પેશતન જામાસના. એઓણ્ ધરમપોરના રાજાના વડા કારભારી હતા.

તા૦ ૭ મી સપટેમબર.

ડીસાની કાંપમાં ત્યાંનાં કમીસરીએટ ખાતાંના હેડ-કલાર્ક શેઠ દીનશાહ ડોશાભાઈને નામદાર વાઈસરાય તરફથી મલેલા ખાંન બાહાદૂરના ખેતાબની સનદ આજ દીને ત્યાંના એકઝીકયુટીવ કમીસરીએટ આફીસર કપટાંન જેમસે એક દરબાર ભરી આપી હતી.૧

તા૦ ૭ મી સપટેમબર

હિંદુસ્થાંનના માજી વાઇસરાએ લારડ નારથબરકે ઈંગલાંડ મધે કેલવણીને માટે જતા દેશી જવાંનોની સંભાલ, દેખરેખ, અને ઉપરીપણું ચલાવવાને માટે ત્યાંના કેટલાક જાણીતા ઈંગ્રેજ ગ્રહસ્થોની સાથે મલી "નારથબરક ઈંડીઆન શોશાએટી એન્ડ કલબ" ને નામે એક મંડલી ઉભી કીધી હતી, અને તેમાં મુંબઈના પ્રજા તરફથી ગવરનર સર જેમસ ફરગયુસનની મારફતે મદદ માગી હતી. એ બાબેની મહેરબનજર નામદાર ગવરનરે અતરેનાં ઈંગ્રેજી વરતમાંન પત્રોમાં છપાવ્યાથી તે મંડલીનાં ફંડમાં પારસીઓ મધેથી શેઠ શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઈ. ઈ. એ રૂ. ૫૦૦), શેઠ નવરોજજી ફરદુનજીએ રૂ. ૧૦૦), ખાન બાહાદુર શેઠ પેશતનજી જાંગીરજી તાલેયારખાંએ રૂ. ૨૦૦), અને ખાન બાહાદુર શેઠ ખરશેદજી રૂસ્તમજી થાણેવાલાએ રૂ. ૧૦૦), ભરયા હતા.૨

તા૦ ૯ મી સપટેમબર

પુણાં ખાતે આલબરટ એડવરડ ઇનસટીટીઉટનાં ફંડમાં શેઠ બેહરાંમજી જીજીભાઈ, સી. એસ. આઈ. એ રૂ. ૧૦૦ ની રકમ ભેટ આપી હતી.૩

તા૦ ૨૧ મી સપટેમબર

જામનગર ખાતે ખરશેદજી હોરમજજી બાંણા નામના નવસારીના એક પારસીનું ગઈ તા૦ ૨૧ મી આગશટે ખુન કરવા માટે બહમનજી એદલજી પોલીઆ દેશાઈ નામના એક બીજા પારસીને તે તરપ આજ દીને ફાંસી દેવામાં આવ્યો હતો.

એ૦ રતનજી રૂસતમજી કાંગાએ "જરથોસ્તી બાળબોધ" નામનું એક ચોપાનયું બાળકોને ધરમ સંબંધી તાલીમ આપવાને બાહેર પાડયું હતું.૪

તા૦ ૨૨ મી સપટેમબર

હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટને મુંબઈના નામદાર ગવરનરની ધારા બાંધનારી સભાના એક અધીકારી તરીકે પાછા નેમ્યા.

અતરેના "પોર્ટ ટ્રસ્ટ"નાં એક અધીકારી શેઠ શોરાબજી ફરામજી પટેલે પોતાનો ઓહદો છોડવાથી નામદાર સરકારે તેમની જગોપર શેઠ નશરવાનજી માણેકજી પીટીટને નેમ્યા.૫

તા૦ ૨૬ મી સપટેમબર

પુણાંનાં લશકરનાં કેરીએજ ખાતાંવાલા ખાન સાહેબ ફરદુનજી પેશતનજી વરીઆવાને નામદાર કમાનડર-ઇન-ચીફે આજ દીને પોતાને બંગલે કેટલાક લશકરી અમલદારોની હજુરમાં બોલાવી ઇ. સ. ૧૮૫૭ ના બલવાની વખતે તેઓએ જે કીમતી નોકરીઓ બજાવી હતી તેનાં માન દાખલ સરકારના હોકમથી "મીઊટીની મેડલ" ભેટ આપયો હતો.

ખા. સા. ફરદુનજી કરીમીયાની લડાઇમાં, ઇરાનની લડાઈ વખતે તેમજ એબીસીનીયામાં સપલાઇ ખાતાં જોડે લશકરી નોકરીમાં શામેલ હતા.૬

રોજ ૮ મહા ૧ શે. ૧૨૫૧ ય.

તા૦ ૨૬ મી સપટેમબર

મરણ—આદરજી કાવશજી શબાવાલા—ઉમર વરસ. ૫૩) એઓણ્ કાશમીરના માહરાજાના એજંટ હતા, અને શાલકોટ ખાતે મરણ પામ્યા હતા.૭

તા૦ ૨૯ મી સપટેમબર

દસતુર બહમનજી જામાસપઆશાના, સી. આઇ. ઇ. ને નામદાર સરકારે પુણાં જીલ્લામાં પેહલા વરગના હાનરરી માજીસટરેટ નેમ્યા.૮

---

૧ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા૦ ૨૭મી સપટેમબર ૧૮૮૧.

૨ બોમ્બે ગેઝેટ, તા૦ ૭ મી સપટેમબર ૧૮૮૧.

૩ બોમ્બે ગેઝેટ, તા૦ ૯ મી સપટેમબર ૧૮૮૧.

૪ "જરથોસ્તી બાળબોધ, બનાવનાર મોબેદ રતનજી રૂસતમજી કાંગા. મુંબઇ વરતમાંન પ્રેસ. ૧૨૫૧ યજદેજરદી, ૧૮૮[illegible]વી." એ ચોપડીના ચાર ભાગ બાહેર પાડયા હતા.

૫ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૨મી સપટેમબર ૧૮૮૧

૬ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૮૧

૭ રાસ્ત ગોફતાર તા૦ ૨ જી અકટોબર ૧૮૮૧.

૮ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૯મી સપટેમબર ૧૮૮૧

રોજ ૧૪ મહા ૧ શે. ૧૨૫૧ ય.

તા૦ ૨ જી અકટોબર

મરહુમ બાઇ મેહરબાઇ તે શેઠ જાલભાઇ કાવશજી ફરાંસીસનાં વીધવા અને શેઠ હોરમસજી ખરશેદજી દુબાશનાં બપાઈ સાસુના ઉઠમણાંમાં રૂ. ૧૯૨૦) ધર્મખાતાંઓમાં આપયા.૧

તા૦ ૨ જી અકટોબર

પુણાં મધે ઈંગ્રેજ ગ્રહસ્થો સાથની નીશાંનબાજીની સરતમાં ત્યાંવાલા શેઠ દોરાબજી પદમજી પેશતનજીએ આએ સાલ "વેસટરન" તથા "સધરન ઈંડીઆ રાઈફલ આસોશીએશન"નાં ઈનામો મેલવ્યાં હતાં.૨

તા૦ ૬ થી અકટોબર

આએ વર્ષની દેશી માજીસ્ટ્રેટની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ—

બીજા વર્ગમાં—ધનજીભાઈ દોરાબજી મોદી.

ત્રિજા વર્ગમાં—ધનજીશાહ કુવરજી પટેલ, પેશતનજી રતનજી મેહતા.૩

તા૦ ૧૮ મી અકટોબર

રોજ ૩૦ માહ ૧ શે. ૧૨૫૧ ય.

મરણ—કાવશજી બેહરાંમજી દાલા—ઉમર વરષ ૨૬) સુરતવાલા શેઠ બેહરાંમજી નશરવાંનજી દાલાના દીકરા એવણ પોતાના મમાવા શેઠ હોરમજજી કેરસાસપજી દાલાના વારસ થયા હતા, અને સુરત મધે રેસમી કાપડની વનાટનો તેમજ જદા અને બસરાસાથ મોટો વ્યાપાર કરતા હતા.

તા૦ ૧ લી નવેમબર

રોજ ૧૪ મહા ૨ શે. ૧૨૫૧ ય.

મરણ—ખરશેદજી ફરાંમરોજ સાટનના—ઉમર વરશ ૫૫) શેઠ ફરાંમરોજ શેરાબજી સાટનના વડા દીકરા. એવણ પ્રથમમાં પોતાના બાપની શીંગાપોર ખાતેની પેહડીમાં હતા અને ઈ૦ સ૦ ૧૮૪૮ માં તેમનાં મરણ બાદ પોતે તે પેહડી ચલાવતા હતા, તથા મરણ પણ તયાંજ પામયા હતા. એઓ એક યુરોપીયન સ્ત્રી સાથ પરણ્યા હતા, જે મુંબઈમાં આસરે બે વરસ સુધી રહી હતી અને પારસી કુટુંબોમાં એટલી પલોટાઈ ગઇ હતી કે ઘણીવારતો પારસી સ્ત્રીઓના પોશાકમાં [illegible] હતી.

---

૧ જામે જમશેદ, તા૦ ૧૨ મી અકટોબર ૧૮૮૧.

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૨ જી અકટોબર ૧૮૮૧.

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૬ ઠી અકટોબર ૧૮૮૧.

તા૦ ૨૩ મી નવેમબર

પુણાં મધે શેઠ શેરાબજી રતનજી પટેલનાં દોખમાંની આજુ બાજુ ફરતી દેવાલ ન હતી તે શેઠ હોરમજજી શેરાબજી તાડીવાલાએ પોતાને ખરચે બંધાવી આપી હતી.૪

શેઠ રૂસતમજી પાલનજી પટેલે 'માથ્ર વાક' નામની જંદ અવસ્તાના કલામો ને આધાર જરથોસ્તી બાળકોને ધર્મને લગતી બાબદો શીખવવા માટે એક ચોપડી છપાવી પ્રગટ કીધી હતી.૫

તા૦ ૨૩ મી નવેમબર

શેઠ દાદાભાઈ શેરાબજી સરાફે એડીનબરોની વૈદ્યક શાળામાં એમ. આર. સી. એસ. અને એમ. આર. સી. પી. ની પદવીઓ મેલવી હતી.૬

રોજ ૧૦ મહા ૩ શે. ૧૨૫૧ ય.

તા૦ ૨૭ મી નવેમબર

મરણ—દોરાબજી શેહરીઆરજી મોદી—ઉમર વરસ ૮૧) સુરતવાલા શેઠ શેહરીઆરજી જમશેદજી મોદીના દીકરા. એવણ પ્રથમમાં પોતાના મામા શેઠ રતનજી નાનાભાઈ રૂસતમખાંના હાથ હેઠલ બેલગાંમ ગયા હતા, અને તે પછી ઈ૦ સ૦ ૧૮૪૮ થી તે તરફ પોતાનો જુદો વ્યાપાર ચલાવતા હતા. બેલગામ મધે એવણ એક જાણીતા વ્યાપારી હતા, અને ઈ૦ સ૦ ૧૮૬૦ થી પોતાનાં જન્મ વતન સુરત મધે એકાંત જીંદગી ગુજારતા હતા.૭

તા૦ ૧ લી ડીસેમબર

શેઠ બેહરાંમજી મેહરવાનજી મલબારીએ "સરોદે ઇતેફાક" નામનું એક પુસ્તક છપાવી પોતાના "જહાંગીર" નામના એક દોસ્તને અરપણ કરયું હતું.૮

---

૪ મુંબઈ સમાચાર, તા૦ ૨૩ મી નવેમબર ૧૮૮૧.

૫ "માંથ્ર-વાક, અથવા માંથરેવાંગી કેહનાર ઇઆને જરથોસ્તી લોકોનાં બાળકોને જરથોસ્તી ધરમને લગતી બાબદો, તેઓની સકુલની કેળવણીને અનુસરતી રીતે જંદ અવસ્તાના કલામોને આધારે શીખવવા માટેની ચોપડી ભાગ ૧ લો બનાવનાર રૂસતમજી પાલનજી પટેલ મુંબઈ અલાયન્સ પ્રીંટીંગ પ્રેસ, ૧૨૫૦ યઝદજરદી ૧૮૮૧ ઈસવી."

૬ મુંબઈ સમાચાર, તા૦ ૨૪ મી નવેમબર ૧૮૮૧.

૭ સુરતના ડીસ્ટ્રીકટ પોલીસ ઈનસ્પેકટર ખાન સાહેબ નાનાભાઈ કાવશજીના બપાવા.

૮ "સરોદે ઇતેફાક બનાવનાર, બેહરાંમજી મેરવાંનજી મલબારી, મુંબઈ મધે, યુનિયન પ્રેસમાં ન્હાનાભાઈ રૂસતમજી રાણીનાએ છાપ્યું. ૧૮૮૧"

તા૦ ૧ લી ડીસેમબર

શેઠ શાપુરજી ભીખાજી બારીઆએ ફારસી ભાષાનાં વ્યાકરણની એક ચોપડી ઈંગ્રેજીમાં છપાવી પ્રગટ કીધી હતી.૧ એ ચોપડી શેઠ નશરવાંનજી રતનજી ટાટાને અરપણ કીધી હતી.

રોજ ૧૫ મહા ૩ શે. ૧૨૫૧ ય.

તા૦ ૨ જી ડીસેમબર

મરણ—કાવશજી બરજોરજી એંટી—ઉમર વરષ ૮૨) સુરતવાલા શેઠ બરજોરજી રતનજી એંટીના બીજા દીકરા એવણ સુરત મધે એક નાણીતા અકાબર તથા જાગીરદાર હતા. તેવણ એક માર્ગી હતા.

રોજ ૧૭ મહા ૩ શે. ૧૨૫૧ ય.

તા૦ ૪ થી ડીસેમબર

મરહુમ શેઠ કાવશજી બરજોરજી એંટીનાં સુરત મધે થયલાં ઉઠમણાંમાં તેમના દીકરા શેઠ જમશેદજી કાવશજી એંટી તથા બીજાં ઓઓઓએ મલી રૂ. ૧૦૫૦) ધરમખાતાંઓમાં આપ્યા.૨

રોજ ૨૧ મહા ૩ શે. ૧૨૫૧ ય.

તા૦ ૮ મી ડીસેમબર

મરણ—પેશતનજી નશરવાંનજી બાટલીવાલા—ઉમર વરસ ૬૫) એવણ ઈ૦ સ૦ ૧૮૩૪ થી પોતાના ભાઈ મરહુમ શેઠ ફરામરોજ નશરવાંનજી બાટલીવાલા સાથે રોજગાર ચલાવતા હતા, અને નીલઘરી ખાતે તેમનાં નામથી ચાલતી મોટી દુકાંનનો વહીવટ તે તરફ રહી કરતા હતા. ઈ૦ સ૦ ૧૮૪૯ માં શેઠ ફરામરોજનાં મરણ બાદ પોતે એખલા તે તરફ વ્યાપાર કરતા હતા, અને ઉતકમંદ, મધરાજ, માઇસોર વગેરે જગાઓપર મોટી મીલકત તથા વજીફાઓના માલેક થયા હતા. મધરાજ ઇલાકામાં એવણ મોટા વગવાલા ગણાતા હતા, અને માઇસોર ખાતે પોતાની મીલકતની તપાસ લેવાને ગયા હતા, જયાં અચાનુચ એમનું મરણ નીપજયું હતું.

તા૦ ૮ મી ડીસેમબર

શેઠ જાંગીરજી એદલજી મોદી, એલ. એલ. બી. ને દોહદ તાલુકાના સબારડીનેટ જડજ નેમ્યા.૩

૧ "Manual of Persian Grammer, compiled from various sources. By Shapurji Bhikhaji Baria. Bombay Printed at the Education Society Press. 1881."

૨ રાસ્ત ગોફતાર તા૦ ૧૧ મી ડીસેમબર ૧૮૮૧.

૨ મુંબઈ સમાચાર, તા૦ ૯ મી ડીસેમબર ૧૮૮૧.

૩ બામ્બે ગવરમેંટ ગેઝેટ. તા૦ ૮ મી ડીસેમબર ૧૮૮૧.

તા૦ ૧૪ મી ડીસેમબર

મુંબઇના નામદાર ગવરનર સર જેમસ ફરગયુસને આજ દીને અતરેની શેક્રેટરીએટ આફીસનાં દીવાંનખાંનાંમાં એક "લેવી" ભરી હતી, જે વેલાએ નીચલા પારસી ગ્રહસ્થો ત્યાં હાજર થયા હતા—

ખાંનગી મોલાકાતે—હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો બેહરાંમજી જીજીભાઇ, સી. એસ. આઇ; ડોશાભાઇ ફરાંમજી કરાકા, સી. એસ. આઇ; શેરાબજી શાપુરજી બંગાલી, સી. આઈ. ઇ; માણેકજી ખરશેદજી સરાફ.

જાહેર મોલાકાતે—શેઠો અરદેસર ડોશાભાઈ મુનશી, બહમનજી મનચેરજી પંથકી, ખાંનબાહદુર બેહરાંમજી દાદાભાઇ રેજીસટરાર, બેહરાંમજી નશરવાંનજી સીરવાઈ, ડાકટર કાવશજી હોરમજજી, દાદાભાઈ રૂસતમજી બનાજી, દાદી નશરવાંનજી દાદીશેઠ, દારાશાહ દોરાબજી રીપોરટર, ધનજીભાઇ ફરાંમજી પટેલ, દીનશાહ મનચેરજી પંથકી, દીનશાહ પેશતનજી કાંગા, એમ. એ; ડોશાભાઇ નશરવાંનજી વાડીઆ, એમ. એ, એદલજી બહમનજી મારીસ, એદલજી રૂસતમજી રીપોરટર, ફરાંમજી રૂસતમજી વીકાજી, ફરદુનજી જમશેદજી ફરદુનજી પારખ, હોરમજજી અરદેશર સંતોક, હોરમજજી અરદેશર હોરમજજી વાડીઆ, હોમજી ખરશેદજી દાદીશેઠ, હોરમજજી દાદાભાઈ પલીડર, હોરમજજી નશરવાંનજી વકીલ, જમશેદજી ખરશેદજી જમશેદજી, જમશેદજી ધનજીભાઈ વાડીઆ, જાંગીરજી કાવશજી જાંગીરજી રેડીમની, જાંગીરજી ડોશાભાઈ કરાકા, જાંગીરજી માણેકજી ખરશેદજી, ડાકટર કેખશરૂ રૂસતમજી વીકાજી, કેખશરૂ નવરોજજી કાબરાજી, ખરશેદજી નશરવાંનજી સીરવાઈ, ખરશેદજી રૂસતમજી કામાજી, બીમજી નવરોજી બનાજી, મનચેરજી ડોશાભાઈ કામાજી, મનચેરજી મેહરવાંનજી ભાવનગરી, મનચેરજી નવરોજી બનાજી, નવરોજજી રૂસતમજી મોટાભાઇ, નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇ, નાનાભાઇ રૂસતમજી રાંણીના, નશરવાંનજી ચાંદાભાઈ, પેશતનજી કાવશજી સોલીસીટર, ડાકટર પેશતનજી મનચેરજી નીકલસન, પીરોજશાહ મેહરવાંનજી મેહતા, એમ. એ. રૂસતમજી ખરશેદજી રૂસતમજી કામાજી, બી એ; રૂસતમજી નાનાભાઈ બેહરાંમજી જીજીભાઇ, શેરાબજી નવરોજજી કોપર.૪

તા૦ ૧૬ મી ડીસેમબર

રોજ ૨૯ મહા ૩ શે ૧૨૫૧ ય.

મરણ—બેહરાંમજી મેહરવાંનજી કાઉખાં—ઉમર વરસ ૬૦) એવણ પ્રથમમાં કરાંચી તથા તે પછી લાંબી મુદત સુધી સીંધ હેદરાબાદ ખાતે વ્યાપાર તથા કંત્રાકટનું કામ કરતા હતા, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા.

૫ ટાઇમસ ઓફ ઈંડીઆ, તા૦ ૧૫ મી ડીસેમબર ૧૮૮૧.

તા૦ ૧૭ મી ડીસેમબર

શેઠ જાંગીરશાહ અરદેસર તાલેયારખાંએ "રતન લક્ષમી" નામનું એક પુસ્તક બાહેર પાડયું હતું.૧

વાંસડાનાં મવાસ ગામમાં શેઠ હોરમજજી એદલજી કોટવાલે એક ચીતો વાઘ મારી સતાવાલાઓ તરફથી ઇનામ મેલવ્યું હતું.

રોજ ૨ મહા ૪ શે ૧૨૫૧ ય.

તા૦ ૧૯ મી ડીસેમબર

મરણ—ચાંદનબાઇ તે બેહરાંમજી નાનાભાઇ ચોધરીના માએ (ઉમર ૧૦૫) વરસ.૨

તા૦ ૨૮ મી ડીસેમબર

વરોડરાના માહરાજા શીયાજીરાવને તખત ઉપર બેશાડવાની ક્રિયા આજ દીને નામદાર વાઈસરાએની તરફથી મુંબઈના નામદાર ગવરનર સર જેમસ ફરગયુસને કીધી હતી. આ વેળાએ વાઇસરાએ તરફથી વરોડરાના જે રાજ્ય અધિકારીઓને ખેલાતો આપવામાં આવ્યા હતા તેઓમાં બે પારસીઓ ખાંનબાહદુર પેશતનજી જાંગીરજી તાલેયારખાં અને ખાંન બાહદુર ખરશેદજી રૂસતમજી થાંણેવાલા હતા. એજ દીને નવસારીના સુબાએ પણ એક દરબાર ભરી હતી, જ્યાં દસ્તુર દારાબજી માહીઆરજીએ પારસીઓ તરફનું માહરાજાને આપવાનું મુબારક બાદીનું માનપત્ર વાંચી સંભલાવ્યું. પારસીઓએ આ અવસરની ખુશાલીમાં આતશબેહરાંમ મધે જાહેર જશન કીધું હતું, તથા સાંજનાં લુનસીકુઇ આગલનાં મેદાનમાં નવસારીની તમામ નીશાલોનાં છોકરાંઓને મીઠાઇની જીઆફત આપી હતી.૩

રોજ ૩ મહા ૪ શે ૧૨૫૧ ય.

તા૦ ૩૦ મી ડીસેમબર

મરણ—દસતુર રૂસતમજી બેહરાંમજી સંજાણા—ઉમર વરષ ૮૫) એવણ ઇ. સ. ૧૮૨૮ થી કલીઆંણી મધે દસતુરી ચલાવતા હતા, અને એ તરફના પારસીઓમાં મોટું માન ધરાવતા હતા.૪

---

૧ "રતન લક્ષ્મી, અથવા રાજા માગવા દેડકાંઓનીં પ્રાર્થના. રચનાર, જીહાંગીરશાહ અરદેશર તાલેયારખાન નડીયાદ, સત્ય સાગર પ્રેસમાં શા૦ રતનચંદ કાલીદાસે છાપી સને ૧૮૮૧"

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૮૧.

૩ બોમ્બે ગેઝેટ, તા૦ ૩૦ મી ડીસેમબર ૧૮૮૧

૪ એવણુની આગમજ કલીઆંણીમાં આ. નવરોજી હોરમજી પંથકી તથા તેવણનાં માએ બાઈ માણેકબાઈ [illegible] માણું ચલાવતાં હતાં. તેમની સાથે ત્યાંના જરથોસ્તીઓને અણબનાવ થયાથી શેઠો ફરાંમજી દાદાભાઈ શેઠના, લીમજી નાનાભાઈ શેઠના, શાગરજી નશરવાંજી નાલીએરવાલા, ડોશાભાઈ રતનજી દબેર, અને દાદાભાઇ બાલાભાઇ શાપુરજી મુંબઈ આવી એવણને ત્યાં લઇ ગયા હતા.

તા૦ ૩૧ મી ડીસેમબર

પ્રોફેસર મેક્સમુલરનાં ધરમની ઉતપંતી અને વૃદ્ધિ વિષેનાં "હીબરટ લેક્ચરસ" નો ગુજરાતીમાં શેઠો બેહરાંમજી મેહરવાંનજી મલબારી અને નવરોજી મનચેરજી મોબેદજી નાએ કરેલો તરજુમો પેહલા ગ્રહસ્થે છપાવી પ્રગટ કીધો હતો. એ પુસતક નવાનગરના માહરાજ જામ શ્રી વીભાજીને અરપણ કરયું હતું.૧

ભરૂચના એક પારસી ગ્રહસ્થ શેઠ બહમનજી અરદેસર દલાલે આએ સાલમાં ગુજરાતમાં સીનખેડા પ્રગણાંમાં હલોલ તાલુકામાં એક ગામ વસાવ્યું હતું.

આ ગાંમ હાલોલ તાલુકામાં આવેલું બાધરપુરની નજીક છે. આ ગામમાં પ્રથમ જમીન ખરાબ અને પડતલ હાલતમાં હતી. તેમાં ફકત ચાર પાંચ નાયકડા દુબલા લોકોની છાપરી હતી. તયાર પછી ચાલુ સાલમાં શેઠ બમનજી ખેતીના વીચારમાં અતરે આવ્યા અને આ જમીન ભરૂચ જીલ્લાને મલતી હોય એવું જણાયાથી પોતે કપાસ વાવ્યો, તેની અંદર જીલ્લાના તથા નાંદોદ વીગેરેના લોકોને બોલાવી પોતે ખેતી કરાવી આ ગામમાં સોએક ઘર બંધાવ્યાં—અને તેમની ખયાતી સાંભળીને આસપાસના ખેડુત લોકો અતરે દોડી આવ્યાં. મી૦ બમનજીએ ખેડુતો ઉપર સારી માયા તથા હેતભાવ બતાવ્યો. પેહેલાં તાંહાં સરવ ખેડુતોને પોતાના પદરના પૈસાથી દરેકને બબે બલદ તથા ગાડું આપ્યા. એ મુજબ તેવણે પેહેલા એક હજાર એકર જમીન પટે લીધી તથા ૧૮૮૪ ના સાલમાં બીજી ૧૯૦૦ એકર અને ૧૯૦૬ ના સાલમાં ૩૮૩ એકર તેમાં ઉમેરી ૩૨૮૩ એકર જમીન તેવણ જાયુકને પટે ધરાવે છે અને તે ઉપર તેવણે એક સંસ્થાન ઉભું કીધું છે. ત્યાં તેવણે રૂપ્યા ૧૨ હજાર ખરચી દવાખાનાની ઈમારત બંધાવી તેને પોતાના મરહુમ પીતાજી શેઠ અરદેશર રૂસ્તમજી દલાલનું નામ આપ્યું છે. તે સાથ રૂ૧૫ હજારની સરકારી લોન તેનું બ્યાજ વાપરવાની શરતે ઉપલા દવાખાનાના નીભાવ માટે આપી છે. તે ઉપરાંત એજ સંસ્થાનમાં બચ્ચાંઓ માટે એક સ્કુલ સ્થાપવા પાછલ રૂપ હજાર ખરચયા છે. જેને માટે નામદાર સરકારે તેમને ૧૯૧૦ ના સાલમાં બીજા વર્ગના સરદારનો ખેતાબ આપ્યો છે.

---

૧ "ભટ મોક્ષ મલર કૃત, ધર્મની ઉત્પંત્તિ તથા વૃધ્ધિ વિષેના ભાષણ, ગુજરાતીમાં ભાષાંતર કર્તા, બેહેરામજી મેરવાનજી મલબારી તથા નવરોજી મંચેરજી મોબેદજીના સુધારી વધારી પ્રસિધ્ધ કરતા બેહેરામજી મેરવાનજી મલબારી. મુંબઈ ફોરટ પ્રીંટીંગ પ્રેસ, સને ૧૮૮૧, સંવત ૧૯૩૮"

તા૦ ૩૧ મી ડીસેમબર

આએ વર્ષમાં યાને તા૦ ૧ લી જાનેવારીથી તે તા૦ ૩૧ મી ડીસેમબર ૧૮૮૧ સુધીમાં મુંબઇના પારસીઓમાં **૧૩૩૬** જન્મ થયાં હતાં.

એજ વર્ષમાં મુંબઇ મધે પારસીઓમાં **૩૮૪** જોડાંનાં લગન તથા **૧૮** જોડાંનાં ગગરનાં નીચે મુજબની વીગતે થયાં હતાં :—

	નર.	નારી.	જુમલે.
લગન—૧॥ વરસનો	૦	૧	૧
૨ વરસનાં	૧	૦	૧
૨॥ વરસનાં	૦	[illegible]	૧
૪ વરસનાં	૦	૧	૧
૬ થી ૧૦ વરસનાં	૫	૨૩	૨૮
૧૧ થી ૧૫ વરસનાં	૩૭	૧૬૫	૨૦૨
૧૬ થી ૨૦ વરસનાં	૮૬	૧૪૮	૨૩૪
૨૧ થી ૨૫ વરસનાં	૧૭૧	૩૯	૨૧૦
૨૬ થી ૩૦ વરસનાં	૪૭	૪	૫૧
૩૧ થી ૩૫ વરસનાં	૨૫	૨	૨૭
૩૬ થી ૪૦ વરસનાં	૬	૦	૬
૪૧ થી ૪૫ વરસનાં	૩	૦	૩
૪૬ થી ૫૦ વરસનાં	૩	૦	૩
	૩૮૪	૩૮૪	૭૬૮
ગગરનાં—૧૬ થી ૨૦ વરસનાં	૦	૧	૧
૨૧ થી ૨૫ વરસનાં	૦	૪	૪
૨૬ થી ૩૦ વરસનાં	૧	૬	૭
૩૧ થી ૩૫ વરસનાં	૨	૭	૯
૩૬ થી ૪૦ વરસનાં	૩	૦	૩
૪૧ થી ૪૫ વરસનાં	૭	૦	૭
૪૬ થી ૫૦ વરસનાં	૩	૦	૩
૫૧ થી ૫૫ વરસનાં	૨	૦	૨
	૧૮	૧૮	૩૬

એજ વરસમાં મુંબઈ મધે પારસીઓમાં નીચે મુજબની વીગતે **૧૦૫૬** મરણ નિપજ્યાં હતાં :—

	નર.	નારી.	જુમલે.
તરતનાં જનમેલાં	૪૪	૩૩	૭૭
૧ દીનથી ૧ માસ સુધીનાં	૩૬	૩૮	૭૪
૧ માસથી ૧ વરસ સુધીનાં	૬૮	૫૧	૧૫૯
૧ થી ૫ વરસનાં	૮૭	૮૧	૧૬૮
૬ થી ૧૦ વરસનાં	૮	૧૨	૨૦
૧૧ થી ૨૦ વરસનાં	૨૧	૧૯	૪૦
૨૧ થી ૩૦ વરસનાં	૨૬	૪૩	૬૯
૩૧ થી ૪૦ વરસનાં	૪૨	૩૫	૭૭
૪૧ થી ૫૦ વરસનાં	૩૪	૩૦	૬૪
૫૧ થી ૬૦ વરસનાં	૫૨	૩૨	૮૪
૬૧ થી ૭૦ વરસનાં	૫૧	૫૩	૧૦૪
૭૧ થી ૮૦ વરસનાં	૨૮	૫૯	૮૭
૮૧ થી ૯૦ વરસનાં	૭	૧૮	૨૫
૯૧થી ૧૦૦ વરસનાં	૧	૪	૫
૧૦૧ વરસનાં	૦	૧	૧
૧૦૫ વરસનાં	૦	૧	૧
૧૧૦ વરસનાં	૦	૧	૧
	૫૦૫	૫૫૧	૧૦૫૬

એ ૧૦૫૬) મરણ નીચલા લટાઓ ઉપર થયાં હતાં:—

કોલાબા	૪	બાહેરકોટ	૧૪૮
કોટ	૩૨૮	ખેતવાડી	૮૭
મેદાંન	૧	નલબજાર	૨
ધોબીતલાવ	૨૪૯	કામાટીપરા	૬
ફરેલવાડી	૧૮	બીડીબજાર	૩૬
ગીરગાંમ	૨૯	ભાંએખલા	૧૮
ચોપાટી	૩૫	મજગાંમ	૨૯
ગ્રાંટ રોડ	૧૫	મોઠ	૧
તારદેવ	૪	પરેલ	૧૬
ગોવાલીઆ	૭	નાએગાંમ	૧
ખંબાલા	૪	સીવરી	૧
માહલક્ષ્મી	૧	મેહમ	૧
વાલકેસર	૫	વાંદરા	૧
			૧૦૫૬

નવસારીની વસતીની ગણત્રી.

આ સાલમાં વડોદરા રાજ્ય મધે વસતીની ગણત્રી થઈ હતી તે મધે નવસારી કસબામાં પારસીઓની નીચલી સંખ્યા નોંધાઇ હતી:—

	સ્ત્રી.	પુરૂષ.
કુંવારાં	૧૨૧૪	૧૫૮૨
પરણેલાં	૨૫૫૦	૧૯૪૯
રંડાપલાં	૬૮૨	૧૪૧
ભણનારાં	૨૫૮	૭૦૨
ભણેલાં	૬૦૫	૧૯૩૪
અભણ	૩૫૮૫	૧૦૩૪
કુલે વસ્તી	૪૪૪૭	૩૬૭૧—૮૧૧૮

ઈ૦ સ૦ ૧૮૮૨.

તા૦ ૧ લી જાનેવારી.

શેઠ પેશતનજી જાંગીરજી તાલેયારખાંને નામદાર મહારાણીએ "કમપેનીઅન ઓફ ધી ઇંડીઅન એમપાએર" (સી. આઈ. ઈ) નો એતાબ આપ્યો.૧

ક્રીસ્ટમસને ટાંકણે બાળકોને ભેટ આપવા લાયક નાના નાના દોહરા તથા છંડો સાથની એક રંગીન ચીત્રપોથી શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજી પાસે રચાવી દફતર આશકારા છાપાખાનાંના માલેકોએ રૂ ૦। ની કીમતે પ્રસીધ કીધી.૨

તા૦ ૬ ઠી જાનેવારી:

આજ દીને બીલીમોરા મધે ત્યાંની જરથોસ્તી અંજુમને શેઠ રૂસતમજી પેશતનજી બીલીમોરીઆ જેવણુ આજ ૧૫ વરશ થયાં એ ગામ મધે સરવે ગ્નાતના લોકોને માટે ધરમનું દવાખાનું તેમજ ઇંગરેજી સ્કુલનો ખરચ ચલાવતા આવયા છે, તેવણુને એક માન પત્ર આપયું હતું.૩

તા૦ ૧૦ મી જાનેવારી.

આજ દીને શેઠ ફરાંમજી દીનશાહજી પીટીટે પોતાના દીકરા જીજીભાઈની નવજોતની ખુશાલીમાં રૂ ૫૦૦૦) તથા શેઠ દીનશાહજી માણેકજી પીટીટે રૂ ૧૦૦૦) મલી રૂ ૬૦૦૦) ધરમખાતાંઓમાં આપયા.૪

તા૦ ૧૪ મી જાનેવારી.

શેઠ નશરવાનજી માણેકજી પીટીટે આજ દીને અતરેની જરથોસ્તી અંજુમનના ધરમ ખાતાંઓના ફંડના તરસ્ટીઓ જોગ એક પત્ર લખી રૂ ૨૫૦૦૦) ની રકમ ધરમખાતે આપી, અને તે બાબે એવી સરત કીધી કે એ રકમનું પંચાતનાં દફતરમાં એવણુના મરહુમ મુરબીજી શેઠ માણેકજી નશરવાનજી પીટીટ તથા માતાજી મરહુમ બાઈ હમાબાઈનાં નામનું ખાતુ પાડી તેનું હર સાલ જે કાંઇ વયાજ ઉપજે તે જરથોસ્તી આંધલાં પાંગલાંઓની પરવરસી કરવા તથા પગાર આપવાનાં ફંડના ખરચમાં વાપડવું અને મુદલ નાણું અનામત રાખવું.

તા૦ ૧૯ મી જાનેવારી.

મુંબઈની યુનીવરસીટીના નવા "ફેલોજ" તરીકે નામદાર સરકારે નીચલા પારસી ગ્રહસ્થોને ચુંટી કાઢયા હતાઃ—શેઠો કેખશરૂ નવરોજજી કાબરાજી અને મનચેરજી મેહરવાંનજી ભાવનગરી.૬

તા૦ ૨૧ મી જાનેવારી.

ચીન મધે હાંગકાંગની બ્રીતિશ સરકારે નીચલા પારસી ગૃહસ્થોને તે તરફ પેહલ વેહલા "જસટીસ ઓફ ધી પીસ" ઇયાને સુલેહના અમલદારો નેમ્યા હતાઃ—૭

શેઠ હોરમજજી મેહરવાનજી મેહતા

શેઠ હોરમજજી કુવરજી શેઠના

તા૦ ૨૩ મી જાનેવારી.

એ૦ જીવણજી જમશેદજી મોદી, બી. એ. એ સાસુન મીકાનીક્સ ઇનસ્ટીટીઉટના સંબંધમાં "વાતાવરણનાં દબાણ" વિષે ઈંગરેજીમાં એક બાશાણુ કીધું.૮

તા૦ ૨૪ મી જાનેવારી.

મુંબઈની યુનીવરસીટીની એકત્રીશમાં વરસની "કાનવોકેશન" આજ દીને સર કાવશજી જાંહાંગીર યુનીવરસીટી હાલમાં ભરાઈ. પ્રમુખસ્થાને નામદાર વાઇસ-ચાનસેલર હાનરેબલ જસટીસ વેસ્ટ બીરાજયો હતો. આ વેલાએ જે વિદ્યાર્થીઓને પદવીની સનદો આપવામાં આવી તેમાં નીચલા પારસીઓ હતા.૫—

એમ. એ. ની પદવી—ધનજીશાહ હોરમજજી દસ્તુર કામદીનજીના, શોરાબજી માણેકજી કાંગા, મનચેરજી ખરશેદજી સંજાણા.

---

૧ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા૦ ૩ જી જાનેવારી ૧૮૮૨.

૨ રાજ સંવતસર ભેટ પોથી ઈ. સ. ૧૮૮૨ ની અથવા રાજકરતા ઇંગલીશ લોકનાં નવાં વર્ષને અપ્રિત રાજકિય ચિતરોવાલી પ્રશ્નાવલી. બાળકોને ભેટ આપવા મા[illegible]આપી સવાલ જવાબમાં રચનાર, કેખુશરો નવરોજજી કાબ[illegible] મુંબઈ, દફતર આશકારા છાપાખાનામાં છાપી પ્રગટ કરયું. સન ૧૮૮૨."

૩ રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી જાનેવારી ૧૮૮૨.

૪ જામે જમશેદ, તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૮૨.

૫ રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી જાનેવારી ૧૮૮૨.

આ સરત તરસ્ટીઓએ બાહાલ રાખી તે બાબે તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૮૨ ને દીને શેઠ નશરવાનજી ઉપર એક પત્ર લખી તેમની આ મોટી સખાવતને માટે ઉપકાર માની અંજુમન તરફથી શાબાશી આપી હતી.

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૮૨.

૭ હાંગકાંગ ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૮૨.

૮ ટાઇમસ ઓફ ઇંડીઆ, તા૦ ૨૪ મી જાનેવારી ૧૮૮૨.

એલ. એલ. બી. ની પદવી—શેરાબજી માણેકજી કાંગા.

બી. એ. ની પદવી—જીવાજી કાવશજી ભરૂચા, દીનશાહ જીજીભાઇ બેજનજી ડાકટર, માણેકજી ખરશેદજી નરીમાન, ખરશેદજી ફરાંમજી દારૂવાલા, જમશેદજી બરજોરજી શેરાબજી ડાકટર, મનચેરજી કાવશજી કાંગા, અરદેશર જમશેદજી લાનકાકા, જાંહાંગીરજી બરજોરજી સંજાણા, ખરશેદજી ધનજીભાઇ સરાફ.

બી. એસ. ની પદવી—જમશેદજી એદલજી દારૂવાલા.

એલ. એમ. એન્ડ એસ. ની પદવી—ફકીરજી રતનજી હાડવઈદ, નવરોજજી બહમનજી ગંદેવીઆ, શેરાબજી માણેકજી કાકા, અરદેશર દાદાભાઈ મોદી, બેહરાંમજી હોરમજજી નાણાવતી, શેરાબજી રતનજી કોરમેન, બરજોરજી હોરમજજી ધાંતરા, દીનશાહ જીવાજી એદલ બેહરામના, દીનશાહ હોરમજજી મોતીવાલા, બરજોરજી શેરાબજી સરાફ, રૂસતમજી ખરશેદજી વાછા.

એલ. સી. ઈ. ની પદવી—ધનજીભાઇ રૂસતમજી બોગા, માણેકજી રતનજી સરવેઅર, કાવશજી દાદાભાઈ કાંગા, બહમનજી હોરમજજી પાવરી, દોરાબજી ટેહમુલજી પાવરી.

આ વેળાએ અપાયલી યુનીવરસીટી "સ્કાલરશીપો" માં એલીસ સ્કાલરશીપ માણેકજી ખરશેદજી નરીમાનને, અને મેહરવાંનજી ફરાંમજી પાંડે સ્કાલરશીપ માણેકજી રતનજી સરવેઅરને, તથા "પ્રાઇઝો" માં જેમસ ટેલર પ્રાઈઝ માણેકજી ખરશેદજી નરીમાંનને, અને ગીબસ પ્રાઇઝ બરજોરજી જામાસપજી પાદશાહને આપવામાં આવયાં હતાં. [1]

તા० ૩૦ મી જાનેવારી.

મુંબઇના નામદાર ગવરનર સર જેમસ ફરગયુસનની બાનું લેડી ફરગયુસન ગઈ તા० ૮ મી જાનેવારીએ અતરે કાલેરાના રોગથી મરણ પામી તે માટે મુંબઇના રેહવાસીઓ તરફથી ૧૨૦૦) શહીનો એક દીલાસાપત્ર તે નામદાર ઉપર

---

૧ ઉપલી પદવી મેલવેલા પારસીઓ ઉપરાંત આએ વરસની યુનીવરસીટીની નાધલી પરીક્ષાઓમાં નીચલા પારસીઓ પસાર થયા હતા :—

ફરસટ એલ. એમ. માં—નશારવાંનજી હોરમજજી ચોકસી, શેરાબજી ખરશેદજી નરીમાંન, નશારવાનજી ફરાંમજી બનશા. કાવશજી મોટાભાઈ બાટલીવાલા, જાંહાંગીરજી બરજોરજી અરદેસર ડાકટર, ડોશાભાઈ હોરમજજી કાતરક, કાવશજી જાંહાંગીરજી ખરાસ, કાવશજી ખરશેદજી લાલકાકા, જીજીભાઈ પેશતનજી નીકલસન, ધનજીશાહ હીરજીભાઈ પટેલ, મેહરજીભાઈ રૂસતમજી શેઠના, કેખશરૂ નાનાભાઈ ઈસપેનસરના.

ફરસટ એલ. સી. ઈ. માં—ખરશેદજી ફરાંમજી છાપગર, અરદેસર નશારવાંનજી થાંણેવાલા, જાંહાંગીરજી મનચેરજી બીલીમોરીઆ, નાનાભાઈ દાદાભાઈ સેતારેવાલા, કાવશજી બેજનજી શેઠના.

ફરસટ બી. એ. માં—ફરાંમજી દોરાબજી ભરૂચા, જાંહાંગીરજી ખરશેદજી રૂસતમજી કામાજી, મેહરજી નશારવાંનજી કુકા, શેરાબજી ફરાંમજી બીલીમોરીઆ, મેહરજી હોશંગજી દસતુર જામાસપ આશાના, આદરજી મેહરનોસજી મસાંની, જમશેદજી કાવશજી પટેલ, દોરાબજી જમશેદજી તાતા, અરદેશર ફરામજી ઉનવાલા, જમશેદજી મેહરજીભાઈ વજીફદાર.

પી. ઇ. એ. માં—અરદેસર જમશેદજી બીલીમોરીઆ, બરજોરજી જામાસપજી પાદશાહ, દારાશાહ બેજનજી મેહતા, જમશેદજી એદલજી સકલાતવાલા, દાદાભાઈ આદરજી બાંબોટવાલા, શેરાબજી શાવકશાહ બનાજી, બહમનજી રૂસતમજી બાઈસ, માણેકજી કાવશજી ગોભાઈ, હીરાજી કાવશજી કોહલા, મનચેરશાહ બહમનજી માસતર, રૂસતમજી મેહરવાંનજી મેહતા, કેખશરૂ અરદેસર મુનશી, જમશેદજી નવરોજજી નગરવાલા, રૂસતમજી હોરમજજી પાટક, બાપુજી શેરાબજી પટેલ, દોરાબજી માણેકજી પટેલ, પીરોજશાહ નશારવાંનજી પલીડર, ફરાંમજી અરદેસર રાંણા, મેહરવાંનજી નાનાભાઇ સકલાતવાલા, બેહરાંમજી હીરજીભાઈ વારડીન.

મેટરીકયુલેશનમાં—ભીખાજી દોરાબજી ભરડા, પેસતનજી જામાસપજી પાદશાહ, દારાશાહ શાપુરજી શેઠના, મનચેરજી બહમનજી વલસાડા, મનચેરજી ફરદુનજી મેહતા, દીનશાહ ફરદુનજી મેહતા, રૂસતમજી નવરોજજી કુટાર, હોરમજદીઆર કુવરજી કોહાજી, એદલજી જામાસપજી દેશાઈ, હોરમજજી માણેકજી માસીના, કેખશરૂ અસપંદીઆરજી કામદીનજી, બરજોરજી જમશેદજી સંજાણા, જમશેદજી ખરશેદજી જમશેદજી, ખરશેદજી બેહરાંમજી ડાકટર સુરતના, હોરમજજી દોરાબજી આદરીઆંનવાલા, નશારવાંનજી એદલજી પુણેગર, કેખશરૂ બરજોરજી લાલા, ફરાંમજી પેશતનજી બહમનજી ડાકટર, જાંહાંગીરજી ખરશેદજી કેમીસરીવાલા, શેરાબજી ફરદુનજી ગાંધી, નશારવાંનજી ધનજીભાઈ કરાંની, હોરમજજી નશારવાંનજી મેહતા, નવરોજજી કાવશજી કલીઆંણીવાલા, કેખશરૂ કાવશજી કાંગા, ફરદુનજી એદલજી સેરડીવાલા, હોરમજજી રૂસતમજી બીલીમોરીઆ, કોહાજી નશારવાંનજી કોહાજી, રતનજી મનચેરજી નાહનજી, જાલભાઈ દીનશાહ નાજર, ખરશેદજી પેશતનજી બાઈસ, કેખશરૂ દાદાભાઇ ચોકસી, શાપુરશાહ હોરમજજી હોડીવાલા, બાપુજી રૂસતમજી મેહતા, જાંહાંગીરજી એદલજી નશારવાંનજી ડાકટર, હોરમજજી બાપુજી લશકરી, માણેકજી કુવરજી મેડીવાલા, કેખશરૂ ડોશાભાઈ સરાફ, ખરશેદજી મનચેરજી બનાજી, રૂસતમજી બેજનજી સુનાંવાલા, હીરજીભાઈ રૂસતમજી વાડીઆ, ખરશેદજી જમશેદજી બેનીયા, રૂસતમજી અસપંદીઆરજી શેઠના, જાંહાંગીરજી રૂસતમજી થાંણેવાલા, પીરોજશાહ ધનજીશાહ ભાગલીઆ, [illegible]દેસર ફરાંમજી બાધુરજી, મનચેરશાહ નાનાભાઈ શાંણીના, શાવ[illegible]શાહ રતનજી શેઠના, બહમનજી બેહરાંમજી નવરોજજી ડાકટર, અરદેસર કાવશજી ભરૂચા, ફરાંમજી જમશેદજી કુકાના, રતનજી શાપુરજી શાપકીપર, હોરમજજી ભીખાજી મામા, ખરશેદજી હોરમજજી ઈસકોરવાલા, પીરોજશાહ મનચેરજી દલાલ, હોરમજજી ખરશેદજી દાજી.

શેઠ બેહરાંમજી જીજીભાઈ, સી. એસ. આઈ. ની મારફતે મોકલવામાં આવયો હતો, તે માંટે તે નામદારે આજદીને પોતાના ખાંનગી શેકરેટરીની મારફતે શેઠ બેહરાંમજી જોગ પત્ર લખી મુંબઈના રેહવાસીઓનો ઉપકાર માનયો હતો.[૧]

તા૦ ૩૧ મી જાનેવારી

ગંદેવી ગામમાં ત્યાંનાં દોખમાં તરફ જવાનો પાકો રસ્તો શેઠ નાનાભાઈ માનેકજીગજધરે બંધાવી તેની જાથુક મરામતને માટે રૂ૧૨૦૦) ની રકમ સાથે ત્યાંની અંજુમનના સ્વાધીનમા આપયો.[૨]

તા૦ ૬ ઠી ફેબરવારી,

શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજીએ ઈંગ્રેજ તથા દેશી ગ્રહસ્થો અને બાનુંઓની એક ખાસ મીજલસની હજુરમાં આજ રાત્રે ફરાંમજી કાવશજી ઈનસ્ટીટીઉટમાં ફીરદોસીનાં શાહનામાં માહેલાં રૂસતમ અને શોહરાબનાં દાસતાંનનો સંગીત સાર જુદા જુદા રાગોમાં ઈંગ્રેજી તથા દેશી ગાયણો સાથે કહી સંભલાવયો હતો. સરનશીનની ખુરસીએ હાનરેબલ મી૦ આશબરનર બીરાજયો હતો, જેણે સેવટે ગુજરાતીમાં એક ભાષાણ કરી શેઠ કેખશરૂનો ઉપકાર માનયો[૩].

આએ વરસ યુનીવરસીટીના પરીક્ષકોમાં પાંચ પારસી ગ્રહસથોને પણ હેડાવયા હતા. જેઓમાં શેઠ ફરદુનજી મનચેરજી દસતુર કામદીનજીના, એમ. એ. (પરીવીઅસ, ફરસટ બી. એ., બી. એ., ફરસટ બી. એસ., બી. એસ., ફરસટ એલ. સી.ઈ. અને એલ. સી. ઈ, ની પરીક્ષાઓમાં) ગણીત શાસ્ત્રના; શેઠ જમશેદજી પાલણજી કાપડીઆ (પરીવીઅસ, ફરસટ બી. એ., બી. એ., અને એમ. એ., ની પરીક્ષાઓમાં)ફારસી ભાષાના. ડાકટર કેખશરૂ રૂસતમજી વીકાજી, એમ. ડી. (એલ. એમ. એનડ એસ. ની પરીક્ષામાં) મેડીકલ જુરીસપરૂડનસના; ખાંન બાહદુર દસતુર હોશંગજી જામાસપજી જામાસપ આશાના (મેટરીકયુલેશનની પરીક્ષામાં) ફારસી ભાષાના; અને ખાંન બાહદુર બહમનજી શોરાબજી તારાપોરવાલા, એલ. સી. ઇ. (મેટરીકયુલેશનની પરીક્ષામાં) ગણીત શાસ્ત્રના પરીક્ષકો હતા.]

૧ એજ મુજબ તા૦ ૨૦ મી જાનેવારી ૧૮૮૨ ને દીને.અતરેનાં સર્વે વરતમાંન પતરોની મારફતે એક પતર છપાવી નામદાર ગવરનરે મુંબઈની પ્રજાએ તેના સંબંધમાં બતાવેલી દીલસોજીને માટે ઉપકાર માન્યો હતો,

૨ જામે જમશેદ, તા૦ ૭ મી ફેબરવારી ૧૮૮૨

આ રસ્તાપર નીચે મુજબ તખ્તી મારેલી છે:—"શ્રી. દાદાર હોરમજદની મદદ છે. ગણદેવી ગામના જરથોસ્તી રૂવાનોને અવલમંજલ પોહોંચાડવાનો રસ્તો વરસાદમાં ગનો અ[illegible]ભરેલો હોવાથી આ નવો રસ્તો પારશી નાનાભાઇ માણેકજી કુવરજી ગજદરે પોતાના બેહેશતનશીન માતાજી બાઈઆઈનાં પુનને શારૂ બંધાવી શ્રી ગણદેવીની જરથોસ્તી અંજુમનને ધરમખાતે વાપરવા આપીએ છે. રોજ ૧૫ માહ ૫ સહેનશાહી શને ૧૨૫૧ તા૦ ૩૧, માહે જાનેવારી શને ૧૮૮૨ શંવત ૧૯૩૮ના માહા શુદ્દ વાર ભોમે."

૩ રાસ્ત ગોફતાર, તા૦ ૧૨ મી ફેબરવારી ૧૮૮૨

તા૦ ૮ મી ફેબરવારી.

આજ દીને શેઠો હોરમજજી એદલજી આલબલેસ તથા ફરદુનજી ધનજીભાઇ આલબલેસનાં છોકરાંઓની શેહાદી અને નવજોતની ખુશાલીમાં મરહુમ શેઠ એદલજી ફરાંમજી આલબલેસના છોકરાઓએ રૂ૬૦૦૦); તથા શેઠ કાવશજી બેજનજી આલબલેસે રૂ૧૦૦૦) મલી રૂ૭૦૦૦) ની રકમ ધરમખાતાંઓમાં આપી હતી. ૪

ટરાવનકોરનો માહરાજા આજ દીને મુંબઇ મધે આવયો, તેને આવકાર દેવાને નેમાયલી કમીટીના સરનશીન હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટે અતરેના આગેવાંન દેશીઓની સાથે તેને મકાંને જઈ મુબારકબાદીનું એક માનપત્ર વાંચી સંભલાવ્યું. ૫

તા૦ ૧૦ મી ફેબરવારી.

મુંબઇની કમીસરીએટ આરીસના સપલાઈ ખાતાંના હેડ કલારક શેઠ ફકીરજી જીવાજી મોગરેલીઆને હીંદુસ્થાંનના નામદાર વાઇસરાયે "ખાનસાહેબ" નો ખેતાબ આપયો. ૬

તા૦ ૧૪ મી ફેબરવારી.

થીઓસોફીસટ શોશાઇટીના પ્રમુખ કરનલ આલકાટે જરથોસ્તી ધરમની મુલ મતલબ વીષે આજ દીને અતરેના ટાઉન હોલમાં એક ભાષાણ કીધું. સરનશીનની ખુરશી શેઠ નાનાભાઈ બહેરાંમજી જીજીભાઇએ લીધી હતી. ૭

ઇગટપુરા મધે જરથોસ્તી રવાંનોને અવલમંજલ લઈ જવા માટે ૧૨૦૦) ની કીમતની વીલાયતી લોઢાંની ગાડી શેઠ જમશેદજી નશરવાંનજી દાદીશેઠે ભેટ આપી. ૮

---

૪ જામે જમશેદ, તા૦ ૯ મી ફેબરવારી ૧૮૮૨

૫ મુંબઈ સમાચાર, તા૦ ૯ મી ફેબરવારી ૧૮૮૨

૬ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૧૦મી ફેબરવારી ૧૮૮૨.

૭ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૨

એ ભાષાણના ગુજરાતીમાં તરજુમાનું એક ચોપાંનયું મુંબઈ સમાચાર છાપાખાનામાંથી નીચલાં નામથી છપાઈ બહેર પડયું હતું:—

"જરથોસ્તી ધરમની મુલ મતલબ વીશે ભાષણ, જે કરનલ હેનરી એસ. આલકાટ, તે ઠીઓસોફીકલ સોસાઈટીના પ્રમુખ, એમણે તા૦ ૧૪ મી ફેબરવારી ૧૮૮૨ ને દીને મુંબઈના ટાઉનહાલમાં પારસીઓની અરજ ઉપરથી કીધું હતું તે ગુજરાતીમાં. મુંબઈ સમાચાર છાપાખાનુ સને ૧૮૮૨"

૮ મુંબઈ સમાચાર, તા૦ ૧૫ મી ફેબરવારી ૧૮૮૨.

તા૦ ૧ લી મારચં.

શેઠ કાવશજી દીનશાહજી કેઆસે પોતે કરેલી ઇરાંનની મુસાફરીનું એક પુસ્તક છપાવી હીંદુસ્થાંનના નામદાર ગવરનર જનરલ મારકુઇસ આફ રીપનને અરપણ કીધું*૧

શેઠ લીમજી નવરોજજી બનાજીને અમદાવાદની સમાલકાઝ કોરટના આકટીંગ જડજ નેમયાર.

તા૦ ૨ જી મારચ.

અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજમાં શીખનારા ચંચલ વીદ્યાર્થીઓને ઇનામો તથા સ્કાલરશીપો આપવાની વારશીક સભા આજ દીને મલી હતી. સરનશીનની ખુરસી હાનરેબલ જસટીસ વેસ્ટે લીધાબાદ પ્રીનસીપાલ ડાકટર કુકે ગયાં સાલનો રીપોરટ વાંચી સંભલાવયો, જે બાદ સરનશીને પોતાને હાથે વીદ્યાર્થીઓને ઇનામો તથા સ્કાલરશીપની સનદો આપી હતી, જેમાં નીચલા પારસી વીદ્યાર્થીઓ હતા—

શેરાબજી માનેકજી કાકાને સર જમશેદજી જીજીબાઈ ગોલ્ડ મેડલ, હનટર પરાઇઝ, અને ૩૨૫) ની મેકલીનન સ્કાલરશીપ; નવરોજજી બહમનજી ગંદેવીઆને સર જમશેદજી જીજીભાઇ મેડીકલ પરાઇઝ; નાનાભાઇ નવરોજજી કાતરકને ૩૨૫) ની એનડરસન સ્કાલરશીપ; નશરવાનજી હોરમજજી ચોકસીને ૩૨૦) ની ફેરીશ તથા ૩૧૦) ની ડા. લીસબો સ્કાલરશીપ; શેરાબજી ખરશેદજી નરીમાંનને ૩૧૫) ની રીડ સ્કાલરશીપ; કાવશજી જાંહગીરજી ખરાસને ૩૧૫) ની એનડરસન સ્કાલરશીપ; મનચેરજી મોટાભાઈ વકીલને ૩૧૫) ની રીડ સ્કાલરશીપ; ધનજીભાઈ શેરાબજી મસાનીને ૩૧૫) ની એનડરસન સ્કાલરશીપ; હોરમજજી કાવશજી ડોટીવાલાને ૩૧૩) ની કરનાક સ્કાલરશીપ; ધનજીભાઇ શેરાબજી ડાલાસનાને ૩૧૩) ની કરનાક સ્કાલરશીપ; શેરાંબજી ફરાંમજી કાપડીઆને ૩૧૦)ની સરકારી સ્કાલરશીપ.

આએ વરસની દાઇની પરીક્ષામાં બાઈ દીનબાઇ હોરમજજી મીસતરી અને બાઈ પીરોજબાઇ રૂસતમજી ખંબાતા પસાર થયાં૩

તા૦ ૧૨ મી મારચ.

નામદાર માહરાંણી વીકટોરીઆનો બેસુલો જાન લેવા માટે કોઈ ઘેલા શખ્સે કીધેલી કોશેશ નીશફલ જઇ તે નામદારનો જાન બચયો તે માટે ખોદાતાલાની શોકર ગુજારી કરવા સારૂ જરથોસ્તી અંજુમનનાં ધરમખાતાંઓનાં ફંડના તરસ્ટી સાહેબોના બોલાવ્યાથી આજ દીને સવારનાં મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆવાલાં આતશબેહરાંમ મધે એક જાહેર જશનમાં જરથોસ્તીઓની મોટી સંખીઆ હાજર થઇ હતી. જશનની ક્રિઆ પાંચ દસ્તુરોએ શરૂ કીધી હતી જે પુરી થવા બાદ હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટની ફરમાસ ઉપરથી શેઠ નશરવાંનજી બેહરાંમજી સેકરેટરીએ તરસ્ટીઓ તરફથી એક અંજુમન પત્ર વાંચી સંભલાવયો, જેમાં જણાવયું હતું કે આ બેગી મલેલી શગસ્ત જરથોસ્તી અંજુમન તરફથી નામદાર શાહનશાહબાનું ઉપર તારની મારફતે મુબારકબાદીનો સંધેશો મોકલવામાં આવશે.૪ એ પછી દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાએ ઉઠી એક બંદગી વાંચી સંભલાવી જે વેલાએ સરવે લોકો ઉભા થાઇ તેમાં શામેલ થયા હતા.૫

તા૦ ૧૩ મી મારચ.

ખાંનસાહેબ મેહરજીભાઇ કુવરજી તારાપોરવાલાને કોલાહપોરની કોરટના ચીફ જસટીસ તથા ત્યાંની કૌનસીલના એક અધિકારી ઠેડવ્યા૬

તા૦ ૧૬ મી મારચ.

નીચલા વારસી ગ્રહરથોને નામદાર સરકારે નવા સુલેહના અમલદારો ઠેડવયા હતા :—ડાકટર કાવશજી હોરમજજી બીલીમોરીઆ, શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજી૭

---

૧ "ઈરાંનમાં મુસાફરી, ૨૭ આપ્રેલ ૧૮૭૮ થી તે ૨૨ મી મે ૧૮૮૦ સુધી. જાતે કરેલી શોધ તથા તપાસનાં વરણુન તથા ચિત્રો સાથ. કર્તા, કાવશજી દીનશાહજી કેઆસના. મુંબઈ, દફતર આશકરા છાપાખાનાં મધે રૂસતમજી નવરોજજી ખંબાતાએ છાપ્યું છે. યજદેજરદી ૧૨૫૧ —— સન ૧૮૮૨."

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨ જી મારચ ૧૮૮૨

૩ બોમ્બે ગેઝેટ, તા૦ ૪ થી મારચ ૧૮૮૨

૪ એ મુજબ હાનરેબલ સર જમશેદજીએ એજ દીને નામદાર માહરાંણી ઉપર પ્રીનસ આફ વેલસની મારફતે નીચે મુજબ તારનો સંધેશો મોકલયો હતો, અને તેનો નીચે પ્રમાણે તારમાંજ ઉતર આવયો હતો—

From Sir JAMSETJEE JEEJEEBHOY, Baronet, Bombay to his Royal Highness the PRINCE OF WALES, London.

The Parsee community of Bombay, assembled at a public thanksgiving to the Almighty for Her Majesty's providential escape, desire me to convey to Her Majesty through your Royal Highness their most respectful and heartfelt congratulations. Bombay, 12th March 1882.

Reply from His Royal Highness the PRINCE OF Wales to the Hon'ble Sir JAMSETJEE JEEJEEBHOY, Baronet.

Pray thank the Parsee community of Bombay for their kind t[illegible]

[illegible] સુરત, પુણાં, હેદરાબાદ, મઉ, વગેરેના જરથોસ્તીઓએ પણ એજ મુજબ જશનો કીધાં હતાં

૫ જામે જમશેદ, તા૦ ૧૩ મી મારચ ૧૮૮૨.

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૬ મી મારચ ૧૮૮૨

૭ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૬ મી મારચ ૧૮૮૨

તા૦ ૧૮ મી મારચ.

રોજ ૧ માહા ૮ (ક૦) ૧૨૫૧ ય૦

મરણ—હોરમજજી જાંગીરજી દાદીશેઠ—ઉમર વરસ ૬૨) શેઠ જાંગીરજી અરદેશર દાદીશેઠના બીજા દીકરા. એવણ પેહલવેહલા ઇ૦ સ૦ ૧૮૩૭ માં મીશીઅરસ જાન સ્કીનરની અને તે બાદ લીકીની કુંપનીમાં ગોડાઉનકીપર, તથા તે પછી થોડુંક સુધી મીશીઅરસ આહમ કુંપનીના દલાલ થયા હતા. છાસટી મધે એવોના વડવાઓને મલેલાં દઈસર, એકસર, અને માગાથાંન ગામની જાગીરોનો વહીવંટ એવણ પોતાના ભાઈઓ સાથે ચલાવતા હતા.[1]

શેઠ કાવશજી દાદાભાઇ નાએગાંમવાલા, એમ. એ. ને એલફીનસટન કાલેજમાં સિદ્ધ પદાર્થ વિજ્ઞાનના "લેકચરર" તરીકે નેમ્યા.[2]

તા૦ ૨૦ મી મારચ.

રોજ ૩ માહ ૭ શે ૧૨૫૧ ય૦

મરણ—નશરવાંનજી મેહરવાંનજી ખાંનસાહેબ—ઉમર વર્ષ ૨૯) શેઠ જમશેદજી રતનજી બેલગાંમવાલાના નમીરા. એવણ ઝાકપાણુનીં વિધ્યા તથા હિંદુસ્થાંની ભાષાથી સારી રીતે તથા માહીતગાર હતા, અને એ ભાષામાં કેટલાક નાટકો લખ્યા ગાયણો જોડયાં હતાં, તેમજ "મેહર મસતની મુસાફરી" નામનું પુસ્તક પ્રસિદ્ધ કીધું હતું.

તા૦ ૨૩ મી મારચ

રાહનુમાએ માજદીઅસનાન સભાની તરફથી શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ ગઇ તા૦ ૧૮ મી મારચને દીને જમશેદી નોરોજ ઉપર એક ભાશાણ કીધું, તથા તેની સેવટે સભામાં બાહલ રાખવાને આ પ્રમાણે દરખાસ્ત મુકી હતી :— "આ સભાને એવું જણાય છે કે જરતોશતી ધરમમાં નવાં વરસની શરૂઆત જમશેદી નોરોજથી ઇયાને તા૦ ૨૧ મી મારચ જે દીને સુરજ મેસ રાસીમાં આવેછે તે દીનથી શરૂ થવી જોઇએ." આ દરખાસ્ત ઉપર તકરાર કરવા તથા વીચારો આપવાને આજ દીને એક જાહેર સભા મલી હતી. સરનશીનની ખુરસી શેઠ નવરોજજી ફરદુનજીએ લીધા બાદ શેઠ જમશેદજી નશરવાંનજી પીટીટ તરફથી આવેલો એક પત્ર કે જેમાં તેવણે ઉપલી દરખાસ્તમાં કાંઇક શબ્દો વધારવાની સુચના કીધી હતી તે વાંચી સંભલાવયો, જે બાદ કેટલીક તકરાર થવા પછી શેઠ ખરશેદજીની દરખાસ્તને એ૦ એદલજી કેરશાસપજી આંતીઆએ ટેકો આપયો, અને સરનશીને તે પસાર થયલી જણા[illegible]

તા૦ ૨૫ મી મારચ

શેઠ અરદેસર શોરાબજી દસ્તુર કામદીનજીનાએ "પારસીઓનું નવું તથા કસરતું વરશ, તથા રપીથવન અને ગાહમબારોનાં જશનો"[4] તેમજ "ગાહામબારો ઉતર દક્ષીણ ગોલારધોમાં શું જુદે જુદે હીગામે કરવા જોઇએ?" એ બાબદ ઉપર બે જુદાં જુદાં ચોપાંનીઆં છપાવી પ્રસીધ કીધાં[5]

તા૦ ૩૧ મી મારચ

સુરત મધે ગોટીનાં આદરાંનનાં નામથી જણાયલાં એક પુરાતમ ધરમનાં મકાંનના મેનેજર શેઠ નશરવાંનજી ફરાંમજી વાસણવાલા ઉપર આદરાંનના હીસાબમાંથી ૩૬૧) ની રકમ ઉચાપત કરવાના તથા બીજા વાંકો મેલી શેઠો શોરાબજી રૂસતમજી નાણાંવટી અને આદરજી મનચેરજી જોશીએ ત્યાંના મોદીજીની આંગેવાંની હેઠલ ત્રણ ચાર મરતબે ઈનસાફની અદાલતમાં ઘસડયા હતા, પણ તે બધાં તોહમતમાંથી તેવણ મોકલા થયા. આ ઉપરથી સુરતના પારસીઓએ તેમને થયલા ખરચમાં ૩૮૦૦) ની તથા મુંબઈના પારસીઓએ ૩૭૩૮) ની રકમ બેટ આપી હતી.[6]

તા૦ ૩ જી આપરેલ.

અહમદનગરના કલેકટર મી૦ વેડરનબરનની બદલી થવાથી તેને આજ દીને તયાંના ૧૫૦૦ દેશીઓએ વીસરાંમ બાગમાં બેગા મલી ખાંનબાહદુર નશરવાંનજી ખરશેદજી ગોદ્રેજપોરીઆની આગેવાંની હેઠલ એક માનપત્ર આપયું હતું.[7]

તા૦ ૧૫ મી આપરેલ.

વરોડાનાં છેલ્લાં પ્રદરશણમાં બીલીમોરાના એક રેહવાસી શેઠ શોરાબજી જામાસપજીને પોતાને હાથના બનાવેલા હાંથીદાંત, સુખડ, તથા અબનુસના સુંદર "વરકીંગ બાકસો" દેખાડવા માટે સોનાના ચાંદનું ઇનામ મલયું હતું.[8]

---

૧ મરહુમ શેઠો જાંગીરજી અને ખરશેદજી હોરમજજી દાદીશેઠના બાવા તથા મરહુમ ડાકટર હીરજી જાંહગીર દાદીશેઠના બાવા.

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૩ મી મારચ ૧૮૮૨.

૩ જામે જમશેદ, તા૦ ૨૫ મી મારચ ૧૮૮૨.

૪ "પારસીઓનું નવું તથા કસરનું વર્ષ, તથા રપીથવન અને ગાહમબારોનાં જશનો વીશે. બનાવનાર, અરદેસર સોરાબજી દસ્તુર કામદીનના. મુંબઈ, દફતર આશકારા છાપાખાનાં મધે રૂસ્તમજી નવરોજજી ખંબાતાએ છાપયું છે. સને ૧૮૮૨ ઈસવી"

૫ "ગાહમબારો ઉત્તર દક્ષિણ ગોળારધોમાં શું જુદે જુદે હીંગામે કરવા જોઈએ? બનાવનાર, અરદેસર સોરાબજી દસ્તુર કામદીનના, મુંબઈ, દફતર આશકારા છાપાખાંનાં મધે રૂસ્તમજી નવરોજજી ખંબાતાએ છાપીઉં છે. સને ૧૮૮૨ ઈસવી"

૬ મુંબઈ સમાચાર, આગશટ ૧૮૮૨

૭ બોમ્બે ગેઝેટ, તા૦ ૭ મી આપરેલ ૧૮૮૨

૮ જામેજમશેદ, તા૦ ૧૮ મી અપરેલ ૧૮૮૨.

શેઠ શેરાબશાહ બેહરાંમજી ડાકટરે ઈંગ્રેજી-ફારસીની એક ડીક્ષનરી છપાવી મુંબઇના ગવરનર સર જેમસ ફરગયુસનને અરપણ કીધી.[1]

શેઠ પેશતનજી કુવરજી તાસકરે ફારસી બાષાનાં બ્યાકરણની એક ચોપડી ઈંગ્રેજીમાં છપાવી પ્રગટ કીધી.[2]

તા૦ ૧૬ મી આપરેલ.

અમદાવાદના કલેકટરના હેડ-કલારક શેઠ હોરમજજી આદરજી પટેલને રેવાકાંઠામાં આવેલાં સુથરામપોરનાં રાજ્યના દીવાંન નેમવામાં આવ્યા.[3]

તા૦ ૧૭ મી આપરેલ.

રોજ ૧ માહ ૮ (શે.)૧૨૫૧ ય૦

મરણ—બહમનશાહ કાવશજી વકીલ—ઉમર વરસ ૪૯) એવણ પ્રથમમાં મી૦ હીનટનવાલી સ્કુલમાં લાંબો વખત સુધી એક શીક્ષક હતા. તે બાદ ઈ૦ સ૦ ૧૮૫૬ માં અતરેના સરકારી વકીલ મી૦ જે. પી. બીકરસટેથના મેનેજીંગ કલારક થયા હતા, અને તેજ ધંધામાં આખી જીંદગી ગુજારી હતી, જેના અનુભવથી પોતે અરધા વકીલ જેટલી ખબર દારી રાખતા હતા. ઈ૦ સ૦ ૧૮૭૧ ના ઈરાંનના દુકાલ વખતે અતરે આવતા લાચાર ઈરાંનીઓની બરદાસ્ત લેવાનું કામ એવણે કેટલુંક સુધી બજાવ્યું હતું.[4]

તા૦ ૧૮ મી આપરેલ.

મુંબઈના ચીફ-જસટીસ સર માઈકલ વેસ્ટરાપ પોતાનો ઓધો છોડી ઈંગલાંડ જનાર હોવાથી આજ દીને અતરેના રેહવાસીઓ તરફનું એક માનપત્ર વાલકેશર તે નામદારને બંગલે એક વગવાનાં ડેપયુટેશને સર જમશેદજી જીજીબાઇ બારોનેટનાં પ્રમુખપણાં હેઠલ જઈ આપયું હતું.[5]

તા૦ ૧૯ મી આપરેલ.

કલીઆંણીની પાસે આવેલાં બીમડી ગામ મધેનાં ધરમનાં દવાખાંનાને માટે એક ઇમારત બાંધવાને તયાંના રેહવાસીઓએ રૂ૨૨૦૦) તથા મયુનીસીપાલીટીએ રૂ૨૦૦૦) એકઠા કીધા હતા, પણ તે રકમ પુરતી ન જણાયાથી થાંણાના આસીસ્ટંટ કલેકટર મી૦ લારેનસની બલાંમણ ઉપરથી શેઠ દીનશાહજી માંણેકજી પીટીટ પોતાની તરફથી તેમાં રૂ૫૦૦૦) ઉમેરી આપયા હતા. જે મુંબઈની સરકારે આજ દીને ઉપકાર સાથે બાહલ રાખી એ દવાખાંનાંનું નામ "દીનશાહ માણેકજી પીટીટનું પોતાની મરહુમ દીકરી બાઇ ગુલબાઈની યાદગારીને માટેનું ધરમનું દવાખાંનું" એ રીતે રાખવાને ઠેરવ્યું હતું.

તા૦ ૨૭ મી. આપરેલ.

શેઠ હોરમજજી દાદાભાઈ પલીડરને અતરેના સમાલકૉઝ કોરટના કામ ચલાવે ચોથા જડજ નેમયા.[6]

પુણાંની સાએનસ કાલેજના ખેતીવાડીના વરગની સેવટની પરીક્ષામાં એક પારસી શેઠ બહમન રૂસતમ ઇરાંની પસાર થયો હતો.[7]

તા૦ ૧ લી મેએ.

વલસાડની પાસે આવેલાં ખેરગાંમ મધે બાઈ મોટીબાઇ તે મરહુમ શેઠ બહમનજી જમશેદજી મુલ્લાંનાં વીધવાએ બંધાવેલું દોખમું જેનો તાંણો પુરવાની ક્રિઆ ગયે વરસ નવસારીના ભગર સાથનાંમોબેદોએ કીધી હતી, તથા આએ વરસ ઇજવાની ક્રિઆ પણ તેઓજ કરનાર હોવાથી ઉદવારાના મોબેદોએ એ ગામનાં પંથક ઉપર પોતાના હક બાબેની ફરીઆદી વલસાડના સબારડીનેટ જડજની કોરટમાં માંડી હતી, પણ તે દરમેઆંન ઉપલી દોખમું ઇજવાની ક્રિઆનો દીવસ આવતી તા૦ ૨૧ મી મેએનો ઠેરવ્યાથી તે ક્રિઆ આ મુકદમાંનું સેવટ આવે તયાંસુધી અટકાવવાનો ઉદવારાના મોબેદો તરફથી નવસારીના ભગર સાથના મોબેદો તથા મજકુર બાઈ મોટીબાઈ ઉપર મનાઇ હુકમ (ઈંજંકશન) મેલવયો હતો, જેને લગતી તકરાર ગઈ તા૦ ૨૪ મી આપરેલે વલસાડના સબારડીનેટ જડજ રાવસાહેબ કરીશનામુખરાંમ આતમારાંમની હજુરમાં આખો દીવસ ચાલવા બાદ આજ દીને જડજે તે હોકમનામું ઉરાડી નાખી ઉપલો ભગર સાથના મોબેદોનો ક્રિઆ કરવાનો અટકાવ કાઢી નાખયો હતો.[8]

તા૦૪ થી મેએ.

આ સાલની ડીસ્ટરીકટ પલીડરની પરીક્ષામાં નીચલા ચાર પારસીઓ પસાર થયા હતાઃ--શેઠો બરજોરજી નશરવાંનજી વકીલ, જમશેદજી દોરાબજી ખંડાલેવાલા, શેરાબજી પેશતનજી માસતર, હોરમજજી હીરજીભાઈ વાડીઆ.[9]

[illegible] શેરાબજી માણેકજી કાકા, એલ. એમ. એન્ડ એસ. ને [illegible] "ટરાવલીંગ વાટર એનાલાઈસ્ટ" ઠેરવ્યા.[10]

---

1 "The student's English and Persian Dictionary, by Sorabsha Byramji Doctor. Surat. Printed at the Irish Presbyterian Mission Press. 1882."

2 "A Grammar of the Persian tongue, by Pestonji Cooverji Tasker, Part I. Accidence. Bombay. Printed at the Education Society's Press. 1882."

3 મુંબઈ સમાચાર, તા૦ ૧૫ મી આપરેલ. ૧૮૮૨

૪ શેઠો જમશેદજી, (સરકારના રેવન્યુ ખાતાંવાલા) ખા૦બા૦ રૂસતમ, જહાંગીર, તેહમતન, અને દીનીયાર બહમનશાહ વકીલના બાવા.

૫ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૧૯ મી આપરેલ ૧૮૮૨ એનામદાર તા૦ ૨૨ મી આપરેલે અતરેથી વદાય થયો હતો.

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૭ મી આપરેલ ૧૮૮૨

૭ " " " " " "

૮ મુંબઈ સમાચાર, તા૦ ૨૭ મી આપરેલથી ૩જી મેએ ૧૮૮૨

૯ બોમબે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૪ થી મેએ ૧૮૮૨

૧૦ " " " " " "

શેઠ બેહરાંમજી મેહરવાંનજી મલબારીએ પોતાની હિંદુસ્થાંનની મુસાફરીને દરમેઆંન આજદીને જેપોર મધે માહરાજાની કાલેજમાં પ્રોફેસર મેકસ મુલરનાં "હીબરટ લેકચરસ" નો હિંદુસ્થાંનની જુદી જુદી ભાષાઓમાં તરજુમો કરાવવા બાબે એક જાહેર ભાષાણુ કીધુ હતું.૧

તા૦ ૮ મી મેએ.

બાઈ જાઈજી તે શેઠ કાવશજી હોરમજજી રૂસતમ ફરાંમનાં બેટીએ આજદીને પોતાના દીકરા ફરાંમરોજની નવજોતની ખુશાલીમાં રૂ૧૦૦૦) ધરમ ખાતાંમાં આપયા. ૨

બાઇ બચુબાઈ તે સુરતવાલા મરહુમ શેઠ મેહરવાંનજી હોરમજજી ફરેજરનાં બેટીએ સુરતનાં પંચાએતના મેનેજરો હસ્તક રૂ૩૦૦૦) ની સરકારી નોટ તેનાં દર વરસનાં વયાજ મધેથી સુરતની કેરાંની વખાર આગલનો અભારો ભરાવવા તથા બાકી રકમ રવાંનોને અવલમંજલ પોહચાડવાનાં ફંડમાં વાપરવાને આપી.૩

તા૦ ૯ મી મેએ

રોજ ૨૩ માહ ૮ (શે) ૧૨૫૧ ય૦

મરણ—શોરાબજી કાવશજી પાંઉવાલા—ઉમર વર્ષ ૬૪) શેઠ કાવશજી દોરાબજી પાંઉવાલાના નાથલા દીકરા. એવણે ઇ. સ. ૧૮૩૬ માં અતરેનીં નેટીવ એડયુકેશન શોસાઈટીની મોટી સ્કુલમાંથી "વેસ્ટ સ્કાલર" નીંપદવી મેલવી હતી. તે પછી લાંબી મુદત સુધી અતરેનીં શેક્રેટરીએટમાં હતા.

તા૦ ૧૦ મી મેએ

ઈંગલાંડનાં રાંજબંધણ વિષેનું એક પુસ્તક શેઠ કાવશજી નવરોજજી વેશુવાલાએ શેઠ જનંગીરજી બેજનજી કરાંનીની મારફતે પ્રસીધ્ધ કીધું.૪

તા૦ ૧૩ મી મેએ.

સંજાણુની પાસે આવેલાં ઉમરગાંમ મધે એક ધરમનું દવાખાંનું સ્થાપવા માટે શેઠ દીનશાહજી માણેકજી પીટીટે રૂ૧૦૦૦૦) ની રકમ થાંણાના કલેકટર મી૦ ડબલ્યુ. બી.. મયુલકની મારફતે સરકારમાં આપવાને ગઇ તા૦ ૧ લી મારચને દીને જણાવયું હતું, અને જે રકમ મુંબઈની સરકારે આજ દીને ઉપકાર સાથે બાહલ રાખી એ દવાખાંનાંનું નામ "દીનશાહ માણેકજી પીટીટનું પોતાના મરહુમ દીકરા કાવશજી દીનશાહ પીટીટની યાદગારીને માટેનું ધરમનું દવાખાનુ" એ રીતે રાખવાને ઠેડવયું હતું.

તા૦ ૧૬ મી મેએ.

રોજ ૩૦ માહ ૮ (શે) ૧૨૫૧ ય૦

મરણ—અરદેસર હોરમજજી વાડીઆ ૫—ઉમર વરસ ૭૦) શેઠ હોરમજજી બહમનજી વાડીઆના નાથલા દીકરા. એવણ તા૦ ૧૨ મી નવેમબર ૧૮૩૩ ને દીનથી પોતાના વડા બાઈ શેઠ બહમનજી સાથે મલી "બી. એંડ એ. હોરમજજી" ને નામની પહેડી કાઢી ચીન તથા ઈંગલાંડનો વયાપાર તેમજ ફારબસની કંપનીની દલાલી તથા લંડનવાલી ડાનીઅલ દીકીનસનની પેહેડીની અતરેની આડતનું કામ ચલાવતા હતા. એઓની પેહડીનાં ચારલસ ફારબસ તથા લવજી ફેમીલી નામનાં એ વાહણો હતાં. ઇ૦ સ૦ ૧૮૬૨ માં વડા ભાઇ શેઠ બહમનજીનાં મરણથી એવણ એખલા એ પહેડીના માલેક થયા હતા. બ્યાપારી, વહાણવતી, અને નાણાંવટી તરીકે એવોએ ઘણી સારી આંટ તથા આબરૂ મેલવી હતી. ઇ૦ સ૦ ૧૮૪૦ માં નામદાર સરકારે એવણુને સુલેહના અમલદાર તથા ૧૮૪૧ માં કોરટ ઓફ રીકવેસટસના ઓનરરી કમીશનરનું માન આપ્યું હતું. મુંબઇ મધે ચંદનવાડીના રસ્તા ઉપર એવણે પોતાના ભાઇઓ બહમનજી તથા રૂસતમજી અને માતાજી બાઇ મીઠીબાઈની સાથે મલી પોતાના મરહુમ બાવાની નઇએતે શેહેનશાહી જરથોસ્તીઓને માટે આતશબેહેરામ પરઠાવ્યા હતા. ઇ૦ સ૦ ૧૮૫૯ થી પરેલની લવજી વાડીઆ ડીસ્પેનસરી તથા નવસારીનાં ધરમનાં દવાખાંનાંનો ખરચ એવણ ચલાવતા હતા, તથા ૧૮૭૦ માં એલાવ મધે એક ધરમનું દવાખાનું સ્થાપ્યું હતું. અને ૧૮૭૧ માં મારવાડ મધે એક મોટો તલાવ બંધાવ્યો હતો. એ ઉપરાંત મનુષ્યનો જીવ ઉગારનારાં દરેક ધરમનાં કામમાં એવણે મોટી રકમો આપી હતી. પારસીઓનાં આગલા વખતનાં કેટલાંક આબરૂદાર ખાંનદાંનો જેઓ જમાનાના દોરથી લાચારીમાં આવી પડેલા હતાં તેમનાં ગુજરાનને માટે દરમાયા તરીકે એઓ દર માસે રૂ ૪૦૦૦) સુધી છુપી રીતે આપતા હતા,૬

---

૧ ટાઈમસ આફ ઈંડીઆ, તા૦ ૧૧ મી મેએ ૧૮૮૨

૨ જામે જમશેદ, તા૦ ૯ મી મેએ ૧૮૮૨

૩ " " ૧૨ મી મેએ ૧૮૮૨

૪ "વિલાયતનું રાજ બંધણ. એ મથાલાં તલે જ્ઞાનવરધક ચોપાનિયાંમાં આવેલાં છુટાં છુટાં લખાણુનો સંગ્રહ. લખનાર, કાવશજી નવરોજી વેશુવાલા. મુંબઈ: જેહાંગીર બેજનજી કરાણી, પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર. ૧૮૮૨."

૫ મરહુંમ શેઠો નશરવાંનજી, હોરમજજી, અને ખરશેદજી, તથા શેઠો જમશેદજી, પેશતનજી, બહમનજી, અને જાંગીર અરદેશર વાડીઆના બાવા.

૬ એવણુનાં મરણ બાબે દલગીરી બતાવવા મુંબઈના નામદાર ગવરનર સર જેમસ ફરગયુસને માહબલેસરથી તા૦ ૧૮ મી મેએને દીને નીચલો તારનો સંદેશો એમના દીકરા શેઠ હોરમજજીપર મોકલ્યો હતો.

"Accept for yourself and family my sincere condolence on the death of your respected father for whom I entertained a cordial friendship."

તા० ૧૮ મી મેએ

આજ દીને મરહુમ શેઠ અરદેસર હોરમજજી વાડીઆના ફડમણામાં તેમનાં વીધવા બાઇ મેહરબાઇએ રૂ ૫૦૦૦) તથા દીકરાઓ શેઠો હોરમજજીએ રૂ ૧૦૦૦૦), જમશેદજીએ રૂ ૫૦૦૦), નશરવાનજીએ રૂ૧૦૦૦), પેશતનજીએ રૂ૧૦૦૦), તથા દીકરીઓ બાઈ ધનબાઇએ રૂ૧૦૦૦), બાઇ આઇમાએ રૂ ૫૦૦), તથા બાઇઓ મીઠીબાઇ, પુતલીબાઇ, અને દીન બાઇએ રૂ ૨૦૦૦), તથા શેઠો હોરમજજી રૂસતમજી ઉમરીગર અને રૂસતમજી ભીખાજી નરીમાંને રૂ ૫૦૦), મલી કુલે રૂ ૨૬૦૦૦) ધરમખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી.[1]

તા० ૨૧ મી મેએ.

વલસાડના પાસે આવેલાં ખેરગામ મધે આજ દીને મોટીબાઇ તે મરહુમ શેઠ બહમનજી જમશેદજી મુલ્લાંનક વીધવાએ પોતાના તથા પોતાના ખાવંદના પુનને માટે એ દરેમેહર, દોખમું તથા શગડી બંધાવી આજ દીને પરહાવ્ય હતાં. જશનની ક્રિઆ પુરી થવા બાદ બાઈ મોટીબાઈ તરફથી એક અંજુમન પત્ર વાંચી સંભલાવવામાં આવ્યો હતો, જેમાં મજકુર દરેમેહર મધે સર્વે ક્રિઆ ભગર સાથના મોબેદોએજ કરવી એમ જણાવેલું હતું. એ બાદ ખેરગામવાલા શેઠ ભીખાજી મેહરજી પટેલે ત્યાંની અંજુમન તરફથી એક માનપત્ર તથા શેઆલ બાઇને અરપણ કીધી હતી, તથા બાઇએ પોતા તરફથી શેઠ ભીખાજીને તથા નવસારીના દસ્તુર દારાબજી માહીઆરજીને તથા આએ કામના મેનેજરો આ० રૂસતમજી એદલજી બામજી, આ० કેકોબાદ ખરશેદજી મોદી, આ० આદરજી એદલજી નરીમાંન અને આ० રૂસતમજી પાલણજી આદનને એકકી શેઆલ હોરાડી હતી. બાદ ચાશની કરી સર્વ લોક વદાય થયું હતું.[2]

તા० ૨૪ મી મેએ.

શેઠ હીરજીભાઇ અરદેસર દાદીશેઠે પોતાના બાપ શેઠ ખરશેદજીનાં લગનની ખુશાલીમાં ચોપાતીની મરહુમ દાદીશેઠ વાલી પુરાતમ વાડી મધે આજ રાત્રે અતરેના આગેવાન તથા જાણીતા ઇંગ્રેજ અને દેશી ગૃહસ્થોનો એક મોટો મેલાવડો કરી નાચ તથા જીયાફત આપી હતી.[3]

તા० ૨૫ મી મેએ.

શેઠ એદલજી દીનશાહ શરાફ તરફથી કરાંચી મધે જરથોસ્તી રવાનોને અવલમંજલ પોંહચાડવા માટે પગારદાર નશાશાલાર તથા ખાંધીઆઓ રાખવાને એક ફંડ ઉભું કરવાને રૂ ૧૦૦૦૦) ની રકમ ભેટ આપવાને આજ દીને ત્યાંની દરેમેહરની શાલગરેહનાં જશનની મીજલસમાં શેઠ એદલજી દોરાબજી તલાટી, બી, એ. એ એક અંજુમનપત્ર વાંચી સંભલાવ્યો, જે ઉપરથી અંજુમન તરફથી એ શેઠને એક માનપત્ર આપવા તથા શેઆલ હોરાડવાનો ઠેરાવ થયો હતો.[4]

એજ શેઠ એદલજી દીનશાહ શરાફે કરાંચી મધેનાં ધરમનાં દવાખાનાંને માટે એક ઇમારત બાંધવાને રૂ.૫૫૦૦)ની રકમ ત્યાંની મ્યુનીસીપાલીટીને ભેટ આપી હતી તે મધે મ્યુની-સીપાલીટીએ બીજી એટલીજ રકમ ઉમેરી એક સુંદર મકાન બંધાવી તેનું નામ "એદલજી દીનશાહ ચારીટેબલ ડીસપેનસરી" ઠરી રાખ્યું હતું, અને તે મકાનને ખોલ્લું મુકવાની ક્રિઆ આજ દીને સીંધના ચીફ–કમીશનર મી० એરસકીને કીધી હતી.[5]

શેઠો એદલજી જમશેદજી ખોરી અને નશરવાનજી ફરામજી ભંડારાએ ઇંગલંડ મધે બારીસટરની પરીક્ષા ફતેહ મંદીથી પસાર કીધી.[6]

---

1 જામે જમશેદ, તા० ૧૯ મી મેએ ૧૮૮૨.

૨ જામે જમશેદ, તા० ૨૩ મી મેએ ૧૮૮૨.

આ દરેમેહર તથા દોખમું પરઠવાના જશનમાં શામેલ થવાને બાઈ મોટીબાઈએ તા० ૧૧ મી મેએ ૧૮૮૨ ને દીનેથી મુંબઇના ગુજરાતી વરતમાનપતરોમાં જાહેર ખબર છપાવી સર્વે જરથોશતીઓને અરજ કીધી હતી. એ દરેમેહર ઉપર નીચલી તખ્તી મારેલી છેઃ–

"શ્રી દાદાર હોરમજદની મદદ હોજો. આએ દરેમેહર
"મુંબઈવાશી બાઈ મોટીબાઈએ પોતાના તથા પોતાના ખાવંદ
"મરહુંમ એરવદ બમનજી જમશેદજી મુલ્લાં તે નોશારીના
"ભગરીઆનાં પુનને સારૂ શ્રી ખેરગામમાં બંધાવી છે. રોજ ૫
"મો અસપંદારમંદ અમશાશપંદ માહા ૯ મો આદર ઈજદ
"સને ૧૨૫૧ યજદેજરદી-સંવત ૧૯૩૮ નાં જેઠ શુદ ૪ ને વાર
"રવેઉ, તા० ૨૧ મી મેએ સને ૧૮૮૨"

દોખમા ઉપર નીચે મુજબ તખ્તી મારેલી છેઃ– *

* શ્રી દાદાર હોરમજદની મદદ હોજો.

"આએ દોખમું મુંબઈવાશી બાઇ મોટીબાઈએ પોતાના
"તથા પોતાના ખાવંદ મરહુમ એરવદ બમનજી જમશેદજી મુલ્લાં
"તે નોશારીના ભગરીઆના પુનને સારૂં શ્રી ખેરગામ મધે
"બંધાવીઉં છે. રોજ ૫ મો સપંદારમદ અમશાશપંદ માહા ૯
"મો આદર ઈજદ સને ૧૨૫૧ યજદેજરદી-સવંત ૧૯૩૮ નાં
"જેઠ શુદ ૪ ને વાર રવેઉ, તા० ૨૧ મી મેએ સને ૧૮૮૨."

એજ દરેમેહરને લગતો એક મોટો હાલ બાઈ મોતીબાઈએ બંધાવી તે તા० ૩૧ મી આગશટ ૧૮૯૨ ને દીને જશન કરી ખોલ્લો મુકયો હતો.

૩ ટાઈમસ ઓફ ઈંડીઆ, તા० ૨૬ મી મેએ ૧૮૮૨.

૪ રાસ્ત ગોફતાર, તા० ૪ થી જુન ૧૮૮૨.

૫ બોમ્બે ગેઝેટ, તા० ૫ મી જુન ૧૮૮૨.

૬ ટાઇમ્સ આફ ઇંડયા, તા० ૨૫ મી મેએ ૧૮૮૨.

ડાકટરો હોરમજજી ડોશાભાઇ પેશીકાકા અને હીરાજી જાંગીરજી ખંબાતાને ગોકલદાસ તેજપાલ હાસ્પીટલના હાનરરી આસીસટંટ સરજીયનો ઠેડવ્યા હતા.૧

શેઠ બરજોરજી શોરાબજી ચીકન છાપનારે બબરચીની ચોપડી અથવા સ્વાદીષ્ટ પકવાનસાગર નામનું પુસ્તક છપાવી પ્રગટ કીધું.૨

———

તા૦ ૨૬ મી મેએ.

રોજ ૧૦ માહ ૯ (શે૦) ૧૨૫૧ ય૦

મરણ—શોરાબજી જમશેદજી જીજીભાઇ૩–ઉમર વરસ ૫૭) સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટના નાધલા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૪૯ ના આગશટ માસમાં સરા જમશેદજી જીજીભાઇના છોકરાઓની પેહડીમાં ભાગ્યા તરીકે શામેલ થયા હતા. ઇંગ્રેજી તથા ફારસી ભાષાનેર એવણે સારી રીતે અભીઆસ કીધો હતો, તથા તવંગ પારસીઓના સાહેબજાદાઓમાં એક ગ્રંથકાર તરીકે એવણ પેહલ વેહલા હતા. ઈ૦ સ૦ ૧૮૪૮ માં એવણે 'તોહફએ જમશીદ,' ૧૮૫૧ માં 'તકવીઅતે દીને માજદીઅશનાં,' ૧૮૫૩ મા 'રાહે પારસા,' ૧૮૫૬ માં 'જોહરે ઝીંદેગાની,' અને ૧૮૬૯ માં 'તોસીફે જરથોશત' નામની કેતાબો રચી પ્રગટ કીધી હતી. તા૦ ૨૭ મી મારચ ૧૮૫૬ ને દીને એવણે અતરેના ટાઉન હાલમાં "માણસ જાતની હૈયાતી" વિષે ગુજરાતીમાં એક જાહેર ભાષાણ કીધું હતું. ઈ૦ સ૦ ૧૮૫૫ માં નામદાર સરકારે એવણને સુલેહના અમલદાર તથા ૧૮૬૦ માં યુનીવરસીટીના ફેલોનું માન આપ્યું હતું. ઓરીસાના દુકાલન ફંડમાં એવણે રૂ ૨૦૦૦૦) ની રકમ બક્ષેશ આપી હતી તેમજ લાનકેશાયર અને બંગાલના દુકાલનાં તથા કછ માડવીની આગના ફંડોમાં મોટી રકમો આપી હતી. ઈ૦ સ૦ ૧૮૬૪ માં એવણ ગુજરાતની મુસાફરીએ ગયા તે વેલાએ અમદાવાદ મધે પોતાને નામની ધર્મશાલા, ભરૂચ મધે હાસ્પીટલ અને સુરત ખાતે હાઈ સ્કુલ બંધાવી હતી. એ ઉપરાંત એવણે બીજી ઘણીક સખાવતો કીધી હતી.

તા૦ ૨૮ મી મેએ.

આજ દીને મરહુમ શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇના ઉઠમણામાં તેમની પોતાની પુંજીમાંથી રૂ ૫૦૦૦), તથા તેમના દીકરી બાઇ હીરાંબાઇ તે શેઠ નાનાભાઇ બેહરામજી જીજીભાઇનાં ધણીઆંનીએ રૂ ૧૦૦૦) તથા વહુ બાઈ બચુબાઇ દીનશાજી પીટીટ અને જમાઈ શેઠ માણેકજી કાવશાજી પીટીટે રૂ ૧૦૦૦) મલી • રૂ ૭૦૦૦) ની રકમ ધર્મખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી હતી. એજ મીજલસમાં દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાએ ઉઠી દરખાસ્ત કીધી અને તેને દસ્તુર એરચજી શોરાબજી મેહરજી રાંણાએ ટેકો આપ્યો કે આપણી ધરમની ક્રિઆઓમાં ગુજરેગોનાં નામ સાથે મરનાર શેઠ શોરાબજીનું પણ નામ લેવું.૪

———

તા૦ ૩૦ મી મેએ.

પુણાની કમીસરીએટ ખાતાંના માજી હેડ કલાર્ક શેઠ દાદાભાઇ પાલણજી બેદવારને તેમની લાંબા વખતની નીમકહલાલ નોકરી માટે નામદાર વાઇસરાએ ખાનબાહદુરનો ખેતાબ આપ્યો હતો, તેને લગતી સનદ આજ દીને આસીસ્ટંટ કમીશરી જનરલ કરનલ બોલટને તેમને આપી હતી.૫

———

તા૦ ૧ લી જુન.

શેઠ પાલણજી બરજોરજી દેશાઇએ "શાહજાદો શાપુર" નામના પોતે લખેલા નાટકનું એક પુસ્તક છપાવી પ્રસિદ્ધ કીધું.૬

શેઠ જાંગીરશાહ એરચશાહ કોહીયારને અતરેની સરકારના આસીસ્ટંટ શેકરેટરી ઠેડવ્યા. પારસીઓમાં આ ઓહદો પેહલવેહલો એવણને મળ્યો હતો.

———

તા૦ ૧૧ મી જુન.

આજ દીને ઇનડોર મધે શેઠ હોરમજજી માણેકજી ભમગરાએ પોતાની બંધાવેલી દરેમેહર મધે પોતાના બાવા મરહુમ શેઠ માકાશાહ રૂસતમજી ભમગરાની નઇએતે આતશદાદગાંહ પરઠાવ્યા.૭

---

૧ બોમબે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૫ મી મેએ ૧૮૮૨.

૨ "બબરચીની ચોપડી અથવા સવાદીસટ પકવાનસાગર જેમાં પારસીઓમાં રંધાતી તરેહવાર પકવાનની બધી મલીને નજદીક ૪૫૦ વાનીઓનો સંગરહ કરીઓ છે. પરસીધ કરનાર બરજોરજી શોરાબજી ચીકણ છાપનાર મુંબઈ, અખ[illegible]ાગર છાપખાનામાં છાપી છે. ઈ૦ સ૦ ૧૮૮૨."

૩ શેઠો બહમનજી, નશરવાંનજી અને મરહુમ શેઠ મેહરવાંનજી શોરાબજી જમશેદજી ના બાવા.

૪ જામે જમશેદ, તા૦ ૨૯ મી મેએ ૧૮૮૨

૫ બોમ્બે ગેઝેટ, તા૦ ૧ લી જુન ૧૮૮૨.

૬ "શાહજાદો શાપુર, અથવા મલતા ચેહેરાની મુશકેલી. એક હાસ્યરસ પાંચ અંકી નાટક. બનાવનાર, પાહલનજી બરજોરજી દેસાઈ. મુંબઈ, દફતર આશકારા છાપાખાંના મધે રૂસ્તમજી નવરોજજી ખંબાતાએ છાપયો છે. ૧૮૮૨."

૭ જામે જમશેદ, તા૦ ૨૬ મી જુન ૧૮૮૨.

તા૦ ૧૨ મી જુન.

રોજ ૨૭ માહ ૯ (શે) ૧૨૫૧ ય૦

મરણ—જામાસપજી રૂસતમજી ગારડા—ઉમર વરશ ૫૫) નવસારીવાલા શેઠ રૂસતમજી નવરોજજી ગારડાના દીકરા. એવણ નવસારી તથા બીજા કસબાઓને લગતાં ગામો ઈજારે રાખતા તેમજ સરકારી કંત્રાકટો અને બ્યાપાર ચલાવતા હતા.

તા૦ ૧૪ મી જુન.

આજ દીને નવસારી મધે મરહુમ શેઠ જામાસપજી રૂસતમજી ગારડાનાં ઉઠમણાંમાં રૂ૧૩૨૦) ધર્મખાતાંઓમાં આપ્યા.૧

શેઠ કુંવરજી અરદેસર દલાલે રૂના હીસાબ ગણવાના નવી ગોઠવણના કોઠાનું એક પુસ્તક છપાવી મી૦ જે. વાઇ લેંગ ને અરપણ કીધું હતું.૨

તા૦ ૨૧ મી જુન.

રોજ ૬ માહ ૧૦ (શે) ૧૨૫૧ ય૦

મરણ—દાદાભાઇ એદલજી આલબલેસ૩-ઉમર વરશ ૫૫) શેઠ એદલજી ફરાંમજી આલબલેસના ચોથા દીકરા એવણ ઈ૦ સ૦ ૧૮૪૫ માં પોતાના બાપની "એદલજી ફરાંમજીના છોકરાઓ" નાં નામથી ચાલતી બ્યાપારી પેહડીમાં શામેલ થઈ પેહલવેહલા ચીન ગયા હતા, અને ઈ૦ સ૦ ૧૮૬૪ સુધીનાં ૧૯) વરસના અરસામાં મુંબઈની બે ચાર બેપ સીવાય બધો વખત ત્યાંજ રહેલા હતા. પોતાના ભાઇઓની સાથે એવણે ગીરગાંમ મધેનો આલબલેસ બાગ પોતાના બાપના નામથી બંધાવી તા૦ ૧૩ મી અકટોબર ૧૮૬૮ ને દીને ખોલ્લો મુકયો હતો.

મરણ—નશરવાંનજી શેરાબજી ચીનાઇ-ઉમર વરશ ૬૬) હેદરાબાદવાલા શેઠ શેરાબજી પેશતનજી ચીનાઇના વડા દીકરા. એવણે પેહલવેહલી પોતાના બાપની સાહેતા હેઠલ તા૦ ૨૫ મી આગશટ ૧૮૩૩ ને દીને જાલના મધે તથા તે પછી સીકંદરાબાદ મધે "નશરવાંનજીની કુંપની" ને નામે ઈંગ્રેજી અશબાબની મોટી દુકાંન કાઢી હતી, જે હજુ સુધી એજ નામથી ચાલુછે. હેદરાબાદ મધે રાજવંશી તથા અમીર ઉમરાવોમાં એવણ સારૂં માન ધરાવતા હતા.

૧ જામે જમશેદ, તા૦ ૨૦ મી જુન ૧૮૯૨.

૨ "Cotton Tables, on a new plan, by Kuverji Ardesir Dalal at Messrs. Lang Moir & Co. Bombay: Printed at the Indian Printing Press, Girgaum 1882."

૩ મરહુમ શેઠો ડોસાભાઈ, હીરજીભાઈ અને નવરોજજી દાદાભાઈ આલબલેસના બાવા.

તા૦ ૨૩ મી જુન.

આજ દીને મરહુમ શેઠ દાદાભાઇ એદલજી આલબલેસનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી રૂ૧૭૦૦૦); તથા બાઇઓ શેઠો માણેકજી, બહમનજી, ધનજીભાઇ, અને હોરમજજીએ રૂ૫૦૦૦); વીધવા બાઇ પીરોજબાઇએ રૂ૧૦૦૦); દીકરાઓ શેઠો ડોસાભાઈ, નવરોજજી અને હીરજીભાઈએ રૂ૩૦૦૦); પિત્રાઇ શેઠ કાવશજી બેજનજી આલબલેસે રૂ૧૦૦૦); તથા બીજાં બેશીઓએ રૂ૭૫૨) મલી જુમલે રૂ૨૭૭૫૨) ની રકમ ધરમખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી હતી.૪

આજ દીને હેદરાબાદવાલા મરહુમ શેઠ નશરવાંનજી શેરાબજી ચીનાઇનાં અતરેનાં ઉઠમણાંમાં રૂ૨૫૨૮) ધરમખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી હતી.૫

તા૦ ૨૪ મી જુન

મુસલમાંનોમાં કેળવણીનો પ્રસાર કરવાને સ્થાપેલી મદરેસાએ અંજુમને ઇસલાંમની તપાસ તથા તેના વહીવટ વિષે રીપોર્ટ કરવાને તે મંડલી તરફથી પાંચ હિંદુ અને શેઠો ખરશેદજી રૂસતમજી કામાજી, પીરોજશાહ મેહરવાંનજી મેહતા એમ. એ: અને કેખશરૂ નવરોજજી કાબરાજીની એક કમીટી ઠેરવી હતી.૬

તા૦ ૨૫ મી જુન.

રોજ ૧૦ માહ ૧૧ (ક) ૧૨૫૧ ય૦

મરણ—ડાકટર જીજીભાઇ બેજનજી૭-ઉમર વરશ ૪૭) શેઠ બેજનજી હોરમજજી હકીમના દીકરા એવણે અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજ મધે વૈદાંની પરીક્ષા પસાર કરી તા૦ ૧૫ મી એપરેલ ૧૮૫૯ ને દીને "ડીપલોમા" મેલવ્યો હતો. જમખંડીની પ્રીનસ ઓફ વેલ્સ હાસ્પીટલના એવણ બે વરસ સરજન હતા.

તા૦ ૨૬ મી જુન.

સંજાણની પાસે આવેલાં નારગોલ ગામ મધે બાઈ ધનબાઇજી તે મરહુમ શેઠ નવરોજજી નશરવાંનજી વાડીઆનાં બેટી તથા શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆનાં ધણીઆંણી વાલી દરેમેહરમાં આજ દીને ત્યાંવાલા શેઠો માણેકજી, મેહરવાંનજી, નવરોજજી, હાજીભાઇ, અને ફરાંમજી રૂસતમજીએ

૪ જામે જમશેદ, તા૦ ૨૪ મી જુન ૧૮૯૨.

૫ જામે જમશેદ, તા૦ ૨૭ મી જુન ૧૮૯૨.

૬ બોમબે ગેઝેટ, તા૦ ૨૭ મી જુન ૧૮૯૨

૭ શેઠો દીનશાહ (સોલીશીટર,) ધનજીશાહ, મરહુમ શેઠ અરદેસર, તથા શેઠો ફરાંમરોજ, બેહરામજી, અને માણેકશાહ જીજીભાઈ ડાકટરના બાવા.

પોતાના માતાજી મરહુમ બાઇ માણેકબાઇની નઇએતે આતશ-દાદગાહ પરઠાવી તેના ચાલુ ખરચ માટે રૂ૩૦૦૦) ની રકમ એલાહીદા કાઢી હતી. ૧

અતરેના કેટલાક જરથોસ્તીઓએ શેઠો નવરોજી નશરવાંનજી વાડીઆ અને નાનાભાઇ ધનજીભાઈ બનાજીની આગેવાની હેઠલ પોતપોતામાં એક ઉઘરાંણું કરી મજગામ તરફ રેહનારાં જુદદીન ઓરતોને પેટનાં નવ જણાંને શુદરેહ કુસ્તી પેહરાવવાની ક્રિઆ આજ દીને કોટ મધેની મરહુમ માણેકજી શેઠવાલી વાડીમાં દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસ્પ આશાના, તેવણુના દીકરો એ૦ ફીરોજજી દસ્તુર જામાસપજી, દસ્તુર જમશેદજી શેરાબજી કુકાદારૂ, અને એરવદો ખુરશેદજી મીનોચેહરજી કટેલી, કાવશજી માણેકજી કાતરક, ખરશેદજી રૂસતમજી માડન, રૂસતમજી બરજોરજી રાંનજી, દાદાભાઇ ફરાંમજી પાવરી, અને હોરમજજી ટેહમુલજી જામાસ્પ આશાના પાસે કરાવી હતી. આ વેળાએ દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાએ એક હેંડબીલ કાઢી આ ક્રિઆ ઘટતી રીતે કરવામાં આવીછે એવી તેમની ખાતરી કરવામાં આવે નહી ત્યાંસુધી એ શુદરેહ પેહરનારાઓને મરહુમ શેઠ હોરમજજી વાડીઆવાલાં આતશબેહરાંમમાં આવવાથી દુર રહેવાની એલતેમાસ કીધી હતી. આ બનાવ માટે પારસી કોમમાં જેમ ઘણાઓ તરફેણ તેમજ વીરૂધ પણ હતા. ૨

તા૦ ૩૦ મી જુન.

મુંબઈની યુનીવરસીટીની "બોરડ ઓફ એકાઉનટસ", ના એક અધીકારી તરીકે શેઠ નાનાભાઈ બેહરાંમજી જીજીભાઇને આજ દીને સીનડીકેટે ચુંટી કાઢયા. ૩

તા૦ ૩ જી જુલાઈ.

રોજ ૧૮. માહ ૧૦ (શે.] ૧૨૫૧ ય૦

મરણ—શેરાબજી એદલજી વજીફદાર—ઉમર વરસ ૫૫) એવણે ઇ. સ. ૧૮૫૦ માં અતરેની એલફીનસટન કાલેજ મધેથી "વેસ્ટ સ્કાલર" ની પદવી મેલવી હતી. ઇ. સ. ૧૮૫૬ માં નવસારીની સર કાવશજી જાંહાંગીર મંદરેસા સ્થાપણ થઇ ત્યારથી તે ઈ. સ. ૧૮૭૧ લગણ એવણ તેના વડા શિક્ષક હતા, અને એ મદરેસા સ્થાપવાનાં કામમાં પણ એવણે આગેવાંની લીધી હતી. નવસારી મધે કેટલાક સુધારાઓનું મંડાણ એવણે કીધું હતું, અને તેને માટે એઓને કેટલાક અણસમજુ લોકોથી ઘણું ખમવું પડયું હતું.

૧ જામે જમશેદ, તા૦ ૧૪ મી જુલાઈ. ૧૮૮૨

૨ મુંબઈ સમાચાર, તા૦ ૨૭ મી જુન. ૧૮૮૨

૩ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૩ જી જુલાઈ. ૧૮૮૨

નવસારી મધે આજ દીને દસ્તુર મોહલ્લાનાં બચ્ચાંઓના ઘાહંબારનાં જશનમાં બાઇ જીવનબાઇ તે આ૦ નવરોજજી શેરાબજી કાંગાની બેટીએ ઘાહંબાર વિષે એક વાએજ કીધી હતીં ૪

તા૦ ૪ થી જુલાઈ.

રાસ્ત ગોફતારના અધીપતી શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજીએ સતીઆ મીત્રના માલેક તથા અધીપતી મનચેરજી કાવશજી શાપુરજી લંગડાના ઉપર ગીબત કરવા, ગુનાહ ભરેલી ધમકી આપવા, અને અપમાંન કરવાનાં તોહમતો મેલી ગઇ તા૦ ૨૮ મી ફેબરવારીએ અતરેની પોલીસના ત્રીજા માજીસટ્રેટ મી૦ પેટરીક રાયનની પાસેથી સમન મેલવ્યા હતા. તે મુકદમો એજ માજીસટ્રેટની હજુરમાં ૧૪ વખત સાંભલવામાં આવ્યો હતો, અને તે દરમેઆંન વાદી શેઠ કેખશરૂની પોતાની તથા તેમના તરફથી શેઠો નાનાભાઈ બેહરાંમજી જીજીભાઈ, હોરમજજી નવરોજજી સકલાતવાલા, એદલજી ખરશેદજી વાચ્છા, કાવશજી દાદાભાઈ નાએગાંમવાલા એમ એ; બહમનજી બેહરાંમજી પટેલ, અને એદલજી રૂસતમજી રીપોરટરની શાક્ષી લેવામાં આવી હતી; જે બાદ નાંમદાર માજીસટરેટે આજ દીને એ મુકદમાનો ચુકાદો આપતાં પરતીવાદીની ચાલ ઉપર સખત ટીકા કરી તેને રૂ૧૦૦૦) નો દંડ અથવા તો ત્રણ માસનાં સાદાં કેદખાંનાંની સજા કીધી હતી, તથા દંડ વશુલ થાયતો તેમાંથી રૂ૫૦૦) વાદીને તેને થયલા ખરચના બદલામાં આપવાને ફરમાવ્યું હતું. પરતીવાદી તરફથી ઉપલો દંડ ભરવામાં આવ્યો હતો. મુંબઇ મધે એક દેશી વરતમાંન પત્રના અધીપતીને ગીબતના વાંકને માટે ફોજદારીમા આવી મોટી સજા આ પેહલીજવાર થઇ હતી. [એ મુકદમો પોલીસ કોરટમાં ચાલતો હતો તે દરમેઆંન પરતીવાદીએ પોતાનાં પત્રમાં તેના ખોટા રીપોરટો છાપયા તે બાબે માજીસટરેટ આગલ ફરીયાદ કીધાથી તે નામદારે તા૦ ૧૬ મી મેએ ૧૮૮૨ ને દીને તેને સખ્તત ઠપકો દઇ ચેતવાણી આપી હતી.]૫

તા૦ ૬ ઠી જુલાઈ.

બરૂચવાલા દસ્તુર દીનશાહજી પેશોતનજી કામદીનજીને ભરૂચ જીલ્લાના હાનરરી માજીસ્ટ્રેટ નેમ્યા. ૬

૪ મુંબઈ સમાચાર, તા૦ ૮ મી જુલાઈ ૧૮૮૨.

૫ આ મુકદમાનું સેવટ આવયા પછી શેઠ કેખશરૂને અતરે તથા દેશાવરનાં સઘલી કોમોના આગેવાંન ગ્રહસથોએ તેવણે પરતીવાદી જેવા એક શખસને ઇનસાફે પોંહચાડવામાં જે હીમત દેખાડી તે માટે એક શાબાસી પત્ર તથા સાથે રૂ૫૯૨૧) ની એક પરસ એ કામમાં તેમને થયલા મોઠા ખરચમાં મદદ તરીકે તા૦ ૧ લી સપટેમબર ૧૮૮૨ ને દીને આપી હતી.

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૬ ઠી જુલાઈ. ૧૮૮૨

સુરતની પારસી મેટરીમોનીઅલ કોરટના એક ડેલીગેટનો ઓહદો ડાકટર માણેકજી ખરશેદજીએ છોડવાથી તેમની જગોએ શેઠ જમશેદજી કાવશજી અંટીને ઠેડવ્યા. ૧

અતરેવાલા બુકસેલર શેઠ જાંગીરજી બેજનજી કરાંનીએ "મુંબઇ પંચ" નામનું દર અઠવાડીઆંના શનીવારનું એક પત્ર આજદીનથી કાઢવા માડયું.૨

તા૦ ૧૪ મી જુલાઇ.

દખણુ હેદરાબાદ મધે જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોંહચાડવાનું એક ફંડ ઉભું કરવાને આજદીને એક સભા મલી હતી, જે વેલાએ રૂ૧૩૦૦૦) ની રકમ એકઠી થઈ, તથા તે ફંડનો વહીવટ ચલાવવાને દસ્તુર બેહરાંમજી જામાસપજી જામાસ્પ આશાના, સરનશીન; દસ્તુર રતનજી જામાસપજી જામાસ્પ આશાના, નાયબે સરનશીન; શેઠ દીનશાહજી બેજનજી તુરકી, ખજાંનચી; શેઠ ઉકરજી ફકીરજી પલીડર, શેક્રેટરી. અને શેઠો એદલજી શોરાબજી ચીનાઈ, ખરશેદજી નશરવાંનજી ચીનાઈ, ફરાંમજી શોરાબજી દોતીવાલા, દોરાબજી ડોશાભાઈ દોતીવાલા, ડાકટર શાવકશાહ શોરાબજી, અરદેશર રતનજી પીલચર અને કાવશજી જીવણજી પેશતનજીની એક કારોબાર મંડલી, તથા મુંબઇવાલા શેઠ મનચેરજી બહમનજી પંથકી જેઓએ રૂ૧૫૦૦)ની રકમ ભેટ આપી હતી, તેમને હાનરરી મેમબર ઠડાવ્યા હતા. ૩

આજદીને મરહુમ બાઇ હીરાંબાઈ તે શેઠ નવરોજજી પેશતનજી કાપડીઆનાં ધણીઆંણીનાં ઉઠમણાંમાં રૂ૧૧૨૨) ની રકમ ધર્મ ખાતાંઓમાં આપી. ૪

તા૦ ૧૫ મી જુલાઇ.

આજ દીને મરહુમ બાઇ મોટીબાઇ તે શેઠ હોરમજજી પેશતનજી બાટલીવાલાનાં વીધવાનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી રૂ. ૧૦૦૦) ની રકમ પરચુટન ધર્મ ખાતાંઓમાં આપી.૫

તા૦ ૧૬ મી જુલાઇ.

રોજ ૧. માહ ૧૨ (ક.) ૧૨૫૧ ય૦

મરણુ—હોરમજજી ધનજીભાઇ ગીસતા૬–ઉમર વરશ ૭૦) એવણ મરહુમ શેઠ એદલજી રૂસતમજી સુનાંવાલા સાથે

---

૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૬ ઠી જુલાઇ ૧૮૮૨.

૨ એ પત્ર બરાબર એક વર્ષ ચાલી બંધ પડયું હંતું.

૩ મુંબઈ સમાચાર, તા૦ ૨૨ મી જુલાઈ. ૧૮૮૨.

એ ફંડમાં બધા મલી રૂ ૧૦૮૮૧) નીચે મુજબ ભરાયા હતાઃ—રૂ. (૨૬૩૬) મરહુમ નશરવાંનજી એદલજી ચીનાઈની પુંજીમાંથી, રૂ. (૨૦૦૦) મરહુમ જમશેદજી હોરમજજી શાહીઆરની પુંજીમાંથી, રૂ. (૧૫૦૦) ખરશેદજીની કું. (મનચેરજી બહમનજી પંથકી), રૂ. (૫૧૦) એદલજી શોરાબજી ચીનાઈ, રૂ. (૫૦૧) દસ્તુર રતનજી જામાસપજી જામાસ્પ આશા, રૂ. (૫૦૦) શાપુરજી એદલજી ચીનાઇ, રૂ. (૩૦૦) દોરાબજી ડોશાભાઇ ડોટીવાલા, રૂ. (૨૦૨) વીરબાઇજી તે ફરાંમજી શોરાબજી ડોટીવાલાનાં ધણીઆંની, રૂ. (૨૦૦) રૂસતમજી નશરવાંનજી ચીનાઇ, રૂ. (૧૫૩) હંમબાઈજી તે દીનશાહજી બેજનજી તુરકીનાં ધણીઆંની, રૂ. (૧૫૧) ડાકટર શાવકશાહ શોરાબજી તારાપોરવાલા, રૂ. (૧૫૦) ઉકરજી ફકીરજી પલીડર, રૂ. (૧૦૧) કાવશજી જીવનજી પેશતનજી, માણેકશાહ બાપુજી વીકાજી, પેશતનજી તથા ફરાંમજી જમશેદજી, બહમનજી પેશતનજી સુરતી, રૂ. (૧૦૦) જમશેદજી એદલજી ચીનાઇ, પીરોજબાઈ તે એદલજી શોરાબજી ચીનાઇનાં ધણીઆંની, દીનશાહજી બેજનજી તુરકી, રૂ. (૭૫) જરબાઇ તે ઉકરજી ફકીરજી પલીડરનાં ધણીઆંની, રૂ. (૬૦) ભીખાજી કાવશજી મામા, મેહરબાઈ તે હોરમજી એદલજી આલબલેસનાં ધણીઆંની, રૂ. (૫૧) રૂસતમજી ખરશેદજી નેતરવાલા, ફરાંમજી શોરાબજી ડોટીવાલા, અરદેશર રતનજી પીલચરના, બેજનજી પેશતનજી કાંગા, શોરાબજી પેશતનજી કાંગા, જમશેદજી ધનજીભાઇ મીસતરી, જે દોરાબજીની કું., મીઠીબાઇ તે શાપુરજી એદલજી ચીનાઇનાં ધણીઆંની, રૂ. (૫૦) ફરાંમજી એદલજી ચીનાઈ, બાપુજી એદલજી ચીનાઇ, કુવરજી પેશતનજી કામા, રતનબાઈ તે શોરાબજી કાવશજી ડોટીવાલાનાં બેટી રૂ. (૪૧) નશરવાંનજી એદલજી ધનજીમેહતાના, રૂ. (૩૦) ભીખાઇજી તે રૂસતમજી નશરવાંનજી ચીનાઇનાં ધણીઆંની, રૂ. (૨૫) મનચેરજી કુવરજી શાટીન, નાદરશાહ અરદેસર પીલચર, કેખશરૂ જાંગીરજી તેહસીલદાર, ભીખાજી બેહરાંમજી મીસતરી, દીનશાહ જીવણજી પેશતનજી, જાંગીરજી શોરાબજી તારાપોરવાલા, બચુબાઇ તે નશરવાંનજી એદલજી ધનજી મેહતાનાં ધણીઆંની, પીરોજબાઇ તે બહમનજી પેશતનજી સુરતીનાં ધણીઆંની, મનચેરજી દોરાબજી ઇછાપોરીઆ, રૂ. (૨૧) મનચેરજી બેજનજી કોટવાલના, કાવશજી તથા રૂસતમજી દાદાભાઈ, કાવશજી શોરાબજી શેઠના, રતનજી શોરાબજી દેસાઇ, નશવાંનજી એદલજી મુગાશેઠના, રૂ. (૨૦) બંદેખોલ રૂ. (૧૫૦) રૂ. ૨૦) ની અંદરની રકમ.

૪ રાસ્ત ગોફતાર, તા૦ ૨૩ મી જુલાઈ. ૧૮૮૨.

૫ જામે જમશેદ, તા૦ ૧૮ મી જુલાઈ. ૧૮૮૨.

૬ મરહુમ દાદાભાઇ અને ડાકટર નશરવાનજી હોરમજજી ગીસતા, હેનીસ્તના, બાવા.

"એદલજી અને હોરમજજીની કુંપની" ને નામે ઇસ્ટ ઇંડીઆ કંપની તથા બીજા વ્યાપારીઓનાં વાહણોને સરંજામ પુરો પાડવાનાં કંત્રાકટો ચલાવતા હતા. તે પછી તા૦ ૩૧ મી જુલાઇ ૧૮૫૬ ને દીનેથી ભાગ છોડવી પોતે એખલા વ્યાપાર તથા ઇંગ્રેજી પેહેડીઓની દલાલીનું કામ કરતા હતા. ઇ૦ સ૦ ૧૮૬૫ ના શેર સટામાં એવણને મોટું નુકસાન જવાથી તે પછી એકાંત જીંદગી ગુજારતા હતા.

તા૦ ૧૭ મી જુલાઇ.

રોજ ૨. માહ ૧૨ (ક.) ૧૨૫૧ ય૦

મરણ—ફરાંમજી એદલજી કોલાપોરવાલા—(ઉમર વરશ ૬૩) એવણ પ્રથમ ઇ૦ સ૦ ૧૮૩૮ માં પોતાના ફુવા શેઠ ખરશેદજી મેહરવાંનજી મસાલાવાલાની મારફતે સીંધની લડાઇ વખતે ત્યાં દુકાન લઇ ગયા હતા. તે બાદ ઇ૦ સ૦ ૧૮૪૨ મ પુણું તથા તે પછી ૧૮૪૮ માં કોલાપોર ખાતે વ્યાપાર કરવાને ગયા હતા, અને ૧૮૬૬ સુધી ત્યાં રહી સર્વે વર્ણના લોકોમાં માન મેળવ્યું હતું. એ બાદ પુણે આવી એકાંતા જીંદગી ગુજારી હતી. એવણે રૂ. ૧૬૧૨૫) ધર્મ ખાતે આપવાને જુદા કાઢયા હતા, જે મધેથી રૂ. ૧૦૦૦૦) રાહનુમાએ માજદીઅસનાન સભાનાં નવાં ફંડ મધે આપ્યા હતા.

તા૦ ૧૭ મી જુલાઇ.

ગયે વર્ષ અતરેથી ગીલક્રીસ્ટ સ્કાલરશીપ મેલવી ઇંગલાંડ ગયલા પારસી જવાંન શેઠ મનચેરજી પેશતનજી ખરેગાતે પોતાની ૧૭ાા વરસની ઉમરમાં હિંદુસ્થાંનની સીવીલ સરવીસની પરીક્ષા ફતેહમંદીથી પસાર કીધી હતી.૨

તા૦ ૨૩ મી જુલાઇ.

છગતપુરા મધે જરથોસ્તીઓના વપડાસને માટે દરેમેહર તથા દોખમું બાંધવાને ઉભાં થયલાં ફંડનો બરાબર વહીવટ ચલાવવાનો ઠેડાવ કરવાને આજ દીને ત્યાંના સર્વે જરથોસ્તીઓની એક સભા મલી હતી. તે વેળાએ શેઠ રતનજી એદલજી કાંગા, સરનશીન; શેઠ પાલણજી પેશતનજી બાલાપોરીઆ, શેક્રેટરી; તથા શેઠો ફરાંમજી પાલણજી કાલાપેશીના, નાનાભાઈ ફ્રરાંમજી મેસમેન, ધનજીભાઈ બેહરાંમજી પટેલ, ખરશેદજી શેરાબજી પુણેગર, હોરમજજી બરજોરજી ઇછાપોરીઆ, નાનાભાઇ શેરાબજી ડીંગી, બેહરામજી પેશતનજી, રૂસતમજી પાલણજી, અને રતનજી બીખાજી નરીમાંનની એક કારોબાર મંડલી ઠેરવી હતી. મરહુમ શેઠ ધનજીભાઈ રૂસતમજી ... રાંણીના સાહેબજાદાઓ શેઠો ફરાંમજી, જાંગીરજી, તથા નશરવાંનજીએ તે તરફની પોતાની ફરજંદારી જગો અંજુમનનાં ફંડમાં ભેટ આપી હતી.૩

તા૦ ૨૪ મી જુલાઇ.

આજ દીને કછના નામદાર રાવની હજુરમાં ફરાંમજી કાવશજી ઇનસ્ટીટીઊટ મધે શેઠ અરદેશર ફરાંમજી મુસે કેટલાક વીજલીના અખતરાઓ કરી બતાવ્યા.૪

તા૦ ૧ લી આગશટ.

આજ દીને મરહુમ બાઇ ધનબાઇજી તે શેઠ ફરાંમજી પેશતનજી પાટકનાં વીધવા તથા મરહુમ શેઠ જાંગીરજી હીરજીભાઇ રેડીમનીનાં દીકરીનાં ઉઠમણાંમાં તેમનાં માતાજી બાઇ મેહરબાઇએ રૂ૧૦૦૦), તથા શેઠો જાંગીરજી કાવશજી જાંગીરજી અને નશરવાંનજી જીવણજી રેડીમનીએ દરેકે રૂ૧૦૦૦), તથા બાઇ કુવરબાઈ ધનજીભાઇ ડોશાભાઇ મામાએ રૂ૫૦૦) મલી રૂ૩૫૦૦) ની રકમ ધર્મખાતાંઓમાં આપી.૫

તા૦ ૧૦ મી આગશટ.

મુંબઇના ગવરનરની કૌનસીલનો મેમબર હાનરેબલ એલ. આર. આશબરનર પોતાના ઓહદાની મુદત પુરી થવાથી ઇંગલાંડ જનાર હોવાથી તે નામદારને આજ દીને અતરેના આગેવાંન દેશી ગ્રહસ્થોએ વાલકેશર શેઠ દીનશાહજી માણેકજી પીટીટના બંગલામાં એક નાંચ તથા જીયાફત આપી હતી. આ માટે થયલાં ઉઘરાંણાંમાં ૬ હિંદુ, ૬ મુસલમાંન, અને ૧૪ પારસી ગ્રહસ્થો (હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, શેઠો બેહરાંમજી જીજીભાઈ, સી. એસ. આઇ, ફરાંમજી નશરવાંનજી પટેલ, દીનશાહજી માણેકજી પીટીટ, નશરવાંનજી માણેકજી પીટીટ, ખાનબાહદુર પદમજી પેશતનજી પુણાંવાલા, ડોશાભાઇ ફરાંમજી કરાકા, સી. એસ. આઇ. શેરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઇ; નાનાભાઇ બેહરાંમજી જીજીભાઈ, જાંગીરજી કાવશજી જાંગીરજી રેડીમની, હોરમજજી અરદેસર હોરમજજી વાડીઆ, બેહરાંમજી નશરવાંનજી સીરવાઇ, કેખશરૂ નવરોજજી કાબરાજી, જાંગીરજી ડોશાભાઇ કરાકા) શામેલ હતા.૬

---

૧ ડા૦ જમશેદજી ફરામજી કોલાપોરવાલા (પુના) ના બાવા.

૨ ટાઇમ્સ આફ ઇંડીઆ, તા૦ ૧૭ મી જુલાઈ ૧૮૮૨.

૩ મુંબઈ સમાચાર, તા૦ ૨૮ મી જુલાઈ ૧૮૮૨.

૪ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૨૫ મી જુલાઈ ૧૮૮૨.

૫ જામે જમશેદ, તા૦ ૨ જી આગશટ ૧૮૮૨.

૬ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૧૨ મી આગશટ ૧૮૮૨.

તા૦ ૧૦ મી આગશટ.

રોજ ૨૩ માહ ૧૧ (શ્રી.) ૧૨૫૨ ય૦

મરણ—મેહરવાંનજી અરદેસર કેકોબાદના—ઉમર વર્ષ ૪૫) પુણાંવાલા શેઠ ફરાંમજી અરદેશર મેલ કંત્રાકટરના ભાઇ. એવણ છેલાં ૨૦) વર્ષ સુધી મઉ મધે રહેલા હતા, અને ત્યાંના લોકોમાં વગવાલા ગણાતા હતા.

તા૦ ૧૨ મી આગશટ.

અતરેની પારસી નાટક ઉતેજક મંડલીના માલેકો શેઠો કાવશજી નશરવાંનજી કોહીદાર, ફરાંમજી ગુસતાદજી, અને હોરમજજી ધનજીભાઈ એ આજ રાત્રે હાનરેબલ મી૦ આશાબરનરને પોતાની મેદાન માહેલી નાટકશાલામાં બોલાવી હરીશચંદરનો નાટક કરી બતાવ્યો હતો.૧ એ વીશેની ગોઠવણો કરવાને નેમેલી કારોબાર મંડલીમાં હેઠલ ટાંકેલા પારસી મેમબરો હતાઃ— હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ—પ્રમુખ; શેઠો નશરવાંનજી જાંગીરજી વાડીઆ, મેહરવાંનજી ફરદુનજી મરજબાન, દારાશાહ રતનજી ચીજગર, ખાનશાહેબ માણેકશાહ ધનજીશાહ ડાકટરના અને કેખુશરો નવરોજજી કાબરાજી (હાનરરી સેકરેટરી.)

તા૦ ૧૪ મી આગસ્ટ.

રાસ્ત ગોફતારના અધીપતી શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજી અને તેમનાં ધણીઆંણીએ આજ રાત્રે હાનરેબલ મી૦ આશાબરનરનાં માનમાં ફરાંમજી કાવશજી ઇનસ્ટીટીટ્યુટ મધે યુરોપીયન અને દેશી બાનુઓ તથા ગ્રહસ્થોની એક ભેગી મીજલસ કરી હતી.૨

તા૦ ૧૬ મી આગશટ.

અતરેનાં પોરટ તરસટના પ્રખ્યાત ઇજનેર મી૦ થામસ આરમીસટન કે જેનાં ઉપરીપણા હેઠલ મુંબઇની ગંજાવર પ્રીનસીસ ડાક તથા બીજાં અગતનાં બાંધકામો થયાં હતા તે ઈંગલાંડ મધે મરણ પામવાથી તેની આ દેશમાં યાદગારી કાએમ રાખવાનો ઠેડાવ કરવાને આજ દીને અતરેના ઈંગ્રેજ તથા દેશી ગ્રહસ્થોની એક સભા સર કાવશજી જાંગીર યુનીવરસીટી હાલમાં હાનરેબલ જસટીસ કેમબાલના પ્રમુખપણાં હેઠલ મલી હતી, જે વેલાએ એ કારણસર એક ઉઘરાંણું તથા બીજી ગોઠવણો કરવાને ૪૪ ઈંગ્રેજ, ૯ હિંદુ, ૭ મુસલમાંન, ૨ પોરટુગીજ, ૧ યાહુદી, અને ૧૧ પારસી ગ્રહસ્થો (હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો બેહરાંમજી જીજીભાઇ, સી. એસ. આઇ, દીનશાહજી માણેકજી પીટીટ, નશરવાંનજી માણેકજી પીટીટ, શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ, ઇ; ડોશાભાઈ ફરાંમજી કરાકા, સી. એસ. આઇ; હોરમજજી અરદેશર હોરમજજી વાડીઆ, કેખશરૂ નવરોજજી કાબરાજી, ખાનબાંહદુર જમશેદજી ધનજીભાઈ વાડીઆ, મનચેરજી નવરોજજી બનાજી, નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇ) ની એક કમીટી તથા મીશીઅરસ જાન ફલેમીંગ, શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઇ; અને રઘુનાથ નારાયણ ખોટેને હાનરરી શેકરેટરીઓ ઠેડવ્યા હતા.૩

તા૦ ૧૮ મી આગશટ.

શેઠ ડોશાભાઇ ફરાંમજી કરાકા, સી. એસ. આઇ. ને મુંબઈના કામચલાઉ કલેકટર અને સ્ટાંપ તથા સ્ટેશનરીના શુપરીનટેનડંટ નેમ્યા હતા. દેશીઓમાં આ ઓધ્ધો પેહલ વેહલો શેઠ ડોશાભાઇને મલ્યો હતો.૪

શેઠ ખરશેદજી નશરવાંનજી સીરવાઇને લાઇસંસ ટાકસના કલેકટર ઉપરાંત અતરે નવા દાખલ કીધેલા ફાકટરી આકટની રૂહે મુંબઇનાં ટાપુ અને શેહરમાંની ફાકટરીઓના ઇનસ્પેકટર ઠેડવ્યા૫

અતરેનાં સરકારી જાહેર બાંધકામ ખાતાંવાલા નીચલા પારસી અમલદારોને તેમની લાંબા વખતની અને લાએકાત ભરેલી નોકરીને માટે નીચે પ્રમાણે પદવીએ ચઢાવ્યા હતાઃ—

શેઠ કુવરજી બરજોરજી ઇજનેરને પેહલા વર્ગના હાનરરી આસીસ્ટંટ ઇજનેર; શેઠો ફરાંમજી મેહરવાંનજી હાયવાય અને દોરાબજી હોરમજજી કુટારને બીજા વર્ગના હાનરરી આસીસ્ટંટ ઈજનેર; શેઠ શોરાબજી મેહરવાંનજી હાયવાયને પેહલા વર્ગના હાનરરી આસીસ્ટંટ એકઝામીનર૬ (ઉપલામાંના શેઠ કુવરજી બીજે દીને મરણ પામવાથી તેમની પેહલા વર્ગની પદવીએ શેઠ ફરાંમજીને તથા શેઠ ફરાંમજીની બીજા વર્ગની પદવીએ શેઠ રતનજી ધનજીભાઇ શીગનપોરીઆને ચઢાવ્યા હતા.૭)

તા૦ ૧૯ મી આગશટ.

આજ દીને મરહુમ શેઠ પેશતનજી હોરમજજી કાલેટ અથવા હોમીઆરનાં ઉઠમણાંમાં રૂ. ૫૦૦) પરચુટણ ધર્મ ખાતાંમાં આપ્યા.૮

---

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૪ મી આગશટ. ૧૮૮૨

૨ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૧૬ મી આગશટ. ૧૮૮૨

૩ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૧૮ મી આગસટ ૧૮૮૨.

૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૦ મી આગશટ ૧૮૮૧.

[illegible] „ „ „ તા૦ ૧૭ મી „ ૧૮૮૧.

૬ „ „ „ „ „ „ ૧૮૮૧.

૭ „ „ „ તા૦ ૨૪ મી „ ૧૮૮૨.

૮ જામે જમશેદ, તા૦ ૨૧ મી આગશટ. ૧૮૮૨.

શેઠ જાંગીરજી બેજનજી કરાંનીએ જુદી જુદી હિંદુસ્થાંની રાગ રાગણીઓનું "રાગસ્તાન" નામે એક પુસ્તક (બે ભાગમાં) છપાવી પ્રગટ કીધું[૧].

તા૦ ૨૪ મી આગશટ.

આએ વર્ષની બીજા તથા ત્રિજા વર્ગના દેશી માજીસટ્રેટની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા.

બીજા વર્ગમાં— શેઠો ખરશેદજી રૂસતમજી દાદાચાંદજી, પેશતનજી રતનજી મેહેતા.

ત્રિજા વર્ગમાં—શેઠો દાદાભાઇ નશરવાંનજી નાણાંવટી, જમશેદજી રતનજી દારૂવાલા, શોરાબજી રતનજી માસટર, પેસતનજી ખરશેદજી થાણાવાલા, પેશતનજી અસપંદીઆરજી વલસાડા.[૨]

તા૦ ૨૭ મી આગશટ.

શેઠ જાંગીરજી મેહરવાંનજી પલીડરે "એક જરતોસ્તીનાં વસીઅતનામાનો મસુદો" એવાં નામથી મરણ તથા તેને લગતી ક્રિઆઓ ઉપર થોડાક વિચારોનું એક ચોપાંનીઉં પ્રગટ કીધું.[૩]

તા૦ ૨૮ મી આગશટ.

ખાંનબાહદુર ફરામજી નશરવાંનજી શેઠનાને નામદાર સરકારે દખણના પેહલા વર્ગના સરદાર નેમ્યા.[૪]

તા૦ ૪ થી સપટેમબર.

હીંદુસ્થાંનમાં અપાતી કેળવણી સંબંધી રાજનીતિ તથ તેને લગતી બીજી બાબદોની તપાસ કરવાને હીંદુસ્થાંનની વડી સરકારે ઠેરવેલાં કમીશનની મુંબઇ ઇલાકાની પેહેલ વેહલી બેઠક આજ દીને પુણાં મધે આલબરટ એડવરડ ઇનસ્ટીટીઉટનાં હાલમાં થાઈ, જે વેલાએ આ ઇલાકાની કેળવણી સંબંધી પેહલી શાહ્લી શેઠ શોરાબજી શાપુરજી બંગાલી. સી. આઇ. ઈ. ની લેવામાં આવી. તેમણે શરૂઆતની અને ઉંચે દરજ્જેની બેઉ કેળવણીમાં હજી કેટલું બધું કરવાનું રહયુંછે તે દેખાડયું.[૫]

તા૦ ૭ મી સપટેમબર

ખેડાના કામચલાઉ હજુર ડેપ્યુટી કલેકટર શેઠ દાદાભાઇ દીનશાહ કરાકાને ખેડા જીલ્લાના પેહલા વરગના માજીસટરેટ નેમયા.[૬]

તા૦ ૧૧ મી સપટેમબર.

આજ દીને નવસારી, સુરત અને ભરૂચ ખાતે મોટી રેલ આવી હતી, જેથી ઘણાક પારસીઓનાં ઘરોમાં પાણી ભરાઈ આવી મોટું નુકસાંન થયું હતું. નવસારી મધે બામદાદમાં પાણીનો વીસતાર ઘણો વધી ગયો હતો, અને નદીને દરેક કાંઠેથી ગામમાં પાણી ફરી વલ્યાં હતાં. પશ્ચિમ તરફ રૂસતમવાડી, સ્ટેશનની સડક, સાહણ કુવો, તથા હોટેલ સુધી. ઉતર તરફ ગુલેરીએવાલી ખાડી અને કોટર દેવી પાણીથી એક થઇ હતી. દસ્તુરવાર, સીરવઇવાર, તથા બજારમાં પાણી કમરપુર થયાં હતાં. તેમજ લંગડાવાર અને સાંગાવારમાં હોડીઓ ફરતી કરવામાં આવી હતી. લંગડાવાર મધે શેઠો દાદાભાઇ મેહરવાંનજી ખરાસ અને શોહરાબજી રૂસતમજી મુલ્લાં નામના બે પારસીઓએ હીમત કરી મોહલાની રેલમાં ઝોકાવી ઘણાક લોકોના જાંન તથા માલ બંચાવ્યા હતા. તે ઓની હીમતથી બીજા થોડાક પારસી જવાંનીઆઓએ પણ પાણીમાં ઝોકાવી લોકોને મદદ કીધી હતી. મલેસર તરફ બેંસાથખારો તથા પોસ્ટ આફીસ સુધી પાણી ફેલાઇ ગયાં હતાં. દોખમાં તરફ જવાના મરહુમ શેઠ હોરમજજી બરજોરજી કપતાંનવાલા રસ્તાનો કેટલોક ભાગ રેલથી ધોવાઈ ગયો હતો. તરઉતાંના ચકલાપર પણ ગુંટણ પુર પાણી ભરાયાં હતાં, તથા પુરવ તરફ કાલીઆવાડી અને ખુરશેદવાડી પાણીથી ચીકાર થઇ ગઈ હતી. કાછીઆવાડીનું ગામ જાણે પાણીમાં તરતું થયું હતું, અને તવરી ગામ પણ પાણીથી ભરાઇ ગયું હતું તથા લોકો ઝાડે ચઢી બેઠાં હતાં, ઈ૦ સ૦ ૧૮૩૧ માં નવસારીમાં જે મોટી રેલ આવી હતી તેના કરતાં પણ આ રેલ ઘણી મોટી કેહવાતી હતી. ઘણાંક પારસીઓનાં ઘરોમાં મુકતાદ માડેલાં તે ઉચકી નાખ્યાં હતાં. બીલીમોરાનું ગામ તેમજ વલસાડની ખાડીમાં પણ રેલનાં પાણી ભરાઈ ગયા હતા. સુરત મધે પણ તાપી નદીમાં રેલ આવવાથી કેટલાક રસ્તાઓ તથા મોહલાઓમાં પાણી ફરી વલ્યાં હતાં. વરીઆઇ ભાગલનાં બજારથી તે કતાર ગાંમ સુધીનો આખો રસ્તો રેલનાં પાણીથી ઢંકાઇ ગયાં હતાં. નાનપરાનાં પોર મોહલામાંનાં પારસીઓથી વસતાં ત્રણ ઘરો બેસી ગયાં હતાં, તથા શાહ-

---

૧ "કરાણીવાલો રાગસ્તાન. ભાગ પેહલો, જેમાં ૨૫૦ ઉમદા ગજલો, રોબાઈઓ, તથા હોરી, લાવાણી અને ૧૦૦ ઉતમ દોહરા ઉપરાંત ૨૪ જાતની રાગ રાગણીઓ છે. પ્રગટ કરનાર, જેહાંગીર બેજનજી કરાંણી, ચોપડી વેચનાર, કોટ, પારસી બજાર સ્ત્રીટ, મુંબઈ."

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૪ મી આગ[illegible]૮૮૨.

૩ "એક જરતોસ્તીનાં વસીઅતનામાનો મસુદો. બનાવનાર, જાંહાંગીર મેરવાનજી પલીડર. મુંબઈ, દફતર આશકારા છાપાખાંનાં મધે રૂસ્તમજી નવરોજજી ખંબાતાએ છાપયો છે. સને ૧૨૫૧ ઈઅજદેજરદી સને ૧૮૮૨ ઈસવી."

૪ જામે જમશેદ, તા૦ ૨૯ મી આગશટ ૧૮૮૨.

૫ રાસ્ત ગોફતાર, તા૦ ૧૦ મી સપટેમબર. ૧૮૮૨.

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૭ મી સપટેમબર ૧૮૮૨.

પોરનો આખો લટો પાણીથી ભરાઇ ગયે હતો, તેમજ બીજાં પરાંઓ અને શેહરમાંનાં કેટલાંક ઘરો તુટી પડયાં હતાં. ભરૂચ મધે પણ નર્મદાનાં પાણી શેહરના નીચાણ ભાગોમાં ફરી વલ્યાં હતાં. કોટ ઉપર જવાનો પુલ, કટોપર તથા ડાંડીઆ તેમજ ગાંધી અને કાપડ બજારો, તથા ફાટા તલાવ અને કાંઠાપરની લાટીઓપર પાણી ચીકાર થઇ ગયાં હતાં. આ રેલથી પારસીઓને મોટું નુકસાંન થયું હતું, પણ કોઇના જાનને હાંની થઇ ન હતી.[1]

તા૦ ૧૩ મી સપટેમબર.

દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાએ "નીરંગે ઝવીતદીનાન" યાને જુદદીનોને મજદીઆસની જરતોશતી દીનમાં કેહવી રીતની ક્રીઆ કરીને લેવા તે વીશેના ખોલાસાનું એક ચોપાંનીઉં;[2] તેમજ મરહુમ સર જમશેદજી જરથોશતી મદરેસાના માજી ફેલો તથા હાલના સંસકરત શીક્ષક એ૦ તેહમુરસ દીનશાહ અંકલેસરીઆએ "જુદદીનોને માજદયસની દીનમાં દાખલ કરવા રવાછે" તે બાબે જંદ અવસ્તા. પેહલવી, અનેરેવાયતોમાંથી ડાળ દાખલાઓનું એક ચોપાંનીઉં છપાવી પ્રગટ કીધું.[3]

તા૦ ૧૪ મી સપટેમબર.

અહમદનગર મધે જરથોસ્તી રવાંનોને અવલ મંજલ પોંહચાડવા માટેનું એક ફંડ ઉભું કરવાને આજ દીને તયાંની મરહુમ શેઠ જમશેદજી પેશતનજી પલાંટીનવાલી દરેમેહરમ એક સભા મલી હતી, જે વેલાએ એ કારણુસર એક ફંડ ઉભું કરવામાં આવ્યું હતું. તથા તેનો વહીવટ ચલાવવાને ખાંનબાહદુર નશરવાંનજી ખરશેદજી નગરવાલા, સરનશીન; શેઠ એદલજી રૂસતમજી નગરવાલા, શેક્રેટરી; અને ખાનબાહદુર ફરામજી અરદેસર કેકોબાદના, શેઠ દોરાબજી રૂસતમજી હેડકલાર્ક, ખરશેદજી શોરાબજી, કાવશજી ખરશેદજી નગરવાલા, ખરશેદજી નશરવાંનજી શેઠના, રૂસતમજી ખરશેદજી નગરવાલા, દોરાબજી રૂસતમજી ભરૂચા, અને માણેકજી ખરશેદજી ગારાની એક કારોબાર મંડલી નેમી હતી.[4]

---

૧ મુંબઈ સમાચાર તા૦ ૧૩ અને ૧૫ મી સપટેમબર ૧૮૮૨

૨ "નીરંગે ઝવીત દીનાન. ઈઆને જુદદીનોને મજદીઅશની જરતોશતી દીનમાં કેહવી રીતની ક્રીઆ કરીને લેવા તે વીશેનો ખોલાસો, બનાવનાર. પેશોતન દશતુર બેહરાંમજી શંજાણા. મુંબઈ, દફતર આશકારા છાપાખાંનાં મધે, રૂસતમજી નવરોજજી ખંબાતાએ છાપયો છે. સને ૧૨૫૧ ઈઅજદજરદી. સને ૧૮૮૨ ઈસવી"

૩ "જુદદીનોને માજદયસની દીનમાં દાખેલ કરવા રવા છે તે વિશેની શહાદતો. જરથોશતી ટોલાની વાકેફીને સારૂં. બનાવનાર, તેહમુરસ દીનશાજી અંકલેશરીઆ. મુંબઈ, ફોરટ પ્રીંટીંગ પ્રેસમાં રતનજી નશરવાંનજી પ્રીંટરે છાપ્યું છે ૧૨૫૧ યજદજરદી ૧૮૮૨ ઈસવી."

એની બીજી આવૃતી ઈ. સ. ૧૯૦૩ ના આગશટમાં એ૦ તેહમુરસે સુધારા વધારા સાથે પાછી છપાવી હતી.

૪ એ ફંડમાં પછવાડેથી રૂ. ૧૩૦૧૨) નીચે મુજબ ભરાયા હતા—

અહમદનગરમાં—(રૂ. ૧૮૦૦) ખાંનબાહદુર નશરવાંનજી ખરશેદજી નગરવાલા તથા ભાઇઓ. (રૂ. ૪૦૦) ફરાંમજી અરદેસર કેકોબાદના (રૂ. ૩૦૧) માણેકજી ખરશેદજી ગારા (રૂ. ૨૦૦) પેશતનજી હોરમજજી પાટક (રૂ. ૧૦૧) ફરાંમજી રૂસતમજી ખામગામવાલા, શાપુરજી જીવાજી પેશતનજી તાલુકદાર (રૂ. ૧૦૦) નવરોજજી માણેકજી કંત્રાકટર, નવરોજજી રૂસતમજી તથા ભાઇઓ (રૂ. ૮૦) ખરશેદજી શોરાબજી (રૂ. ૫૧) ધનજીભાઈ ડોકરજી મીસતરી, શોરાબજી માણેકજી આહદરીઆંનવાલા, ડોશાભાઈ માણેકજી ઘાસવાલા, ખરશેદજી નશરવાનજી શેઠના (રૂ. ૫૦) હોરમજજી મેહરવાંનજી મોતીવાલા (રૂ. ૩૦) હોરમજજી શોરાબજી ગાંધી (રૂ. ૨૫) આ૦ દોરાબજી કાવશજી, રતનજી માણેકજી ઈજીનેર, હોરમજજી નશરવાંનજી ઉમરીગર, દીનબાઈ ધનજીભાઈ ડોકરજી, જરતોશતી બાઈઓ, ડાકટર એરચશાહ ફરાંમજી શેઠના, શુનાંબાઈ ફરાંમજી નશરવાંનજી શેઠનાં, નશરવાંનજી ખરશેદજી શેઠના, કાવશજી બેજનજી શેઠના, આદરજી બરજોરજી ગેઆરા, દીનશાહજી દોરાબજી તાલુકદાર (રૂ. ૨૧૭) રૂ. ૨૫) ની અંદરની રકમ.

પુણાંમાં—(રૂ. ૫૦૦) સરદાર ખાંનબાહદુર પદમજી પેશતનજી (રૂ. ૨૫૧) આદરજી તથા ફરાંમજી દોરાબજી ઘાસવાલા (રૂ. ૧૫૦) બેજનજી ચાંદાભાઈ ઈજીનેર (રૂ. ૧૦૧) બરજોરજી બહમનજી ખડીવાલા (રૂ. ૫૧) ધનજીશાહ જીવાજી અંકલેસરીઆ (રૂ. ૨૫) શોરાબજી કાવશજી કપતાંન.

મુંબઇમાં—(રૂ. ૧૦૦૦) દીનશાહજી માણેકજી પીટીટ, મરહુમ એદલજી ફરાંમજી આલબલેસના સાહેબજાદાઓ, મરહુમ બહમનજીની નઈઅતે (રૂ. ૫૦૦) નશરવાંનજી માણેકજી પીટીટ રૂ. ૩૫૧) દીનબાઈ તે મરહુમ જાંગીરજી ખરશેદજી તારાચંદના વીધવા (રૂ. ૩૦૦) ઈ. એમ. એમ. બી (રૂ. ૨૦૧)મરહુમ નશરવાંનજી બહમનજી મોદીના છોકરાઓ (રૂ. ૨૦૦) ઓનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, બેહરાંમજી જીજીભાઈ, સી. એસ. આઈ; મરહુમ બાઇ પીરોજબાઈ, તે અરદેસર નશરવાંનજી મોદીનાં ધણીઆણીની નઈઅતે, (રૂ. ૧૨૫) મરહુમ શોરાબજી જમશેદજી જીજીભાઈની નઈઅતે, મરહુમ જમશેદજી ખરશેદજી બાટલીબોઈની નઈઅતે. (રૂ ૧૦૧) મરહુમ બચુબાઈ તે બરજોરજી રૂસતમજી બાટલીવાલાનાં વીધવાની નઈઅતે, એક જરતોશતી (રૂ. ૧૦૦) કાવશજી બેજનજી આલબલેસ, બંદે ખોદા, એદલજી ફરાંમજી આલબલેસના છોકરાઓ, હોરમજજી અરદેસર હોરમજજી વાડીઆ, મરહુમ માણેકજી નવરોજી વાડીઆની નઈઅતે, મન[illegible] ફરામજી કામાજી તથા છોકરાઓ, શોરાબજી ફરાંમજી પટેલ[illegible]રવાંનજી રતનજી ટાટા, હોરમજજી બહમનજી જીજીભાઈ, મરહુમ નશરવાંનજી મનચેરજી કામાજીનાં ધર્મ ખાતાંમાંથી, હોરમજજી ખરશેદજી દુબાશ, (રૂ. ૭૫) દાદાભાઈ હોરમજજી દુબાશ, ખરશેદજી માણેકજી શેઠના, (રૂ. ૫૧) શોરાબજી દાદાભાઈ દુબાશ, કાવશજી દાદાભાઈ દુબાશ, મરહુમ શુનાંબાઇ તે બેજનજી ફરામજી*

તા૦ ૧૮ મી સપટેમબર.

ગાથા. ૫ (શે.) ૧૨૫૧ ૫૦

મરણ—જમશેદજી દોરાબજી નાએગાંમવાલા ૧

તેમનું મરણ ગયા વરસને છેલે દીવસે યાને તા૦ ૧૮ મી સપટેમબરે નીપજયું હતું. એવણ ઇ. સ. ૧૮૧૬ માં સુરતની પાસેનાં સુમાલી ગામમાંથી અતરે આવ્યા હતા, અને પ્રથમ મરહુમ શેઠ જમશેદજી બહુમનજી વાડીઆની નોકરીમાં અને તે બાદ અતરેની સરકારી ગોદીમાં સુથાર તરીકે રહયા હતા. એ. પછી ઈ. સ. ૧૮૨૨ માં ખેડા ખાતે કોપરનાં કામ ઊપર અને ૧૮૨૯ માં શેઠ ધનજીભાઈ રૂસતમજી વાડીઆના હાથ હેઠલ કોચીનમધે વાહણો બાંધવાના કામપર ગયા હતા. ત્યાંથી બે વર્ષમાં અતરે પાછા આવી નાધલાં નાધલાં કંત્રાકટો તેમજ નાયગાંમ મધે મોટા પાયાપર ખેતીવાડીનુ કામ ચાલુ કીધું હતું. ઇ. સ. ૧૮૪૩ માં સેડી જમશેદજીવાલો માહીમ અને વાંદરા વચ્ચેની ખારીપરને મોટો પુલ બાંધવાનું કંત્રાકટ એવણને મલ્યું હતું. ઈ. સ. ૧૮૫૪ થી એવણે અતરે જી. આઇ. પી. રેલવેનાં મોટ કંત્રાકટો લીધાં હતાં; અને પેહલ વેહલી પરસીકની ખાડીથી તે કંસીઆંણી સુધીની અને તે બાદ કલીઆંણીથી ને નારેલઘાટથી તે ખપોલી; તેમજ કલીઆંણીથી વાસીંડ, વાસીંડથી કસારઘાત, તથા નાડગામથી ચાલીસ ગાંમ સુધીની એવડી સડક એવણના હસ્તકમાં* બંધાઈ હતી. વલી બી. બી. એન્ડ સી. આઈ. રેલવેની અમદાવાદથી સાબરમતી સુધીની સડક તે પરના લોઢાના પુલ સાથે તથા સાનંડથી વીરમગામ સુધીનીં સડકો પણ એવણના હસ્તકમાંજ બંધાઇ હતી. એ ઊપરાંત મુંબઇ મધે કેટલાંક મીઠાંનાં અગરો તેમજ જાણીતી ઈમારતો એવણનાં ઊપરીપણા હેઠલ બંધાઇ હતી.

તા ૨૦ મીં સપટેમબર.

આજ દીને મરહુમ શેઠ જમશેદજી દોરાબજી નાએગાંમવાલાનાં ઊઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી તથા દીકરાઓ શેઠો દાદાભાઈ, ખરશેદજી, અને દોરાબજી, તથા દીકરાના દીકરા શેઠ કાવશજી દાદાભાઇ તથા દીકરી બાઇ જરબાઇ અને તેમના ખાવંદ ડાકટર કાવશજી પેશતનજીએ મલી રૂ. ૪૦૪૦) ધર્મ ખાતાંઓમાં આપ્યા.૧

તા૦ ૨૧ મી સપટેમબર.

નવસારી મધે આજ દીને બપોરનાં વડી દરેમેહરમાં સરેશતા પ્રમાણે રપીથવનનાં જશનની ક્રિઆ પુરી થયા બાદ એ૦ શેહરીઆરજી દાદાભાઈ ભરૂચાએ રપીથવન વીષે એક વાએજ કીધી.૨

તા૦ ૨૨ મી સપટેમબર.

જંબુસર તાલુકાના હેડ કારકુન શેઠ શેરાબજી રતનજી માસતર, બી. એ.ને ભરૂચ જીલ્લાના ત્રિજા વર્ગના માજીસ્ટ્રેટ નેમ્યા.૩

શેઠ હોરમજજી રૂસતમજી મોદીએ ગલાસગોની વૈધકશાલામાં એલ. એફ. પી. એસ. ની પદવી મેલવી.

તા૦ ૨૫ મી સપટેમબર.

શેઠ બેજનજી ફરદુનજી જોહાંસીવાલાએ "બેજનની બેકસી" નામે એક પુસ્તક રમુજી બેતોમાં રચી બાહર પાડયુ હતું.૪

---

*આલબલેસનાં વીધવાની નઈઅતે, આવાંબાઈ તે કાવશજી બેજનજી આલબલેસનાં ધણીઆંની, શેરાબજી શાપુરજી બંગાલી હીરજીભાઈ હોરમજજી શેઠના, બરજોરજી રૂસતમજી મોદી, બાઈ બ. ન. મોદી, મરહુમ પાલણજી ધનજીભાઈ પાંડુવાલાના છોકરાઓ, મરહુમ હીરાંબાઈ તે દીનશાહ શેરાબજી પાટકનાં વીધવાની નઈઅતે, રૂસતમજી પેશતનજી બીલીમોરીઆ (રૂ. ૫૦) મરહુમ શેઠ હોરમજજી એદલજી કામાનાં ધર્મખાતાંમાંથી, જહાંગીરજી કાવશજી જહાંગીરજી રેડીમની, દાદાભાઈ બહુમનજી જીજીભાઈ જમશેદજી બહુમનજી વાડીઆ, ફરાંમજી હોરમજજી મેહતા, ડોશાભાઈ ફરાંમજી કરાકા, સી. એસ. આઈ; ડાકટર ડોશાભાઈ બેજનજી, નવરોજજી જહાંગીરજી ગામડીઆ, જાલભાઈ અરદેસર શેઠના, મેહરવાંનજી જહાંગીરજી તારાચંદ, શીરીનબાઇ તે મેહરવાંનજી જહાંગીરજી તારાચંદનાં ધણીઆંની, રતનજી બહુમનજી દુબાશ, ખરશેદજી રતનજી દુબાશ, રૂસતમજી શેરાબજી કમીસરીવાલા, મનચેરજી બહુમનજી પંથકી, શેરાબજી હોરમજજી બાટલીવાલા, (રૂ. ૪૧) ફરાંમજી હોરમજજી શેઠના (રૂ. ૭૫) પેશતનજી કાવશજી શેઠના, ખાંનબાહદુર જમશેદજી ધનજીભાઈ વાડીઆ (રૂ. ૨૫) મેહરબાઈ તે મરહુમ નશરવાંનજી કાવશજી વાછાગાંધીનાં વીધવા, ખરશેદબાઈ મરહુમ નશરવાંનજી બહુમનજી મોદીનાં વીધવા, ફરાંમજી બહુમનજી જીજીભાઈ, કેખશરૂ મેહરબાન ઇરાંની, મેહરવાંનજી જીજીભાઈના છોકરાઓ, મરહુમ હોરમજજી જહાંગીરજી દાદીશેઠના છોકરાઓ, બંદેખોદા, દીનશાહ તથા ફરાંમજી ભીખાજી ખાંન, જહાંગીરજી હોરમજજી મોદી, મરહુમ દારાશાહ ધનજીશાહ કપતાંનની નઈઅતે, મરહુમ રૂસતમજી ધનજીશાહ કપતાનની નઈઅતે, મરહુમ ખરશેદજી મનચેરજી શોએદારના છોકરાઓ, મરહુમ જમશેદજી કુંવરજી જશાવાલાના છોકરાઓ, એક જરતોશતી બાઈ, પીરોજબાઈ તે અરદેસર નશરવાંનજી મોદીનાં ધણીઆની, દીનશાહજી હોરમજજી બાટલીવા[illegible] મેહરવાંનજી ખરશેદજી ઘડીઆલી, ફરાંમજી અરદેસર દાવર (રૂ. ૩૫) (રૂ. ૨૫) ની અંદરની રકમ.

૧ શેઠો દાદાભાઈ, ખરશેદજી, અને દોરાબજી જમશેદજી નાએગામવાલાના બાવા તથા પ્રોફેસર કાવશજી દાદાભાઇ નાએગામવાલા એમ. એ.ના બપાવા.

---

૧ જામે જમશેદ, તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૮૨.

૨ મુંબઈ સમાચાર, તા૦ ૨૩ મી સપટેમબર ૧૮૮૨.

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૮૨.

૪ " બેજંનની બેકસી, ઇઆને બેજનની મુશીબતનો અહેવાલ. પોતાના હમજાતીઓનાં બાલકોના ઉતેજન સારૂં તથા તેમનો ફુરસતનો વખત બેહેલાવી વાંચવા આએ જીનદગીનો અહેવાલ રમુજી બેતોથી. બનાવનાર, બેજનજી ફરદુનજી જાંહાંસીવાલા (હાલ મુકાંમ સીકંદરાબાદ). મુંબઈ: અલાયન્સ પ્રીંટીંગ પ્રેસમાં છાપી પરગટ કીધો છે. સને ૧૮૮૨ ઈસવી."

તા૦ ૨૭ મી સપટેંમબર.

મરહુમ શેઠ શેરાબજી દોરાબજી બાંણુજા અથવા વીમા દલાલનાં ઉઠમણાંમાં રૂ. ૫૮૨) ધર્મખાતાંઓમાં આપ્યા.[1]

તા૦ ૨૮ મી સપટેમબર.

શેઠ જનંગીરશાહ એરચશાહ કોહીઆરને સરકારે સુલેહના અમલદાર ઠેરવ્યા.[2]

તા૦ ૧ લી અકટોબર.

મી૦ ધનજીભાઇ દોરાબજી ગીલડરે "સ્ટુડંટસ ફ્રેન્ડ" નામનું માસીક ચોપાન્યું કાઢવા માંડ્યું.

તા૦ ૨ જી અકટોબર.

મરહુમ પુતલીબાઇ તે શેઠ બહમનજી ખરશેદજી માણેકજી શેઠનાનાં ધણીઆંની તથા શેઠ ડોશાભાઇ દારાશાહ શેઠનાની દીકરી અને શેઠ હીરજીભાઈ હોરમજજી શેઠનાની દીકરીની દીકરીનાં ઉઠમણાંમાં તેમના મમાવા શેઠ હીરજીભાઇ હોરમજજી શેઠનાએ રૂ. ૫૦૦૦), માએ બાઇ બચુબાઇએ રૂ. ૨૮૦૦), ભાઈ શેઠ હોરમજજી હીરજીભાઇ શેઠનાએ રૂ ૧૦૦૦), માએના કાકા શેઠ ફરામજી હોરમજજી શેઠનાએ રૂ. ૫૦૦), તથા ખાવંદ, સસરા, અને બાવાએ રૂ. ૮૦૦) મલી રૂ. ૧૦૫૦૦) ધર્મ ખાતાંઓમાં આપ્યા.[3]

તા૦ ૪ થી અકટોબર.

રોજ ૧૬ માહ ૧ (શે૦) ૧૨૫૧ ય૦

મરણ—નશરવાંનજી ફરાંમજી ધોંડી[4]—ઉમર વર્ષ ૭૫). એવણ હ. સ. ૧૮૨૮ માં પોતાના બાવા મરહુમ શેઠ ફરાંમજી જીવાજી ઢોંડીનાં મરણ બાદ પોતાના ભાઇ શેઠ ફરદુનજીની સાથે મલી લાંબી મુદત સુધી "નશરવાંનજી અને ફરદુનજી ફરામજી" તથા તે પછી પોતાને એખલાને નામે વેપાર કરતા હતા.

તા૦ ૬ ઠી અકટોબર.

ડાકટર તેહમુલજી ભીખાજી નરીમાને અતરેની "મેડીકલ એન્ડ ફીઝીકલ શોશાએટી" ની માસીક સભામાં મુંબઇની આલુ તાવનાં કારણો અને એલાજ વીષે એક નીબંધ વાંચ્યો.[5]

તા૦ ૭ મી અકટોબર.

રોજ ૧૯ માહ ૧ (શે.) ૧૨૫૧ ય૦

મરણ—જીવાજી જશુભાઇ ભરૂચા[6]—ઉમર વર્ષ ૮૦). એવણ નાહની વયમાં ભરૂચથી અતરે આવયા હતા, અને સરવે જરથોશતીઓમાં પલોટાઇ ગયા હતા. ભરૂચના પારસીઓ સંબંધી મુંબઇમાં હરકાંઇબી કાંમની આગેવાંની એવણ લેત હતા.[6]

તા૦ ૭ મી અકટોબર.

પુણાં ખાતે મરહુમ શેઠ પટેલવાલાં દોખમાંપર જવાની સડક તથા એજ દોખમાંને ફરતી દેવાલ શેઠ હોરમજજી શેરાબજી તાડીવાલાએ પોતાનાં મરહુમ માતાજી વીરબાઇજી અને બેહસ્તનશીન દીકરા નશરવાંનજીના પુનને માટે બંધાવી આજ દીને જશન કરી અનજુમનને સ્વાધીન કીધાં હતાં. એ દેવાલ તથા સડકનું કાંમ ઘણુ મુસતકીમ અને સારૂં કરવામાં આવ્યું છે. અને એથી "દુખમાં" ને મોટી શોભા થઈ છે.[7]

તા૦ ૧૨ મી અકટોબર.

મરહુમ શેઠ રૂસતમજી ખરશેદજી નેતરવાલા અથવા હેદ્રાબાદવાલાનાં ઉઠમણાંમાં રૂ. ૧૫૭૪) ધર્મખાતાંઓમાં આપ્યા.[8]

તા૦ ૧૫ મી અકટોબર.

ભાવનગરના ઠાકોર સાહેબનાં માનને ખાતર શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજીએ આજ દીને ફરાંમજી કાવશજી ઇનસ્ટીટીઉટમાં દેશી ગાયણનો એક જલસો કીધો હતો. આ વેળાએ ઠાકોર સાહેબ તેમના રેસાલા જોડે તથા અતરેના સર્વે દેશી આગેવાંનો હાજર થયા હતા. આ જલસામાં પારસીઓ મધેથી શેઠો કેખશરૂ નવરોજજી કાબરાજી, માણેકશાહ ધનજીશાહ ડાકટરના, પીરોજશાહ રૂસતમજી બાટલીવાલા, અને દાદાભાઈ પેસતનજી વરકઆકસવાલાએ ભાગ લીધો હતો. સેવટે ભાવનગરના દીવાંન શામલદાસે તેમનો ઉપકાર માન્યો અને સભા બરખાસ્ત થાઇ.[9]

તા૦ ૧૮ મી અકટોબર.

મરહુમ જીવણબાઈ તે શેઠ નશરવાંનજી રતનજી ટાટાનાં ધણીઆંનીનાં ઉઠમણાંમાં તે મરનારની પુંજીમાંથી રૂ. ૩૫,૦૦૦) જુદા કાઢી તેમાંથી રૂ. ૧૦૦૦૦) ને ખરચે વાંદરા મધે એક

---

૧ જામે જમશેદ, તા૦ ૨ જી અકટોબર ૧૮૮૨.

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૮૨.

૩ જામે જમશેદ, તા૦ ૩ જી અકટોબર ૧૮૮૨.

૪ મરહુમ શેઠ પેસ્તનજી, તથા શેઠ દાદાભાઈ નશરવાનજી ધોંડીના બાવા.

૫ બોમબે ગેઝેટ, તા૦ ૯ મી અકટોબર ૧૮૮૨.

[illegible]ઠ દીનશાજી જીવાજી જશુભાઈના બાવા, અને શેઠ હોરમજજી દીનશાજી જશુભાઈના બપાવા.

૭ જામે જમશેદ, તા૦ ૧૨ મી અકટોબર ૧૮૮૨.

૮ જામે જમશેદ, તા૦ ૧૪ મી અકટોબર ૧૮૮૨.

૯ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા૦૧૬ મી અકટોબર ૧૮૮૨.

મકાન બંધાવવા તથા રૂ. ૨૫૦૦૦) તેના ચાલુ ખરચને માટે જુદા રાખવાની તેમજ બાઈના ખાવંદે રૂ.૫ ૦૦), તથા દીકરા શેઠ જમશેદજી નશરવાંનજી તાતાએ રૂ.૨૦૦૦), અને બીજા ખેશીઓએ રૂ. ૧૫૦૦) મલી બીજા રૂ. ૮૫૦૦) ધર્મ ખાતાંઓમાં આપવાની તંદરોસ્તી પઢાવી હતી.૧

શેઠ કેખશરૂ નવરોજજી કાબરાજીનાં ઇજિનથી ભાવનગરની દરબારના રાજકવિ ચારણભાઇ પાટાભાઈએ હિંદી અને ગુજરાતી ભાષામાં પોતાની ,કેટલીક કવીતા ફરામજી કાવશજી ઈનસ્ટીટીયુટમાં ગાઇ સંભલાવી. સરનશીનની ખુરસીએ શેઠ દાદાભાઇ નવરોજજી પ્રોફેસર બીરાજયા હતા. ૨

તા૦ ૨૬ મી અકટોબર.

શેઠ નવરોજજી ફરદુનજીએ હિંદુસ્થાનમાં અપાતી કેળવણી સંબંધી રાજનીતિ તથા તેને લગતી બીજી બાબદોની તપાસ કરવાને હિંદુસ્થાંનની વડી સરકારે ડેઠવેલાં કમીશનની મુંબઈ મધેની બેઠકમાં શાક્ષી આપી હતી. તેવણે લંબાણથી અને સંપુરણ દાખલા દલીલો સાથે દેખાડયું કે શરૂઆતની મુલ કેળવણીમાં સુધારાની ગમે એટલી જરૂર છતાં ઉંચી કેળવણીની ફરજમાંથી સરકારે નીકલી જવું નહિ. ૩

તા૦ ૨૮ મી અકટોબર.

શેઠ માણેકજી બેજનજી કોપર તે અતરેની ફોરટ હાઇ સ્કુલના એક માલેકની કેળવણીને લગતાં કમીશન હજુર શાક્ષી લેવામાં આવી હતી. તેવણે સરકાર તરફની "ગ્રાંટ ઈન એડ"ની મદદ મીશનરીઓની સ્કુલોને મલવા છતાં દેશીઓના હાથ હેઠલ ચાલતાં કેળવણી ખાતાંઓને મલતી નથી તે બાબે ફરીઆદ કરી અને જ્યાં સારા પાયા ઉપર ખાંનગી નિશાલો ચાલતી હોય ત્યાં સરકારે પોતાની નિશાલો ઉઘાડવી નહિં એવી સુચના કીધી. ૪

એ પછી શેઠ મનચેરજી ફરામજી પટેલ. બી. એ. ની શાક્ષી લેવામાં આવી, જેમાં તેવણે નિશાલોમાં છોકરાઓને મોહડે ભરડાવવાની રીતની સામે પોતાનું મત આપ્યું, અને દરેક વિધારથીને અંગબળની કસરત કરવાની ફરજ પાડવાની સુચના કીધી. ૫

ઇજિપત ખાતે લડાઇના કારણસર ગયલી હિંદી ફોજે તે તરફ બાહાદુરીથી લડી ફતેહ મેલવી તેની મુબારકબાદીમાં તે ફોજ મુંબઈ આવે તે વેલાએ તેને જાહેર ઉઘરાતથી એક જીયાફત આપવાને ગઈ તા૦ ૧૧ મી અકટોબરે "બેહરામજી હોલ"માં અતરેના આગેવાંન ઇગ્રેજ તથા દેશી ગ્રહસ્થોની એક સભા મલી હતી. આ વેલાએ એ કારણસર એક ઉઘરાણું તથા બીજી ગોઠવણો કરવાને ૩૬ ઇંગ્રેજ, ૯ હિંદુ, ૮ મુસલમાન, ૨ ફરંગી, ૧ યાહુદી, અને ૧૬ પારસી (હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, શેઠો બેહરામજી જીજીભાઈ, સી. એસ. આઇ; દીનશાહજી માણેકજી પીટીટ, શેરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઈ; ડોશાભાઇ ફરામજી કરાકા, સી. એસ. આઈ; પીરોજશાહ મેહરવાંનજી મેહેતા, મનચેરજી નવરોજજી બનાજી, ખાનબાહદુર જમશેદજી ધનજીભાઇ વાડીઆ, ખાનબાહદુર મનચેરજી કાવશજી મરઝબાન, જાંગીરજી કાવશજી જાંગીરજી રેડીમની, કેખશરૂ નવરોજજી કાબરાજી, નાનાભાઇ રૂસતમજી રાંણીના, બેહરામજી નશરવાનજી સીરવાઈ, માણેકજી બરજોરજી મીનોચેહેર હોમજીના, હોરમજજી બાપુજી ગજદર, ડાકટર રૂસતમજી નશરવાનજી બોરી) ગ્રહસ્થોની એક કમીટી તથા શેઠ નાનાભાઇ બેહરાંમજી જીજીભાઈ અને મી૦ એચ. ડબલ્યુ. ટેનંટને જોઇંટ સેક્રેટરીઓ ડેઠવ્યા હતા. આ કમીટીએ ઇજિપતથી પાછાં ફરેલાં લશકરનાં આસરે ૧૫૦૦ દેશી અને ૩૦૦ ઈંગ્રેજ સીપાહોને આજ દીને યુનીવરસીટી હાલની સામેનાં મેદાનમાં એક જીયાફત તથા આતશબાજીની ગમત આપી હતી, જે વેલાએ અતરેની વસ્તીનો મોટો બાગ તે જોવાને શામેલ થયો હતો, તથા એ દિવસ એક તેહવાર તરીકે પાલી સઘલી સરકારી તથા ખાનગી આફીસો, બેંકો, નિશાલો, વગેરે બંધ રાખ્યું હતું. ૬

---

૧ મુંબઈ સમાચાર, તા૦ ૧૯ મી અકટોબર, ૧૮૮૨.

૨ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા૦ ૧૯ મી અકટોબર ૧૮૮૨.

૩ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૭ મી અકટોબર ૧૮૮૨.

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૩૦ મી અકટોબર ૧૮૮૨.

૫ ,, ,, ,, ,,

૬ બોમ્બે ગેઝેટ, તા૦ ૩૦ મી અકટોબર ૧૮૮૨.

આ જીયાફત આપવા માટે થયલાં ઉઘરાનામાં પ્રજા તરફના રૂ. ૧૨૬૩૨) ભરાયા હતા, જેમાં રૂ. ૨૧૬૮) નીચે મુજબ પારસીઓના હતા:—

રૂ. (૧૦૦) આનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, બેહરામજી જીજીભાઇ, સી. એસ. આઈ; સોરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઈ; દીનશાહજી માણેકજી પીટીટ, જાંગીરજી કાવશજી જાંગીરજી રેડીમની, નશરવાનજી જાંગીરજી વાડીઆ, નાનાભાઈ બેહરામજી જીજીભાઈ, બેહરામજી નશરવાનજી સીરવાઈ, (રૂ. ૫૦) મનચેરજી હોરમજજી કામાજી, જમશેદજી નશરવાનજી તાતા, હોરમારજી અરદેસર હોરમજજી વાડીઆ, એદલજી ફરામજી આલબલેસના છોકરાઓ, નશરવાનજી માણેકજી પીટીટ, સરદાર ખાનબહાદુર પદમજી પેશતનજી, રૂસતમજી ડોશાભાઈ શેઠના (રૂ. ૨૫) નાનાભાઇ રૂસતમજી રાણીના, બીખાજી નવરોજજી પાલણજી, ડોશાભાઈ ફરામજી કરાકા, સી. એસ. આઈ; મનચેરજી ફરામજી કામાજી તથા છોકરાઓ, રૂસતમજી શેરાબજી

તા૦ ૩૦ મી અકટોબર.

સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટીયુટની કોટની મોટી સ્કુલની મોલાકાત લેવાને કેળવણીને લગતાં કમીશનના અધિકારીઓ આવ્યા હતા. જે વેલાએ એ ખાતાંની પંચાએત તરફથી તેના સરનશીન હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટે તેમને એક માનપત્ર વાંચી સંભળાવ્યું, જેમાં પ્રથમમાં તેમનો ઉપકાર માની મેટરીકયુલેશનની પરીક્ષાથી ઉતરતી વેહવારૂ ગ્યાનની પરીક્ષા કરવાની તથા બીજી કેટલીક સુચનાઓ કીધી હતી. એ બાદ છોકરાઓએ ઇંગ્રેજીમાં તથા છોકરીઓએ ગુજરાતીમાં કવીતા ગાઈ સંભલાવી, જે પછી કમીશનના સરનશીન હાનરેબલ ડાકટર હંટરે એક ભાષાણ કરી મરહુમ સર જમશેદજી પહેલા બારોનેટની સખાવતની સ્તુતી કીધી તથા એ સ્કુલના પ્રીનસીપાલ શેઠ ડોશાભાઈ નશરવાંનજી વાડીઆ એમ. એ. નો ઉપકાર માન્યો. ૧

તા૦ ૩૧ મી અકટોબર.

જરતોશતી છોકરીઓની નિશાલ મંડલી હસ્તકની નિશાલોની ભેટ કેળવણીને લગતાં કમીશનના અધિકારીઓએ સવારના ફરામજી કાવશજી ઇનસ્ટીટીયુટમાં લીધી હતી. પ્રથમમાં શેઠ નવરોજજી ફરદુનજીએ તેમને થોડાક શબ્દોમાં મુબારકબાદી આપ્યા બાદ એ મંડલીના સેક્રેટરી શેઠ જાંગીરજી હોરમજજી પંથકી થાંણેવાલાએ એ નિશાલોની તવારીખ તથા તેના વહીવટ, ખરચ, વગેરેનો એક ટુંક રોપોરટ વાંચી સંભલાવ્યો; જે પછી છોકરીઓએ ગુજરાતીમાં ગીતો ગાઇ સંભલાવ્યા બાદ સરનશીન ડાકટર હંટરે તેમજ એક અધિકારી મી૦ લીવારનરે સ્ત્રી કેળવણીના સંબંધમાં પારસીઓએ આટલું બધું કર્યું છે તે માટે પોતાનો સંતોષ જણાવ્યો. ૨

એજ દીને સાંજનાં શેઠો દાદાભાઇ પેશતનજી માસતર અને માણેકજી બેજનજી કોપર હસ્તક ચાલતી "ફોરટ હાઇ સ્કુલ"ની મોલાકાત કમીશનના અધિકારીઓએ ટાઉનહાલમાં લીધી હતી. આ વેલાએ એ સ્કુલની હાલત તથા વહીવટ વિષેના અહેવાલનું એક માનપત્ર તેમને આપ્યાબાદ છોકરાઓએ ઇંગ્રેજી તથા ફારસીમાં કવિતા ગાઈ સંભલાવી, જે બાદ પ્રમુખ ડાકટર હંટરે ખાનગી સાહસથી ચાલતી આ સ્કુલની ચડતી વિષે પોતાનો સંતોષ બતાવ્યો.૩

તા૦ ૩૧ મી અકટોબર.

મરહુમ શેઠ જમશેદજી હીરજીભાઇ મેહરવાંનજી વાડીઆનાં ઉઠમણાંમાં રૂ૫૭૭) ધર્મખાતાંઓમાં આપ્યા. ૪

તા૦ ૧ લી નવેમબર.

આજે શાલની "ગીલક્રીસ્ટ સ્કાલરશીપ"ની પરીક્ષામાં સેંટ ઝેવીઅર કાલેજના એક વિદ્યાર્થી ખરશેદજી (ઉર્ફે કેખુશરો) નશરવાંનજી બાધુરજી ફતેહમંદ નીકલ્યા હતા૫

શેઠ શોરાબશાહ બેહરામજી ડાકટરે ફારસી ભાષાની વ્યાકરણનો ભાગ ૨ જો પ્રગટ કીધો.

તા૦ ૩ જી નવેમબર.

ડાકટર રૂસતમજી નશરવાંનજી ખોરીએ અતરેની "મેડીકલ એન્ડ ફીઝીકલ શોસાઇટી"ની માસીક સભામાં ગર્ભસ્થાનની બાબદ ઉપર એક નીબંધ વાંચ્યો.

તા૦ ૬ ઠી નવેમબર.

શેઠ દીનશાહજી માણેકજી પીટીટ તથા તેવણનાં ધણીઆંની બાઇ હબાઇજી ફરામજી પાંડેએ આજ દીને અતરેની જરથોસ્તી અંજુમનનાં ફંડના તરસ્ટીઓ હસ્તક રૂ૫૦૦૦) ની રકમ ધર્મ ખાતે આપી તેનાં વ્યાજમાંથી દર શાલ પોતાની દીકરી મરહુમ ગુલબાઈ તે શેઠ રૂસતમજી નાનાભાઇ બેહરાંમજીનાં ધણીઆંણીની બાજને દીને ચોપાટીની ધર્મશાલામાંનાં આંધલા પાંગલા તથા લાચાર જરથોસ્તીઓને દીનઆઇનની ક્રિઆ કરી જમાડવાં એવી સરત કીધી હતી.

એજ મુજબ ચોપાટીની ઈરાંનીઓની ધર્મશાલામાં રેહનારાં ઇરાંનીઓને પણ એજ દીવસે જમાડવા સારૂં રૂ૫૦૦૦) ની [illegible]નાવારેસ ઈરાંની જરથોસ્તીઓનાં ફંડના તરસ્ટીઓને સ્વાધીન કીધી હતી.

ખરાસ, નવરોજજી જાંગીરજી ગામડીઆ, મેહરવાનજી જીજીભાઈના છોકરાઓ, રતનજી બહમનજી દુબાશ, મનચેરજી બહમનજી પંથકી, ખરશેદજી બહમનજીની કાં૦, અરદેશર અને હોરમજજી વકીલો, મનચેરજી નવરોજજી બનાજી, શોરાબજી ફરામજી પટેલ, બરજોરજી રૂસતમજી મોદી, નશરવાંનજી મેહરવાંનજી પાંડે, ખાનબાહદુર જમશેદજી ધનજીભાઈ વાડીઆ, નશરવાનજી બહમનજી મોદીના છોકરાઓ, નવરોજજી રૂસતમજી મોટાભાઈ, ડાકટર રૂસતમજી નશરવાનજી ખોરી (રૂ. ૫૪૩) રૂ. ૨૫) ની અંદરની રકમ.

એજ મુજબ એ લડાઈમાં ભાગ લેનારા હિંદી દરીયાઇ કાફલાનાં આસરે ૫૫૦) માણસોને પણ તા૦ ૧૮ મી નવેમબર ૧૮૮૨ ને દીને ઉપલેજ ઠેકાણે જીયાફત તથા ગમત આપી હતી.

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૩૧ મી અકટોબર ૧૮૮૨.

૨ ટાઈમસ આફ ઇંડયા, તા૦ ૧ લી નવેમબર ૧૮૮૨.

૩ ટાઇમ્સ આફ ઇંડીઆ, તા૦ ૧ લી નવેમબર ૧૮૮૨.

૪ જામે જમશેદ, તા૦ ૧ લી નવેમબર ૧૮૮૨.

૫ જામે જમશેદ. તા૦ ૧ લી નવેમબર ૧૮૮૨.

તા૦ ૭ મી નવેમબર.

રોજ ૨૦, માહ. ૨ (શે૦) ૧૨૫૨ ય૦

મરણ—ખાનબાહદુર ફરાંમજી નશરવાંનજી શેઠના—ઉમર વરસ વર્ષ ૬૨). પુણાવાલા ખાનબાહદુર અરદેસર શેઠ ખરશેદજી મુનસફના વડા દીકરા. એવણ પેહલવેહલા ઇ૦ સ૦ ૧૮૩૯ માં પુણાની અદાલત મધે, તથા ઇ૦ સ૦ ૧૮૪૦ થી ૨૧ મી દેશી પલટણ સાથે સીંધ, કુવેટા, વગેરે ઠેકાંણાંઓપર, અને ૧૮૪૨ થી પુણાં ઇરેગયુલર હોરસ ખાતાંમાં એક લખનાર તરીકે રહેલા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૫૪ માં અહદનગર અને ૧૮૫૫ ના અકટોબરથી પુણાંના ફોજદાર નેમાયા હતા. ૧૮૫૭ ના બલવા વખતે એવણે પુણાં મધે સરકારની ઘણીક જીવ સટોસટ તથા નીમકહલાલી ભરી નોકરીઓ બજાવવા માટે નામદાર સરકારે તા૦ ૧૩ મી મેએ ૧૮૫૮ ને દીને એવણને ખાનસાહેબનો ખેતાબ તથા "જેકબ રાઇફલ" ની એક બંદુક ભેટ આપી હતી. ઈ૦ સ૦ ૧૮૬૦ ના મેએ માસમા એવણને સુરતના હજુર ડેપ્યુટી કલેકટર અને માજીસટરેટ નેમ્યા હતા, અને તે પછી એજ ઓહ્દા ઉપર એમની પુણાં, ખેડા, પંચમાહલ, અહમદનગર, અને નાશક ખાતે અવારનવાર બદલી થઇ હતી. તા૦ ૧ લી જાનેવારી ૧૮૮૦ ને દીનથી એવણે પેનશન લઈ ઓહ્દો છોડયો હતો, જે પછી નામદાર સરકારે એવણને ખાંનબાહદુરનો ખેતાબ તથા દખણના પેહલા વર્ગના સરદાર નેમ્યા હતા.

———

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૨૩, માહ. ૨. (શે૦) ૧૨૫૨ ય૦

મરણ—ધનજીશાહ માણેકજી લાલાકાકા.[૧] ઉમર વર્ષ ૩૮). શેઠ માણેકજી દોરાબજી લાલકાકાના દીકરા. એવણ પેહેલવેહલા ઇ૦ સ૦ ૧૮૬૨ માં ઇંગલાંડ શેઠ નશરવાંનજી બહમનજી મોદીની કું૦ તરફથી અને તે પછી ફરી એકવાર પોતાને હીસાબે ગયા હતા. ત્યાંથી પાછા આવી અતરેની પોસ્ટઓફીસમાં નોકરીએ રહી એડન, કુવેટા, વગેરે જગાઓપર પોસ્ટ માસતર થયા હતા; અને મરણ વખતે ધારવાર તથા કારવારના પોસ્ટલ સરકલના સુપરીનટેનડંટ હતા.

મરણ—દોરાબજી નશરવાંનજી કામાજી.[૨] ઉમર વર્ષ ૬૨). શેઠ નશરવાંનજી મનચેરજી કામાજીના નાધલા દીકરા. એવણ ઘણી નાધલી વયે ઈ૦ સ૦ ૧૮૩૪ માં પેહલ વેહલા ચીન ગયા હતા. તે બાદ ઇ૦ સ૦ ૧૮૪૩ માં પોતાના ભાઇ શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજી તથા શેઠ પે[illegible] નવરોજજી પોંહચ્યા સાથે "પી. એન્ડ ડી. નશરવાંનજી કામા" ને નામે પેહેડી ઉઘાડી પાછા ચીન ગયા હતા. અને તે દરમેઆંન એકવાર મુંબઇ આવી પાછા ઈ૦ સ૦ ૧૮૫૨ થી તે પોતાનાં મરણ સુધી ત્યાંજ રહી વ્યાપાર કરતા હતા, અને શેંગાહી ખાતે મરણ પામ્યા હતા. ચીન મધે વાંમપુમાં સ્વાંનની જગાની પાસે જરથોસ્તીઓને વીસાંમો લેવાને એક મકાંન બંધાવી તે ઇ૦ સ૦ ૧૮૬૦ માં ત્યાંની અંજુમનને એવણે શેઠ પેશતનજી ધનજીભાઇ કુરલેવાલાની મારફતે બખશેશ કીધું હતું.

———

તા૦ ૧૪ મી નવેમબર.

રાંડેલ ગામનાં દોખમાંનાં કુવાઓની મરામત કરવાને શેઠ હોરમજજી અરદેસર હોરમજજી વાડીઆએ રૂ૧૦૦૦) ની રકમ પોતાના મરહુમ બાવાનાં પુનને માટે આપી હતી.[૩]

એજ શેઠે પોતાના મરહુમ પીતાનાં નામથી મુંબઈના શેખઅબદુલ રેહમાન સ્ત્રીટમાં વસનારી સઘળી કોમોના ફાયદાને માટે "અરદેસર હોરમારજી ચારીટેબલ ડીસ્પેનસરી" નામનું ધર્મનું દવાખાનું ઉંઘાડયું હતું.[૪]

———

તા૦ ૨૦ મી નવેમબર.

કલકતા ખાતે ત્યાંની મ્યુનીસીપાલીટીના સરકાર તરફથી નેમાયલા અધિકારીઓમાં આએ શાલ એક પારસી—શેઠ હીરજીભાઇ માંણેકજી રૂસતમજી બનાજીની નેમણુક થઈ હતી.[૫]

———

તા૦ ૨૧ મી નવેમબર.

અફગાંન લડાઇ શરૂ થઇ તે વેળા જનરલ સ્ટુઅરટનાં કોલમના પોસ્ટ માસ્તર તરીકે ગયલા પારસી ગ્રહસ્થ શેઠ ડોસાભાઇ હોરમજજી લોહડાંવાલા, કે જેવણ કંદહાર ફતેહ કીધું તે વેળા તેમજ ગજનીની નજદીકમાં એહમદખેલની લડાઇમાં શત્રુઓના મારાની વખતે પણ હાજર હતા, તેવણને કીમતી નોકરીઓના બદલામાં વડી સરકાર તરફથી એક ચાંદ ભેટ મલ્યો.[૬]

———

તા૦ ૨૨ મી નવેમબર.

મરહુમ બરજોરજી કાવશજી હોરમજજી ડાકટરનાં ઉઠમણાંમાં તેમના બપાવા શેઠ હોરમજજી મોટાભાઇ બીલીમોરીઆ તથા બીજાં ખેશીઓએ મલી રૂ૯૬૮) ધર્મ ખાતાંઓમાં આપ્યા.[૭]

---

૧ શેઠ ફરામરોજ ધનજીશાહ લાલકાકા તથા મરહુમ શેઠ અરદેસર ધનજીશાહ લાલકાકા એમ. એ. એલ. એલ. બી ના બાવા.

૨ શેઠ હોરમજજી દોરાબજી કામાજીના બાવા તથા મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી કામા (સોલીશીતર)ના કાકા.

૩ જામે જમશેદ, તા૦ ૧૪ મી નવેમબર ૧૮૮૨.

૪ બાંમ્બે ગેઝેટ, તા૦ ૨૮ મી નવેમબર ૧૮૮૨.

૫ જામે જમશેદ, તા૦ ૨૦ મી નવેમબર ૧૮૮૨.

૬ રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી નવેમબર ૧૮૮૨.

૭ જામે જમશેદ, તા૦ ૨૭ મી નવેમબર ૧૮૮૨.

તા૦ ૨૩ મી નવેમબર.

અતરેનાં પબલીક વરક્સ ખાતાંના હાનરરી એકઝામીનર ઑાફ એકાઉંટસ શેઠ શેરાબજી મેહરવાંનજી હાયવાબને હિંદુસ્થાનના નામદાર વાઇસરાએ "ખાંનબાહદુર"નો ખેતાબ આપ્યો.૧

ખાંનબાહદુર બહમનજી શેરાબજી તારાપોરવાલા, એલ. સી. ઇ. ને પુણાંની સાએનસ કાલેજના ગણિત અને સીવીલ ઇનજીનીઅરીંગના પ્રોફેસર તરીકે નેમ્યા.૨

શેઠ ખરશેદજી રતનજી બહમનજી દુબાશને નામદાર સરકારે સીવીલ સરવંટ તરીકે નેમી ભરૂચના કલેકટર અને માજીસ્ટ્રેટના આસીસ્ટંટ ઠેડવ્યા. ૩

તા૦ ૨૮ મી નવેમબર.

શેઠ નશરવાંનજી નવરોજજી પારખે ગ્લાસગોની વૈદ્યકશાળામાં એલ. એફ. પી. એસ. ની પદવી મેલવી. એની આગમજ એવણે એડીનબરોની વૈદ્યકશાળાની એલ. આર. સી. પી. તેમજ એલ. એમ. ની પદવી મેલવી હતી. ૪

તા૦ ૩૦ મી નવેમબર.

રોજ ૧૩, માહ ૩ (શે૦) ૧૨૫૨ ય૦

મરણ—હોરમજજી નવરોજજી સકલાતવાલા—ઉમર વર્ષ ૪૯). શેઠ નવરોજજી દોરાબજી સકલાતવાલાના વડા દીકરા. એવણ ઇ૦ સ૦ ૧૮૬૧ માં શેઠો જમશેદજી નશરવાંનજી તાતા અને અરદેસર એદલજી ચીનાઇ સાથે "જમશેદજી અરદેસરની કુ૦" ને નામે પેહડી સ્થાપી ચીન ખાતે ગયા હતા. ત્યાંથી ત્રણ ચાર વર્ષે અતરે પાછા આવી કમીસરીએટમાં ભાગીદારો સાથે જુદાં જુદાં કંત્રાકટો લેતા હતા. અતરેનાં ઘણાંક જાંઇંટ સ્ટાક ખાતાંઓમાં એવણને સંબંધ હતો, તથા ગ્રેટ ઇસ્ટરન સ્પીનીંગ એન્ડ વીવીંગ કું૦ ના એક એજંટ હતા. મુંબઈની મ્યુનીસીપલ કારપોરેશનના એવણ સભાસદ તથા પારસી ચીફ માટરીમોનીઅલ કોરટના ડેલીગેટ હતા.

તા૦ ૫ મી ડીજેમબર.

વરોડરા રેલવેના વડા ટેલીગ્રાફ ઇનસ્પેકટર શેઠ શેરાબજી એદલજીએ "ધી ટેલીગ્રાફ ગાઇડ" અથવા વીજલીના તારનો બોમીઓ એવે નામનું એક પુસ્તક ઇંગ્રેજી ભાષામાં પ્રગટ કર્યું.૫

તા૦ ૭ મી ડીજેમબર.

મુંબઈના ગવરનરની કૌનસીલના વદાય થતા એક અધિકારી હાનરેબલ મી૦ આશબરનરનાં માન ખાતર અતરેની ગાયણ ઉતેજક મંડલીએ આજ રાતનાં તે નામદારને પોતાના મકાનમાં બોલાવી એક જલસો કર્યો હતો. મંડલીના સેક્રેટરી શેઠ ખરશેદજી દીનશાહ ખંબાતાએ એક ટુક ભાષણ કરી તે નામદારની સલામતી ચાહી. ૬

તા૦ ૧૦ મી ડીજેમબર.

શેઠ નાનાભાઇ રૂસતમજી રાંણીનાએ "સાવિત્રી" નામના નાટકના તરજુમાનું એક પુસ્તક છપાવી પ્રસિધ્ધ કીધું. ૭

તા૦ ૧૨ મી ડીજેમબર.

રોજ ૨૫ માહ ૩ (શે૦) ૧૨૫૨ ય૦

મરણ—ખાનબાહદુર અરદેસર શેઠ ખરશેદજી મુનસફ—ઉમર વર્ષ ૮૨) શેઠ ખરશેદજી કાવશજી શેઠનાના બીજા દીકરા. એવણ પેહલવેહેલા ઇ૦ સ૦ ૧૮૧૧ માં "પુણા હૉરસ" માં એક રીસાલેદાર તરીકે રહ્યા હતા. ૧૮૧૮ માં પુણાની પાસે કોરેગામ આગલ લડાઈ થઈ તે વેલાએ બાહદુરી બતાવવા માટે એવણને એક રૂપાંનો ચાંદ ભેટ મલ્યો હતો. ૧૮૨૭ માં એવણે વકીલની પરીક્ષા આપી પુણાંની મુનસફ કોરટમાં વકીલાતપણું ચલાવવા માડયું હતું. ૧૮૪૫ માં એવણને વડગામ, તે બાદ જુહનેર, અને તે પછી પુણાંના મુનસફ નેમ્યા હતા. ૧૮૬૭ માં એવણે જઇફીને લીધે પેનશન લીધું તે વેલાએ તા૦ ૧૩ મી ડીજેમબરે પુણાંના સઘલા લોકોની એક જાહેર સભા મેલવી દખણના સરદારોના એજંટ મી૦ એફ. લાયોડે એવણને એક માનપત્ર તથા શેઆલ અને હીરાની વીટી ભેટ આપી. ૧૮૭૩ માં સરકારે એવણને પુણાંના હાનરરી માજીસ્ત્રેટનો ઓધો તથા ૧૮૭૭ માં ખાનબાહાદુરનો ખેતાબ આપ્યો હતો.

તા૦ ૧૬ મી ડીજેમબર.

રોજ ૨૯ માહ ૩ (શે૦) ૧૨૫૨ ય૦

મરણ—રૂડીબાઈ તે મરહુમ વીકાજી મેહરજીનાં વીધવા—ઉમર વર્ષ ૧૦૦). એવણ તારાપોરનાં વતની હતાં, અને પોતાના સાહસીક ભરથારની સાથે ગુજરાત, કોકણ તથા દખણ હેદરા-

---

૧ ટાઈમ્સ આફ ઇંડીઆ, તા૦ ૨૩ મી નવેમબર ૧૮૮૨.

૨ બોમબે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૩ મી નવેમબર ૧૮૮૨.

૩ " " " " " "

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૭ મી નવેમબર ૧૮૮૨.

૫ "The Telegraphic Guide, or Self-instructor. By Sorabji Edalji, Head Telegraph Inspector, B. [illegible] I. Railway; Bombay. printed at the Examiner Press. 1882."

૬ બોમ્બે ગેઝેટ, તા૦ ૯ મી ડીજેમબર ૧૮૮૨.

૭ "સાવિત્રી. નાટક બે અંકી. રચનાર, નહાનાભાઈ રૂસતમજી રાણીના, મુંબઈ: યુનિયન પ્રેસ, ૧૮૮૨."

બાદના ગામોમાં રહેલાં હતાં; અને આગલા વખતની ધાર, લૂટ, બલવો તેમજ જાહોજલાલી, દબદબો, વગેરે સઘલી પ્રકારની જીંદગી નજરે જોઈ તથા ભોગવી હતી. એવણે સદા ઉદયોગી તથા નીયમીત રેહનાર હોવાથી આવડી લાંબી ઉમર છતાં સેવટ સુધી સારી તંદરોસ્તી ભોગવી હતી. ઇ૦ સ૦ ૧૮૫૮ માં એવણ હેદરાબાદથી મુંબઇ આવી વસ્યાં હતાં, અને મરણ પણ અતરેજ પામ્યાં હતાં.

તા૦ ૧૭ મી ડીસેમબર,

કરાંચી મધે શેઠ એદલજી દીનશાહ સરાફે કેટલાંક ધર્મનાં કામો કરવાથી ત્યાંના જરથોસ્તીઓએ તેમને એક માનપત્ર તથા શેઆલ જોડો અને રૂપાંનો જગ ભેટ આપ્યો. ૧

થાંણા જીલ્લામાં અબકારી તથા જંગલને લગતા કાએદાઓને લીધે ત્યાંની રૈયત ઘણું દુખ તથા મોટી અગવડમાં આવી પડવાથી તે બાબે સરકારમાં ઘટતી ફરીઆદ કરી દાદ મેલવવાને આજ દીને થાંણા જીલ્લાની રૈયતની એક રાક્ષસી સભા થાંણા મધે શેઠ બહમનજી નશરવાંનજી કંત્રાકટરની વાડીમાં મલી હતી. આ વેળાએ સભામાં ૫૬૦૦ માણસો હાજર હતા. સરનશાનની ખુરસી જામનગરના માજી દીવાંન બાલાસાહેબ ખારકરે લીધા બાદ "ફારેસ્ટ, આબકારી, અને લાંડ રેવીન્યુ બદલ દાદ માંગનારી, થાંણા જીલાની સભા" એવાં નામથી એક સભા સ્થાપી, તથા તેનું કામ ચલાવવાને ૧૬ હિંદુ, ૬ મુસલમાન, અને ૫ પારસી (શેઠો નશરવાંનજી બહમનજી આંતીઆ થાણેના, રતનજી બીમજીભાઇ પટેલ નારગોલના, ફરાંમજી રૂસતમજી નારગોલવાલા, અરદેસર દારાબજી દવીહરવાલા, જાંગીરજી દાદાભાઇ તારાપોરવાલા) ગ્રહસ્થોની એક કમીટી નેમી, તથા તે કમીટીને ઘટતી સલાહ આપવાને છાસ્ટીમાં આવેલાં અનીક ગામના માલેક શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલ, ગોરગાંમના માલેક શેઠ બેહરાંમજી જીજીભાઇ, સી. એસ. આઈ; કુરલાના માલેક શેઠ હોરમજજી અરદેસર હોરમજજી વાડીઆ, દઇસરના માલેક શેઠ ખરશેદજી હોરમજજી દાદીશેઠ, તથા શેઠો દાદાભાઇ નવરોજજી પ્રોફેસર, નવરોજજી ફરદુનજી અને શેરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઈ. ને અરજ કરવાને ઠેરવ્યું હતું. ૨

તા૦ ૧૮ મી ડીસેમ્બર.

શેઠો ખરશેદજી નશરવાંનજી સીરવાઇ અને [illegible]મનજી બેહરાંમજી પટેલે મુંબઇ ઇલાકાનું "ગેજેટીઅર" કે જે વડી સરકારના હોકમથી મી૦ જે. એમ. કેમબેલ, સી. એસ. રચે છે તેનાં આજે માસમાં બાહેર પડેલાં ૧૩ માં પુસ્તકમાં થાંણા જીલ્લાને લગતા પારસીઓની તવારીખ, રીતભાત, ધરમ, વગેરેનો અહેવાલ લખ્યો હતો; અને તે માટે મુંબઇની સરકારે પોતાના આજની તારીખના નંબર ૫૦૩૮ વાળા ઠેડાવમાં બીજા લખનારાઓ ભેગી એ બંધે ગ્રહસ્થોને પણ શાબાશી આપી હતી. ૩

ઇરાંન મધે વસનારા જરથોસ્તીઓપર ત્યાંની મહમદીઆંન શાહનશાહત તરફથી લેવાતો જજીયાનો કર ગયા આગશટ માસમાં ઇરાંનના શાહ નશરદીને માફ કીધો હતો; તે માટેનાં શાહી ફરમાનની ફારસી નકલ તેના ઇંગ્રેજી તરજુમા સહીત તેહરાંન મધેના બ્રીટિષ એલચી મી૦ આર. એફ. ટામસને ઇરાંન દેશના ગરીબ જરતોસ્તીઓની હાલત સુધારનારી મંડળીના સરનશીન શેઠ દીનશાહજી માણેકજી પીટીટ ઉપર ગઇ તા૦ ૨૭ મીં સપટેમબરે મોકલી હતી. આ ઉપરથી ખુશી થઈ કારોબાર મંડળીએ મજકુર મી૦ ટામસન, હિંદુસ્થાનની સરકારના ફારેન ડીપારટમેંટના સેક્રેટરી સર એ. સી. લાયલ, મુંબઈની સરકારના ચીફ સેક્રેટરી મી૦ સી. ગાન, અને નામદાર માહારાણીના પરદેશ ખાતાંના પ્રધાન અરલ ગ્રાનવીલ ઉપર તા૦ ૪ થી ડીસેમબરે, તેમજ ઇરાંનના નામવર શાહ, વજીર, શાહાજાદાઓ, અમીર ઉમરાવો, તથા બીજા અમલદારો મલી ૨૩) જણાઓ ઉપર તા૦ ૧૩ મી ડીસેમબરે જજીયો માફ કરવાનાં આ કામમાં દીલસોજી બતાવવા માટે ઉપકાર તથા શોકરગુજારીના પત્રો લખ્યાં હતાં. વળી ઇરાંનની દરબારી રીતભાંત મુજબ શાહ, વજીર, તથા બીજા ઉમરાવો ઉપર કારોબાર મંડલીએ રૂ૧૦૦૦૦) સુધીની પેશકસી ભેટ મોકલી હતી. [એ પેશકસી મોકલવા માટે જુદું લીસ્ટ કીધું હતું તેમાં શેઠ દીનશાહજી માણેકજી પીટીટે રૂ૧૨૫૧,) તથા શેઠો નશરવાંનજી માણેકજી પીટીટ અને કેખશરૂ મેહરબાંન ઈરાંનીએ દરેકે રૂ૧૦૦૦) ની રકમો ભરી હતી.] એ ઉપરાંત ઇરાંન મધે યજદ, કેરમાંન, શીરાજ, કાસાન, અને બીજી જગાઓપર વસનારા જરથોસ્તીઓએ એ બાબેની ખુશાલીમાં જશનો કરી ઇરાંનના શાહની આબાદી ચાહી હતી. તેહરાંન મધે આજ દીને થયલાં જશનમાં ત્યાંનાં રાજપના તથા યુરોપ્યન અને તરકીનાં એલચી ખાતાંના કેટલાક અમલદારો, તેમજ આરમીનીઅન અને બીજી ગ્નાતના વ્યાપારીઓ શામેલ થયા હતા. શેઠ માણેકજી લીમજી હાંટરીઆએ હાજર થયલા જરથોસ્તીઓ

૧ મુંબઈ સમાચાર, તા૦ ૨૩ મી ડીસેમબર ૧૮૮૨.
૨ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૨૪ મી ડીસેમબર ૧૮૮૨.
૩ એ ગેઝેટીઅરમાં પારસીઓનો અહેવાલ શરૂ કરતાંજ મી૦ કેમબેલ નોટમાં લખે છે કે :—
The greater part of this account of the Parsis has been prepared by Mr. Bomanji Behramji Patel, Compiler of the Parsi Prakash, and Mr. Kharsedji Nasarvanji Seervai, assistant to the Collector of Bombay.

સાથે દોઆ નામસેતાએશને પઢયા પછી ફારસી બાષામાં શાહની તથા બ્રીટીશ રાજની તારીફમાં બંદગી કરી, અને ફુલ, ફલ, તથા શરબત વેંહચી મેલાવડો બરખાસ્ત કીધો. ૧

તા૦ ૨૧ મી ડીજેમબર.

ઇસ્ટ ઇંડીઆ આસોશીએશનની મુંબઇની શાખાની એક જાહેર સભામાં શેઠ દાદાભાઈ નવરોજજી પ્રોફેસરે કેળવણીને લગતાં કમીશન જોગ પોતે લખેલો પત્ર વાંચી સંભલાવ્યો. ૨

ખાંનબાહદુર એદલજી મનજીભાઈ મોદીને અહમદનગરના ફરસ્ટ કલાસ સબારડીનેટ જડજ નેમ્યા. ૩

પુણાંની પારસી માટરીમોનીઅલ કોરટના એક ડેલીગેટ મરહુમ ખાનબાહદુર ફરાંમજી નશરવાંનજી શેઠનાની જગોએ શેઠ ખરશેદજી નશરવાંનજી શેઠનાને નેમ્યા. ૪

શેઠ ખરશેદજી રૂસતમજી વાડીઆએ ઇંગલાંડ મધે બારીસટરની પરીક્ષા ફતેહમંદીથી પસાર કીધી. ૫

તા૦ ૨૩ મી ડીજેમબર.

અતરેના એક પારસી જાગીરદાર શેઠ જાલભાઇ અરદેસર શેઠનાએ પોતાની નવરોજજી હીલવાલી કીમતી મીલકત ઉપરનાં આસર ૧૦૦૦ ઘરોમાં વસતાં ભાડુતોને આજ રાત્રે ડુંગરી ઉપરની પોતાની વાડીમાં ધામધુમ સાથે એક મેજબાંની આપી હતી. આ વેલા આસરે ૯૦૦૦ માણસોં ભેગાં થયા હતાં, જેઓની ગમતને માટે વીજલીની રોશની, નાચ, નાટક, વગેરે કરવામાં આવ્યું હતું. ૬

તા૦ ૨૫ મી ડીજેમબર.

શેઠ બેહરાંમજી મેહરવાંનજી મલબારીએ "ગુજરાત એન્ડ ધી ગુજરાતીસ" નામનું એક પુસ્તક ઇંગ્રેજી બાષામાં લંડનવાલા મીસીઅરસ ડબલ્યુ. એચ. એલનની કું૦ ની મારફતે છપાવી હાનરેબલ જેમસ ગીબસને અર્પણ કીધું. ૭

શેઠ અરદેસર મેહરજીભાઈ વીકાજીએ "પ્રેમરાય" નામને નાટક છપાવી પ્રસિદ્ધ કીધો. ૮

તા૦ ૨૭ મી ડીજેમબર.

પેશાવરની "ખેબર" નામની પુરાંની મેસાનીક લાડજના માસતર તરીકે ત્યાંના પોસ્ટ માસતર શેઠ હોરમજજી માણેકજી મેહતાને ખુરસીનશીન કરવાની ક્રિઆ થઇ. ૯

તા૦ ૨૮ મી ડીજેમબર.

સુરત મધે પદાંનીઆ મોબેદોને માટે બંધાવવા માડેલાં દોખમાંનો તાંણો પુરવાની ક્રિઆ આજ દીને કરવામાં આવી હતી. એ દોખમું બાંધવાનાં ફંડ મધે શેઠ શોરાબજી રૂસતમજી ફટાકીઆએ મોટી રકમ બખશેશ કીધી હતી, તથા રૂસ્તમપરાવાલા દસ્તુર દારાબજી ખરશેદજી દારાબ પાલણનાએ તે બાંધવા માટે પોતાની જમીન ભેટ આપી હતી, તેમજ શેઠ માણેકજી હોરમજજી પરબેજે તેની સામે એક શગડી પોતાને ખરચે બંધાવી આપવાની તંદરોસ્તી પઢાવી હતી. ૧૦

મુંબઈની પારસી ચીફ માટરીમોનીઅલ કોરટના એક ડેલીગેટ મરહુમ શેઠ હોરમજજી નવરોજજી સકલાતવાલાની જગોએ શેઠ જમશેદજી નશરવાંનજી ટાટાને નેમ્યા. ૧૧

તા૦ ૩૦ મી ડીજેમબર.

દસ્તુર બહમનજી જામાસપજી જામાસ્પઆશાના, સી. આઇ. ઇ. ને બીરાર તથા નાગપોરના જરથોસ્તીઓ તરફથી એક માનપત્ર તથા રૂપાંનો દાબડો શેઠ નશરવાંનજી પેશતનજી કામાજીએ આજદીને પુણાં મધે દસ્તુર હાલમાં જરથોસ્તીઓની એક મીજલસની હજુરમાં ભેટ આપ્યો. આ વેળાએ સરનશીનની ખુરસી શેઠ પેસતનજી હોરમજજી કામાજીને આપવામાં આવી હતી. ૧૨

---

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૭ મી ફેબરવારી ૧૮૮૩.

૨ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૩ મી ડીજેમબર ૧૮૮૨.

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૧ મી ડીજેમબર ૧૮૮૨.

૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૧ મી ડીજેમબર ૧૮૮૨.

૫ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ " " "

૬ રાસ્ત ગોફતાર, તા૦ ૩૧ મી ડીજેમબર ૧૮૮૨.

૭ "Gujrat and the Gujratis: Pictures of Men and Manners taken from Life. By Behramji M. Malabari, London: W. H. Allen & Co., 1882."

એની બીજી આવૃતિ ૧૮૮૪ ના મારચ માસમાં છપાઈ પ્રગટ થઈ હતી.

૮ "પ્રેમરાય. કર્તા, અરદેશર મેહેરજીબાઈ વીકાજી. મુંબઈ. ઈસ્ટરન પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યો છે. સને ૧૮૮૨."

૯ રાસ્ત ગોફતાર, તા૦ ૩૧ મી ડીજેમબર ૧૮૮૨.

૧૦ જામે જમશેદ. તા૦ ૧ લી જાનેવારી ૧૮૮૩.

એ દોખમાંનો તાંણો પુરવાની ક્રિઆમાં શામેલ થવાને સુરતના [illegible]પરાવાળા દસ્તુર દારાબજી ખરશેદજી દારાબ પાલણનાએ તા૦ ૨૧ મી ડીજેમબર ૧૮૮૨ ને દીનેથી વરતમાનપત્રોમાં જાહેર ખબર છપાવી સર્વે જરથોસ્તીઓને અરજ કીધી હતી.

૧૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૮ મી ડીજેમબર ૧૮૮૨.

૧૨ જામે જમશેદ, તા૦ ૩ જી જાનેવારી ૧૮૮૩.

તા૦ ૩૧ મી ડીસેમ્બર.

આ વર્ષની શરૂઆતથી મુંબઇમાં "કયસરે, હીન્દ" નામનું એક અઠવાડીક ગુજરાતી વર્તમાનપત્ર શેઠ ફરામજી કાવશજી મેહતાએ પરવરતાવવા માંડયું હતું.[1]

તા૦ ૩૧ મી ડીસેમ્બર.

આએ વર્ષમાં ઇયાને તા૦ ૧ લી જાનેવારીથી તે તા૦ ૩૧ મી ડીસેમ્બર ૧૮૮૨ સુધીમાં મુંબઇના પારસીઓમાં ૧૪૨૮ જન્મ થયાં હતાં.

એજ વર્ષમાં મુંબઇ મધે પારસીઓમાં ૩૧૩ જોડાંનાં લગન તથા ૧૪ જોડાંનાં ગગરનાં નીચે મુજબની વીગતે થયાં હતાં:-

		નર.	નારી.	જુમલે.
લગન—	૬ થી ૧૦ વરસનાં	૧	૧૬	૧૭
	૧૧ થી ૧૫ વરસનાં	૧૯	૧૧૩	૧૩૨
	૧૬ થી ૨૦ વરસનાં	૬૯	૧૩૭	૨૦૬
	૨૧ થી ૨૫ વરસનાં	૧૩૬	૪૨	૧૭૮
	૨૬ થી ૩૦ વરસનાં	૫૭	૪	૬૧
	૩૧ થી ૩૫ વરસનાં	૨૫	૧	૨૬
	૩૬ થી ૪૦ વરસનાં	૫	૦	૫
	૪૧ થી ૪૫ વરસનાં	૧	૦	૧
		૩૧૩	૩૧૩	૬૨૬
ગગરનાં—	૧૯ થી ૨૦ વરસનાં	૧	૩	૪
	૨૧ થી ૨૫ વરસનાં	૦	૫	૫
	૨૬ થી ૩૦ વરસનાં	૧	૩	૪
	૩૧ થી ૩૫ વરસનાં	૩	૩	૬
	૩૬ થી ૪૦ વરસનાં	૪	૦	૪
	૪૧ થી ૪૫ વરસનાં	૧	૦	૧
	૪૬ થી ૫૦ વરસનાં	૧	૦	૧
	૫૧ થી ૫૫ વરસનાં	૩	૦	૩
		૧૪	૧૪	૨૮

એજ વરસમાં મુંબઈ મધે પારસીઓમાં નીચે મુજબની વીગતે ૧૦૦૫ મરણ નિપજયાં હતાં :—

	નર.	નારી.	જુમલે.
તરતનાં જનમેલાં	૫૫	૪૫	૧૦૦
૧ દીનથી ૧ માસ સુધીનાં	૪૧	૪૧	૮૨
૧ માસથી ૧ વરસ સુધીના	૭૪	૭૫	૧૪૯
૧ થી ૫ વરસનાં	૮૧	૧૦૦	૧૮૧
૬ થી ૧૦ વરસનાં	૧૮	૧૮	૩૬
૧૧ થી ૨૦ વરસનાં	૧૬	૨૯	૪૫
૨૧ થી ૩૦ વરસનાં	૨૪	૩૯	૬૩
૩૧ થી ૪૦ વરસનાં	૨૬	૨૩	૪૯
૪૧ થી ૫૦ વરસનાં	૩૧	૧૭	૪૮
૫૧ થી ૬૦ વરસનાં	૩૯	૩૨	૭૧
૬૧ થી ૭૦ વરસનાં	૪૭	૩૦	૭૭
૭૧ થી ૮૦ વરસનાં	૩૪	૩૨	૬૬
૮૧ થી ૯૦ વરસનાં	૯	૨૧	૩૦
૯૧ થી ૧૦૦ વરસનાં	૪	૪	૮
	૪૯૯	૫૦૬	૧૦૦૫

એમાં ૧૦૦) વરસની એક ઓરત હતી.

એ ૧૦૦૫) મરણ નીચલા લટાઓ ઉપર થયાં હતાં:—

કોલાબા	૭	બાહેરકોટ	૧૩૪
કોટ	૩૨૨	ખેતવાડી	૯૦
મેદાન	૧	કામાટીપુરા	૩
ધોબીતલાવ	૨૪૯	ભીંડીબજાર	૪૦
કરેલવાડી	૧૫	ભાએખલા	૧૬
ગીરગામ	૨૨	મજગામ	૩૦
ચોપાતી	૨૯	મોડ	૩
આંટરોડ	૧	પરેલ	૧૩
તારદેવ	૧૩	નાએગામ	૨
ગોવાલીઆ	૨	માહીમ	૬
ખંબાલા	૧	વાંદરા	૩
માહલક્ષ્મી	૨	વાલકેશર	૭
			૧૦૧૧

---

૧ એ પત્રમાં પાછલથી ઇંગ્રેજી લખાણો પ્રગટ કરવામાં આવતાં જેના મુખ્ય લખનાર શેઠ દીનશાહ એદલજી વાચ્છા હતા. એ પત્રના મદદનીશ અધીપતી તરીકે નીચલા ગ્રહસ્થોએ કામ બજાવ્યું છે:—

શેઠો શોરાબજી કાવસજી ખંબાતા (બેવાર), ફરામજી બહમનજી માસતર, પીરોજશા મહેરજી, ફરામજી દાદાભાઇ પાંડે, મહેરવાનજી ખરશેદજી કેમેસરીયટવાળા, રૂસતમજી ફરામજી કાવસજી મહેતા, પેસતનજી ખરશેદજી તારાપોરવાળા, રૂસતમ બરજોરજી પેમાસ્તર (બેવાર), ફકીરજી ખરશેદજી દમણીયા (દીલકસ),

એ પત્રના ઇંગ્રેજી અથવા ગુજરાતી ચાલુ લખનારાઓ તરીકે નીચલા ગ્રહસ્થોએ મદદ કીધી છે:-

સર ફીરોજશાહ મેહરવાનજી મહેતા, શેઠો જીજીભાઈ પેશતનજી મીસ્ત્રી, દીનશાહ એદલજી વાચ્છા, દારાશાહ રતનજી ચીચગર, રૂસતમજી પેશતનજી મસાની, ફરદુનજી શોરાબજી તાલેયારખાન, ડા૦ કેખશરૂ નશરવાંનજી બહાદુરજી, [illegible]-શેદજી નશરવાંનજી બહાદુરજી, શેઠો હોરમજજી નવરોજજી લોર્ડ (દુરબીન), રૂસતમ ઈરાની, રૂસતમબા મહેરવાંનજી પટેલ, સોરાબજી બહમનજી મુનશી, રતનશા એરચશાહ કોહીયાર, શોરાબજી રૂસતમજી બનસા, ખરશેદજી કાવસજી મહેતા, તથા ડોસાભાઇ ફરામજી લંગરાના (રફીક).

ઈ૦ સ૦ ૧૮૮૩.

તા૦ ૪ થી જાનેવારી.

ચીકલી ગામના મામલતદાર શેઠ પેશતનજી બરજોરજી મેહતાને સુરત જીલ્લાના બીજા વર્ગના માજીસ્ટ્રેટ નેમ્યા. ૧

તા૦ ૬ થી જાનેવારી.

અતરેની ફ્રીમેશનોની લાડજ "રાઇઝીંગ સ્ટાર"ના આએ સાલના વરશીપ ફુલ માસતર તરીકે શેઠ નવરોજજી ફરદુનજીને ખુરસીનશીન કરવાની ક્રિઆ થઈ. ૨

તા૦ ૮ મી જાનેવારી.

આજ દીને મરહુમ બાઈ ખરશેદબાઇ તે શેઠ દીનશાહજી નવરોજજી બેદનાં ધણીઆંનીનાં ઉઠમણાંમાં રૂ. ૧૧૦૦) ધર્મખાતાંઓમાં આપ્યા. ૩

અતરેના એક માતબર પારસી વ્યાપારી મરહુમ શેઠ અરદેસર હોરમજજી વાડીઆનાં વશીઅતનામાં બાબે હાઈ કોરટમાં હાનરેબલ જસટીસ બેલીની હજુરમાં એક લંબાન મુકદમો ચાલ્યો હતો. એ મુકદમાં મધે મરનારે તા૦ ૯ મી મેએ ૧૮૮૨ ને દીને કરેલું છેલું વશીઅતનામું અથવા તેનો કેટલોક ભાગ રદ કરવાની તેમનાં ધર્મ ખાતાંના એક તરસ્ટી શેઠ હોરમજજી અરદેસર ધનજીભાઈ વાડીઆ બારીસ્ટરે અરજ કીધી હતી, અને તેનાં કારણમાં જણાવ્યું હતું કે મરનારનું ધર્મખાતું તેમની ઇછા પ્રમાણે ચલાવવા જેટલી રકમ ઉપલાં વશીઅતનામામાં લખ્યા મુજબની વેંહચણી કર્યા પછી ફાજલ પડશે નહીં. આ અરજને મરનારની વીધવા તથા બે સીવાય બધાં છોકરાંઓએ ટેકો આપ્યો, અને એ મુકદમો નામદાર જડજે ૨૪) વેળા સાંભલયા પછી આજ દીને તેનો ચુકાદો આપી ઉપલું વશીઅતનામું ખરૂં ઠેડાવ્યું, તથા તેના અખતયાર પત્ર તેમાં નેમેલા એકજીકયુટરો શેઠ હોરમારજી અરદેસર હોરમજજી વાડીઆ અને સમાલકાઝ કોરટના જડજ મી૦ એન. સ્પેનસરને આપવાનો હોકમ કીધો હતો. ૪

તા૦ ૯ મી જાનેવારી.

શેઠ દીનશાહજી માણેકજી પીટીટે અતરેની "જાનવરો ઉપરનું ઘાતકીપણું અટકાવનારી મંડલી"ના સરનશીન હાનરેબલ જસટીસ બેલી જોગ ગઇ તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૮૨ ને દીને એક પત્ર લખી એ મંડલી હસ્તક દરદી તથા અશકત જાનવરોની ઘટતી રીતે સારવાર કરવાને એક હાસ્પીટલ—"બાઈ શાકરબાઇ દીનશાહ પીટીટ હાસ્પીટલ ફોર એનીમલસ" એવાં નામથી બાંધવાનાં કારણસર ચીચપોગલી મધે આવેલી પોતાની ભરતમાં આસરે વીશ હજાર ચોરસવાર જમીનનો ખાલી કટકો (રૂ૨૦૦૦૦ ની કીમતનો) તથા તેપર ઇમારત બાંધવા સારૂં રૂ૨૫૦૦૦) ની રકમ ભેટ આપવાને જણાવ્યું હતું. એ ભેટ ઉપલી મંડલીની "એકઝીકયુટીવ કમીટી"એ આજ દીને મોટા ઉપકાર સાથે બાહલ રાખી હતી. ૫

તા૦ ૧૧ મી જાનેવારી.

મુંબઇની યુનીવરસીટીના નવા "ફેલોઝ" તરીકે નીચલા પારસી ગ્રહસ્થોને ચુંટી કાઢયા હતા :—

શેઠો ખરશેદજી ફરામજી ખોરી, એમ. આર. સી. એસ.; દોશાભાઇ નશરવાંનજી વાડીઆ, એમ. એ.; રૂસતમજી મેહરવાનજી પટેલ, એમ. એ. એલ. એલ. બી.; તેહમુલજી ભીખાજી નરીમાન, એલ. એમ. ૬

---

૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૪ થી જાનેવારી ૧૮૮૩.

૨ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૮ મી જાનેવારી ૧૮૮૩.

૩ જામે જમશેદ, તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૮૩.

૪ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૯ મી જાનેવારી ૧૮૮૩.

એ પછી ઉપલા એકજીકયુટરોએ તા૦ ૨૩ મી ફેબરવારી ૧૮૮૩ ને દીને મરનારની અશરેઆંમતનો રૂ. ૩૬૨૦૦૦૦) નો "પ્રોબેટ" લીધો હતો.

૫ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૧૦ મી જાનેવારી ૧૮૮૩.

ઉપલી જગા તથા રકમ આપવાને બદલે શેઠ દીનશાહજીએ [illegible]ની પોતાના મમાવા મરહુંમ શેઠ જીજીભાઈ દાદાભાઈ વાલી મોટી વાડી તથા તેને લગતી આસરે ૪૦૫૦૦) વાર જગા રૂ. ૪૫૦૦૦) ની કીમતે શેઠ પેશતનજી બહમનજી જીજીભાઈ પાસેથી વેચાતી લઈ એ મંડલીને ભેટ આપી હતી.

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૮૩.

તા૦ ૧૧ મી જાનેવારી.

રોજ ૨૫, માહ ૪ (શે૦) ૧૨૫૨ ય૦

મરણ—ડોશાભાઇ તેહમુલજી ગીઆરા-ઉમર વરસ ૫૨) એવણ પ્રથમ ઈ૦ સ૦ ૧૮૫૨ માં ડીસાની કાંપમાં અને તે બાદ ૧૮૫૬ થી તે પોતાનાં મરણ સુધી અમદાવાદમાં કમીસરીએટ ખાતાંના ઇનસ્પેકટર હતા, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા.

તા૦ ૧૨ મી જાનેવારી.

હૈદરાબાદના નામદાર નીજાંમ સરકાર પોતાના પ્રધાન સર સાલારજંગ સાથે અહમદનગર આવ્યા હતા, તેઓએ આજ દીને ત્યાંના જાણીતા પારસી અકાબર ખાંનબાહાદુર નશરવાનજી ખરશેદજી નગરવાલાને મકાંને જઈ તેમની મોલાકાત લીધી હતી. ૧

તા૦ ૧૩ મી જાનેવારી.

ચીન મધે હાંગકાંગની બ્રીતિશ સરકારે નીચલા પારસી ગ્રહસ્થોને "જસટીસ આફ ધી પીસ" ઇયાને સુલેહના અમલદારો નેમ્યા હતા અને તેઓએ સરેસ્તાના સોગંદ લઈ એકરારનામું કર્યું હતું :—૨

શેઠ ફરાંમજી હોરમજજી અરજાંની.

શેઠ ધનજીભાઇ રતનજી.

તા૦ ૧૪ મી જાનેવારી.

એ૦ દોરાબજી દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણા, બી. એ. એ "શરીર અને જીવ સાથના માણસના સંબંધ વિશે અવસ્તાનું ફરમાંન" એ બાબદ ઉપર એક નાધલું ચોપાનીઉં ઇંગ્રેજીમાં પ્રગટ કીધું. ૩

તા૦ ૧૪ મી જાનેવારી.

આજ દીને મરહુમ શેઠ મનચેરજી હોરમજજી દુબાશનાં ઉઠમણામાં તેમના બપાવા શેઠ રૂસતમજી કાવશજી (કુકાજી) દુબાશે રૂ. ૫૦૦) ધર્મખાતાંમાં આપ્યા હતા. ૪

તા૦ ૧૫ મી જાનેવારી.

મુંબઇના નામદાર ગવરનર સર જેમસ ફરગયુસને આજ દીને અતરેના શેક્રેટરીએટ આફીસનાં દીવાનખાનામાં એક "લેવી" ભરી હતી, જે વેળાએ નીચલા પારસી ગ્રહસ્થો ત્યાં હાજર થયા હતાઃ—

ખાંનગી મોલાકાતે—હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠ ડોશાભાઇ ફરાંમજી કરાકા, સી. એસ. આઇ; શેરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઇ; માણેકજી ખરશેદજી સરાફ.

જાહેર મોલાકાતે—શેઠો અરદેસર ડોશાભાઇ મુનશી, અરદેસર ફરાંમજી મુસ, બહમનજી પીરોજશાહ વકીલ, બહમનજી મનચેરજી પંચકી, બહમનજી ખરશેદજી બાંડુપવાલા, ખાંનબાહદુર બેહરામજી દાદાભાઈ રેજીસટરાર, બેહરાંમજી નશરવાંનજી સીરવાઈ, ડાકટર કાવશજી પેશતનજી, કાવશજી દાદી લીમજી, ખરશેદજી ફરદુનજી પારખ, દાદાભાઇ બહમનજી જીજીભાઇ, દાદાભાઇ હોરમજજી દુબાશ, દાદાભાઇ નવરોજજી પ્રોફેસર, દાદી માણેકજી લીમજી, દાદી નશરવાંનજી દાદીશેઠ, દાદાભાઇ રૂસનમજી બનાજી, દારાશાહ દોરાબજી રીપોરટર, ધનજીભાઈ ફરાંમજી પટેલ, દીનશાહ મનચેરજી પંચકી, દીનશાહ પેશતનજી કાંગા, દોરાબજી દાદાભાઈ બુતી, એદલજી રૂસતમજી રીપોરટર, ફરાંમજી રૂસતમજી વીકાજી, ફરદુનજી જમશેદજી પારખ, હોમજી ખરશેદજી દાદીશેઠ, હોરમજજી અરદેસર સંતોક, હોરમજજી ખરશેદજી બાંડુપવાલા, હોરમજજી દાદાભાઇ જડજ, હોરમજજી નશરવાંનજી વકીલ, જાલભાઇ અરદેસર શેઠના, જમશેદજી ખરશેદજી જમશેદજી, ખાંનબહાદુર જમશેદજી ધનજીભાઇ વાડીઆ, જાંગીરજી ડોશાભાઇ કરાકા, જાંગીરશાહ એરચશાહ કોહીઆર, જાંગીરજી ખરશેદજી રૂસતમજી કામાજી, જાંગીરજી માણેકજી ખરશેદજી શરાફ, ખરશેદજી રૂસતમજી કામાજી, કેખશરૂ નવરોજજી કાબરાજી, કાવશજી દાદાભાઇ નાએગાંમવાલા, ખરશેદજી નશરવાંનજી સીરવાઈ, ડાકટર કેખશરૂ રૂસતમજી વીકાજી, લીમજી નવરોજજી બનાજી, ડાકટર માણેકજી શેરાબજી, ખાંનબાહદુર મનચેરજી કાવશજી મરજબાંન, મનચેરજી નવરોજજી બનાજી, નાનાભાઈ બેહરાંમજી જીજીભાઈ, નાનાભાઇ રૂસતમજી રાંણીના, નશરવાંનજી અરદેસર હોરમજજી, નવરોજજી બેહરાંમજી સંતોક, નવરોજજી ફરદુનજી, નવરોજજી રૂસતમજી મોટાભાઇ, નશરવાંનજી ચાંદાભાઇ, પેશતનજી કાવશજી સોલીસીટર, પીરોજશાહ મેહેરવાંનજી મેહતા, રૂસતમજી ખરશેદજી રૂ. કામાજી, રૂસતમજી નાનાભાઈ બે. જીજીભાઇ, ડાકટર રૂસતમજી નશરવાંનજી બોરી, શેરાબજી નવરોજજી કોપર. ૫

---

૧ રાસ્તગોફતાર, તા૦ ૧૪ મી જાનેવારી ૧૮૮૩.

૨ હાંગકાંગ ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૩ મી જાનેવારી ૧૮૮૩.

૩ "The Avesta Doctrine regarding man in relation to his body and soul. (Re-printed from the Bombay Gazette of November 3, 1882.)

૪ જામે જમશેદ, તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૮૩.

૫ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૮૩

તા૦ ૧૮ મી જાનેવારી.

નીચલા પારસી ગ્રહસ્થોને નામદાર સરકારે નવા સુલેહના અમલદારો ઠવ્યા હતાઃ—શેઠો બરજોરજી રૂસતમજી મોદી; નવરોજજી બેહરામજી સનોક; ખરશેદજી ફરામજી ખોરી, એમ. આર. સી. એસ., ખરશેદજી નશરવાનજી સીરવાઇ, કાવરાજી દાદાભાઇ નાએગાંમવાલા, એમ. એ., કાવશજી શાપુરજી મેહતા, દાદાભાઇ નવરોજજી પ્રોફેસર, દારાશાહ દોરાબજી રીપોરટર, એદલજી રૂસતમજી રીપોરટર, એરચશાહ ફરામજી શેઠના, એલ. એમ., જમશેદજી ખરશેદજી જમશેદજી, જમશેદજી નશરવાનજી તાતા, જાંગીરજી બેહરામજી મરજબાંન, ફેરોબાદ દીનશાહજી ગાંધી, કાવશજી મેહરવાંનજી સરાફ, નવરોજજી રૂસતમજી મોટાભાઇ, રૂસતમજી મેહરવાંનજી પટેલ, એમ. એ. એલ. એલ. બી; રૂસતમજી નાનાભાઈ બેહરામજી જીજીભાઇ, તેહમુલજી બાખાજી નરીમાંન, એલ. એમ. ૧

તા૦ ૧૮ મી જાનેવારી.

મુંબઈ મધ્યે એક ધરમનું "હોમીઓપેથીક" દવાખાનું સ્થાપવાનો ઠેરાવ કરવાને આજ દીને અત્રેના આગેવાન ઇંગ્રેજ તથા દેશી ગ્રહસ્થોની એક સભા "અલેકજાંડરા ગરલસ ઇંગલીશ ઇનસ્ટીટયુશન" ના દીવાંનખાંનામાં મલી હતી. તે વેલાએ એવું એક દવાખાનું ઉઘાડવા તથા તે માટે ફંડ એકઠું કરવા અને તેનો વહીવટ ચલાવવાને ૪) ઇંગ્રેજ, ૧૨) હીંદુ, અને ૪) પારસી ગ્રહસ્થો (શેઠો દીનશાહજી માણેકજી પીટીટ, દાદાભાઇ નવરોજજી પ્રોફેસર, માણેકજી ખરશેદજી સરાફ, દીનશાહ એદલજી વાછા) ની એક કમીટી તથા શેઠ બેહરામજી મેહરવાંનજી મલબારીને હાનરરી શેક્રેટરી નેમવાના ઠેરાવો થયા હતા. ૨

તા૦ ૧૮ મી જાનેવારી.

રોજ ૨, માહ ૫ (શે૦) ૧૨૫૨ ય.

મરણ—મોબેદ પીરોજશાહ રૂસતમજી—ઉમર વર્ષ ૮૫) એવણ લાંબી મુદત થઇ ડીસાની કાંપમાં પંચકપણું તથા ખેતીવાડી ચલાવતા હતા.

---

૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૮ મી જાનેવારી ૧૮૮૩.

૨ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૦ મી જાનેવારી ૧૮૮૩.

આ દવાખાંનાનાં ફંડમાં બધા મલી રૂ. ૭૦૦૦) ભરાયા હતા, જે મધ્યે રૂ ૭૫૦) શેઠ દીનશાહજી માણેકજી પીટીટ, રૂ. ૨૦૦) શેઠ નશરવાંનજી રતનજી તાતા, રૂ. ૧૫૦) શેઠ નશરવાંનજી માણેકજી પીટીટ, અને રૂ. ૫૦) શેઠ બેહરામજી જીજીભાઈ, સી. એસ. આઈ, ના હતા.

તા૦ ૨૨ મી જાનેવારી.

મુંબઇનાં શેહરસુધરાઈ ખાતાંના આવતાં ત્રણ શાલનો કારોબાર ચલાવવાને કાએદા મુજબ નવી "મ્યુનીસીપલ કારપોરેશન"ના કર ભરનારાઓ તરફના ૩૨) સભાસદોની આજ દીને ચુંટણી થાઇ; જે વેલાએ ૩ ઇંગ્રેજ, ૧ પોરટુગીજ, ૧૩ હિંદુ, ૪ મુસલમાંન, અને ૧૧ પારસી–શેઠો નવરોજજી ફરદુનજી, ડાકટર કાવશજી હોરમજજી, જાંગીરજી ડોશાભાઈ કરાકા, બહમનજી પેશતનજી માસતર, દાદાભાઈ નવરોજજી પ્રોફેસર, ખાંનબાહદુર મનચેરજી કાવશજી મરજબાંન, મનચેરજી નવરોજજી બનાજી, હીરજીભાઈ અરદેસર દાદીશેઠ, જમશેદજી પાલણજી કાપડીઆ, બેહરામજી નશરવાંનજી સીરવાઇ, નાનાભાઇ બેહરામજી જીજીભાઇ—ગ્રહસ્થોને કર ભરનારાઓએ ચુંટી કાઢયા. ૩

તા૦ ૨૨ મી જાનેવારી.

અતરેની ફ્રીમેશનોની લાડજ "રાઇઝીંગસન"ના આએ શાલના વરશીપફુલ માસટર તરીકે શેઠ નવરોજજી જીવણજી ગજદરને ખુરસીનશીન કરવાની ક્રિયા થઇ હતી. ૪

તા૦ ૨૩ મી જાનેવારી.

મુંબઇની યુનીવરસીટીની બાવીશમાં વરસની "કાનવોકેશન" આજ દીને સર કાવશજી જાંહાંગીર યુનીવરસીટી હાલમાં ભરાઇ. પ્રમુખસ્થાને નામદાર ચાનસેલર સર જેમસ ફરગયુસન બીરાજ્યા હતા. આ વેળાએ જે વિદ્યાર્થીઓને પદવીની સનદો આપવામાં આવી તેમાં નીચલા પારસીઓ હતાઃ—

એમ. એ. ની પદવી—જમશેદજી મેહરવાંનજી આંતીઆ.

એલ. એલ. બી. ની પદવી—રૂસતમ ખરશેદજી રૂસતમજી કામાજી, નવરોજજી બેહરામજી કાકા, જમશેદજી બેહરામજી કાંગા, રૂસતમ બહમનશાહ વકીલ, હોશંગજી બરજોરજી વાંનીયા, ફરામજી રૂસતમજી વાડીઆ.

બી. એ. ની પદવી—જાંગીરજી ખરશેદજી રૂસતમજી કામાજી, મેહરજી નશરવાંનજી કુકા, આદરજી મેહરનોસજી મસાંની, દોરાબજી જમશેદજી તાતા, અરદેસર દાદાભાઇ આરીઆં, શેરાબજી ફરામજી બીલીમોરીઆ, બાપુજી પાલણજી ડાકટર, કેખશરૂ ફરામજી મોદી, જમશેદજી કાવશજી પટેલ, અરદેસર ફરામજી ઉનવાલા.

એલ. એમ. એન્ડ એસ. ની પદવી—મેહરવાંનજી કુવરજી ભરૂચા, નાનાભાઈ નવરોજજી કાતરક, રૂસતમજી પાલણજી કુટાર, જમશેદજી પોંચાજી પોંહચા, નાદરશાહ હોરમજજી સુખીઆ.

---

૩ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૩ મી જાનેવારી ૧૮૮૩.

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૮૩.

એલ. સી. ઈ. ની પદવી—રૂસતમજી હોરમજજી માદન, માણેકજી કાવશજી બામજી, શોરાબજી જમશેદજી દાજી, નવરોજજી હોરમજજી કાતરક, હોરમજજી જમશેદજી કોટવાલ.

આ વેળાએ અપાયલી યુનીવરસીટી "સ્કાલરશીપો"માં આરનોલડ સ્કાલરશીપ નવરોજજી બેહરામજી કાકાને, અને નારાયણ વાશુદેવ સ્કાલરશીપ આદરજી મેહરનોસજી મસાંનીને, તથા "પ્રાઇઝો"માં બાઇ માણેકબાઇ બેહરામજી જીજીભાઇ પ્રાઇઝ માણેકજી ડોશાભાઇ કામાને, હયુલીંગસ પ્રાઇઝ રૂસતમજી કાવશજી કોલએવાલાને, અને ગીબસ પ્રાઇઝ મેહરવાંનજી પેશતનજી દારૂખાનાંવાલાને આપવામાં આવ્યાં હતાં.

[ઉપલી પદવી મેલવેલા પારસીઓ ઉપરાંત આએ વરસની યુનીવરસીટીની નાંવલા પરીક્ષાઓમાં નીચલા પારસીઓ પસાર થયા હતા]:—

ફરસ્ટ એલ. એમ. માં—ધનજીભાઇ શોરાબજી ડાલાસના, અરદેસર બેહરામજી મસાંની, ધનજીભાઈ શોરાબજી મસાંની, મનચેરજી મોટાભાઈ વકીલ, બહમનશાહ ખરશેદજી અકલેસરીઆ, પાલણજી પેશતનજી ભેદવાર, હોરમજજી બેહરામજી દસ્તુર, ફરાંમજી એદલજી અરદેસર દાવર, હોરમજજી કાવશજી ડોટીવાલા, ભીખાજી એદલજી ઘાસવાલા, અરદેસર જમશેદજી કેરાવાલા, ફકીરજી કાવશજી માંડવીવાલા, મેહેરવાંનજી દાદાભાઇ મસાંની, દીનશાહ એદલજી સબજ્જ, અરદેસર દાદાભાઇ નવરોજજી.

ફરસ્ટ બી. એ. માં—બરજોરજી જામાસપજી પાદશાહ, અરદેશર જમશેદજી બીલીમોરીઆ, બહમનજી રૂસતમજી બાઇસ, મેહરવાંનજી શાવકશાહ દાવર, હીરાજી કાવશજી કોલાહ, માણેકજી કાવશજી ગોભાઇ, કેખશરૂ તીરંદાજ ઈરાની, બેજનજી નવરોજજી કુટાર, હોરમજજી આદરજી નાણાંવતી, બાપુજી શોરાબજી પટેલ, પીરોજશાહ નશરવાંનજી પલીડર, મેહરવાંનજી નાનાભાઇ સકલાતવાલા, જમશેદજી રૂસતમજી વાડીઆ.

પી. ઈ. એ. માં—મેહરવાંનજી પેશતનજી દારૂખાનાવાલા, શાપુરજી બરજોરજી ડાકટર, પેશતનજી જામાસપજી પાદશાહ, અરદેશર નશરવાંનજી પલીડર, બેહરાંમજી પીરોજશાહ ભરૂચા, રૂસતમજી કાવશજી કોલએવાલા, જાંગીરજી પીરોજશાહ દુબાશ, હીરજીભાઇ દીનશાહ ઈજનેર, રૂસતમજી માણેકજી હીરામાણેક, હોરમજજી બાપુજી લશકરી, શોરાબજી એદલજી માડન, શાવકશાહ રૂસતમજી માસતર, દીનશાહ ફરદુનજી મેહતા, મનચેરજી ફરદુનજી મેહતા, ખરશેદજી શોરાબજી પટેલ, દારાશાહ શાપુરજી શેઠના, નશરવાંનજી ફકીરજી સરવેયર, એદલજી પેશતનજી તાતા, લવજી મેહરવાંનજી વાડીઆ.

મેટરીકયુલેશન માં—ફરાંમજી કાવશજી બનાજી, હોરમજજી કુવરજી તવરીઆ, હોશંગશાહ પીરોજશાહ નાણાંવતી, ખરશેદજી એદલજી સુરતી, જાંગીરજી કેખશરૂ કાબરાજી, શોરાબજી રૂસતમજી પટેલ, શાપુરજી કાવશજી મેહતા, એદલજી દારાશાહ રીપોરટર, ધનજીભાઇ નશરવાંનજી દીવેચા, કેખશરૂ ખરશેદજી લાલકાકા, રૂસતમજી દાદાભાઇ મેહતા, શોરાબજી નશરવાંનજી વકીલ, ધનજીશાહ પેશતનજી ભેદવાર, માણેકજી ડોશાભાઇ કામાજી, બહમનજી હોરમજજી મીસતરી, ધનજીભાઇ પાલણજી મીસતરી, માણેકજી ખરશેદજી તારાચંદ, [illegible]જી શેહરીઆરજી ભરૂચા, મેહરવાંનજી જમશેદજી કડવા, [illegible]દેસર નવરોજજી લારડ, ડોશાભાઈ ફરાંમજી વાડીઆ. કાવશજી નશરવાંનજી મેહતા, હીરજીભાઈ દાદાભાઇ આલબલેસ, હીરજીભાઇ લીમજીભાઈ કંત્રાકટર, પેશતનજી કાવશજી ચીનાઇ, હોરમજજી નવરોજજી વીરાજોગીના, બેજનજી પેશતનજી શીગનપોરીઆ, અરદેસર ફરદુનજી દલાલ, હોરમજજી એદલજી સુરતી, પેશતનજી દોરાબજી સંજાણા, રૂસતમજી દોરાબજી કાપર, પેશતનજી શોરાબજી કોટવાલ, રૂસતમજી ખરશેદજી મુનશી, મેહરવાંનજી પેશતનજી દુબાશ, પેશતનજી પીરોજશાહ મેહરજી, અરદેસર પેશતનજી કોટવાલ, ફરદુનજી અરદેસર પારખ, બરજોરજી ફરદુનજી દલાલ, જમશેદજી નશરવાંનજી સરવેયર, બરજોરજી અરદેસર દાદીનાથા, શોરાબજી માણેકજી પાવરી, દારાશાહ રૂસતમજી બીલીમોરીઆ, રૂસતમજી હોરમજજી હકીમ, ધનજીભાઇ બહમનજી મીસતરી, શોરાબજી બહમનશાહ કાપડીઆ, દોરાબજી ફરાંમજી કલકાતી, જમશેદજી કાવસજી કાંગા, અરદેસર બહમનજી દારૂખાનાંવાલા, દાદાભાઇ હોરમજજી કાતરક, રૂસતમજી રતનજી કોઠાવાલા, હોશંગજી શોરાબજી કોટવાલ, કેખશરૂ અરદેસર એંટી, માણેકજી ડોશાભાઇ ગોરવાલા, પીરોજશાહ નવરોજજી કરંજીઆ, નવરોજજી જમશેદજી દારૂવાલા, જીજીભાઇ અરદેસર દીવેચા, પેશતનજી નશરવાંનજી દસ્તુર મેહરજીરાણાના, જમશેદજી પેશતનજી મીસતરી. જાંગીરજી ફરાંમજી ડાકટર, નશરવાંનજી માણેકજી કામાજી, મનચેરશાહ નવરોજજી ડીસાના, માણેકજી શોરાબજી કેરાકા, બરજોરજી રૂસતમજી કાતરક, બેહરાંમશાહ હોરમજજી કાપર, મનચેરશાહ રૂસતમજી કાપડીઆ, કાવશજી પેશતનજી ગોરવાલા, દોરાબજી નવરોજજી દાવર, માણેકજી બેજનજી લીલાઉવાળા, જાંગીરજી મનચેરજી વાછા, બહમનજી શાપુરજી મીસતરી, દાદાભાઇ હોરમજજી પોંચા, રૂસતમજી હોરમજજી ઘડીઆલી, પેશતનજી બેજનજી કાપડીઆ, નવરોજજી બેહરામજી ડાકટર, રૂસતમજી રતનજી બનાજી, અરદેસર એદલજી બાંબેટ, ફરાંમજી શાપુરજી શાપરીઆ, ખોદાબખશ નશરવાંનજી ઓરીથશ, ફરદુનજી બરજોરજી મોતીવાલા, દીનશાહ મેહરવાંનજી સુરતી, કાવશજી કુંવરજી દારૂવાલા, હોરમજજી શાપુરજી નાલીએરવાલા, રૂસતમજી પેશતનજી કરકરીઆ, રૂસતમજી હોરમજજી પારખ, પેશતનજી જમશેદજી ગાંધી, શાવકશાહ દાદાભાઇ માસતર, અરદેસર ડોશાભાઈ કાપર, નાનાભાઇ બરજોરજી દેશાઇ, દીનશાહ માણેકજી ઢમસીઆ, રતનજી ફરાંમજી બાટલીબોઇ, રૂસતમજી ધનજીભાઇ માહલક્ષમીવાલા, બેહરાંમજી દાદાભાઇ રાંણા, ખરશેદજી કાવશજી માલેગામવાલા, જાંગીરજી માણેકજી વઇદ, એદલજી ખરશેદજી મેહતા, નવરોજજી કાવશજી ગોરવાલા, દાદાભાઇ ફરાંમજી લંગડાના, નવરોજજી મેહરવાંનજી તારાચંદ, કાવશજી મેહરવાંનજી માંજરા. અરદેસર માણેકજી ડોટીવાલા, કેખશરૂ મનચેરજી ગીમી, રતનજી બેહરામજી લાલા, દોરાબજી કુંવરજી ડાકટર, અરદેસર રૂસતમજી કાપડીઆ, પીરોજશાહ પેશતનજી ભરૂચા, બાપુજી હોરમજજી કુંડી, નવરોજજી જમશેદજી બીલીમોરીઆ, અરદેસર ફરાંમજી મેહતા, રૂસતમજી નશરવાંનજી

તા૦ ૨૬ મી જાનેવારી.

શેઠ મનચેરજી દાદાભાઈ દાદીશેઠે ઈંગલાંડ મધ્યે બારીસટરની પરીક્ષા ફતેહમંદીથી પસાર કીધી. ૧

તા૦ ૨૭ મી જાનેવારી.

"ઉગમણુ દેશનાં પવીત્ર પુસ્તકો" એવાં નામથી એશીઆ ખંડની પારસી, હિંદુ, મુસલમાન, બુધીસટ, અને ચીનાઈ પ્રજાઓનાં ધર્મ પુસ્તકો તથા ધારાપોથીઓના ઇંગ્રેજીમાં શુદ્ધ ભાષાંતરો કરવાનું મોટું કામ લંડનની એક સાહસીક સભાએ માથે લીધું હતું; અને તે તરજુમાઓ દરેક ભાષાના જુદા જુદા વિદ્વાનો પાસે કરાવી તેનું અધીપતીપણું પ્રોફેસર મેકસમુલરને સોંપ્યું હતું. તે મુજબ પારસીઓનાં ધર્મ પુસ્તકોમાં એ મંડલી હસતક આએ શાલમાં પેહલવી દાદેસતાંને

વાછા, મનચેરજી રૂસતમજી ઝવેરી, પેશતનજી માણેકજી વાડીઆ, અરદેસર કુવરજી મોદી, મેહરવાંનજી જમશેદજી હકીમ, રૂસતમજી નશરવાંનજી વાછાગાંધી, મનચેરજી પીરોજશાહ કોલીકાકાના, શેરાબજી કાવશજી ડાકટર, કેખશરૂ દોશાભાઈ કરાકા, દોશાભાઇ હોમજીભાઇ કોબલા, મેહરવાનજી એરચજી પાવરી.

[આએ વર્ષે યુનીવરસીટીના પરીક્ષકોમાં ૭ પારસી ગ્રહસ્થોને પણ ઠેઠવ્યા હતા. જેઓમાં શેઠ કાવશજી દાદાભાઇ નાએગાંમવાલા એમ. એ. (મેટરીકયુલેશન, પરીવીઅસ, ફરસ્ટ બી. એસ. સી., બી. એસ. સી., બી. એ., ફરસ્ટ એલ. સી. ઈ., એલ. સી. ઇ., અને એમ. એ. ની પરીક્ષાઓમાં) સિદ્ધ પદાર્થ વિજાનના; શેઠ જમશેદજી પાલણજી કાપડીઆ (પરીવીઅસ. ફરસ્ટ બી. એ., બી. એ., અને એમ. એ. ની પરીક્ષાઓમા) ફારસી ભાષાના; શેઠ ફરદુનજી મનચેરજી દસ્તુર કામદીનજીના, એમ. એ. (પરીવીઅસ, ફરસ્ટ બી. એ., બી. એ., ફરસ્ટ બી. એસ. સી., બી. એસ. સી; ફરસ્ટ એલ. સી. ઈ., અને એલ. સી. ઈ. ની પરીક્ષાઓમાં) ગણીતશાસ્ત્રના; ડાકટર કેખશરૂ રૂસતમજી વીકાજી, એમ. ડી. (એલ. એમ. એન્ડ એસ. ની પરીક્ષામાં) મેડીકલ જુરીસપરૂડનસના; ખાંન બાહદુર દસ્તુર હોશંગજી જામાસપજી જામાસ્પઆશાના (મેટરીકયુલેશનની પરીક્ષામાં) ફારસી ભાષાના; અને શેઠ નવરોજજી પદમજી પેશતનજી (મેત્રીકયુલેશનની પરીક્ષામાં) ગણીતશાસ્ત્રના પરીક્ષકો હતા.

[આએ વર્ષે યુનીવરસીટીની પુંજીમાં શેઠો દાદાભાઇ જમશેદજી અને કાવશજી દાદાભાઇ નાએગામવાલાએ પોતાની તથા પોતાનાં કુટુંબની તરફથી રૂ૩૦૦૦)ની રકમ મરહુમ જમશેદજી દોરાબજી નાએગાંમવાલાને નામનું દર શાલ રૂ૧૨૦) નું એક ઇનામ જે વિદ્યાર્થી યુનીવરસીટીની એલ. સી. ઈ. ની પરીક્ષામાં "ઈનજીનીઅરીંગ ફીલ્ડ અને આરીસ વરક "માં ચહડતો આવે તેને આપવા માટે અનાંમત આપી હતી.]

૧ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૧૫ મી ફેબરવારી ૧૮૮૩.

દીનીના પ્રોફેસર ઈ. ડબલ્યુ વેસ્ટે, તથા ખોરદેહ અવસ્તાના પ્રોફેસર જેમસ ડારમેસ્ટેટરે કીધેલા તરજુમાનાં બે દફતરો બાહેર પડયાં હતાં. ૨

તા૦ ૩૦ મી જાનેવારી.

શેઠ હોરમજશાહ બેહરાંમજી પેશતનજી ડાકટરે એડીનબરોની વૈદકશાલામાં એલ. આર. સી. પી. અને એલ. એમ. તથા સરજીયન ઓકયુલીસ્ટની પદવીઓ મેલવી હતી. ૩

તા૦ ૩૧ મી જાનેવારી.

શેઠ રૂસતમ ગોસ્તાસ્પ ઇરાંનીએ "રજપૂત વીરરસ કથા" નામની એક ચોપડી રચી પ્રસિધ્ધ કીધી હતી. ૪

તા૦ ૧ લી ફેબરવારી.

હિંદુસ્થાનનાં વર્તમાંનપત્રોની મારફતે બાહેર પડતો પ્રજાપોકાર ઇંગલાંડના તેમજ અતરેના સત્તાવાળાઓમાં સારીપેઠે જાણીતો કરવા માટે સઘળા છાપામતના ઇંગ્રેજીમાં સંગ્રહનુ "વોઇસ આફ ઇંડીઆ" નામે એક માસીક ચોપાનીઉ શેઠો દાદાભાઈ નવરોજજી પ્રોફેસર અને બેહરાંમજી મેહરવાંનજી મલબારીએ પ્રગટ કરવા માંડયું.

તા૦ ૩ જી ફેબરવારી.

આજ દીને મરહુમ બાઇ નવાજબાઇ તે શેઠ ખરશેદજી બહમનજી પંથકીનાં બેટીનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજામાંથી તથા બેસીઓએ મલી રૂ. ૨૧૧૫) ધર્મ ખાતાંઓમાં આપ્યા. ૫

---

૨ "Pehlavi Texts. Translated by E. W. West. Part II. The Dadistan-i-Dinik and the Epistles of Manuskihar. Oxford, at the Clarendon Press 1882"

"The Zend-Avesta. Part II. The Sirozahs, Yasts, and Nyayis. Translated by James Darmesteter. Oxford, at the Clarendon Press. 1883."

યજશને અને ગાથાઓનો રેવરંડ એલ. એચ. મીલસ નામે અમેરીકન ગ્રહસ્થનો કીધેલો તરજુમો ૧૮૮૭ ના આપરેલમાં બાહેર પડયો હતો.

[illegible] બોમબે ગેઝેટ, તા૦ ૩૦ મી જાનેવારી ૧૮૮૩.

૪ "રજપૂત વીરરસ કથા; બનાવનાર, રૂસતમ ઈરાની. પ્રગટ કરનાર જેહાંગીર બેજનજી કરાંણી, મુંબઈ."

૫ જામે જમશેદ, તા૦ ૬ થી જાનેવારી ૧૮૮૩.

તા૦ ૪ થી ફેબરવારી

આજ દીને મરહુમ બાઇ બચુબાઈ તે શેઠ બરજોરજી રૂસતમજી બાટલીવાલાનાં વીધવાનાં ઉઠમણાંમાં તેમની દીકરી બાઈ મેહરબાઈ તે શેઠ રૂસતમજી ધનજીભાઈ ઇસિકેરવાલાનાં ધણીઆંનીએ રૂ. ૨૫૦૦) ધર્મખાતાંઓમાં આપ્યા. ૧

તા૦ ૫ મી ફેબરવારી

મુંબઈનાં નવાં મયુનીસીપાલ કારપોરેશનના સુલેહના અમલદારો તરફના ૧૬ સભાસદોની આજ દીને ચુંટણી થઈ, જે વેળાએ ૫ ઈંગ્રેજ, ૧ પોરટુગીજ, ૪ હિંદુ, ૧ મુસલમાંન, અને નીચલા ૫ પારસી ગ્રહસ્થોને ચુંટી કહાડયા હતા:--

શેઠ ડોશાભાઇ ફરાંમજી કરાકા, સી. એસ. આઈ; ઓનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, હોમજી ખરશેદજી દાદીશેઠ, પીરોજશાહ મેહરવાંનજી મેહતા, કેખશરૂ નવરોજજી કાબરાજી. ૨

તા૦ ૬ થી ફેબરવારી.

એડન મધે શેઠ કાવશજી દીનશાહજી એડનવાલાએ જરથોસ્તીઓના વપડાસને માટે બંધાવવા ધારેલાં આદરાંનની ઇમારતનો પાયો નાખવાની ક્રિઆ આજ દીને કરવામાં આવી, જે વેળાએ જશન પુરૂં થવા બાદ ત્યાંના મોબેદ ફરદુનજી રતનજી નરીમાંને તથા અંજુમનના શેકરેટરી શેઠ મનચેરજી રૂસતમજી ધોલુએ ધરમ કરવાની બાબદ ઉપર ભાષણો કરી સંભલાવ્યાં, અને શેઠ કાવશજીએ પોતાને હાથે રૂપાંની થાપીથી ચુનો નાખી પાયાનો પથર ખુશાલીના અવાજો વચ્ચે બેસાડયો. ૩

તા૦ ૮ મી ફેબરવારી.

મુમ્બાની પારસી મેટરીમોનીઅલ કોરટના એક ડેલીગેટ મરહુમ ખાનબાહદુર અરદેસર ખરશેદજી શેઠનાની જગોએ શેઠ દોરાબજી દાદાભાઈ બુટીને નેમ્યા. ૪

તા૦ ૧૦ ફેબરવારી.

ગ્રાંટ મેડીકલ કોલેજમાં શીખનારા ચંચલ વિધાર્થીઓને ઈનામો તથા સ્કાલરશીપો આપવાની વાર્ષીક સભા આજ દીને મલી હતી. સરનશીનની ખુરસી નામદાર ગવરનર સર જેમસ ફરગયુસને લીધા બાદ પ્રીનસીપાલ ડાકટર કારટરે ગયા સાલનો રીપોરટ વાંચી સંભલાવ્યો, જે બાદ સરનશીને વિધાર્થીઓને ઈનામો તથા સ્કાલરશીપની સનદો આપી, જેમાં નીચલા પારસી વિધાર્થીઓ હતા:—

નશરવાંનજી હોરમજજી ચોકસીને સર કાવશજી જાંગીરજી રેડીમની પ્રાઈઝ તથા રૂ૨૫) ની ફેરીશ સ્કાલરશીપ, નશરવાંનજી ફરાંમજી બનશાને રૂ ૨૫) ની કરનાક સ્કાલરશીપ, કાવશજી ખરશેદજી લાલકાકાને રૂ૨૫) ની એનડરસન સ્કાલરશીપ, શેરાબજી ખરશેદજી નરીમાંનને રૂ૧૫) ની રીડ સ્કાલરશીપ, જીજીભાઇ પેશતનજી નીકલસનને રૂ૧૫) ની ફેરીશ સ્કાલરશીપ, મનચેરજી મોટાભાઈ વકીલને રૂ૨૦) ની ફેરીશ સ્કાલરશીપ, ધનજીભાઈ શેરાબજી મસાંનીને રૂ૧૫) ની કરનાક સ્કાલરશીપ, અરદેસર બેહરામજી મસાંનીને રૂ૧૫) ની ફેરીશ સ્કાલરશીપ, ધનજીભાઇ શેરાબજી ડાલાસનાને રૂ૧૫) ની રીડ સ્કાલરશીપ, ધનજીભાઇ હોરમજજી મેહતાને રૂ૧૫) ની એનડરસન સ્કાલરશીપ, બેહરાંમજી શેરાબજી પોસ્ટવાલાને રૂ૧૩) ની કરનાક સ્કાલરશીપ, અને હોરમજજી માણેકજી માસીના, મનચેરજી કાવસજી કાંગા, બી. એ; જાંગીરજી ખરશેદજી કમીસરીવાલા, તથા બાપુજી રૂસતમજી વાડીઆને દરેકને રૂ ૧૦) ની સરકારી સ્કાલરશીપ. ૫

તા૦ ૧૧ મી ફેબરવારી

આજ દીને મરહુમ બાઈ માણેકબાઇ તે શેઠ કાવસજી ફરાંમજી શેઠનાનાં ધણીઆંનીનાં ઉઠમણાંમાં તેમના ખાવીંદ તથા ખેશીઓએ મલી રૂ૦ ૧૦૩૦) ધર્મ ખાતાંઓમાં આપ્યા હતા. ૬

તા૦ ૧૫ મી ફેબરવારી

પુણાંવાલા શેઠ દોરાબજી પદમજી પેશતનજીને વેસટરન ઈંડીઆ રાઇફલ આસોશીએશનની નીશાનબાજીમાં નામદાર વાઈસરાયનાં કપનું ઈનામ મલ્યું, અને તે વીશે તે નામદારે તેમને મુબારકબાદી આપી હતી. ૭

ખાંન સાહેબ માણેકજી એદલજી ખડીખાઉને કલાદગીના આકટીંગ ડીસ્ત્રીકટ ડેપ્યુટી કલેકટર નેમ્યા. ૮

તા૦ ૧૭ મી ફેબરવારી

હિંદુસ્થાંનના નામદાર વાઇસરાય અને ગવરનર જનરલ લારડ રીપને આ દેશમાં રૈયતના લાભ સચવાય એવાં ઘણુંક

૧ જામે જમશેદ, તા૦ ૬ થી ફેબરવારી ૧૮૮૩.
૨ બોમ્બે ગેઝેટ, તા૦ ૬ થી ફેબરવારી ૧૮૮૩.
૩ રાસ્ત ગોફતાર, તા૦ ૧૮ મી ફેબરવારી ૧૮૮૩.
૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૮ મી ફેબરવારી ૧૮૮૩.
૫ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૧૨ મી ફેબરવારી ૧૮૮૩.
૬ જામે જમશેદ, તા૦ ૧૪ મી ફેબરવારી ૧૮૮૩
૭ રાસ્ત ગોફતાર, તા૦ ૧૮ મી ફેબરવારી ૧૮૮૩.
૮ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૫ મી ફેબરવારી ૧૮૮૩.

કામો કરવાથી તે નામદારના ઓહદાની મુદત વધારવાને નામ૦ દાર શાહનશાહબાંનું વિકટોરીયા જોગ એક અરજી કરવાને ઇસ્ટ ઇંડીઆ આસોશીએશનની અતરેની શાખા તરફથી આજ દીને ફરામજી કાવશજી ઇનસ્ટીટયુટના હાલમાં એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. સરનશીનની ખુરસીએ શેઠ દીનશાહજી માણેકજી પીટીટ બીરાજયા હતા. આ સભામાં પારસીઓમાં શેઠો નવરોજજી ફરદુનજી, દાદાભાઇ નવરોજજી પ્રોફેસર, પીરોજશાહ મેહરવાંનજી મેહતા, અને બેરામજી મેહરવાંનજી મલબારીએ ભાગ લીધો હતો. ૧

એ સભા મલવાના તથા ઉપલી અરજી વગેરે કરવાના ખરચને સારૂં સરનશીન શેઠ દીનશાહજી માણેકજી પીટીટે રૂ ૪૦૦) ની રકમ આસોશીએશનને ભેટ આપી હતી.

તા૦ ૧૭ મી ફેબરવારી.

રોજ ૨, માહ ૬ (શે૦) ૧૨૫૨ ય.

મરણ—શેઠ નશરવાંનજી પેશુતનજી મુલ્લાં ફીરોજના—ઉમર વરસ ૬૪) શેઠ પેશુતનજી રૂસતમજી મુલ્લાં ફીરોજના નાધલા દીકરા. ઓવણ લાંબી મુદત સુધી કલકતા તથા ચીન ખાતે નામીચી પારસી બ્યાપારી પેહડીઓમાં પલોટાયલા હતા.

તા૦ ૧૯ મી ફેબરવારી.

અતરેની ફ્રીમેશનોની લાડજ "ઇસટરન સ્ટાર"ના આએ સાલના વરશીપફુલ માસટર તરીકે શેઠ ફરામજી દીનશાહજી પીટીટને ખુરશીનશીન કરવાની ક્રિયા થઇ. શેઠ ફરામજીએ લાડજની મારફતે થતાં ધર્મનાં કામો માટે રૂ૧૫૦૦) ની સરકારી નોટ તેનું બ્યાજ વાપરવાની સરતથી ભેટ આપી ૨

તા૦ ૨૧ મી ફેબરવારી.

"સર જમશેદજી જીજીભાઇ સ્કુલ ઓફ આરટ"ના પ્રતેહમંદ વિદ્યાર્થીઓને સરટીફીકેટ તથા ઇનામો આપવાની એક સભા આજ દીને મલી હતી. સરનશીનની ખુરસી નામદાર ગવરનર સર જેમસ ફરગયુસને લીધા બાદ સુપરીનટેંડંટ મી૦ ગ્રીફીથસે ગયાં સાલનો રીપોરટ વાંચી સંભલાવ્યો, જે બાદ સરનશીને વિદ્યાર્થીઓને સરટીફીકેટો તથા ઇનામો આપ્યાં, જેમાં નીચલા પારસીઓ હતાઃ—

સરટીફીકેટો—બરજોરજી જમશેદજી, અરદેસર નશરવાંનજી, શોરાબશાહ દીનશાહ રાઇટર.

ઇનામો—શોરાબશાહ દીનશાહ રાઇટર, માણેકજી ઠાકરજી, દીનશાહ બહમનજી. ૩

---

૧ બોમબે ગેઝેટ, તા૦ ૧૯ મી ફેબરવારી ૧૮૮૩.

૨ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૨૧ મી ફેબરવારી ૧૮૮૩.

૩ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૨૨ મી ફેબરવારી ૧૮૮૩.

તા૦ ૨૨ મી ફેબરવારી.

આજ દીને મરહુમ બાઈ જરબાઈ તે શેઠ ખરશેદજી શાપુરજી ઉમરીગરનાં વીધવા તથા મરહુમ શેઠ બેહરામજી ફરામજી જશાવાલાનાં દીકરીનાં ઉઠમણાંમાં રૂ૬૭૫) ધર્મ ખાતાંઓમાં આપ્યા. ૪

તા૦ ૨૩ મી ફેબરવારી.

રોજ ૮, માહ ૬ (શે૦) ૧૨૫૨. ય૦

મરણ—ફરામજી બહમનજી શેઠના—ઉમર વરસ ૬૨) શેઠ બહમનજી નવરોજજી શેઠનાના દીકરા. એવણ પ્રથમમાં શીપ ચાનડલર અને તે પછી દુબાશનું કામ મોટા પાયા ઉપર કરતા હતા. એવણનું બદન અસાધારણ રીતે કદાવર હતું. "પારસીઓમાંજ નહીં પણ આખાં મુંબઇમાં એઓનાં સરખું અસાધારણ માતેલું શરીર બીજા કોઇનું જોણવામાં આવ્યું ન હતું. એવણને માટે બેસવા ઉઠવાની જગ્યાઓ સાધારણ માણસો કરતાં ખાસ મોટી બનાવવી પડતી હતી. એવણની ગાડી વીશેશ મોટી હતી. અને તેમાં એક બેઠક ઉપર એઓની સાથે બીજા કદી પણ બેસી શકતા નહીં હતા. એવનનાં રવાંનને અવલમંજલ લઇ જવા માટે ખાશ મોટી ઘેઆંણ બનાવવી પડી હતી અને તે ઘેઆંણ સાથ નસેસાલાર તથા ખાંધીઆઓ મલીને ૩૨ માણસની ટુકડી રાખવી પડી હતી." એવણને પારસી "ડેનીયલ લામબરટ" કરી કેહેતા હતા. ૫

તા૦ ૨૫ મી ફેબરવારી.

આજ દીને મરહુમ શેઠ ફરામજી બહમનજી શેઠનાનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી તથા વીધવા બાઈ ભીખાઈજીએ મલી રૂ૫૭૫) ધર્મ ખાતાંઓમાં આપ્યા. ૬

તા૦ ૨૬ મી ફેબરવારી.

અતરેની ફ્રીમેશનોની લાડજ "સાઇરસ"ના આએ સાલના વરશીપફુલ માસતર તરીકે શેઠ શોરાબજી હોરમંજજી ભાકડાંવાલાને ખુરસીનશીન કરવાની ક્રિઆ થઇ. ૭

તા૦ ૨૮ મી ફેબરવારી

રોજ ૧૩, માહ ૬ (શે૦) ૧૨૫૨ ય૦

મરણ—બહમનજી એદલજી આલબલેસ—ઉમર વર્ષ ૬૧) શેઠ એદલજી ફરામજી આલબલેસના ત્રીજા દીકરા.

---

૪ અખબારે સોદાગર, તા૦ ૨૩ મી ફેબરવારી ૧૮૮૩.

૫ રાસ્ત ગોફતાર, તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૮૩.

૬ જામે જમશેદ, તા૦ ૨૬ મી ફેબરવારી ૧૮૮૩.

૭ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૨૮ મી ફેબરવારી ૧૮૮૩.

એવણ ઈ૦ સ૦ ૧૮૪૫ માં પોતાના બાપની "એદલજી ફરાંમજીના છોકરાઓ"નાં નામથી ચાલતી વ્યાપારી પેહડીમાં શામેલ થઇ પેહલવેહલા ચીન ગયા હતા, અને ઈ૦ સ૦ ૧૮૫૪ સુધીનાં ૧૫) વર્ષના અરસામાં ત્યાંની ઘણીક ખેપ કીધી હતી. એવન ચીનની જરથોસ્તી અંજુમનનાં ફંડના એક આગેવાંન તરફથી હતા. પોતાના ભાઇઓની સાથે એવણે ગીરગામ મધ્યેનો આલબલેસ બાગ પોતાના બાપનાં નામથી બંધાવી તા૦ ૧૩ મી અકટોબર ૧૮૬૮ ને દીને ખોલ્લો મુકયો હતો.

તા૦ ૨ જી મારચ.

આજ દીને મરહુમ શેઠ બેહરામનજી એદલજી આલબલેસનાં ઉઠમણાંમાં તેમની પુંજીમાંથી રૂ. ૨૧૦૦૦); તથા ભાઇઓ શેઠો માણેકજી, ધનજીભાઇ, અને હોરમજજી, તથા મરહુમ શેઠ દાદાભાઇના દીકરાઓએ મલી રૂ. ૬૦૦૦); વીધવા બાઇ મીઠીબાઇએ રૂ. ૨૦૦૦); પિત્રાઇ શેઠ કાવસજી બેજનજી આલબલેસે રૂ. ૧૬૦૦); બત્રિજા શેઠ ફરદુનજી ધનજીભાઈ આલબલેસે રૂ. ૫૦૦); તથા બીજા ખેશીઓએ રૂ. ૧૪૫૨) મલી જુમલે રૂ. ૩૨૫૫૨) ની રકમ ધર્મખાતાંઓમાં આપવાની; તેમજ મરહુમ શેઠ બેહરામનજીની પોતાની પુંજીમાંથી ભગવા દાંડી ગામમાં એક નશાખાનું તથા ધર્મશાલા બંધાવી આપવાની તંદરોસતી પઢાવી હતી.૧

તા૦ ૩ જી મારચ.

અતરેની પારસી ચીફ માટરીમોનીઅલ કોરટનો જડજ હાનરેબલ મી૦ મેલવીલ કે જે છેલ્લાં દશ વર્ષ થયાં એ કોરટમાં પ્રમુખ તરીકે બીરાજતો હતો તે પોતાનો ઓહદો છોડી ઈંગલાંડ જનાર હોવાથી આજ દીને એ કોરટની મલેલી એક બેઠકમાં કામકાજ પુરૂં થયા બાદ ડેલીગેટોની તરફથી તેમનાં પ્રમુખ હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટે ઉઠી તે નામદારને એક માનપત્ર વાંચી સંભલાવયું. ૨

૧ જામે જમશેદ. તા૦ ૩ જી મારચ ૧૮૮૩.

૨ ટાઈમ્સ આફ ઈંડીઆ, તા૦ ૫ મી મારચ ૧૮૮૩.

ઉપલાં માનપત્રના જવાબમાં જસ્ટીસ મેલવીલે જણાવ્યું કેઃ-

"Sir Jamshedji Jijibhai and Gentleman delegates—I am very much obliged to you for your kind sentiments and for your good wishes for my future welfare. As you have observed, the duties of a Judge of this court are of a delicate nature, requiring some tact and discretion, but I cannot say they are arduous. I have had a return prepared for me by Mr. Jehangir (the clerk of the court), sh[illegible]g the number and nature of the cases decided during the period I have been its presiding Judge; and I find that during a period of ten years there have been in all thirty-one suits, or, on an average, about three suits a year. Now, this is a very small number, and there must be some reason to account for this paucity of suits. It cannot be on account of the expenses of litigation being high. There is Rs. 20 stamp for the plaint, and the other fees are proportionately small; so that if a party were to conduct his suit in person he could do it for a less sum than for a suit in the small Causes Court. It therefore cannot be said that the expense of a suit in our Court is heavy, and that parties are restrained thereby from seeking matrimonial relief. Nor can it be said, I think, that our Court, as it is constituted, is unpopular. We English are accustomed to think that no Court can adjudicate so well on the merits of a case as that which consists of a Judge and a Jury. Now, the constitution of this Court is even superior to a Jury; for the gentlemen appointed to assist the Court are not selected haphazard, but are appointed after deep and mature consideration by the Government, from the elite of the Parsi community, for their education, intelligence, and status in their community; so that the constitution of the Court is some what after the model of your old Panchayet. Under these circumstances we must try to find some other causes why there are not more suits instituted in our Court. It would suggest itself to every one that this paucity of cases may be accounted for either by the matrimonial relationship between a husband and wife being of a more peaceful and amicable kind among the Parsis than other nations, or that amongst the Parsis there exists in a high degree the feeling that such disputes should be settled out of Court, and that friends are ever ready to intervene and amicably settle their differances, it is probable that both these causes operate to a certain extent. From the returns I hold in my hand it appears that there have been out of fourteen cases for divorce only three suits in which the husband has succeeded in this Court. It speaks well and highly of the chastity of their women, and can well account for the few cases in our Court; for where the chastity of the women of the community is so high there can be little need for its matrimonial court; and this in itself is for congratulation. There have been eleven

તા૦ ૪ થી મારચ.

શેઠ ફરામજી બેહમનજીએ "રાજવીર કથા," અથવા

રજપુતોનાં સુરાતન, ટેક, કીર્તી, વગેરેની વારતાની એક ચોપડી પ્રસિધ્ધ કીધી હતી. ૧

cases for restitution of conjugal rights. Now, gentlemen, restitution is unknown in the Courts of Europe or America, and is only kept in vogue in England and in this country, as it is incorporated in your matrimonial Act. I have discussed this subject in a case that came before me some years ago in this court, and it is not for me to question the wisdom of the Legislature. Still I must say, it is a most inefficient remedy. A wife who has been compelled to go and live with her husband under the order of a court, and under a threat of imprisonment, can never love him ; and there can be but little happiness between them. Restitution suits are generally instituted for the purpose of satisfying some private pique or spite. Gentlemen, it now only remains for me to thank you in return for your assistance to this Court. During the period I have presided over this court I have ever found the delegates ready to discharge their duties. They have been always punctual in their attendance, and there has never been an instance in which the administration of Justice has been delayed by their non-attendance. I must particularly thank you for the very intelligent interest you have always taken in our deliberations. I have often been struck by the shrewd questions put by delegates to a witness after he has undergone a rigorous examination, cross-examination, and re-examination by counsel, the answers to which have frequently changed the tenor and worth of the evidence given. It is seldom that I have had to disagree with the verdict of the delegates, and when I had, it is very likely that I was wrong and they were right. And this degree of intelligence is to be expected as long as the selection of delegates continues to be made with such watchful and careful discretion as is happily now the case. Personally I have ever received the greatest courtesy at your hands, and to me it is a matter of regret that this will be the last time I shall sit with you in this court ; for although I hope to return, yet even of this I am uncertain ; but it is certain that, even if I do return, the arrangements made in my absence will not be disturbed."

૧ "રાજવીર કથા, અથવા રજપૂતોનાં સુરાતન, ટેક ને કીર્તી; તથા રજપૂતાણીઓના જોસ્સાને પ્રેમનાં પ્રસંગોની અજાયબ વાર્તા. બનાવનાર ફરામજી બમનજી. મુંબઈ; જેહાંગીર બેજનજી કરાણી."

તા૦ ૫ મી મારચ.

કલાદગી જીલ્લામાં આવેલાં ઇલકાલ ગામમાં એકજ રાતનાં ૯ ઇંચ વરસાદ પડયાથી તે તરફની રૈયત ઘણી નાચારીમાં આવી પડી હતી. તેમને મદદ કરવાને શેઠો શોરાબજી ફરાંમજી પટેલ, રગુનાથ નારાયણ ખોટે, સી. આઇ. ઇ; અને વીજભુખણદાસ આતમારાંમે અતરેના દેશીઓમાં એક ફંડ ઉભું કીધું હતું. આ ફંડમાં બધા મલી રૂ. ૧૪૪૫૧ાા ભરાયા હતા, જેમાં રૂ. ૧૭૫૦) ઇંગ્રેજોના, રૂ. ૬૨૯૧ાા હિંદુઓના, રૂ. ૧૩૫૦) મુસલમાંનોના, રૂ. ૧૦૦) યાહુદીના, અને રૂ. ૪૯૬૦) પારસીઓના હતા. ૨

તા૦ ૫ મી મારચ.

રોજ ૧૮, માહ ૬ (શે૦) ૧૨૫૨ ય૦

મરણ—દોરાબશાહ બેહરાંમજી ડાકટર—ઉમર વર્ષ ૬૬) એવણ પ્રથમમાં સુરત મધે વૈધક ખાતાંમાં નોકરી અને તે બાદ લાંબી મુદત સુધી ખંબાત મધે કસટમ ખાતાંમાં સર કારકુન હતા. પાછલથી પેનશન લઇ ઘણાં વરસ સુધી એવણ ખંબાતના નવાબની નોકરીમાં હકીમ તથા સહલાકાર તરીકે રહેલા હતા. એવણનું મરણ ખંબાતમાંજ નીપજયું હતું. ૩

૨ આ રૂ. ૪૯૬૦) નીચે મુજબ ભરાયા હતા:—(રૂ.૫૦૦) દીનશાજી માણેકજી પીટીટ, બેહરાંમજી જીજીભાઈ, સી. એસ. આઈ; હોરમજજી અરદેસર હોરમારજી વાડીઆ. (રૂ૪૦૦) નશરવાંનજી માણેકજી પીટીટ. (રૂ.૩૦૦) હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, એદલજી ફરાંમજી આલબલેસના સાહેબજાદાઓ, બાઈ મોટલાંબાઇ તે મરહુમ જાંગીરજી નશરવાંનજી વાડીઆનાં બેટી, (રૂ.૨૫૦) શોરાબજી ફરાંમજી પટેલ, જાંગીરજી કાવશાજી જાંગીરજી રેડીમની. (રૂ.૨૦૦) જાલભાઈ અરદેસર શેઠના. (રૂ.૧૫૦) શોરાબજી શાપુરજી બંગાલી. સી. આઈ. ઈ; મનચેરજી બાહમનજી પંથકી, કેખશરૂ મનચેરજી હીરામાણેક, મરહુમ હોરમજજી એદલજી કામાજીનાં ધરમખાતાંમાંથી, નશરવાંનજી રતનજી ટાટા. (રૂ.૧૦૦) ખરશેદજી માણેકજી શેઠના, ફરાંમજી હોરમજજી મેહતા, જમશેદજી નશરવાંનજી ટાટા, બેહરાંમજી નશરવાંનજી સીરવાઈ, ફરાંમજી સાંડસની કંપની, (રૂ.૫૦) કાવશાજી બેજનજી આલબલેસ, નશરવાંનજી બહમનજી મોદીના છોકરાઓ, કાવશાજી પ્રેપરરા, (રૂ૨૫) મેહરવાંનજી અને બેહરાંમજી, (રૂ.૨૦) એક જરતોશતી (રૂ૧૫) માણેકશાહ જાંગીરશાહ તાલેયારખાં.

આ ફંડ એકઠું કરવાની આગેવાનીને માટે શેઠ શોરાબજી ફરાંમજી પટેલ અને બીજાઓનો ઈલકાલની મ્યુનીસીપાલીટીએ તા૦ ૨[illegible] આપરેલ ૧૮૮૩ ને દીને મલેલી સભામાં ઉપકાર માનયો હતો.

૩ શેઠો શોરાબશાહ દોરાબશાહ પેમાસ્ટર, તથા જાગીરસાહ દોરાબશાહ ડાકટરના બાવા.

તા૦ ૭ મી મારચ.

"સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટયુટ"ને લગતી નિશાલોનાં છોકરાંઓને ઇનામો આપવાનો એક મેલાવડો આજ દીને કોટ મધેનાં એ ખાતાંનાં મકાંનમાં થયો હતો. નામદાર ગવરનર સર જેમસ ફરગુસન સભાપતીની ખુરસીએ બીરાજવા બાદ મીનસીપાલ શેઠ ડોશાભાઇ નશરવાંનજી વાડીઆ, એમ. એ. એ રીપોરટ વાંચી સંભલાવ્યો, જે બાદ સરનશીને ઇનામો વેંહચી એક સુભાખીત ભાખાણ કર્યું, તથા હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટે ગવરનરનો ઉપકાર માન્યો. ૧

"કુરલા સ્પીનીંગ એન્ડ વીવીંગ કંપની"ના ભાગીદારોની આજ દીને મલેલી સભામાં એ કંપનીના માજી સરનશીન તથા સ્થાપનાર મરહુમ શેઠ અરદેસર હોરમજજી વાડીઆનું સંગેમરમરનું અર્ધાં કદનું એક બાવલું રૂ ૫૦૦૦)ને ખરચે મંગાવી એ કંપનીની કુરલા મધેની મીલમાં મુકવાનો ઠેડાવ થયો હતો ૨

એડન મધે જરથોસ્તીઓમાં રવાંન થાય તેને સંજોગી મુકવા માટે ત્યાંના મેહરવાંન બાગના બંગલાની બાજુમાં શેઠ માણેકજી રતનજી પટેલ શીગનપોરીઆએ બંધાવી આપેલું એક એલાહેદું મકાન આજ દીને જશન કરી ખોલ્લું મેલવામાં આવ્યું. આ વેળાએ શેઠ માણેકજી તરફથી એડન મધે એક વધારે મોબેદ રાખવાના પગાર માટે રૂ ૮૦૦૦)ની રકમ મુંબઈની પંચાતના સ્વાધીનમાં આપવાનો અંજુમન પત્ર વંચાવવામાં આવ્યો હતો. ૩

નવસારી મધે "નવાજબાઇ તાતા છોકરીઓની નીશાલ"ને માટે શેઠ નશરવાંનજી રતનજી તાતાએ બંધાવી આપેલું નવું મકાન આજ દીને એ શેઠે પોતે ત્યાં હાજર થઇ ખોલ્લું મુકયું હતું. ૪

તા૦ ૧૪ મી મારચ

આજ દીને ભરૂચ મધે મરહુમ શેઠ જમશેદજી હોરમજજી વખારીઆનાં પુનને માટે તેમના ભાઇ શેઠ શેરાબજી હોરમજજી વખારીઆ તથા ખેશીઓએ તે તરફ આવનારા જરથોસ્તી મુસાફરોના ઉતારાને કીજે "જમશેદ બાગ" નામનું એક મોટું મકાન જશન કરી ખોલ્લું મુકયું હતું. જશનની ક્રિઆ દસ્તુર દીનશાહજી પેશોતનજી કામદીનજીએ શરૂ કીધી હતી, જે પુરી થવા બાદ શેઠ શેરાબજી તરફથી એક અંજુમન પત્ર વાંચી સંભલાવવામાં આવ્યો, જેમાં જણાવ્યું હતું કે એ મકાંનની પડોસમાંજ એઓએ પોતાના બાવા મરહુમ હોરમજજી બેહરાંમજી વખારીઆની નઇએતે એક દરેમેહર બંધાવીછે, જેમાં આતશ પરેઠઆ પછી તે ઇજાવવામાં આવશે. એ દરેમેહર તથા મજકુર "જમશેદ બાગ"ના ખરચને કીજે શેઠ શેરાબજીએ પોતે રૂ ૩૦૦૦), તેમના બીજા ભાઈ શેઠ રૂસતમજી હોરમજજી વખારીઆએ રૂ ૨૦૦૦), એમનાં માતાજી બાઈ દીનબાઇએ રૂ ૧૦૦૦), એમનાં ધણીઆંની બાઈ રતનબઇએ રૂ ૧૦૦૦), તથા મરહુમ શેઠ જમશેદજીનાં ધણીઆંની બાઈ રતનબાઇએ રૂ ૧૦૦૦) મલી રૂ ૮૦૦૦) ની રકમ ભરૂચની જરથોસ્તી અંજુમનનાં ફંડના તરસ્ટીઓને સ્વાધીન કરવાને જણાવ્યું હતું. ૫

તા૦ ૧૮ મી મારચ.

એ૦ રતનજી રૂસતમજી કાંગાએ "રાસતદીને જરથોસ્તીઆન" નામનું દર મહીનાના હોરમજદ રોજે નીકલતું એક માસીક ચોપાનીઉં પરવરતાવવા માંડયું.

તા૦ ૧૯ મી મારચ.

ઇંદોરના જાણીતા વ્યાપારી શેઠ હોરમજજી માણેકજી બમગરાએ પોતાને મકાને પારસી ગ્રહસ્થો અને બાંનુઓનો એક મેલાવડો કરી નામદાર વાઇસરાયના મધ્ય હિંદુસ્થાનના એજંટ સર લેપલ ગ્રીફીન પોતાનો ઓધ્ધો છોડી ઇંગલાંડ જનાર હોવાથી તેને એક ટી-પારટી આપી હતી. આ વેળાએ શેઠ હોરમજજીનાં ધણીઆંનીએ સર લેપલને આવતાંનેવાર વધાવી લઇ ફુલનો હાર પેહરાવ્યો હતો. ૬

---

૧ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૮ મી મરચ ૧૮૮૩.

૨ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૮ મી મારચ ૧૮૮૩.

૩ રાસ્ત ગોફતાર, તા૦ ૧૮ મી મારચ ૧૮૮૩.

૪ મુંબઈ સમાચાર, તા૦ ૩૧ મી મારચ ૧૮૮૩.

એ મકાનમાં નીચલી તખતી મારેલી છેઃ—"શ્રી દાદાર હોરમજદની મદદ હોજો. આએ ઇશકોલનો મકાંન નોવસારી કશબાના વતની એરવદ નોશરવાંનજી રતનજી ટાટાએ પોતાના ખરચે બંધાવીને પોતાનાં બેહેનની ઇઆદગારીને સારૂ સ્થાપેલી "બાઈ નવાજબાઈ નોવસારી જરથોસ્તી છોકરીઓની ઇશકોલ"નાં ઉપએગને શારૂં આપેઓ છે. રોજ ૨૦ મો બેહરામ ઇજદ માહા. ૬ થો શેહરેવર અમશાસપંદ શને ૧૨૫૨ એજદેજરદી. તા૦ ૭ મી મારચ સને ૧૮૮૩ ઈશવી. શવંત ૧૯૩૯ નાં માહા વદ ૧૩ ને વાર બુધે."

૫ સતીઅમીત્ર, તા૦ ૧૯ મી મારચ ૧૮૮૩.

૬ જામે જમશેદ, તા૦ ૨૯ મી મારચ ૧૮૮૩.

તા૦ ૨૨ મી મારચ.

મુંબઈનાં નવા મ્યુનીસીપલ કારપોરેશનના સરકાર તરફના ૧૬ સભાસદો આજ દીને નેમ્યા; જે મધે ૧૨ ઈંગ્રેજ, ૨ મુસલમાંન, ૧ હિંદુ, અને ૧ પારસી—શેઠ દીનશાહજી માણેકજી પીટીટ હતા. ૧

તા૦ ૨૬ મી મારચ.

મઉના હાનરરી માજીસ્ત્રેટ ખાંનબાહદુર એદલજી પેશતતજી ઘાસવાલાએ સર લેપલ ગ્રીફીનને એક મોટું ખાણું આજ દીને આપ્યું હતું. આ વેળાએ મઉની છાવણીના સઘળા ઈંગ્રેજ અમલદારો તથા દેશી ગ્રહસ્થો હાજર થયા હતા. ૨

તા૦ ૨૬ મી મારચ.

રોજ ૯, માહ ૭ (શે૦) ૧૨૫૨ ય.

મરણ—હીરજીભાઇ મેહરવાંનજી વાડીઆ,—ઉમર વરસ ૬૬) શેઠ મેહરવાંનજી હીરજીભાઈ વાડીઆના નાહના દીકરા. એવણ પેહલવેહેલા ઈ૦ સ૦ ૧૮૩૪ માં અતરેની સરકારી ગોદીમાં રહયા હતા. ૧૮૩૮ માં એવણે પોતાના પિત્રાઇ શેઠ જાંગીરજી નવરોજજી વાડીઆ સાથે ઈંગલાંડ જઇ ચાથામની ગોદીમાં વાહાણ બાંધવાના હુનરની તાલીમ લીધી, તથા ગ્રેટ બ્રીટન ખાતે મુસાફરી કરી તેના અહેવાલનું એક પુસ્તક ઈંગ્રેજી ભાષામાં રચી ૧૮૪૧ માં લંડન મધે છપાવી પ્રગટ કીધું હતું. એજ સાલમાં એઓ મુંબઇ પાછા આવ્યા બાદ સરકારી ગોદીમાં આસીસ્ટંટ માસ્ટર બીલડર નેમાયા હતા. ૧૮૫૭ માં કરાંચી મધે "ફ્રીઅર" નામની સ્ટીમર ઢેરાવ ઉપરથી પાણીમાં ઉતારવાને મુંબઈની સરકારે એવણને ખાસ તે તરફ મોકલ્યા હતા. ૧૮૬૨ માં ઈંડીઅન નેવીનું ખાતું કાઢી નાખવાથી સરકારે એવણને પેનશન આપ્યું હતું, તોપણ ૧૮૬૭ માં આબીસીનીઆની તથા ૧૮૭૮ માં માલટાની લડાઈ વખતે વાહણોના કાફલાઓ તે તરફ રવાંના કરવાને એવણની નોકરીની જરૂર જણાયાથી તે બંન્ને હીગાંમ ઉપર એવણને પાછા ડેપ્યુટી માસ્ટર બીલડર તરીકે બોલાવ્યા હતા. ૧૮૬૨ માં એવણ પોતાના ભાઇઓની "ડોશાભાઈ મેહરવાંનજીની કુંપની"નાં નામથી ચાલતી પેઢીમાં શામેલ થયા હતા તથા ૧૮૬૯ થી તે પોતાનાં મરણ સુધી એવણ અતરેની મેશરસ ગ્રાહમ કંપનીમાં સેલસમેન હતા. એમની પાયદશની પાછલ ગોદીના આસરે ૨૫૦, જુદી જુદી ગ્નાતના કામદારો છેક દોખમાંના ડુંગર સુધી ચાલયા હતા, અને મેશરસ ગ્રાહમ કંપનીએ તે દીને પોતાની આખી આફીસ બંધ રાખી હતી. ૩

તા૦ ૨૮ મી મારચ.

આજ દીને મરહુમ શેઠ હીરજીભાઇ મેહરવાંનજી વાડીઆનાં ઉઠમણાંમાં રૂ.૬૨૨) ધર્મખાતાંઓમાં આપ્યા હતા. ૪

તા૦ ૨૯ મી મારચ.

મુંબઇની પારસી ચીફ માટરીમોનીઅલ કોરટના એક ડેલીગેટ શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ પોતાનો ઓહ્દો છોડવાથી તેમની જગોએ શેઠ ધનજીભાઇ મેહરવાંનજી જીજીભાઈને નેમ્યા હતા. ૫

એડનના બીજા વર્ગના માજીસ્ત્રેટ શેઠ મનચેરજી રૂસતમજી ઢોલુને નામદાર સરકારે બંધવાઓને બાંધી મારવાની સજા કરવાનો ખાસ અખત્યાર આપ્યો હતો. ૬

તા૦ ૨૯ મી મારચ.

ઈંગલાંડથી તબીબપણાંની પુરતી કેળવણી અને અનુભવ ધરાવનારી ઓરત ડાકટરોને મુંબઈ મધે વૈદાંનો ધંધો ચલાવવાને બોલાવવા તથા બની શકે તો ઓરતો અને બાળકોને માટે એક જુદું ધર્મનું દવાખાનું અતરે ઉઘાડવા તથા ગ્રાંટ મેડીકલ કાલેજમાં ઓરત વિદ્યાર્થીઓને વૈદાંની કેલવણી આપવાને મી૦ જી. એ. કીટરીડજ અને શેઠ શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઇ. એ આગેવાંની લઇ એક ફંડ ઉભું કરવાની ગયા જાનેવારી માસમાં મદેહનજર છપાવી હતી. તે ફંડ મધે રૂ૪૦૦૦૦)ને આસરેની રકમ ભરાવાથી તેમાં નાણાં ભરનારાઓની એક સભા આજ દીને અતરેના ટાઉનહાલમાં મલી હતી. સરનશીનની ખુરસી હાનરેબલ સર જમશેદજી જીજી-

૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૨ મી મારચ ૧૮૮૩.

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૧ લી એપરેલ ૧૮૮૩.

૩ મરહુમો રૂસતમજી, હોરમજજી, અને જમશેદજી હીરજીભાઈ વાડીઆના બાવા, તથા શેઠ હીરજીભાઈ હોરમજજી વાડીઆ બારીસ્તરના બપાવા.

૪ જામે જમશેદ, તા૦ ૩૦ મી મારચ ૧૮૮૩.

૫ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૯ મી મારચ ૧૮૮૩.

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૯ મી મારચ ૧૮૮૩.

-બાઇ બારોનેટને આપવા બાદ એ ફંડનો વહીવટ ચલાવવાને ૮ ઇંગ્રેજ, ૧૬ હિંદુ, ૧૨ મુસલમાંન, ૨ યાહુધી અને ૨૨ પારસી ગ્રહસ્થો. (હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો બેહરાંમજી જીજીભાઇ, સી. એસ. આઇ; શોરાબજી ફરાંમજી પટેલ, દીનશાહજી માણેકજી પીટીટ, નશરવાંનજી માણેકજી પીટીટ, હોરમારજી અરદેસર હોરમજજી વાડીઆ, નશરવાંનજી રતનજી તાતા, માણેકજી એદલજી આલબલેસ, જાંગીરજી કાવસજી જાંગીરજી રેડીમની, શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ, ઈ; દાદાભાઈ હોરમજજી દુબાશ, મનચેરજી હોરમજજી કામાજી, શોરાબજી કાવશજી પાંડિવાલા, હીરજીભાઇ હોરમજજી શેઠના, નવરોજજી જાંગીરજી ગામડીઆ, નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇ, નવરોજજી ફરદુનજી, પેશતનજી હોરમજજી કામાજી, ખુરશેદજી નોશરવાંનજી કામાજી, હોરમજજી બહમનજી જીજીબાઈ, ખરશેદજી માણેકજી શેઠના, ખરશેદજી રૂસતમજી કામાજી)ની એક કમીટી તથા શેઠ શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઈ. ને હાનરરી શેક્રેટરી નેમ્યા હતા. ૧

તા૦ ૩૦ મી મારચ.

હૈદરાબાદના કો-રીજંટ નવાબ સર સાલારજંગ, કે. સી. એસ. આઇ. ગઈ તા૦ ૯ મી ફેબરવારીએ મરણ પામવાથી તેમનાં નામની તે તરફ યાદગારી રાખવાનો ઠેડાવ કરવાને આજ દીને ત્યાંના સર્વે આગેવાંન રેહવાસીઓની મલેલી સભામાં થયલા ફંડ મધ્યે શેઠ શાપુરજી એદલજી ચીનાઇએ રૂ ૨૦૦૦) તથા દસ્તુર રતનજી જામાસપજી જામાસપઆશાનાએ રૂ૧૨૦૦) ભર્યાં હતા. ૨

તા૦ ૩૧ મી મારચ.

મધરાજ યુનીવરસીટીની આજ દીને ભરાયલી કાનવોકેશનમાં એક પારસી શેઠ દાદાભાઇ પેશતનજી બનાજીને "એલ. એમ. એન્ડ એસ."ની સનદ મલી હતી. [એવણુ તા૦ ૬ ઠી આપરેલ ૧૮૮૩ ને દીને મોરવીના ઠાકોર સાથે તેમના તબીબ તરીકે ઇંગલાંડ ગયા હતા.] ૩

શેઠ જાંગીરજી કાવશજી જાંગીરજી રેડીમની જેઓ ગઇ તા૦ ૧૭ મી નવેમબરને દીને ઘોડા ઉપરથી પડી જવાથી ઘણી ધાસ્તી ભરેલી બીમારીમાં હતા તેઓ સાજા થવાથી તેની ખુશાલીમાં આજ દીને પોતાના વાલકેશરના બંગલામાં મુંબઈના નામદાર ગવરનર સર જેમસ ફરગુસન તથા અતરેના ઘણાક ઇંગ્રેજ અને દેશી ગ્રહસ્થોને એક જીયાફત આપી હતી. ૪

---

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૩૧ મી મારચ ૧૮૮૩.

[આ ફંડમાં બધા મલી રૂ ૩૯૭૦૪) ભરાયા હતા; જે મધ્યે રૂ ૧૭૨૫) ઇંગ્રેજોના, રૂ ૧૦૪૧૨) હિંદુઓના, રૂ૯૮૮૭) મુસલમાંનોના, રૂ૧૦૦૦) યાહુદીના, અને રૂ ૧૬૬૮૦) નીચે મુજબ પારસીઓના હતાઃ—(રૂ ૧૦૦૦) હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, બેહરાંમજી જીજીભાઈ, સી. એસ. આઇ., નશરવાંનજી માણેકજી પીટીટ, શોરાબજી ફરાંમજી પટેલ, હોરમારજી અરદેસર હોરમજજી વાડીઆ, એક જરતોશતી, એદલજી ફરાંમજી આલબલેસના છોકરાઓ, બાઇ મોટલાંબાઇ તે મરહુમ માણેકજી નવરોજજી વાડીઆનાં વીધવા, નશરવાંનજી રતનજી ટાટા, દીનશાહજી માણેકજી પીટીટ, સાકરબાઇ દીનશાહજી પીટીટ, જાંગીરજી કાવશજી જાંગીરજી રેડીમની, (રૂ૫૦૦) શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઈ. ઇ., દાદાભાઇ હોરમજજી દુબાશ તથા છોકરાઓ, મરહુમ હોરમજજી એદલજી કામાજીનાં ધરમખાતાંમાંથી, પેશતનજી હોરમજજી કામાજી, (રૂ૩૦૦) જાલભાઇ અરદેસર શેઠના, મરહુમ પાલણજી તથા કાવશજી ધનજીભાઇ પાંડિવાલાના છોકરાઓ, (રૂ૨૫૦) બેહરાંમજી નસરવાંનજી સીરવાઇ, (રૂ૨૦૦) નવરોજજી જાંગીરજી ગામડીઆ, (રૂ૧૫૦) મનચેરજી બહમનજી પંથકી, (રૂ૧૨૫) હીરજીભાઈ હોરમજજી શેઠના, નશરવાંનજી બહમનજી મોદીના છોકરાઓ, મનચેરજી ફરાંમજી કામાજી, (રૂ૧૦૦) બરજોરજી રૂસતમજી મોદી, પીરોજશાહ બરજોરજી મોદી, મેહરવાંનજી દાદાભાઈ, ફરદુનજી ફરાંમજી કરાકા, હોરમજજી બહમનજી જીજીભાઇ, ખરશેદજી માણેકજી શેઠના, (રૂ.૫૦) ફરાંમજી હોરમજજી મેહતા, જાંગીરજી હોરમજજી મોદી, મનચેરજી નવરોજજી બનાજી, નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇ (રૂ.૩૫) દીનશાહ પેશતનજી કાંગા (રૂ.૨૫) નશરવાંનજી ચાંદાબાઇ ઇજનેર, ધનજીભાઇ પેસતનજી મારકર, એદલજી બહમનજી મારીઆ, ખાંનબાહાદુર જમશેદજી ધનજીભાઇ વાડીઆ, શોરાબજી નવરોજજી કોપર, નવરોજજી ફરદુનજી, ફરાંમજી એદલજી દાવર, હોરમજજી દાદાભાઇ જડજ, નવરોજજી બેહરાંમજી સંતોક, એદલજી મેહરવાંનજી દુબાશ (રૂ.૨૦) ખાંનબાહદુર બેહરાંમજી દાદાભાઇ રેજીસટરટર.

[આ કામને માટે એક જુદી હાસ્પીટલ બાંધવા તથા તે માટે જગા ખરીદવાને શેઠ પેશતનજી હોરમજજી કામાજીએ રૂ૧૨૦૦૦૦)ની રકમ સરકારમાં આપવાને કબુલાત આપી હતી. અને તેનું નામ "પેશતનજી હોરમજજી કામા હાસ્પીટલ, ઓરત તથા બચાંઓને વાસતે" એવુ આપવામાં આવશે. એ હાસ્પીટલ માટે જગા પસંદ કરવાને સરકારે સેનીટરી કમીશનર ડાકટર હયુટ, ડાકટર આરનટ. અને એકજીકયુટીવ ઇજનેર ખાનબાહદુર મનચેરજી કાવશજી મરજબાંનની એક કમીટી નેમી હતી, જેઓએ મેદાન મધ્યે એલફીનસટન હાઇસ્કુલની પડોશમાંની જગા એ મકાન માટે પસંદ કીધી છે.

[વળી એ ફંડની કમીટીએ હાલ તુરત ઇંગલાંડથી મીસ એડીથ પીચી, એમ. ડી. નામની એક ભણેલી ઓરત તબીબને પોતાના હાથ હેઠલ એક બીજી ઓરત તબીબને લઇને અતરે બોલાવી છે.]

૨ ટાઈમ્સ આફ ઇંડીઆ, તા૦ ૪ થી આપરેલ ૧૮૮૩.

૩ જામે જમશેદ, તા૦ ૬ ઠી આપરેલ ૧૮૮૩.

૪ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા૦ ૨ જી આપરેલ ૧૮૮૩.

તા૦ ૧ લી આપરેલ.

હિંદુસ્થાંનની નામદાર સરકારે દરેક ગામની મ્યુનીસીપાલીટીનો વહીવટ સરકારથી નેમેલા તેમજ લોકોથી ચુંટી કાઢેલા અધિકારીઓથી ચલાવવા માટે સ્થાનીક સ્વરાજ્યનો જે કાએદો ઘડયો હતો તેની રૂએ નીચલાં ગામોની મ્યુનીસીપાલીટીમાં નીચે મુજબ પારસી અધિકારીઓ ઠર્યા હતા :—

થાંણા—લોકોએ ચુંટી કાઢેલા; શેઠો નશરવાંનજી બહમનજી આંટીઆ, ડોશાભાઈ જીવણજી ડુંગરીવાલા, દોરાબજી જમશેદજી સરાફ, સરકારે નેમેલા; શેઠો નવરોજજી જમશેદજી આંતીઆ, દાદાભાઈ હોરમજજી પંથકી.

કલીઆંણી—સરકારે નેમેલા; ડાકટર પેસતનજી બહમનજી ધનજી મેહેતાના.

પુણાં—સરકારે નેમેલા; ખાનબાહદુર દસતુર હોશંગજી જામાસપજી જામાસ્પઆશાના, શેઠ દોરાબજી પદમજી પેશતનજી (મ્યુનીસીપલ કમીટીના સરનશીન.)

લાનોલી—સરકારે નેમેલા; શેઠ અરદેસર મેહરવાંનજી.

અહમદનગર—લોકોએ ચુંટી કાઢેલા; ખાનબાહદુર નશરવાંનજી ખરશેદજી જોઇપોરીઆ (મ્યુનીસીપલ કમીટીના સરનશીન.) સરકારે નેમેલા; શેઠ ફરાંમજી અરદેસર કેકોબાદના.

સેતારા—લોકોએ ચુંટી કાઢેલા; શેઠ રતનજી મનચેરજી.

બેલગામ—સરકારે નેમેલા; શેઠ બરજોરજી ફરાંમજી.

શોલાપુર—સરકારે નેમેલા; શેઠ દોરાબજી મનચેરજી લાલકાકા.

નાશક—સરકારે નેમેલા; શેઠ બેહરાંમજી જાંગીરજી રાજકોટવાલા (મ્યુનીસીપલ કમીટીના સરનશીન.)

વલસાડ—સરકારે નેમેલા; ડાકટર રતનજી રૂસતમજી દાદીના (મ્યુનીસીપલ કમીટીના સરનશીન.)

સુરત—લોકોએ ચુંટી કાઢેલા; ડાકટર ડોશાભાઈ પેશતનજી. સરકારે નેમેલા; શેઠો કેખશરૂ એદલજી મોદી, બી. એ. અને જમશેદજી કાવશજી એંટી.

બરૂચ—ડાકટર ધનજીશાહ મેહરવાંનજી (મ્યુનીસીપલ કમીટીના સરનશીન) શેઠ નશરવાંનજી શેહરીઆરજી જીનવાલા.

અમદાવાદ—લોકોએ ચુંટી કાઢેલા; શેઠો કાવશજી મનચેરજી કરંજાવાલા, ફરાંમજી પેશતનજી વકીલ, નવરોજજી પેશતનજી વકીલ.

ધુલીઆ—સરકારે નેમેલા; શેઠો ફરદુનજી અસપંદીઆરજી અને પેશતનજી આદરજી.

ખેડા—સરકારે નેમેલા; શેઠ અરદેસર જમશેદજી દસ્તુર કામદીનજીના.

કરાંચી—લોકોએ ચુંટી કાઢેલા; શેઠો જમશેદજી અરદેસર, પેશતનજી બેહરાંમજી કોટવાલ.

સુરત—ડાકટર પીરોજશાહ જમશેદજી નાણાંવતી.

રાંડેર—શેઠ માણેકજી નશરવાંનજી.

હલીઆલ—દોરાબજી હોરમજજી સબ-ઇજનેર.

ભરૂચ—લોકોએ ચુંટી કાઢેલા; શેઠો એદલજી મનચેરજી કંત્રાકટર, રૂસતમજી પાલણજી એંકવાલા, ફરદુનશાહ પેશતનજી મોહવડાંવાલા, દીનશાહ ફરદુનજી રૂઉવાલા, નશરવાંનજી શેહરીઆરજી જીનવાલા.

પુણાંની સીવીલ લાઇનસ—હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, ખાનબાહદુર દસતુર હોશંગજી જામાસપજી જામાસ્પ આશાના, દોરાબજી દાદાભાઇ બુટી, પેશતનજી બહમનજી, કુવરજી અરદેસર, આદરજી દોરાબજી ધાસવાલા.

મધરાજ—સરકારે નેમેલા; શેઠ કાવશજી એદલજી પાંડે.

કલીકટ—લોકોએ ચુંટી કાઢેલા; શેઠ ધનજીભાઇ માણેકજી મુગાશેઠના.

એડોની—સરકારે નેમેલા; શેઠ ધનજીભાઈ બેહરાંમજી.

———

તા૦ ૨ જી આપરેલ.

બાહેરકોટ મરહુમ દાદીશેઠનાં આતશબેહરાંમની પડોસમાં ભાટયા માહજનના કેટલાક ગ્રહસ્થોએ સનાન કરવા માટે એક મોટો તલાવ બાંધવાને જગા ખરીદયાથી તે તલાવ એ લતાના રેહવાસીઓને તથા પાસે આવેલાં આતશબેહરાંમ સાહેબનાં મકાનને અડચણ કરનારો થઈ પડે તેટલા માટે તે બંધાતો અટકાવવા માટેના ઉપાયો લેવાને એ લટાના રેહેવાસીઓ તથા આતશબેહરાંમના તરસ્ટીઓ તરફથી ભુલેશવર વારડના કારપોરેશનના એક અધિકારી શેઠ નવરોજજી ફરદુનજીનાં પ્રમુખપણાં હેઠલ ડાકટર બલેની, મી૦ વીગાસ, દસ્તુર બહમનજી રૂસતમજી મુલાંફીરોજના, શેઠો હીરજીભાઇ અરદેસર દાદીશેઠ, આદરજી મેહરનોસજી મસાની, બી. એ; પીરોજશાહ મનચેરજી દાદીશેઠના, અને રૂસતમજી માણેકજી મુલાંફીરોજનાં એક ડેપ્યુટેશને આજ દીને મ્યુનીસીપલ કમીશનર મી૦ ઓલીવંટ પાસે જઈ કેટલોક ખોલાસો કરી એ બાબે એક અરજી આપી હતી. કમીશનરે તે બાબદ ઉપર ધીઆંન વ્યાપવાની કબુલાત આપી હતી કે અગર એ તલાવ લોકોની તંદરોસ્તીને હરકત કરે એવી રીતે બંધાશે તો તે તેનો અટકાવ કરશે.

———

તા૦ ૪ થી આપરેલ.

માહ[illegible] વિકટોરીયાની સલાંમતીનાં પ્રખ્યાત અને સાધારણ રાજગીત "ગાંડ સેવ ધી કુઈન" નો શેઠ કેખ્શરૂ નવરોજજી કાબરાજીએ કરેલો ગુજરાતી તરજુમો ગાઈ સંભલાવવાકે તેવણે આજ દીને ફરાંમજી કાવશજી ઈનસ્ટીટયુટમાં આતરેના.

જાણીતા ઇંગ્રેજ તથા દેશી ગ્રહસ્થો અને બાનુઓનો એક ખાસ મેલાવડો કીધો હતો. સરનશીનની ખુરસી નામદાર ગવરનર સર જેમસ ફરગુસને લીધા બાદ શેઠ કેખશરૂએ આ હીલચાલની તવારીખ સાથ દેશી ગાયણ વિષે કેટલોક ખુલાસો કરી સમજાવ્યો, જે બાદ આસરે વીશ પારસી બાનુંઓ અને કેટલીક બાળકીઓએ આ ગુજરાતી રાજગીત સઘળુ ઈંગ્રેજી ઢપે ગાઈ સંભલાવ્યું, જે પુરૂં થયા પછી નામદાર સરનશીને એક સુભાગીત ભાષાણમાં શેઠ કેખશરૂનો તેમજ મજકુર બાનુંઓનો ઉપકાર માન્યો. ૧

———:—

તા० ૫ મી એપરેલ.

કલકતા મધે આવતા ડીસેમબર માસમાં થનારાં મોટાં પ્રદર્શણમાં મુંબઇ ઇલાકાની પેદાએશો બરાબર રજુ કરવા માટે અતરેની સરકારે નેમેલી કમીટીમાં ત્રણ પારસી ગ્રહસ્થો—હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, શેઠો દીનશાહજી માણેકજી પીટીટ અને નાનાભાઈ બેહેરાંમજી જીજીભાઈ હતા.૨

એ પછી જામીનગીરી ફંડમાં નાણાં ભરનારાઓની એક સભા તા० ૨ જી મારચ.૧૮૮૫ ને દીને ગવરનર સર જેમસ ફરગયુસનનાં પ્રમુખપણાં હેઠલ મલી હતી જે વેલાએ એકજીબીશન ૧૮૮૭ના નવેમબર માસમાં ભરવાને ઠેડાવ્યું હતું, તથા જામીનગીરીમાં નાણાં ભરનારાઓ તરફથી પ્રદર્શણની ગોઠવણ કરવાને ૬ ઈંગ્રેજ, ૨ હિંદુ, ૨ મુસલમાંન, અને ૨ પારસી (શેરાબજી ફ્રસમજી પટેલ અને નાનાભાઈ બેરાંમજી જીજીબાઇ)ની એકજીકયુટીવ કમીટી મુકરર કીધી હતી. એ કમીટીમાં સરકારે પોતાની તરફના અધીકારીઓ તરીકે ૩ ઈંગ્રેજ અને ૧ પારસી (ખાંનબાહદુર મનચેરજી કાવસજી મરજબાન)ને નેમ્યા હતા.

ઉપલીજ કમીટીને મુંબઇ મધે પણ એક એકજીબીશન ભરવાની ગોઠવણ કરવાનું સરકારે તા० ૧૧ મી મારચ ૧૮૮૪ ને દીને સોંપયું હતું. એ કમીટીએ તા० ૨૫ મી મારચ ૧૮૮૪ ને દીને પોતાની એક સભા ભરી તેમાં એ બાએની સંધી ગોઠવણો કરી સરકારમાં રીપોરટ કરવાને ૧૩ ઈંગ્રેજ, ૨ હીંદુ, ૧ મુસલમાંન, અને ૫ પારસી (સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, દીનશાજી માણેકજી પીટીટ, મનચેરજી કાવશાજી મરજબાન, ડોશાભાઇ ફ્રરાંમજી કરાકા, અને કેખશરૂ નવરોજજી કાબરાજી)ની એક સબકમીટી નેમી હતી. એ કમીટીના સેક્રેટરી તરીકે મેશરસ ગોરડન, બલેની, અને મનચેરજી કાવસજી મરજબાંનને ઠેડવ્યા હતા. વલી એકજીબીશનને માટે ગેરંટી ફંડ ભરાવવાને જુન માસમાં ૩ ઈંગ્રેજ, ૧ હીંદુ, ૧ મુસલમાંન, અને ૩ પારસી (ડોશાભાઇ ફ્રરાંમજી કરાકા, સર જમશેદજી જીજીભાઈ, અને નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇ)ની એક કમીટી નેમી હતી. એકજીબીશન કમીટીની એક સભા તા० ૨૧ મી આગશ્ટ ૧૮૮૫ ને દીને મલી હતી. તેમાં જામીનગીરીનાં ફંડના તરસ્ટીઓ દાખલ ૨) ઈંગ્રેજ, ૨) હીંદુ, ૧) મુસલમાંન, અને ૨) પારસી—સર જમશેદજી જીજીભાઈ બારોનેટ અને શેરાબજી શાપુરજી બંગાલીને નેમયા હતા.

ઉપલું પ્રદરસન ભરાયું ન હતું માટે નાણાં વસુલ કરવામાં આવયાં ન હતાં. ગેરંટી ફંડમાં નીચે મુજબ પારસીઓએ રૂપીઆ નજદીક ચાર લાખથી વધુની રકમ ભરી હતી:—(રૂ૧૫૦૦૦) શેઠો દીનશાહજી માણેકજી પીટીટ, પેસતનજી હોરમજજી કામાં, (રૂ. ૧૦૦૦૦) સર જમશેદજી જીજીભાઇ, શેઠો દાદાભાઇ નશરવાનજી, બહેરામજી નશરવાનજી સીરવાઇ, નશરવાનજી માણેકજી પીટીટ, જમશેદજી નશરવાનજી પીટીટ, જાલભાઇ અરદેસર શેઠ, કાવસજી દીનશા આધરસ, (રૂ૭૫૦૦) નસરવાનજી આર તાતા, બહેરબાઈ અરદેશર હોરમજજી વાડયા, બહેરામજી જહાંગીર એન્ડ કું, સરદાર ખા. બા. દસતુર ન. જામાસજી (રૂ૫૦૦૦) ફરામજી સન્સ એન્ડ કું, સોરાબજી ફરામજી પટેલ, કે. એમ. હીરામાણેક, પીરોજશાહ એમ. મેહતા, દાદાભાઇ હોરમજજી, ફરામજી હોરમજજી કેમીસેરીઅટવાલા, એદલજી ફરામજી આલબલેસના છોકરાઓ, ફરામજી નશરવાનજી પટેલ, જમશેદજી નશરવાનજી તાતા, ફરામજી હોરમજજી મેહતા, ફરામજી એન્ડ બમનજી દીનશા પીટીટ, મનચેરજી બમનજી પંચકી, (રૂ૪૦૦૦) બહેરામજી જીજીભાઈ, (રૂ૩૦૦૦) રૂસતમજી સોરાબજી ખરાસ, સરદાર ખાનબહાદુર પદમજી પેસતનજી, મનચેરજી ફરામજી કામા એન્ડ સનસ, (રૂ૨૫૦૦) મનચેરજી એન. બનાજી, ડોસાભાઇ ફરામજી સી. એસ. આઇ, સોરાબજી

---

૧ રાસ્ત ગોફતાર, તા० ૮ મી એપરેલ ૧૮૮૩.

"God save the Queen. Translated into Gujerati, by, Kaikhossru N. Kabraji. Examined and revised by Messrs. Mansukhram Runchodbhai Udeyram. Bombay: printed at the Kaiser-i-Hind Printing Press. 1883".

૨ એ કમીટીમાં સરકારે તા० ૧૬ મી જુલાઇ ૧૮૮૩ને દીને બીજા ઘણાક ગ્રહસ્થોને ઉમેરયા હતા. જે મધે નીચલા પારસીઓ હતા—શેઠો બેહરાંમજી જીજીભાઈ, સી. એસ. આઈ; બેહરાંમજી નશરવાંનજી સીરવાઇ, ખાંનબાહદુર બેહરાંમજી દાદાભાઈ રેજીસટ્રાર, દોરાબજી ખરશેદજી સરાફ, ડોશાભાઇ ફ્રરાંમજી કરાકા, સી. એસ. આઈ; દોરાબજી પદમજી પેશતનજી, ખાનબાહદુર દાવર રૂસતમજી ખુરશેદજી મોદી, દાદાભાઇ નવરોજજી પ્રોફેસર, ફ્રરાંમજી દીનશાહજી પીટીટ, હોમજી ખરશેદજી દાદીશેઠ, હોરમજજી અરદેશર હોરમજજી વાડીઆ, જમશેદજી નશરવાંનજી પીટીટ, જાંગીરજી કાવશાજી જાંગીરજી રેડીમની, ખરશેદજી રૂસતમજી કામાજી, કેખશરૂ નવરોજજી કાબરાજી, ખરશેદજી નશરવાંનજી સીરવાઈ, માણેકજી ખરશેદજી શરાફ, નશરવાનજી માણેકજી પીટીટ, નશરવાનજી અરદેસર હોરમજજી વાડીઆ, નવરોજજી ફરદુનજી, પીરોજશાહ મેહરવાંનજી મેહતા, એમ. એ; સરદાર ખાંનબાહદુર પદમજી પેશતનજી, શેરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઇ; શેરાબજી ફ્રરાંમજી પટેલ, કાવશાજી મેહરવાંનજી સરાફ, ખાંનબાહદુર ફ્રરાંમજી અરદેસર કેકોબાદના, ખાંનબાહદુર નશરવાંનજી ખરશેદજી નગરવાલા, કાવશાજી મનચેરજી કારંજાવાલા, નશરવાનજી શેહરીઆરજી જીનવાલા, ડાકટર ડોશાભાઈ પેશતનજી સુરતવાલા, જાંગીરજી દાદાભાઈ તારાપોરવાલા, મુંબઇનાં એકજીબીશનને માટે નીચલા વધારે:—જાલભાઇ અરદેસર શેઠના, માણેકજી બરજોરજી મીનોચેર હોમજીના, મનચેરજી નવરોજજી બનાજી.

સાપુરજી બંગાલી, કાવસજી સોરાબજી ભેદવાર એન્ડ કંપની, અરદેસર અને હોરમજજી, ડા૦ રૂસતમજી નશરવાનજી ખોરી, નાનાભાઇ બહેરામજી જીજીભાઇ, હોરમજજી બમનજી જીજી-ભાઇ, હોમજી ખરસેદજી દાદી, ફરામજી એન્ડ આદરજી દોરા-બજી ધાસવાલા, રતનજી બમનજી દુબાસ, જમશેદજી અરદેસર વાડીઆ, પેસતનજી અરદેસર, (રૂ૨૦૦૦) બરજોરજી રૂસતમજી મોદી, ખા૦ બા૦ મનચેરજી કાવસજી મરજબાન, બહેરામજી ફરદુનજી એન્ડ કું. હોરમજી અને બેજનજી (કુપર માદન એન્ડ કું) ખરસેદજી રૂસતમજી કામાં, કાવસજી સાપુરજી મહેતા, ફ. બ. જમસેદજી. દી. વાડયા, હોરમસજી ફરામજી વેરડન, એસ. એસ. નારીએલવાલા, સોરાબજી હોરમસજી બાટલીવાલા, પાવરી એન્ડ રઘુનાથ, સોરાબજી જાંહગીર, (રૂ૧૫૦૦) સોરાબજી નવરોજી કુપર, પાલનજી ધનજીભાઈ એન્ડ સનસ, દાદી માણે-કજી લીમજી, ફકીરજી પેશતનજી, કાઉસજી ભેદવાર એન્ડ કું, ખા. સા. દોરાબજી દાદાભાઇ બુટ્ટી, (રૂ૧૦૦૦) ફરામજી કેખસરૂ પાટક, બોલટન એન્ડ કું, વેરડન એન્ડ કું, સોરાબજી સાપુરજી એન્ડ કું, રૂસતમજી નાનાભાઇ બહેરામજી-જીજીભાઇ, નવરોજી ફરદુનજી સી. આઈ. ઇ, ખરસેદજી એન. સીરવાઇ, સોરા-બજી કાવસજી ધનજીભાઇ, માણેકજી બરજોરજી મુંબઇ સમાચારવાલા, નવરોજી નસરવાનજી વાડીઆ, એદલજી કાવસજી મસાની, રૂસતમજી મહેરવાનજી પટેલ, દાદાભાઇ દીનસાહ ગાંધી, જાંગીર હોરમસજી મોદી, પાલનજીના હોટલો. મેરવાનજી એન બહેરામજી, સોરાબજી ધનજીભાઇ વાડયા, ડોસાભાઇ મહેરવાનજી એન્ડ કું, શાપુરજી જીવાજી, જમશેદજી માણેકજી ફરાંમજી પટેલ, નવરોજી જાંગીર ગામડીયા, માણેકજી કાવશજી તાડીવાલા, કાવશજી ખરશેદજી કનત્રાકટર, મનચેરજી દાદાભાઇ ભાવનગરી, દાદાભાઈ બમનજી જીજી-ભાઇ, પેસતનજી અને ફરામજી બમનજી જીજીભાઈ, એમ. એમ. મોદી એન્ડ કું, ધનજીભાઇ કાવશજી પટેલ, ખાન સાહેબ જમશેદજી રૂસતમજી, જમશેદજી હીરજીભાઈ દોટીવાલા, રૂ. રતનજી એજનજી, પીરોજશાહ સોરાબજી કોલાહ, ફરા-મજી રતનજી એન્ડ કું, ફરાંમજી ખરશેદજી થાનાવાલા, હોરમસજી દાદાભાઇ, દીનશા દી. દાવર, ફરામજી રૂસતમજી વીકાજી, લીમજી નવરોજજી બનાજી, ખાનબહાદુર બહેરામજી દાદા-ભાઇ, એચ. એ. સંતોક, દીનશાહ એદલજી વાછા, જમ-શેદજી ખરશેદજી કામા, સી. રૂસતમજી શેઠના, ખરશેદજી એમ. બનાજી, એદલજી બમનજી મોરીસ, ફરદુનજી કુવરજી તારાપોરવાલા, ફરામજી કાવશજી શાપુરજી મેહતા, ખરશેદજી કાવસજી શાપુરજી મેહતા, ખાન બાહાદુર કેખ-સરૂ હોરમસજી અલપાઇવાલા, સી. પી. લાલકાકા, ડો૦ ડોસાભાઇ પેસતનજી, સોરાબજી એદલજી વાડયા, દોરાબજી બમનજી દીવેચા, પી. એમ. મોદી એનડ કું, દીનશા બીખાજી ખાન, દોરાબજી હોસંગજી ગઝદર, દાદાભાઈ નસરવાનજી કેરાંવાલા, બીખાજી નવરોજી પાલનજી, હોરમસજી એન. વકીલ, જહાંગીર બેજનજી કરાની, જીજીભાઇ જહાંગીર લામ, ફરદુનજી ફરામજી કરાકા, રૂસતમ કે. આર. કામા, શાપુરજી કાવસજી શાપુરજી મહેતા, મોરીનસની કંપની, ડોકટર ફરદુનજી બહેરામજી સીરવઇ, ડોકટર હોરમસજી દી. પેસીકાકા, એન. એફ. ભંડારા, સીનગર કું. (એન. એમ. પટેલ), શાપુરજી કાવસજી શાપુરજી મહેતા.

તા૦ ૫ મી એપરેલ.

ખાંનબાહાદુર પેશતનજી જાંગીરજી તાલેયારખાં, સી. આઇ. ઈ૦ને નામદાર ઇંગ્રેજ સરકારે પાછા પોતાની નોકરીમાં લઈ ગુજરાતના તાલુકદારી સેટલમેંટ આફીસર નેમ્યા. ૧

———

તા૦ ૬ ઠી એપરેલ.

બીલીમોરા મધે ગોલાવાડ આગલ એક મોટી આગ લાગી હતી, જે વેલાએ ઘણીક પારસી સ્ત્રીઓએ કુવામાંથી હાંડે હાંડે પાણી કાઢી લાવી બે હોલવવામાં મદદ કીધી હતી. ૨

———

તા૦ ૮ મી એપરેલ.

શેઠ જાંગીરજી બેજનજી કરાંણીએ "ઉપકાર કે અપ-કાર" અને "અનલરાય અને લાલબા" નામના બે નાટકોનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું. ૩ એ પુસ્તક સાયેર રૂસ્તમ ઈરાંનીને અર્પણ કીધું હતું.

———

તા૦ ૯ મી એપરેલ.

મુંબઈનાં નવાં મ્યુનીસીપાલ કારપોરેશનની પેહલી સભા આજ દીને મલી હતી, જે વેલાએ આવતાં ત્રણ સાલ માટે કારપોરેશન તરફના ૩ ઇંગ્રેજ, ૧ હીંદુ, અને ૪ પારસી—શેઠો નાનાભાઈ બેહરાંમજી જીજીભાઇ, ડોસાભાઇ ફરાંમજી કરાકા, સી. એસ. આઈ; મનચેરજી નવરોજજી બનાજી, નવરોજજી ફરદુનજી—સભાસદોને ટાઉન કોનસીલના મેમબર નેમ્યા હતા. ૪

———

તા૦ ૧૨ મી એપરેલ.

શેઠ ધનજીશાહ દાદાભાઇને નામદાર સરકારે ભરૂચ તાલુકાના પોલીસ સુપરીટેંડંટ નેમ્યા. ૫

———

તા૦ ૧૩ મી એપરેલ.

સુરતની પાસે આવેલાં કરંજ ગામમાં જરથોસ્તીઓના વપડાસને માટે કેટલાંક ધર્મનાં કામો કરવાને ત્યાંના જરથો-

૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૫ મી એપરેલ ૧૮૮૩.

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી એપરેલ ૧૮૮૩.

૩ "ઉપકાર કે અપકાર, ત્રણ અંકી નાટક. અનલરાય અને લાલબા, ચાર અંકી નાટક. રચનાર—"વારસા વગરના વારેસો," "કુ[illegible]ની કરાંમતો" ઈતયાદીનો કર્તા. પ્રગટ કરનાર જેહાં-ગીર બેજનજી કરાંણી. નિર્ણય સાગર છાપખાંનાંમાં છાપ્યું છે."

૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૦ મી એપરેલ ૧૮૮૩.

૫ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૨ મી એપરેલ ૧૮૮૩.

સ્ત્રીઓએ એક ફંડ ઉભું કીધું હતું, જે મધે રૂ. ૧૭૨૭) ભરાયા હતા. ૧

તા૦ ૧૪ મી એપરેલ.

નવસારીના નાયબ સુબા શેઠ શેરાબજી જાંગીરજી તાલેયારખાંની વરોડરે બદલી થવાથી તેમને આજ દીને નવસારીની રૈયત તરફથી ખરશેદવાડીમાં એક જાહેર માનપત્ર આપ્યું હતું. ૨

તા૦ ૧૫ મી એપ્રેલ.

ડાકટર ધનજીભાઈ રૂસતમજી વાડીઆએ ઈંગલાંડ મધે એલ. એફ. પી. એસ. તથા એલ. આર. સી. એસ. અને એલ. આર. સી. પી. ની પદવીઓ મેલવી હતી.

તા૦ ૧૬ મી એપરેલ.

શેઠ જાંગીરજી કાવસજી જાંગીરજી રેડીમનીએ પોતાના મરહુમ મુરબી સર કાવસજી જાંગીરજી રેડીમની, નાઈટ. સી. એસ. આઈ. નાં પુનને માટે ચોપાટી દોખમાંઓવાલા ડુંગરની પડોસમાંની પોતાની જમીન મધેથી આસરે ૩૦૦૦) ચોરસવાર જમીનનો એક અગતનો ખુણો આજ દીને અતરેની જરથોસ્તી અંજુમનનાં ધર્મખાતાંઓનાં ફંડના તરસ્ટીઓ જોગ એક પત્ર લખી ધર્મ ખાતે આપ્યો હતો. ૩

તા૦ ૧૯ મી એપરેલ.

આ સાલની હાઈ કોરટ તથા ડીસ્ટરીકટ કોરટના પલીડરોની પરીક્ષામાં નીચલા પારસીએ પસાર થયા હતાઃ—

હાઈ કોરટના પલીડર તરીકે—શેઠો જમશેદજી દોરાબજી ખંડાલેવાલા, બરજોરજી નશરવાંનજી વકીલ.

ડીસ્ટરીકટ કોરટના પલીડર તરીકે—શેઠો પેશતનજી હીરજીભાઇ અંકલેસરીઆ, માણેકજી પેશતનજી મોદી, શેરાબ પેશતનજી માસતર. ૪

તા૦ ૨૦ મી એપરેલ.

કરાંચી મધે ગરીબ ઢોરોને માટે એક ફુવારો બાંધવાને શેઠ નવરોજજી નશરવાંનજી પોહચાએ રૂ. ૨૦૦), તથા શેઠ જાંગીરજી જમશેદજી રાજકોટવાલાએ "એદલજી દીનશાહ ડીસ્પેનસરી"ની પાસેની ખાલી જગા ઉપર એક બાગ બનાવવાને રૂ. ૫૦૦) ત્યાંની મ્યુનીસીપાલીટીને ભેટ આપ્યા હતા. ૫

તા૦ ૨૧ મી એપરેલ.

'જામે જમશેદ'નું વર્તમાનપત્ર જે ઈ. સ. ૧૮૩૨ થી મરહુમ શેઠ પેશતનજી માણેકજી અને તેમની પછી તેમનાં કુટુંબની માલીકીમાં હતું તે શેઠ કાવસજી મેહરવાંનજી સરાફે લઇ ભાગીદારોની એક લીમીટેડ કંપની હસ્તક ચાલુ કીધું હતું.

તા૦ ૨૩ મી એપરેલ.

"ધી ફરામજી પીટીટ સ્પીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કંપની"નાં નામથી મજગાંમ મધે એક નવી મીલ ઉભાડવાની ક્રિયા આજ દીને કરવામાં આવી. સરનશીન શેઠ દીનશાહજી માણેકજી પીટીટે મીલના મેનેજર શેઠ શેરાબજી નશરવાંનજી વાડીઆ તથા બીજાઓને શેઆલો હોરાડી હતી. ૬

તા૦ ૨૩ મી એપરેલ.

બાઈ પીરોજબાઇ તે મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટનાં બેટી તથા શેઠ સાપુરજી ધનજીભાઇ બાટલીવાલાનાં ધણીઆંનીએ આજ દીને અતરેની જરથોસ્તી અંજુમનનાં ફંડના તરસ્ટીઓ હસ્તક રૂ૫૦૦૦) ની રકમ ધર્મ ખાતે આપી તેનાં વ્યાજમાંથી દર સાલ પોતાના મરહુમ બાવા તથા માએની બાજને દીને ચોપાટીની ધર્મશાલામાંના આંધલાં પાંગલાંઓનું જમન કરવું એવી સરત કીધી હતી. એજ બાઈ તથા તેમના ભત્રિજા શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીએ ગઇ તા૦ ૧ લી ફેબરવારીએ મુંબઇ મધે પાંજરાંપોલ આગલનાં ઉન સાફ કરવાનાં એક કારખાંનાંમાં જે ભયંકાર કજાથી ૨૩ કામ કરનારાં મજુરોના નાહક જીવ ગયા હતા તેમનાં નાચાર કુટુંબોને વેહચી આપવા માટે રૂ૪૦૦)ની રકમ અતરેના પોલીસ કમીશનર સર ફરાંક સુટર ઉપર મોકલી હતી. ૭

૧ મુંબઈ સમાચાર, તા૦ ૧૭ મી એપરેલ ૧૮૮૩.

આ રૂ. ૧૭૨૭) નીચે મુજબ ભરાયા હતા—(રૂ. ૬૦૧) રૂસતમજી નાનાભાઈ કરંજીઆ (રૂ. ૫૦૧) ભીમજીભાઈ શેરાબજી કરંજીઆ, રૂ. ૩૭૫) દાદાભાઈ રાંનજીભાઈ કરંજીઆ (રૂ.૨૫૦) પેશતનજી નાનાભાઈ કરંજીઆ.

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી એપરેલ ૧૮૮૩.

૩ એ બાબે તરસ્ટી સાહેબોએ તા૦ ૩૦ મી એપ્રેલ ૧૮૮૩ ને દીને શેઠ જાંગીરજી ઉપર એક પત્ર લખી તેમનો ઉપકાર માનયો હતો.

૪ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૯ મી એપરેલ ૧૮૮૩.

૫ ટાઈમ્સ ઓફ ઈંડીઆ, તા૦ ૨૧ મી એપરેલ ૧૮૮૩.

૬ ટાઈમ્સ ઓફ ઈંડીઆ, તા૦ ૨૪ મી એપરેલ. ૧૮૮૩.

૭ એજ મુજબ બાઇ મોટલાંબાઇ તે મરહુમ શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆનાં બેટી તથા મરહુમ શેઠ માણેકજી નવરોજજી વાડીઆનાં વીધવાએ પણ એ કારણસર વેંહચી આપવા માટે રૂ૫૦૦૦) ની રકમ પોલીસ કમીશનર ઉપર મોકલી.

રાસ્ત ગોફતાર, તા૦ ૨૯ મી એપરેલ ૧૮૮૩.

જામે જમશેદ, તા૦ ૮ મી મેએ ૧૮૮૩

તા૦ ૨૬ મી એપરેલ.

મુંબઈની પારસી ચીફ મેટરીમોનીઅલ કોરટના એક ડેલીગેટ દસ્તુર શેરાબજી રૂસતમજી મુલ્લાં ફીરોજનાએ પોતાનો ઓધ્ધો છોડવાથી તેમની જગોએ શેઠ ફરાંમજી દીનશાહજી પીટીટ તથા મરહુમ શેઠ હીરજીભાઇ મેહરવાંનજી વાડીઆની જગોએ શેઠ ખરશેદજી માણેકજી શેઠનાને નેમ્યા.

ઉપલીજ કોરટના વડા કલાર્ક શેઠ જાંગીરજી માણેકજી ખરશેદજી સરાફને અતરેના કસટમના આસીસ્ટંટ કલેકટર શેઠ જાંગીરજી ડોસાભાઇ કરાકા રજાપર ઈંગલાંડ જવાથી તેમની જગોએ કામચલાઉ નેમ્યા. ૧

મુંબઇની સમાલકાઝ કોરટના ચોથા જડજ શેઠ હોરમજજી દાદાભાઇને એજ કોરટના કામ ચલાઉ ત્રિજા જડજ નેમ્યા. ૨

તા૦ ૨૮ મી એપરેલ.

ફોજદારી કાયદામાં સુધારો કરવાને લગતું નામદાર વાઈસરાયની ધારા સભામાં હાનરેબલ સી. પી. ઈલબરટે રજુ કરેલું બીલ કે જેમાં માહેલાં ગામોમાં યુરોપયન તકસીરવારોની તપાસ દેશી માજીસ્ત્રેટોને કરવાની છુટ આપેલી હોવાથી હિંદુસ્થાંનના ઇંગ્રેજોએ મોટો વાંધો લીધો હતો, તે બીલની તરફેણમાં નામદાર વાઇસરાય તથા આમની સભા ઉપર અરજીઓ મોકલવાનો ઠેડાવ કરવાને અતરેના દેશી રેહવાસીઓની એક જાહેર સભા બોલાવવાને ગઇ તા૦ ૨૪ મી એપરેલે મુંબઇના શેરીફ શેઠ રઘુનાથ નારાયણ ખોટે, સી. આઈ. ઇ. જોગ ૨૭ હિંદુ, ૩ મુસલમાંન, અને ૩૬ પારસી ગ્રહસ્થો (હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, શેઠો બેહરાંમજી જીજીભાઇ, સી. એસ. આઈ; દીનશાહજી માણેકજી પીટીટ, ફરાંમજી નશરવાંનજી પટેલ, ખુરશેદજી નોશરવાંનજી કામાજી, જમશેદજી ખરશેદજી જમશેદજી, નશરવાંજી માણેકજી પીટીટ, શેરાબજી ફરામજી પટેલ, જમશેદજી નશરવાંનજી પીટીટ, નવરોજી ફરદુનજી, પીરોજશાહ મેહરવાંનજી મેહતા, કેખશરૂ નવરોજજી કાબરાજી, બેહરાંમજી નશરવાંનજી સીરવાઇ, ડાકટર કાવશજી હોરમજજી, જમશેદજી નશરવાંનજી ટાટા, માણેકશાહ જાંગીરશાહ તાલેયારખાં, ફરાંમજી દીનશાજી પીટીટ, દાદાભાઇ નવરોજજી પ્રોફેસર, ખરશેદજી રૂસતમજી કામાજી, મનચેરજી નવરોજજી બનાજી, નાનાભાઇ બેહરાંમજી જીજીભાઇ, પીરોજશાહ મેરવાંનજી જીજીભાઇ, ધનજીભાઈ મેહરવાંનજી જીજીભાઇ, દારાશાહ દોરાબજી રીપોટર, મનચેરજી ફરાંમજી કામાજી, નાનાભાઈ રતનજી ચીંજગર, નાનાભાઇ રૂસતમજી રાંણીના, હીરજીભાઇ અરદેસર દાદીશેઠ, શેરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઈ; બમનજી મનચેરજી પંથકી, માણેકજી બરજોરજી મનોચેહરહોમજીના, ખરશેદજી ફરદુનજી પારખ, કાવશજી મેહરવાંનજી સરાફ, અરદેસર બેરાંમજી પટેલ, પેશતનજી એદલજી મેહતા, અરદેસર ફરાંમજી મુસ) ની શહીનું એક રીકવીજીશન મોકલવામાં આવ્યું હતું, તેની રૂહે એક જાહેર સભા આજ દીને અતરેના ટાઉનહાલમાં બોલાવવામાં આવી હતી, જે મધે આસરે ૪૦૦૦) માણસ ભેગું થયું હતું. શેઠ નશરવાંનજી માણેકજી પીટીટની દરખાસ્ત ઉપરથી સરનશીનની ખુરસી હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટને આપવા બાદ ઉપલાં બીલની તરફેણમાં નામદાર વાઇસરાય તથા આમની સભાપર અરજીઓ મોકલવાના ઠેડાવો થયા હતા. આ સભામાં પારસીઓમાં શેઠો પીરોજશાહ મેહરવાંનજી મેહતા, નાનાભાઈ બેહરાંમજી જીજીભાઇ અને દાદાભાઈ નવરોજજી પ્રોફેસરે ભાગ લીધો હતો. ૩

તા૦ ૩૦ મી એપરેલ.

મુંબઇના કોટ મધે મેડો સ્ત્રીટમાં આજ રાત્રે એક મોટી આગ લાગી હતી, જેથી તે તરફ આવેલાં શેઠો કાવશજી બહમનજી પાલખીવાલા અને ભાઇઓ, તથા બરજોરજી અને રૂસતમજી શેરાબજી બતીવાલાનાં ઘર બલી ગયાં હતાં, અને બીજાઓને ઘણીક નુકસાંની થઇ હતી. ૪

તા૦ ૨ જી મેએ.

"સેંટ જોન એમબયુલંસ આસોશીએશન" નામે લડાંઈમાં ઘાએલ થયલા તથા કોઇબી જાતના અકસમાતથી ઇજા પામેલા શખસોની માવજત કરનારી મંડલીની એક શાખા મુંબઈમાં સ્થાપવાનો ઠેડાવ કરવાને આજ દીને અતરેના આગેવાંન ઈંગ્રેજ તથા દેશીઓની એક સભા ફરાંમજી કાવશજી ઇનસ્ટીટીઉટમાં મલી હતી. ડાકટર જી. ડબલ્યુ. બાલફોરે એ મંડલીની નેમ વીષે અખતરાઓ સાથે એક ભાષણ કર્યા બાદ હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટની દરખાસ્ત ઉપરથી એ મંડલીની એક શાખા આએ દેશમાં સ્થાપવા માટે કેવા ઉપાયો લેવા તે વિષેનો વિચાર કરવાને નામદાર ગવરનર સર જેમસ ફરગુસન તથા ૧૨) ઇંગ્રેજ, ૪) હીંદુ, ૨) મુસલમાંન, અને ૩) પારસી (હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠ

---

૧ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૬ મી એપરેલ ૧૮૮૩.

શેઠ જાંગીરજીની જગોપર પારસી ચીફ મેટરીમોનીઅલ કોરટના કલારક તરીકે શેઠ કેખશરૂ ફરાંમજી મોદી, બી. એ. ને નેમ્યા હતા.

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૬ મી એપરેલ ૧૮૮૩.

૩ બોમ્બે ગેઝેટ, તા૦ ૩૦ મી એપરેલ ૧૮૮૩.

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૨ જી મેએ ૧૮૮૩.

સોરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઇ; અને શેઠ ડોસાભાઈ ફરામજી કરાકા સી. એસ. આઇ.) સહસ્યોની એક કમીટી નેમી સભા બરખાસ્ત થાઇ હતી.

તા० ૩ જી મેએ.

શેઠ અરદેસર બરજોરજી માસતરે "નેશનલ ઈંડીઅન આસોશીએશન"ની મુંબઈની શાખાના સંબંધમાં "વીજલીક રોશની" વિષે ઇંગ્રેજીમાં એક ભાષણ કીધું હતું. ૧

તા० ૩ જી મેએ.

શેઠ ધનજીશાહ હોરમજજી કરાકાને કાઠીઆવાડના પોલીટીકલ એજંટના આકટીંગ ફરસ્ટ ડેપ્યુટી આસીસ્ટંટ ઠેડવ્યા હતા.

શેઠ દોરાબજી એદલજી ગીમી, બી. એ. ને રાજકોટ સ્કુલના હેડમાસટર તરીકે મુકરર કીધા.

શેઠ રૂસતમજી હોરમજજી માડન, એલ. સી. ઈ.ને ત્રીજી ગ્રેડના સબ-આસીસ્ટંટ કનઝરવેટર ઓફ ફારેસ્ટસ નેમ્યા. ૨

તા० ૫ મી મેએ.

શેઠ દીનશાહજી માણેકજી પીટીટે મુલાંફીરોજ કેતાબખાનાંનાં ફંડમાં રૂ. ૧૦૦૦)ની નોટ અનામત આપી તેનાં વ્યાજમાંથી દર સાલ નવી કેતાબો ખરીદવાનો બંદોબસ્ત કીધો હતો.

તા० ૧૦ મી મેએ.

ખેડા જીલ્લાનાં બોરસડ ગામના મામલતદાર ખાંન સાહેબ ધનજીશાહ એદલજીને ખેડા જીલ્લાના પેહલા વર્ગના માજીસ્ટ્રેટ નેમ્યા.

ખાંનબાહદુર મનચેરજી કાવશજી મરજબાંનને પોતાના ઓધ્ધા ઉપરાંત સરકારના કામચલાઉ "આરકીટેકચરલ એકઝીકયુટીવ એનજીનીઅર અને સરવેઅર" દાખલ નેમ્યા.

ખાંનબાહદુર દાદાભાઇ દીનશાહ કરાકાને પંચમાહલના ડીસ્ત્રીકટ ડેપ્યુટી કલેકટર અને ખાંનબાહદુર અરદેસર જમશેદજી દસતુર કામદીનજીનાને ખેડાના હજુર ડેપ્યુટી કલેકટર નેમ્યા. ૩

---

૧ જામે જમશેદ, તા० ૪ થી મેએ ૧૮૮૩.

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા० ૩ જી મેએ ૧૮૮૩.

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા० ૧૦ મી મેએ ૧૮૮૩.

તા० ૧૧ મી મેએ.

અતરેની ચંદનવાડી હાઈ સ્કુલના એક માલેક શેઠ બરજોરજી ખરશેદજી સંજાણાને ઈંગલાંડની "રાયલ કાલેજ ઓફ પ્રીસેપટરસ"ના એક મેમબર તરીકે ચુંટી કાઢયા.

શેઠ મનચેરજી મેહરવાંનજી ભાવનગરીને ઈંગલાંડ મધે "લંડન યુનીવરસીટી કાલેજ" માં ગુજરાતી ભાષાના લેકચરર નેમ્યા. ૪

તા० ૧૪ મી મેએ.

મુંબઈનાં મ્યુનીસીપલ કારપોરેશનના એક અધીકારી શેઠ જાંગીરજી ડોસાભાઈ કરાકા ઈંગલાંડ જવાથી તેમની જગોએ શેઠ ખરશેદજી નશરવાંનજી સીરવાઇને કર ભરનારાઓ તરફના એક અધીકારી તરીકે ચુંટી કાઢયા. ૫

તા० ૧૫ મી મેએ.

શેઠ શોરાબજી નશરવાંનજી તલાટીએ ઉદવાડનાં આતશબેહરાંમમાં જાયુક દરરોજ ઓજીરન ઘેહમાં એકકી સુખડની માચી ચઢાવવાનાં કારણુસર રૂ. ૨૫૦૦૦)ની રકમ એલાહેદી કાઢી તેનું તરસ્ટ કરવા માટે આજ દીને આતશબેહરાંમમાં એક જશન કરી તે બાબેનો અંજુમન પત્ર વંચાગ્યો હતો.

તા० ૧૭ મી મેએ.

એ० ફીરોજજી હોશંગજી દસતુર જામાસ્પ આશાના, એમ. એ. ને અમદાવાદના કામચલાઉ ડીસ્ત્રીકટ ડેપ્યુટી કલેકટર નેમ્યા. ૬

તા० ૧૮ મી મેએ.

બાઇ પુતલીબાઇ ધનજીબાઇ હોરમજજી વાડીઆએ "ચેમબરસ શોરટ સ્ટોરીસ" નામનાં પુસ્તકના બીજા અરધા ભાગનો તરજુમો કરી અમદાવાદવાલા રાવ સાહેબ મહીપતરાંમ રૂપરામ તરફથી રૂ.૬૦)નું ઇનામ મેલવ્યું હતું. તે પુસ્તક "સૃંગાર સ્મારક ઇનામનું પુસ્તક—ટુંકી કહાણીઓ" એવાં નામથી ઇનામ આપનારે પ્રગટ કીધું હતું. ૭

---

૪ બોમ્બે ગેઝેટ, તા० ૧૧ મી મેએ ૧૮૮૩.

૫ બોમબે ગેઝેટ, તા० ૧૫ મી મેએ ૧૮૮૩.

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા० ૧૭ મી મેએ ૧૮૮૩.

એવણુ પાછા પંચમાહલમાં પોતાના ઓધ્ધાપર તા० ૧૯ મી ડીસેમબર ૧૮૮૩ ને દીને ગયા હતા.

૭ "સૃંગાર સ્મારક ઈનામનું પુસ્તક-ટુંકી કાહાણીઓ. ભાગ ૨ જો. ઇંગ્રેજીમાંથી ભાષાંતર કરનાર, પુતલીબાઈ ધનજીભાઈ હોરમસજી વાડીઆ. ઈનામ આપનારે એ પુસ્તકને છાપી પ્રગટ કરયું છે. ઈ. સ. ૧૮૮૩."

તા૦ ૧૮ મી મેએ.

શેઠ બાપુજી હોરમજજી મોદીને "ફ્રેનોગ્રાફી"માં માહીતગારી ધરાવવા માટે એ વિદ્યાના ઉસ્તાદ મી૦ એચ. પીટમાને સરટીફીકેટ આપી હતી. ૧

તા૦ ૨૦ મી મેએ.

રોજ ૪, માહ ૯ (શે૦) ૧૨૫૨ ય૦

મરણ—નશરવાનજી કાવશજી ગાંધી—ઉમર વરસ ૧૦૦) એવણુ આવડી મોટી ઉમરે બદનેરામાં મરણ પામ્યા હતા.

તા૦ ૨૪ મી મેએ.

નામદાર માહરાણીની સાલગરેહની ખુશાલીમાં આજ રોજે અપાયલા ખેતાબોમાં પારસીઓમાં મુંબઈવાલા શેઠ જમશેદજી ફરામજી પાલખીવાલા તથા અહમદનગરવાલા શેઠ ફરામજી અરદેસર કેકોબાદનાને "ખાંનબાહદુર" ના ખેતાબો મલ્યા હતા. ૨

સરજયન ધનજીશાહ નવરોજજી પારખ, એલ. આર. સી. પી. ને સર જમશેદજી હાસ્પીટલના સુવાવડના કામ ચલાઉ ડાકટર તરીકે નેમ્યા. સર જમશેદજી હાસ્પીટલના તબીબ તરીકે પારસીઓમાં આ ઓધ્ધો પેહલવેહલો એવણને મલ્યો હતો.

ભરૂચના આસીસ્ટંટ કલેકટર શેઠ ખરશેદજી રતનજી દુબાશને કેટલીક વધારે સત્તા સાથે ભરૂચ જીલ્લાના ત્રિજા વર્ગના માજીસ્ત્રેટ નેમ્યા. ૩

તા૦ ૨૫ મી મેએ.

કરાંચી મધે ત્યાંની દરેમેહરની શાલગરેહનાં જશનની મીજલસમાં શેઠ એદલજી દીનશાહ સરાફે પોતે સ્થાપેલાં શગડી તથા નશાશાલારોનાં બે જુદાં જુદાં ફંડોને મેલવી નાખી તેમાં પોતાની તરફથી બીજા રૂ.૪૫૦૧) ઉમેરવાની તંદરોસ્તી પઢાવી હતી. જેથી એ ફંડ રૂ. ૨૨૦૦૧)નું થયું હતું. શેઠ પેશતનજી બેહરામજી કોટવાલે ઉઠી શેઠ એદલજીનો અંજુમન તરફથી આભાર માન્યો હતો. ૪

તા૦ ૨૯ મી મેએ.

રોજ ૧૩, માહ ૯ (શે૦) ૧૨૫૨ ય૦

મરહુમ શેઠ બહમનજી એદલજી આલબલેસની પુંજીમાંથી સુરતની પાસેનાં બગવાડાંડી ગામમાં ચુનાનું એક નશાખાંનું બંધાવી આજ દીને ઈજાવ્યું હતું. ૫

તા૦ ૩૧ મી મેએ.

પુનાંની સાએનસ કાલેજના ખેતીવાડીના વરગની સેવટની પરીક્ષામાં નીચલા ત્રણ પારસીઓ પસાર થયા હતા. ૬

શેઠો કાવશજી ધનજીભાઇ માહલક્ષમીવાલા, પેશતનજી ધનજીભાઇ માહલક્ષમીવાલા, નવરોજજી કાવશજી કંત્રાકટર.

તા૦ ૧ લી જુન.

ડાકટર તેહમુલજી ભીખાજી નરીમાંને અતરેની "મેડીકલ એન્ડ ફીઝીકલ સોસાઈટી"ની માસીક સભામાં ગર્ભસ્થાંનને લગતી એક બાબદ ઉપર નીબંધ વાંચ્યો. ૭

તા૦ ૨ જી જુન.

કુવેટા ખાતે આજ દીને ખાંનબાહદુર બેજનજી શોરાબજીની આગેવાંનીથી એક દરેમેહર બંધાઇ પરઠાઇ હતી. જશનની ક્રિઆ ત્રણ મોબેદોએ કીધી હતી. ૮

તા૦ ૫ મી જુન.

રોજ ૨૦, માહ ૯ (શે૦) ૧૨૫૨ ય૦

મરણ—પેશતનજી અસલાજી ડુંગાજી—ઉમર વરસ ૭૩) એવણ ભરૂચના એક જાણીતા વતની તથા મોહવડાંના વ્યાપારી હતા. ઈ. સ. ૧૮૭૬–૭૭ ના દુકાલની વખતે એવણે તે તરફ લોકોને ઘણી મદદ કીધી હતી. ૯

---

૧ જામે જમશેદ, તા૦ ૧૮ મી મેએ ૧૮૮૩.

૨ ટાઈમ્સ આફ ઇંડીઆ, તા૦ ૨૫ મી મેએ ૧૮૮૩.

૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૪ મી મેએ ૧૮૮૩.

૪ ટાઈમ્સ ઓફ ઇંડીઆ, તા૦ ૪ થી જુન ૧૮૮૩.

૫ એ નશાખાંનાંમાં નીચે મુજબ તખતી મારેલી છે:— "શ્રી પાખ દાદાર હોરમજદની મદદ હોજો આએ મકાંન બેહેશતનશીન મરહુમ બમનજી એદલજી આલબલેશની નઈએતે એઓની યાદગારીને કાજે એઓની પુંજી મધેથી સરવે જરૂથોશતીઓને વાપડવાને શારૂં એનાંઓનાં ભાઈઓએ બંધાવીઉં છે. રોજ ૧૩ માહ ૯ મો શેનશાહી માહ ૧૦ મો કદમી શને ૧૨૫૨ ઈઅજદેજરદી તા૦ ૨૯ મી મેહ શને ૧૮૮૩ ઇંગ્રેજી શવંત ૧૯૩૯ નાં વઈશાખ વદ ૮ ને વાર ભોંમ."

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૩૧ મી મેએ ૧૮૮૩.

૭ બોમ્બે ગેઝેટ, તા૦ ૩ જી જુન ૧૮૮૩.

૮ મુંબઈ સમાચાર, તા૦ ૪ થી જુન ૧૮૮૩.

એ દરેમેહર પરઠાયાની એક દીવસ આગમજ સર રાબરટ શેંડમેન પોતાતી બાનું તથા રેસાલા તેમજ બીજા કેટલાક લશ્કરી અમલદારોની સાથે, ઈમારત જોવાને આવ્યા હતા.

૯ મરહુમ શેઠો બહમનશાહ, હૈયાત શેઠો જમશેદજી તથા મંચેરજી—તથા મરહુમ શેઠો ધનજીશાહ, નવરોજજી અરદેશર ખરશેદજી તથા નશરવાનજી તથા હૈયાત શેઠ દીનશાહજી પેસતનજી ડુંગાજીના બાવા અને શેઠ ખરશેદજી મંચેરજી મોવડાંવાલા વકીલના બપાવા.

એવણના નાંમથી ભરૂચ મધે બાહરકોટ કાંઠા આગલની હીશાવરાનાની જુની દરેમેહર તા૦ ૨૨ મી એપ્રીલ ૧૯૦૩ ને દીને એમનાં પુત્રોએ નવેસરથી બંધાવી પરઠાવી હતી.

તા૦ ૭ મી જુન.

આજ દીને મરહુમ બાઇ પીરોજબાઇ તે શેઠ અરદેસર નશરવાંનજી મોદીનાં ધણીઆંની તથા મરહુમ શેઠ હોરમજજી શાપુરજી પાટકનાં બેટીનાં ઉઠમણાંમાં રૂ. ૧૬૬૨) ધર્મખાતાંઓમાં આપ્યા હતા. ૧

એજ દીને ભરૂચ મધે મરહુમ શેઠ પેશતનજી અસલાજી ડુંગાજીનાં ઉઠમણાંમાં રૂ. ૧૨૫૦)ની રકમ ધર્મખાતાંઓમાં આપી હતી. ૨

સરજીયન ધનજીશાહ નવરોજજી પારખ, એલ. આર. સી. પી. ને ગ્રાંટ મેડીકલ કાલેજમાં "મીડ વાઇફરી" (સુવાવડ)ના આકટીંગ પ્રોફેસર નેમ્યા. ગ્રાંટ મેડીકલ કાલેજમાં પ્રોફેસર તરીકે પારસીઓમાં આ ઓહ્દો પેહલવેહલો એવણુને મલ્યો હતો. ૩

તા૦ ૮ મી જુન.

ઇરાંની અખાતની પોસ્ટ આફીસોનાં આકટીંગ સુપરીટેંડંટ શેઠ રૂસતમજી દીનશાહ મુલ્લાં ફીરોજનાએ છેલી આફગાંન લડાઇ વખતે કંદહારના પોસ્ટ માસતર તરીકે બ્રીટિષ સરકારની જે કીમતી નોકરીઓ બજાવી હતી તેના બદલામાં હિંદુસ્થાંનની સરકારે તેવણુને એક ચાંદ (વોર મેડલ) ભેટ આપ્યો. ૪

એજ મુજબ ખાંન સાહેબ દીનશાહ ડોસાભાઈ ખંબાતા જેઓ આફગાંન લડાઇ વખતે કોમીસરીએટના વડા મદદનીસ તરીકે દાદર, સીબી, બોલાન પાસ, કુવેટા, કંદહાર, ગઝની તથા કાબુલ તેમજ જનરલ સ્ટુઅરટનાં કાલમ સાથે ખાઇબર પાસ મારગે પેશાવર સુધી જઇ ઘણી કીમતી નોકરીઓ બજાવી હતી; તથા અહમદખેલની મોટી લડાઈ વખતે દુશમનના ગોળીના મારામાં હાજર હતા, તેમને હિંદુસ્થાંનની સરકારે એક ચાંદ તથા અહમદખેલનો "કલાસ્પ" જે સીવીલીઅનોને કદાચજ મલેછે તે ભેટ આપ્યો. ૫

તા૦ ૧૦ મી જુન.

ડાકટર કેખશરૂ રૂસતમજી વીકાજી, એમ. ડી. એ મુંબઈ શેહરમાં બંધાતી નવી ગટર વિષેના ખોલાસાની એક ચોપડી છપાવી પ્રસિદ્ધ કીધી હતી. ૬

તા૦ ૧૩ મી જુન.

ઈંગલાંડ મધે સીવીલ સરવીસની પરીક્ષામાં ગયે સાલ પસાર થયલા પારસી જવાંન શેઠ મનચેરજી પેશતનજી ખરેગાતે તે તરફની અરધાં સાલની બીજી પરીક્ષામાં સર્વેથી પેહલી પદવી, તથા સંસ્કૃત અને મરાઠીમાં સર્વેથી વધુ મારક મેલવવા માટે દશ દશ પાંઉડનાં બે ઈનામો મેલવ્યાં હતાં. ૭

તા૦ ૧૪ મી જુન.

શેઠ કાવશજી ખરશેદજી જમશેદજીને "સાલટ રેવીન્યુ" ના ચોથા વર્ગના આસીસ્ટંટ કલેકટર ઉપરથી વધારી ત્રિજા વર્ગના આસીસ્ટંટ કલેકટરને નેમ્યા. ૮

તા૦ ૨૧ મી જુન.

અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજનો પેહલો પ્રીનસીપાલ તથા સર જમશેદજી હાસ્પીટલનો પેહલો તબીબ ડાકટર ચારલસ મોરહેડ કે જેણે આ દેશમાં વૈદાંનો અભીઆસ દેશી વિધ્યાર્થીઓમાં શરૂ કરવા તથા આગલ વધારવામાં ઘણી દીલસોજી બતાવી હતી, અને જે ગઇ તા૦ ૨૪ મી આગસ્ટ ૧૮૮૨ ને દીને ઈંગલાંડમાં મરણ પામયો હતો તેની અતરે યાદગારી રાખવા માટે તેના શિષ્યો, દોસ્તો, તથા મુંબઇનાં આગેવાંન ગ્રહસ્થો વચ્ચે એક ફંડ ઉભું થયું હતું; જે મધે ભરાયલા રૂ. ૫૦૩૦) મધેથી રૂ. ૫૦૦૦)ની રકમ અતરેની યુનીવરસીટીને મરનારનાં નામની "કલીનીકલ મેડીસીન"માં જે વિધ્યાર્થી ચહડતો આવે તેને એક સ્કાલરશીપ આપવાને સપુરદ કરવાનો આજ દીને એ કારણુ સર નેમાયલી કમીટીએ ઠેરાવ કર્યો હતો. ૯

ડાકટર મોરહેડની યાદગારીનાં આ ફંડમાં પારસીઓએ રૂ. ૧૭૧૫)ની રકમ નીચે મુજબ ભરી હતી:—(રૂ.૨૦૦) સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠ દીનશાહજી માણેકજી પીટીટ, (રૂ. ૧૦૦) ડાકટર ડોસાભાઈ બેજનજી, બાઈ પીરોજબાઇ તે મરહુમ સર જમશેદજી પેહલા બારોનેટનાં બેટી, શેઠો નશરવાંનજી માણેકજી પીટીટ, નશરવાંનજી જાંગીરજી વાડીઆ. (રૂ. ૫૦) ડાકટરો ખરશેદજી ફરામજી બોરી, દાદાભાઈ જામાસપજી કાપડીઆ, હોરમજજી બેજનજી દાંતરા, બેહરાંમજી નવરોજજી, બેહરામજી નશરવાંનજી, કાવશજી હોરમજજી, બરજોરજી ફરાંમજી બાલી, તેહમુલજી ભીખાજી નરીમાંન, અરદેસર જમશેદજી બાજીવાલા, મનચેરજી બેહરાંમજી કોહલા, પેશતનજી બમનજી ધનજી મેહતાના, શેઠ રૂસતમજી પેશતનજી બીલીમોરીઆ. રૂ. ૩૧૫) રૂ. ૨૫) ની અંદરની રકમ.

૧ અખબારે સોદાગર, તા૦ ૮ મી જુન ૧૮૮૩.
૨ જામે જમશેદ, તા૦ ૩ જી જુલાઈ ૧૮૮૩.
૩ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૭ મી જુન ૧૮૮૩.
૪ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૭ મી જુન ૧૮૮૩.
૫ રાસ્ત ગોફતાર, તા૦ ૭ મી જુન ૧૮૮૩.
૬ મુંબઈ શેહેરમાં બંધાતી નવી ગટર વીશે ખુલાશો બનાવનાર, કેખશરો રૂસતમજી વીકાજી તથા શેહેરોમાં ગટરોની અગત અને ફાએદા એ વીશે ડાકટર બલાંનાં ભાષાણનો તરજુમો મુંબઈ; દીપક પ્રેસમાં છાપ્યું છે. ૧૮૮૩."

૭ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૩ મી જુન ૧૮૮૩.
૮ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૪ મી જુન ૧૮૮૩.
૯ ટાઇમસ આફ ઇંડીઆ, તા૦ ૨૧ મી જુન ૧૮૮૩.

तां० २२ मी जुन.

अतरेनी गोकलदास तेजपाल हारपीटलनो वडो डाकटर सरजन मेजर टी. कोडी गइ परम दीने "कुवीनस रोड" परनां रेलवे क्रोर्सींग आगल तेना घोडाओ चोंकयाथी घणी धासती भरेली हालतमां पडी गयो हतो. तेने पडोसमां आवेला शेठ मनचेरजी बहमनजी पंथकीना बंगलामां तेमना कुटुंबीओए उंचकी लइ जईने आखा दीवस सुधी पोतानां मकानमां राखी घणी सारवार कीधी हती, तोपण अजल आव्याथी तेनुं मरण गइ काले सांजनां शेठ मनचेरजीना बंगलामांज नीपज्युं हतुं. आ उपरथी आज दीने मलेली म्युनीसीपाल कारपोरेशननी सभा, के जेनो ए मरहुम डाकटर एक सभासद हतो ते तेनां मान खातिर मुलतवी राखवामां आवी हती, जे वेलाए डाकटर बलांए एक भाषाण करी शेठ मनचेरजी तथा तेमनां कुटुंबनो ए रीते अकसमात थयला एक पारका ग्रहस्थने पोतानां मकांनमां सेवटनी घडी सुधी राखी सारवार करवा माटे घणी स्तुती करी उपकार मान्यो हतो. १

तां० २३ मी जुन.

• रोज ८, माह १० (शे०) १२५२ य०

मरण—नशरवांनजी बहमनजी शाहेर, सुरतना. उमर वर्ष ६५. एवंणनुं सुरतमां पोंहचखातुं अने मीठाइनी एकरी हती. सुरतमां जील्लाना गामेनां दारूनां पीठांनी हराजी वेळा आवता पारसी मुसाफरोनी एवण खातरदारी करता हता. २

तां० २८ मी जुन.

खेडाना हजुर डेप्युटी कलेकटर खांनबाहदुर अरदेसर जमशेदजी दस्तुर कामदीनजीनाती राजद्वारी खातांमां बदली थवाथी तेमनी जगोपर खांनबाहदुर दादाभाइ दीनशाह कराकाने नेम्या. ३

हेदराबादवाला शेठ जांगीरजी सोराबजी तारापोर-वालाए एस. बी. जाहगीरने नामे "हिंदुस्थांनतुं आवतुं भविष" एवे नामतुं एक इंग्रेजी चोपांनीयुं प्रगट कीधुं. ४

तां० २ जी जुलाई.

सुरत मधे आज रातथी एक मोटी रेल आववा माडी, जेथी आखुं शेहर थोडा कलाकमां पाणीथी भराइ गयुं हतुं. तापी नदीमां एक दरीआनी मीसाले पाणी दोडी नदीनी सपाटीथी ४६ फीट उंचुं चढवा माड्युं, अने दरेक लटाओ पर पाणी फरी वलवाथी एकमेक साथनो वेहवार बंध पड्यो. कतारगाम, वरीआइ भागल अने तेनी आसपासनो जीलो, गोपीपरं, कोट सफील, अने तेनी नीचेनो ढेडवाडं, आखी नवसारी भागल, ढेड तलावडीनो मुसलमांनवाड तथा माछीवाड वगेरे मोटा जीलाओनां तमाम लोको पोतानां मकांनोना मालया उपर भुखां पयासां बेसीरही बुम पाडतां, तथा केटलाको झाडो उपर टींगाइ रहया हता. रांदेर, अराजन, भाठां, वगेरे सुरतनी आजु बाजुनां गामोमां पण पाणी फरी वलयां हतां. तां० ४ थी जुलाइनी रातथी पाणी थोडुं थोडुं ओसरवा

---

१ टाईमस आफ इंडीआ, तां० २३ मी जुन १८८३.

ए विषे डाकटर बलांना सखुनो नीचे मुजब छे:—

"I will mention with your permission a circumstance connected with the accident to my dear friend, which I think deserves to be noticed. That circumstance is the great kindness shown to him by a Parsee family into whose house he was taken at the time of the accident. I think that the way in which Mr. Muncherjee Bomanjee Punthakey and his family treated our friend is such that no words of mine can express really the feeling of gratitude that I and all my colleagues feel towards that liberal and kind-hearted Parsee family. (hear, hear.) When the news of this sad occurrence reaches Dr. Cody's people, to their great sorrow, they may hear also at the same time that if he did not die in his own house, he died in that of a person who until then was an entire stranger to him, but who treated him and his friends in such a way that in no home of his own would he have been so well treated, so well received, and so well cared for. (Hear, hear.) I may say in my name and in the name of my colleagues and of the friends of Dr. Cody who went there morning and evening to inquire that every one of us feel a debt of deep gratitude and one which will never be forgotten by us as ong as we live, whether we remain in or leave his country."

२ मरहुम शेठो जाहगीर, माणेकशाह तथा हयात शेठ शेठ नशरवानजी साहेरना बावा.

३ बोम्बे गवरमेंट गेझेट, तां० २८ मी जुन १८८३.

४ The Coming Future. By, S. B. Jehangier. Bombay: Printed and sold at the Education Society's Press 1883."

આડયું હતું. આ રેલથી સુરત તથા આજુ બાજુનાં ગામોના પુષ્કળ લોકોનાં ઘરબાર તથા માલગતા તણાઈ ગયા, અને લોકો નાચારીમાં આવી પડયા. રેલ વખતે સુરતનાં હજુર ડેપ્યુટી કલેકટર ખાંનબાહદુર આદરજી જીવણજી તથા સીટી પોલીસ ઇનસ્પેકટર ખાંનસાહેબ નાનાભાઇ કાવશજીએ ઘણીક મેહનત લીધી હતી; તેમજ શેઠ દાદાબાઇ દોરાબજી પાંડીઆ નામના એક અથંગ તરનારે ઘણો વખત સુધી પાણીમાં રહી ૧૦૬) માણુસોના જાંન બચાવ્યા હતા. એજ મુજબ રૂસ્તમપરાની રેહનાર બાઇ ડોશીબાઈ તે શેઠ હોરમજજી રૂસતમજી ઢાલાની બેટી તથા શેઠ બેહરાંમજી નશરવાંનજી ઢાલાનાં ધણીઆંનીએ પોતાનાં ઘરનું છજીઉં ઉતારી તેનો તરાપો બનાવી તેની મારફતે આસરે ૩૦૦ માણુસોને ઉતારી પોતાનાં ઘરમાં આસરો આપ્યો હતો. ૧

તા૦ ૩ જી જુલાઈ.

રોજ ૧૮, માહ ૧૧ (કદમી) ૧૨૫૨ ય૦

મરણ—હોરમજજી સોરાબજી ચાંનદારૂ-ઉમર વર્ષ ૫૪) શેઠ શોરાબજી દોરાબજી ચાંનદારૂના વડા દીકરા. એવણ મુંબઇ ચાબુકના આગલા માલેક મરહુમ શેઠ નવરોજજી દોરાબજી ચાંનદારૂના બતરીજા થતા હતા. એવણ ઇ૦ સ૦ ૧૮૫૧ માં મી૦ ચેશને અતરે પેહલવેહલી ચોપડીઓ વેચવાની દુકાંન કાઢી ત્યારથી તેની નોકરીમાં રહેલા હતા, અને મેશરસ ચેશન તથા વુડહાલના અતરેથી જવા પછી છેલ્લાં ૧૭) વર્ષ થયાં તે દુકાંન પોતાને નામે મોટા પાયા ઉપર ચલાવતા હતા.

થાંણા જીલ્લામાં ગઇ તા૦ ૧૭ મી ડીજેમબરે સ્થાપેલી મોટી સભા તરફથી આબકારી કાયદાની વીરૂધ ૩૫૦૦૦) શહી સાથની એક અરજી લઇ ૭ હિંદુ તથા ૩ પારસી (શેઠો માણેકશાહ જાંગીરશાહ તાલેયારખાં, ફરાંમજી રૂસતમજી નારગોલવાલા, દારાબજી નાનાભાઈ સરોડેવાલા) ગ્રહસ્થોનું એક ડેપ્યુટેશન પુણે નામદાર ગવરનર પાસે ગયું હતું. ૨

તા૦ ૫ મી જુલાઇ.

એ૦ જીવણજી જમશેદજી મોદીએ "વાયુચક્ર શાસ્ત્ર" અથવા હવા વિષેની વિદ્યા બાબે એક પુસ્તક રચી પોતાના સ્વર્ગવાસી પીતા એ૦ જમશેદજી જીવણજી મોદીની યાદગારીમાં અર્પણ કીધું. ૩

૧ મુંબઈ સમાચાર, તા૦ ૯ મી જુલાઈ ૧૮૮૩.

૨ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૫ મી જુલાઈ ૧૮[illegible]

૩ "Meteorology. વાયુ ચક્રશાસ્ત્ર, અથવા હવા વિષેની વિધ્યા. બનાવનાર, એરવદ જીવનજી જમશેદજી મોદી. મુંબઈ; ફોરટ પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું ૧. ૧૮૮૩."

શેઠ ફરાંમજી દીનશાહજી પીટીટે ઇ૦ સ૦ ૧૮૮૧ માં યુરોપ તરફ કરેલી મુસાફરીની નોધનું એક પુસ્તક ખાંનગી વાકેફીને સારૂં છપાવી પ્રગટ કીધું. ૪

શેઠો અરદેસર ફરાંમજી મુસ અને નાનાભાઇ રૂસતમજી રાણીનાએ પોતાની ઇંગ્રેજી-ગુજરાતી ડીક્ષનરીનો સાતમો ભાગ બાહેર પાડયો.

દસ્તુર પેશોતનજી બેરાંમજી સંજાણાએ પોતાના દીનકર્દ કેતાબના તરજુમાનું ચોથું દફતર બાહેર પાડયું.

તા૦ ૭ મી જુલાઇ.

સુરતની છેલી મોટી રેલથી નાશ પામેલા લોકોને મદદ કરવાના ઉપાય લેવાને શેઠો દીનશાહજી માણેકજી પીટીટ, તાપીદાસ વરજદાસ, સોરાબજી શાપુરજી બંગાલી, સી. આઈ. ઇ; શોરાબજી ફરાંમજી પટેલ, પરેમચંદ રાએચંદ, અને વીજભુખણદાસ આતમારામે પોતાની ભેગી શહી સાથનાં નોતરાં કાઢી મુંબઇના આગેવાંન દેશી ગ્રહસ્થોની એક સભા આજ દીને શેઠ દીનશાહજી માણેકજી પીટીટનાં કોટ મધેનાં ઘરમાં બોલાવી હતી. સરનશીનની ખુરસી હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટને આપવા બાદ રેલથી દુખી થયલાંઓને આસરો આપવાને અતરે એક ફંડ ઉભું કરવા, તથા તેમાં ભરાયલાં નાણાં ઉપયોગમાં આણવાના ઉપાયો લેવાને ૨૨ હિંદુ, ૧૧ મુસલમાંન, અને ૧૧ પારસી ગ્રહસ્થો (હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો દીનશાહજી માણેકજી પીટીટ, બેહરાંમજી જીજીભાઇ, સી. એસ. આઈ; ફરાંમજી નશરવાનજી પટેલ, નશરવાંનજી માણેકજી પીટીટ, શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઈ; ડોશાભાઇ ફરાંમજી કરાકા, સી. એસ. આઈ; નવરોજજી માણેકજી વાડીઆ, હોરમારજી અરદેશર હોરમજજી વાડીઆ, શોરાબજી ફરામજી પટેલ. દાદાભાઈ નવરોજજી પ્રોફેસર)ની એક કમીટી તથા શેઠો નવરોજજી ફરદુનજી, દામોદરદાસ તાપીદાસ, શાંતારામ નારાયણ, અને વીજભુખણદાસ આતમારાંમને તેના સેક્રેટરીઓ નેમવાના ઠેડાવો કરી સભા બરખાસ્ત થઇ હતી. ૫

૪ "(ખાંનગી વકેફીને સારૂં) મુંબઈથી યૂરોપ તરફના પ્રવાસની નોંધ પત્રીકા. ઇંગ્લાંડ તા૦ ૧૨ મી મેએ થી તે તા૦ ૨૨ મી નવેમબર ૧૮૮૧ સુધી યૂરોપનાં જુદાં જુદાં દેશો તરફ કરેલી મુસાફરીની નોંધ. રચનાર, ફરાંમજી દીનસાજી પીટીટ. મુંબઈ; અંગ્રેજી તથા ગુજરાતી જોબ પ્રીંટીંગ પ્રેસ. સને ૧૮૮૩ ઈસવી."

૫ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૯ મી જુલાઈ ૧૮૮૩.

આ ઉઘરાવેલાં ફંડમાં બધા મલી ૩૯૪૦૦૧॥= ભરાયા હતા; જે મધે ૩૨૧૦૬) ઇંગ્રેજોના, ૩૨૮૦૬૮ા હિંદુઓના, ૩૬૩૦૧) મુસલમાંનોના, ૩૯૦૦) યાહુદીઓના, ૩૧૦૮૧૫)= જુદી જુદી આપીસો, બેંકો, લાડજો, તથા કાર-

તા૦ ૧૦ મી જુલાઇ.

અહમદનગરવાલા શેઠ ફરામજી અરદેસર કેકોબાદનાને "ખાંનબાહદુર"ના ખેતાબની સનદ આપવાની ક્રીઆ આજ દીને ત્યાંની હાઇ સ્કુલવાલા મકાંનમાં કરવામાં આવી હતી. ૧

ખાંનાંનાં માણુસોના, અને રૂ૪૫૮૧૧૧ નીચે મુજબ પારસીઓના હતાઃ—(રૂ૧૫૦૦૦) બાઇ મોટલાંબાઈ તે મરહુમ જાંગીરંજી નશરવાંનજી વાડીઆનાં બેટી અને મરહુમ માણેકજી નવરોજજી વાડીઆનાં વીધવા. (રૂ૩૦૦૦) દીનશાહજી માણેકજી પીટીટ, (રૂ૨૦૦૦) નશરવાંનજી માણેકજી પાટીટ, હોરમજજી અરદેસર હોરમજજી વાડીઆ. (રૂ૧૫૦૦) નશરવાંનજી રતનજી તાતા. (રૂ૧૦૦૦) મરહુમ એદલજી ફરામજી આલબલેશના છોકરાઓ, નવરોજજી માણેકજી વાડીઆ. (રૂ૫૦૦) હાનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, બાઇ શાકરબાઇ દીનશાહજી પીટીટ, મરહુમ કાવશજી દીનશાહજી પીટીટ, ફરામજી દીનશાહજી પીટીટ, બહમનજી દીનશાહજી પીટીટ, જમશેદજી નશરવાંનજી પીટીટ, કાવશજી બેજનજી આલબલેસ, મરહુમ હોરમજજી મનચેરજી કામાજીનાં ધરમખાતાંમાંથી, પીરોજબાઈ તે સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનેટનાં બેટી, જમશેદજી નશરવાંનજી તાતા, શોરાબજી ફરાંમજી પટેલ, પીરોજશાહ મેહરવાંનજી મેહતા, માણેકજી રૂસતમજી બનાજી પોતે તથા દોસ્તોની વતી. (રૂ૪૦૦) મરહુમ હોરમજજી એદલજી કામાજીનાં ધરમખાતાંમાંથી. (રૂ૩૦૦) શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઈ, મરહુમ નશરવાનજી બહમનજી મોદીના છોકરાઓ, નવરોજજી અરદેસર દાવર, બાનુંબાઇ તે સુરતવાળા મરહુમ બહમનજી કેખશરૂ મોદીનાં બેટી, હીરજીભાઇ હોરમજજી શેઠના, જાલભાઈ અરદેસર શેઠના, મનચેરજી બહમનજી પંથકી. (રૂ૨૫૦) મરહુમ કાવશજી અને પાલણજી ધનજીભાઇ પાંઉવાલાના છોકરાઓ (રૂ૨૨૫) ફરાંમજી હોરમજજી શેઠના. (રૂ૨૦૦) કેખશરૂ મનચેરજી હીરામાણેક, ફરાંમજી હોરમજજી કમીસરીવાલા, દાદાભાઈ શાપુરજી મોદી દમણવાલા, દાદાભાઇ બેજનજી કાતરક. (રૂ૧૫૦) એક જરતોશતી. (રૂ૧૨૫) દીનશાહ તથા ફરાંમજી બીખાજી ખાંન, મેહરવાંનજી એનડ બેહરાંમજી બધરસ. (રૂ૧૦૬) પીરોજશાહ કાવશજી ગાંધીભાઈ તથા તેમનાં ધણીઆંની મરહુમ દીનબાઈ અને છોકરાંઓ. (રૂ૧૦૦) મનચેરજી નવરોજજી બનાજી, બીખાજી નવરોજજી પાલણજી, બેહરાંમજી નશરવાંનજી સીરવાઈ, એક પારસી, ખરશેદજી અને એદલજી દુબાશ, જમશેદજી ખરશેદજી જમશેદજી, માણેકજી ફરદુનજી પટેલ, ફરદુનજી કાવશજી પટેલ, જમશેદજી અરદેસર હોરમજજી વાડીઆ, ધનબાઇજી તે મરહુમ જમશેદજી સંતોકજી દાવરનાં વીધવા, જાંગીરજી હોરમજજી મોદી, ડાકટર રૂસતમજી નશરવાંનજી ખોરી, પેશતનજી કાવશજી શેઠના, રૂસતમજી શોરાબજી ખરાસ, રૂસતમજી શોરાબજીની કું૦, મરહુમ નવરોજજી એદલજી ગજદર હા૦ શોરાબજી, શાપુરજી શોરાબજી નાલીએરવાલા, નવરોજજી ફરદુનજી, ગુલબાઈ તે નવરોજજી ફરદુનજીનાં ધણીઆંની, આવાંબાઈ તે જમશેદજી ખરશેદજી જમશેદજીનાં ધણીઆંની, જાંગીરજી રૂસતમજી મોદી, ફરાંમજી હોરમજજી મેહતા, મરહુમ દાદાભાઇ જાંગીરજી દાદીશેઠના છોકરાઓ, દાદાભાઈ નવરોજજી પાલણજી બાટલીવાલા, મરહુમ કાવશજી પેશતનજી બેનેટની પુંજીમાંથી, મરહુમ બહમનજી જીજીભાઇના છોકરાઓ, બરજોરજી રૂસતમજી મોદી, કાવશજી દીનશાહજી એડનવાલા, નવરોજજી જાંગીરજી ગામડીઆ, સરદાર ખાંનબાહદુર પદમજી પેશતનજી, ઉકરજી ફકીરજી પલીડર, કલકતાનાં જરથોશતીઓનાં ધરમનાં ફંડમાંથી, કાવશજી દીનશાજી એડનવાલા અને બાઇઓ. (રૂ૭૫) શોરાબજી હોરમજજી બાટલીવાલા, એક પારસી, પેશતનજી ડોશાભાઇ કાપડીઆ, બેહરાંમજી ખરશેદજી દારૂવાલા, પીરોજશાહ માણેકજી કાકા, કાવશજી જમશેદજી જશાંવાલા, મેહરવાનજી ખરશેદજી ઘડીઆલી (રૂ. ૬૦) જાંગીરજી મેહરવાંનજી પલીડર (રૂ. ૫૫) મરહુમ મનચેરજી ફરાંમજી શેઠના, (રૂ. ૫૧) દાદાભાઇ નશરવાંનજી, રતનબાઇ તે મરહુમ શેઠ હોરમજજી બહમનજી શેઠનાનાં વીધવા, બચુબાઇ નશરવાંનજી મોદી, શોરાબજી નશરવાંનજી તલાટી, જીવણજી નવરોજજી તવરીઆ, પેશતનજી દારાશાહ શેઠના, મેહરવાંનજી ઈરાંનીની કું૦ કલકતાથી. (રૂ. ૫૦) રતનજી બહમનજી દુબાશ, કુવરબાઈ તે રતનજી બહમનજી દુબાશનાં ધણીઆંની, દાદી માણેકજી લીમજી, ખરશેદજી માણેકજી શેઠના, મનચેરજી ફરાંમજી કામાજી, ડાકટર નાનાભાઇ રૂસતમજી ઉમરીગર, મરહુમ બાઈ નવાજબાઇ તે ખરશેદજી બહમનજી પંથકીનાં બેટી, કાવશજી બધરશ, હોરમજજી બેહરાંમજી મુસ, ધનજીભાઇ કાવશજી ઉમરીગર, રૂસતમજી એદલજી, મેહરવાંનજી જીજીભાઇના છોકરાઓ, બાઈજી તે નવરોજજી એદલજી ગજદરનાં વીધવા, મરહુમ આવાંબાઇ ધનજીભાઇ હોરમજજી બીલીમોરીઆ, હોરમજજી બેહરાંમજી રાંણા, લીમજી માણેકજી મારકર, અરદેસર પેશતનજી શેઠના, એક જરતોશતી, પાલણજી કાનજીભાઈ, એક જરતોશતી, દીનશાહ બહમનજી બાવનગરવાલા, લીમજી જમશેદજી, પેશતનજી રતનજી કંત્રાકટર, નવરોજજી માણેકજી શેઠના, ખાનબાહદુર જમશેદજી ધનજીભાઇ વાડીઆ, રતનજી જમશેદજી જશાંવાલા, કલકતાનાં રૂસતમજી કાવશજીનાં ધાહંબારનાં ફંડ ખાતેથી, કલકતાવાલા ફરાંમજી મનચેરજી, નાગપોરથી એક પારસી બાનું, મનચેરજી એદલજી સોપારીવાલાના છોકરાઓ, એડનવાલા મનચેરજી રૂસતમજી દોલુ, (રૂ. ૪૦) બાઇ રતનબાઇ તે મરહુમ એદલજી હોરમજજી બામજીનાં વીધવા (રૂ. ૩૫) એમ. ડી. જે., (રૂ. ૩૦) બીખાજી ફરાંમજી બાઇસાહેબ, એક વતની, એદલજી બહમનજી મારીસ, દીનશાહ એદલજી લાંમ, નશરવાંનજી દોરાબજી મેહતા, (રૂ. ૨૫) પાલણજી ફરાંમજી મેહતા, હોરમજજી અને અરદેસર દારાબજી દવીહરવાલા, જીવાજી શાપુરજી ધનજીબાઈ, મેહરવાંનજી મનચેરજી કામાજી, હોરમજજી મનચેરજી કામાજી, મનચેરજી હોશંગજી જાગોસ, હોરમજજી જાગીરજી દાદીશેઠના છોકરાઓ, હીરજીભાઇ નવરોજજી પારખ, એક જરતોશતી, ધનજીભાઇ પેશતનજી મેહતા, એક જરતોશતી વીધવા, જે, એદલજી મેહરવાંનજી દુબાશ, લીમજી દીનશાહ ફરદુનજી, શાપુરજી અરદેસર તારાપોરવાલા, અરદેસર દોરાબજી, કુવરજી શાપુરજી, નાનાભાઇ વીકાજી, જીવણજી એદલજી ડાકટર, ફરાંમજી ખરશેદજી આશાવઇદ, બરજોરજી રૂસતમજી મુલ્લાંફીરોજના, શુંનાંબાઇ તે હોરમજજી બહમનજી શેઠનાં દીકરી, શોરાબજી

૧ ટાઈમસ આફ ઈંડીઆ, તા૦ ૧૯ મી જુલાઈ ૧૮૮૩.

તા૦ ૧૩ મી જુલાઇ.

રાજકોટની રેસીડનસી કોરટના વકીલ શેઠ કુવરજી કાયાજીને કાઠીઆવાડમાં આવેલાં ધરાંગધરાનાં રાજ્યના દીવાંનેગી ત્યાંના રાજા સાહેબે પોતાને હાથે દીવાંનગીરીનો સરપાવ આજ દીને આપ્યો હતો, ૧

કાવશજી તાતા, જમશેદજી કાવશજી બીલીમોરીઆ, શેરાબજી નવરોજજી ગજદર, ફરાંમજી બેહરાંમજી માડન અથવા દલાલ, નશરવાંનજી પેશતનજી વરીઆવા અથવા તારીવાલા, માણેકજી ખરશેદજી તારાચંદ, નશરવાંનજી ચાંદાબાઇ, વીરબાઇજી તે મરહુમ પેશતનજી શેરાબજી શેઠનાના વીધવા, કુપરની કું૦, બી. એસ. માડનની કું૦, હીરાંબાઇ તે જમશેદજી નશરવાંનજી તાંતાનાં ધણીઆંણી, મરહુમ નશરવાંનજી શેરાબજી ચીનાઇ, મરહુમ શેરાબજી માણેકજી શેઠના, એન. એન. ની ધરમની પેઢી, ધનજીભાઇ પેશતનજી મારકર, દીનશાહ હોરમજજી બાટલીવાલા, મેહરવાંનજી જાંગીરજી તારાચંદ, જાંગીરજી ખરશેદજી તારાચંદ, શેરાબજી નવરોજજી કોપર, ડાકટર અરદેસર પેશતનજી કામાજી, પેશતનજી કાવશજી સોલીશીટર, શેરાબજી દીનશાહ સોપારીવાલા, જે. આર., મરહુમ શેઠ ખરશેદજી મનચેરજી સુબેદારના છોકરાઓ, માણેકજી જીવાજી મઉ, કલકતાની બરજોરજી ફરાંમજીની કું૦, દી. બી. મેહતાની કું૦, પેશતનજી એદલજી ગજદર, જમશેદજી જાંગીરજી લુલીપારખના, બીખાઇજી તે મરહુમ શેઠ ફરાંમજી બહેમનજી શેઠનાંના વીધવા, માણેકજી રૂસતમજી પટેલ એડનવાલા, મેહરવાંનજી હોરમજજી મેહતાની કું૦ કલકતા, બાઈ બીખાઇજી, (રૂ. ૨૦૮૩૧) રૂ. ૨૫)ની અંદરની રકમ.

ઉપલી કમીટીએ તુરતજ ચાર હિંદુ ગ્રહસ્થોનું એક ડેપ્યુટેશન સુરત ખાતે મોકલ્યું, જેઓએ ત્યાં જઈ કલેકટરની મોલાકાત લઈ સઘળી પરપુછ કરી લાચારોને મદદ વગેરે આપવાનું ઉપરીપણું ચલાવવાને ૨ ઈંગ્રેજ, ૭ હિંદુ, ૨ મુસલમાન, અને ૪ પારસી (શેઠો આદરજી જીવણજી, બરજોરજી એદલજી મોદી, નાનાભાઈ કાવશજી, ફરાંમજી જામાસપજી બાવનગરી) ગ્રહસ્થોની એક કમીટી તથા ૫ હિંદુ, ૧ મુસલમાંન, અને ૩ પારસી (શેઠ કેખશરૂ હોરમજજી આલપાઇવાલા, ડાકટર બેહરાંમજી પેશતનજી, ડાકટર ડોશાભાઈ પેશતનજી) ગ્રહસ્થોની બીજી વરક કમીટી તથા એ૦ મનચેરજી બેહરાંમજી ગેતુને હાનરરી સેક્રેટરી તથા શેઠ નવરોજજી ફરાંમજી મેહતાને હાનરરી ઇનસ્પેકટર ઠેરવ્યા હતા.

વલી મુંબઈનાં શેરના દલાલોએ પણ રૂ. ૩૮૦૦ એકઠા કરી (એમાં પારસીઓમા શેઠો શાપુરજી બરજોરજી ભરૂચાના રૂ. ૧૦૧) રતનજી માંણેકજી રતનાગર, શેરાબજી રૂસતમજી દલાલ, દીનશાહ હોરમજજી અને શાપુરજી શેરાબજીના દરેકના રૂ. ૫૧) તથા કાવશજી નશરવાનજી કાંગા અને બેહરાંમજી બીખાજી કાંગાના દરેકના રૂ. ૨૫) હતા.) પોતામાંથી ત્રણ ગ્રહસ્થોનાં એક ડેપ્યુટેશન સાથે તે તરફ વેંહચવાને મોકલ્યા હતા.

સુરતમાં પણ એ બાબેનું ફંડ ઉભું કરવાને કલેકટરનાં પ્રમુખપણાં હેઠલ તા૦ ૯ મી જુલાઇએ જાહેર સભા મળી હતી, જે વેળા નેમાયલી કમીટીમાં પારસીઓમાં ઉપલા મુંબઈનાં ડેપ્યુટેશને ઠેરવેલા ગ્રહસ્થો ઉપરાંત શેઠો કેખશરૂ એદલજી મોદી, શાપુરજી બરજોરજી ફરેજર, જમશેદજી કાવશજી એંટી, દારાશાહ ડોશાભાઈ અને બેહરાંમજી નશરવાંનજી દાલા હતા.

મુંબઇથી બાઇ મેહરબાઇ તે મરહુમ શેઠ અરદેસર હોરમજજી વાડીઆનાં વીધવાએ એ ફંડને માટે પરબાડી સુરત ખાતે રૂ ૭૦૦), તથા મઉથી "એક ગરીબ પારસી" એવાં છુપાં નામે રૂ૫૦૦)ની રકમ મોકલી હતી; તથા તે તરફ શેઠ કેખશરૂ હોરમજજી આલપાઇવાલાએ રૂ ૧૦૦), બાઈ બચુંબાઇ તે મરહુમ શેઠ મેહરવાંનજી હોરમજજી ફરેજરનાં બેટીએ રૂ૧૦૦), શેઠ દીનશાજી હોરમજજી કોઅલા અને તેમનાં ધણીઆંની બાઈ હીરાંબાઇએ રૂ ૧૦૦), શેઠ જમશેદજી કાવશજી એંટીએ રૂ. ૫૧), ડા૦ મનચેરજી બેહરાંમજી કોહલાએ રૂ. ૫૦), ખાંન બાહદુર બરજોરજી એદલજી મોદીએ રૂ. ૩૫), ડા૦ ડોશાભાઈ પેશતનજીએ રૂ. ૨૫), ખાંનબાહદુર આદરજી જીવણજીએ રૂ. ૨૦), અને ખાંન સાહેબ નાનાભાઈ કાવશજીએ રૂ. ૧૦); તેમજ ભરૂચથી મરહુમ ખાંનબાહદુર રૂસતમજી શેરાબજી દલાલનાં કુટુંબે રૂ. ૨૦૦), શેરાબજી હોરમજજી વખારીઆએ રૂ. ૧૦૦), આદરજી મનચેરજી દલાલે રૂ. ૫૧), મનચેરશાહ બહમનજી મીરશલે રૂ. ૩૧), ખાંનબાહદુર દસતુર દીનશાહજી પેશુતનજી કામદીનજીએ રૂ. ૨૫), તથા શેઠ ફરદુનજી જીવણજીએ રૂ. ૨૫); અમદાવાદથી શેઠ નવરોજજી પેશતનજી વકીલે રૂ.૨૦૦), જાંગીરજી એદલજી તમનાએ રૂ.૮૦), ખાંનબાહદુર ખરશેદજી પાલણજી લાલકાકા, પેશતનજી નશરવાંનજી કંત્રાકટર, અને ફરાંમજી પેશતનજી વકીલે દરેકે રૂ.૫૦): ખાંન બાહદુર એદલજી ડોશાભાઇ કોઠાવાલા અને ખરશેદજી નશરવાનજી વાડીઆએ દરેક રૂ. ૩૦); કાવશજી મનચેરજી કારંજાવાલા, આવાંબાઇ ખરશેદજી લાલકાકા, અને ડા૦ જમશેદજી દીનશાહ ખંબાતાએ દરેકે રૂ૨૫); તથા બીજી નાધલી રકમ રૂ. ૩૦); સીકંદરાબાદથી દસતુર રતનજી જામાસપજી જામાસ્પઆશાના અને બીજા પારસીઓએ રૂ. ૨૬૯); તથા રાજકોટથી શેઠ કુવરજી કાયાજીએ રૂ. ૨૦૦) મોકલ્યા હતા.

વળી સુરતની પાસે આવેલાં પુણા નામનાં ગાયકવાડી ગામમાં એક જરથોસ્તીનું કુટુંબ રેલને લીધે ઘણી નાચારીમાં આવી પડવાથી તેની મદદને માટે અતરેથી પારસીઓએ છુપે નામે જામે જમશેદ તથા કેસરે હીંદ પત્રોની મારફતે રૂ ૩૫૭) મોકલ્યા હતા; તથા શેઠ દાદાભાઇ દોરાબજી પાંડીઆ કે જેવણે ૧૦૬) માણસોના જાંન બચાવ્યા હતા તેવણને માટે પણ કેટલાક ગ્રહસથોએ નાણાની રકમો ભેટ મોકલી, તથા નામદાર સરકારે તેમને રૂ ૧૦૦)નું ઇનામ અને સરટીફીકેટ આપવાનો સુરતના કલેકટરને હોકમ કીધો હતો.

આ રેલનાં ફંડમાં મુંબઇના સઘલા નાણાં ભરનારા ગ્રહસ્થોનો ઉપકાર માનવાને સુરતના રેહવાસીઓની એક જાહેર સભા તા૦ ૨૪ મી સપટેમબર ૧૮૮૩એ દીને મલી હતી તે વેલાએ સરવેનાં એક મતે એવો ઠેડાવ થયો હતો કે "મુંબઇના દાનાવ અને સખી ગ્રહસથોએ અને શેઠીઆઓએ આ પુરાંતન અને દુખીઆરાં શેહેર અને જીલ્લા ઉપર ગુજરેલી

૧ મુંબઈ સમાચાર, તા૦ ૧૮ મી જુલાઈ ૧૮૮૩.

આ બનાવની ખુશાલીમાં શેઠ કુવરજીને તા૦ ૯ મી જુલાઇએ રાજકોટના સઘલા પારસીઓએ એક જીયાફત આપી હતી.

તા૦ ૧૪ મી જુલાઇ.

રોજ ૨૯, માહ ૧૧ (ક૦) ૧૨૫૨ ય૦

મરણ—દાદાભાઇ જાંગીરજી દાદીશેઠ—ઉમર વર્ષ ૬૧) શેઠ જાંગીરજી અરદેસર દાદીશેઠના નાઘલા દીકરા. એવણુ છાસટી મધે પોતાના વડવાઓને મલેલાં દઇસર, એકસર, અને માગાથાંન ગામની જાગીરોનો વહીવટ પોતાના ભાઇઓ સાથે ચલાવતા હતા. ૧

તા૦ ૧૬ મી જુલાઇ.

આજ દીને મરહુમ શેઠ દાદાભાઈ જાંગીરજી દાદીશેઠનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજીમાંથી તથા ખેશીઓએ મલી રૂ. ૧૭૦૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.

તા૦ ૧૯ મી જુલાઈ.

મુંબાઈની પારસી ચીફ મેટરીમોનીઅલ કોરટના એક ડેલીગેટ શેઠ શેરાબજી ફરાંમજી પટેલે પોતાનો ઓઘ્ધો છોડવાથી તેમની જગોએ શેઠ નશરવાંનજી અરદેસર હોરમજજી વાડીઆને નેમ્યા.

ખાંનબાહદુર બહમનજી એદલજી મોદીને ભરૂચના હજુર ડેપ્યુટી કલેકટર નેમ્યા.

ડાકટર શેરાબજી માણેકજી કાકાને હેદરાબાદની "મેડીકલ સ્કુલ"ના શિક્ષક નેમ્યા. ૨

જફાના માહાભારત અને કઠણ પ્રસંગે નાણાંથી મદદ કીધી છે, તે માટે તેમનો આ સભા સુરત શેહેર અને જીલાના લોકો તરફથી કોટી કોટી ગણો ઉપકાર માને છે, અને તેમનાં નીસવારથી કામો તથા તેમની નેક નેમો અને મુરાદોને માટે તેમને શાબાશી આપે છે, કે જેને માટે તેઓ પુરેપુરા યોગય ઠરી ચુકયા છે."

વલી નીચલા પારસીઓને અનાજ વેંહચવાને સબ કમીટીમાં નેમ્યા હતા. બેરાંમજી નશરવાંનજી દાલા, હોરમજજી મેહરવાંનજી ઉમરીગર, હોરમજજી જમશેદજી, કાવશજી બેહરાંમજી, રૂસતમજી એદલજી.

એ રેલનાં ફંડમાં બધા મલી રૂ. ૯૮૫૮૯ાાન્ના ભરાયા હતા તેમાંથી ખરચ રૂ. ૬૮૭૯૦ાાન્ન બાદ કરતાં બાકી રૂ. ૩૧૦૫૪) વધયા હતા તે બાબે તા૦ ૧૩ મી મારચ ૧૮૮૬ ને દીને એમાં નાણાં ભરનારાઓની મલેલી સભામાં એવું ઠેરવ્યું કે એ રકમ એક તરસટ ડીડ કરી શેઠો નવરોજજી માણેકજી વાડીઆ, ફરાંમજી દીનશાહજી પીટીટ, દામોદરદાસ તાપીદાસ, ઘેલાભાઈ હરીદાસ, અને વીજભુખણદાસ આતમારાંમના નામ ઉપર અનામત રાખવી, અને ભવીષ્યમાં સુરત તથા ભરૂચ જીલ્લામાં આવી પડતી આગ અને રેલની આફત વખતે તેનો તરસટીઓની નજરમાં ઘટતો દીસે તેમ ઉપયોગ કરવો.

૧ મરહુમ શેઠો અરદેસર તથા ધનજીભાઈ, અને શેઠ મંચેરજી દાદાભાઈ દાદીશેઠ (બારીસટર) વીગેરેના બાવા.

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૯ મી જુલાઈ ૧૮૮૩.

તા૦ ૨૦ મી જુલાઈ.

રોજ ૫, માહ ૧૧ (શ૦) ૧૨૫૨ ય૦

મરણ—ડાકટર ખરશેદજી ફરાંમજી ખોરી—ઉમર વર્ષ ૪૭). આ૦ ફરાંમજી પાલણજી ખોરીના દીકરા. એવણે અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજ મધે વૈદાંની પરીક્ષા પસાર કરી તા૦ ૧૨ મી એપરેલ ૧૮૫૭ ને દીને તબીબપણું ચલાવવાની સનદ મેલવી હતી. તે પછી આઠ મહીના સરકારી નોકરીમાં રહી તા૦ ૧ લી ડીસેમબર ૧૮૫૭ ને દીનથી પોતાનો ખાંનગી ધંધો ચાલુ કીધો હતો. અતરેની જાણીતી "ગ્રાંટ કાલેજ મેડીકલ સોસાઈટી"ના એવણ ઈ. સ. ૧૮૭૦થી તે પોતાનાં મરણ સુધી તેમજ કોટનાં ધર્મનાં દવાખાંનાંના ૧૮૭૦ થી તે ૧૮૮૦ સુધી હાનરરી સેક્રેટરી હતા. મુંબઈની ગટરો વિષે તપાસ કરવાને આશરે ૧૫) વર્ષ ઉપર સરકારે પેહલવેહલું જે કમીશન ઠરાવ્યું હતું તેમાં મરનારે મોટો અભ્યાસ કરી કીંમતી જુબાની આપી હતી. તેવણુ બોમ્બે નેટીવ ડીસપેનસરીના ૧૮૭૩ થી તે પોતાનાં મરણ સુધી તબીબ, અને મેદાંન માંહેલી કસરતશાળાના ૧૮૬૫થી તે ૧૮૬૯ સુધી ઉપરી હતા. ૧૮૬૭થી તે ૧૮૭૦ સુધી એવણે "તંદરોસતી" નામનું આગલું જાણીતું મારીક ચોપાંનીઉં પરવરતાવ્યું હતું. ઈ. સ. ૧૮૭૩ માં એવણે ઈંગલાંડ જઈ ત્યાંની કાલેજોમાં દાંતની વિદયાનો ખાસ અભીઆસ કરી એફ. આર. સી. એસ. તથા એલ. ડી. સી. ની પદવીઓ મેલવી હતી, અને અતરે પાછા આવી દાંતના ડાકટરનો ધંધો ચાલું કીધો હતો. નામદાર સરકારે એવણને આએ ઓફ માંજ સુલેહના અમલદાર તથા યુનીવરસીટીના ફેલોનું માન આપ્યું હતું. ઈ. સ. ૧૮૭૮ માં જ્યારે મુંબઇમાં શીતલાનો ઉપદ્રવ થયો ત્યારે અતરેના મ્યુનીસીપલ કમીશનરે ગઉશીતલાના કાયદાઓ વિષે મરનારના લખેલા ગુજરાતી નીબંધની ૬,૦૦૦) નકલો શેહરખાતાંને ખરચે છપાવી વેંહચી હતી. તેવણે "જ્ઞાન પ્રસારક મંડલી" તરફથી વીસથી વધુ ભાષાનો આપ્યાં હતાં. ૧૮૮૧ માં જ્યારે ગ્રાંટ મેડીકલ કાલેજના ઈંગ્રેજ શીક્ષકોને ખાનગી ધંધો કરવાથી અટકાવવાનો સવાલ ઉઠયો ત્યારે મરનારે તેની તરફેણમાં મજબુતીથી લડત ચલાવી હતી. તંદરોસ્તી જાલવવાની બાબદમાં એવણે ગુજરાતીમાં એક મોટું પુસ્તક રચવા માંડયું હતું, જે લગભગ પુરૂં થવા આવ્યા પછી એમનાં અકાલ મરણથી થોડું અધુરૂં રહી ગયું હતું. ૩

૩ એમનાં મરણ પછી એમની યાદગારી માટે એક ફંડ ઉભું થયું હતું. જેમાં રૂ. ૧૯૦૦)ની રકમ થઈ હતી. તેમાંથી રૂ. ૧૫૦૦)ની ચાર ટકાની સરકારી નોટ ગ્રાંટ મેડીકલ કાલેજના પ્રીનસીપાલને સ્વાધીન કરી તેના વ્યાજમાંથી રૂ. ૬૦)નું "ડા૦ ખરશેદજી ફરાંમજી ખોરી પ્રાઈઝ" દર વરસે સુખશાંતી અને જંતુવિદયામાં ચાલાકી બતાવનાર એ કાલેજના એક ચેલાને આપવાનું ઠેરવ્યું હતું.

મરણ—કાવશજી પેશતનજી એનેટ—ઉમર વર્ષ ૪૭) શેઠ પેશતનજી સુખલાજી એનેટના બીજા દીકરા. એવણુ લાંબી મુદ્દત સુધી અતરેનાં મેસરસ એનેટની કુંપનીનાં નામથી ચાલતાં છીબાંઉખાંનાં સાથે જોડાયલા હતા, અને છેલ્લાં કેટલાંક વર્ષ થયાં તેના એખલા માલેક હતા. ૧

તા० ૨૨ મી જુલાઈ.

આજ દીને મરહુમ શેઠ કાવશજી પેશતનજી એનેટનાં ઉઠમણાંમાં રૂ. ૨૬૦૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.

તા० ૨૫ મી જુલાઇ.

શેઠ પાલણજી બરજોરજી દેસાઇએ "સરોશ–અવસ્તામાંથી મલતું બયાન વગેરે," ઉપર લખેલો ઈનામનો રેસાલો મરહુમ શેઠ નશરવાંનજી મનચેરજી કામાજીનાં ધર્મખાતાંનાં ફંડમાંથી છપાવી પ્રગટ કીધો હતો. ૨

તા० ૨૬ મી જુલાઇ.

આએ વર્ષની દેશી માજીસ્ત્રેટની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા :—

ત્રિજા વર્ગના માજીસ્ત્રેટ—શેઠો હોરમજજી જમશેદજી આંતીઆ, નવરોજજી કાવશજી દાજી, હોરમજજી કાવશજી ભરૂચા, બેહરાંમજી પદમજી પેશતનજી.

શેઠ ખરશેદજી નશરવાંનજી કંત્રાકટર, બી. એ. ને શીકારપુર હાઈસ્કુલના હેડ માસતર નેમ્યા. ૩

તા० ૨૭ મી જુલાઇ.

ડાક્ટર હોરમજજી એદલજી બનાતવાલાએ ઈંગલાંડ મધે એમ. આર. સી. એસ. તથા એલ. આર. સી. પી. ની પદવીઓ મેલવ્યા પછી બરૂસેલસ ખાતે એમ. ડી. ની પરીક્ષા પસાર કીધી હતી. ૪

સુરત હાઈસ્કુલના ફારસી શિક્ષક શેઠ સોરાબશાહ બેહરાંમજી ડાકટરને "લંડન લીટરરી સોસાઇટી"ના લાઈફ મેમબર ચુંટી કાઢયા હતા. ૫

તા० ૧ લી આગશટ.

શેઠ લીમજી નવરોજજી બનાજી, બારીસ્ટરને હાઈકોરટના આકટીંગ ડેપ્યુટી રેજીસ્ટાર તથા આશીડેવીટ લેનાર કમીશનર નેમ્યા હતા. ૬

તા० ૩ જી આગશટ.

ડાકટર રૂસતમજી નસરવાંનજી ખોરીએ અતરેની "મેડીકલ એન્ડ ફીઝીકલ શોશાઇટી"ની માસીક સભામાં એક જાતની વસુલી વિષે નીબંધ વાંચ્યો હતો. ૭

તા० ૪ થી આગશટ.

વરોડરાના ગાયકવાડ માહરાજા સીહાજીરાવને ત્યાં ગઈ રાત્રે એક પાંટવીકુવરનો જન્મ થવાથી તેની ખુશાલીમાં નવસારીના પારસીઓ તરફની મુબારકબાદીનો એક તારનો સંધેસો દસ્તુર દારાબજી માહીઆરજી અને શેઠ બરજોરજી રૂસતમજી ગારડાએ માહરાજા ઉપર મોકલ્યો હતો, તેમજ ત્યાંનાં સદર ફંડના ઇજારેદાર શેઠ બેજનજી એદલજીએ પોતાને ખરચે આખા કસબાના મોહોલાઓમાં ખુશાલીનાં નગારાં વગડાવ્યાં તથા ઘેરેઘેર બતાસા વેંહચ્યાં હતા. ૮

તા० ૬ ઠી આગશટ.

શેઠ દીનશાહજી માણેકજી પીટીટે જાનવરો પરનું ધાતકીપણું અટકાવનારી મંડલીને દરદી જાનવરોની સારવાર કરવા માટે એક હાસ્પીટલ ઉંઘાડવા સારૂં પરેલ મધે આપેલી

---

૧ શેઠ ફરાંમજી કાવશજી બેનેટના (કરી લેનાર) બાવા.

૨ "સરોશ, અવસ્તામાંથી મલતું બયાન, તેની શકતી, તેની કીર્ત્તી, અને બીજા ધરમોના ફરેશ્તાઓ સાથ તેનો મુકાબલો. મુલ્લાં ફીરોજ મદરેસા ખાતે મરહુમ શેઠ પાહલનજી હોરમજજી કાપડીઆએ પોતાનાં મરહુમ ધણીઆંણીનાં નામથી આપતાં કરેલાં "મીઠીબાઈ પ્રાઇઝ" નાં ઈનામનો રેસાલો. લખનાર, પાહલનજી બરજોરજી દેસાઈ. મરહુમ શેઠ નશરવાંનજી મનચેરજી કામાજીનાં ધરમખાતાંનાં ફંડમાંથી છપાવી પ્રગટ કરયો છે. મુંબઇ, [illegible]તર આશકારા છાપાખાંનાં મધે રૂસ્તમજી નવરોજજી ખંભાતાએ છાપ્યો છે. યજદેજર્દી ૧૨૫૨. સને ૧૮૮૩ ઈસવી."

૩ બામ્બે ગવરમેંટ ગેઝેટ, તા० ૨૬ મી જુલાઈ ૧૮૮૩.

૪ બામ્બે ગેઝેટ, તા० ૨૭ મી જુલાઈ ૧૮૮૩.

૫ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા० ૩૧ મી જુલાઈ ૧૮૮૩.

૬ બામ્બે ગવરમેંટ ગેઝેટ, તા० ૬ થી સપટેમબર ૧૮૮૩.

૭ ટાઈમસ ઓફ ઈંડીઆ, તા० ૫ મી આગશટ ૧૮૮૩.

૮ જામે જમશેદ, તા० ૭ મી આગશટ ૧૮૮૩.

એજ માફક તા० ૧૩ મી આગશટે નવસારીવાલા શેઠ રતનજી ફરાંમજી દાબુએ તયાંની તમામ નીશાલોમો પોતાને ખરચે પેંડા વેંહચયા હતા. તથા તા० ૧૯ મી ને દીને એ० શેહરીયારજી દાદાભાઈ ભરૂચાએ તયાંની તમામ નીશાલોનાં બાલકોની ચયલી જયાફતમા જંદ બાષામા જોડેલી એક દુઆ વાંચી સંભલાવી હતી.

જગામાં નામદાર સરકારે જાનવરી વૈધું શિખાડવાની એક કાલેજ (વેટરીનરી કાલેજ) સ્થાપવાનો ઠેડાવ બાહેર પાડ્યો. આ કાલેજ સ્થાપવા માટેની ગોઠવણો કરી તે ઉપર રીપોરટ કરવાને સરકારે મધ્ય, દક્ષિણ, અને ઉત્તર ડીવીજનના કમીશનરો, તથા મુંબઇ અને પુણાંના કલેકટરો, સરકારી ઇનસ્પેકટીંગ વેટરીનરી સરજ્યન, હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો કુવરજી અરદેસર અને કાવશજી મેહરવાંનજી સરાફની એક કમીટી નેમી હતી. ૧

તા૦ ૭ મી આગશટ.

શેઠ મનચેરજી બહમનજી પંથકીએ મરહુમ ડાકટર કોડીને પોતાને બંગલે બે દાહડા સુધી રેહવા દઈ સારવાર કીધી તે માટે તેના મિત્રો તરફથી ડાકટરો બલાં, હોએલ, તથા મેસરસ મેકફરલેન અને વાલટનનાં એક ડેપ્યુટેશને આજ દીને શેઠ મનચેરજીને બંગલે જઇ તેમને એક માનપત્ર આપ્યું. ૨

તા૦ ૮ મી આગશટ.

વલસાડની પાસે આવેલાં ખેરગાંમ મધે બાઇ મોટીબાઇ તે મરહુમ શેઠ બહમનજી જમશેદજી મુલ્લાંનાં વીધવાએ ગયે સાલ દોખમું તથા દરેમેહર બંધાવી તે ઈજવાની ક્રિયા નવસારીના ભગર સાથના મોબેદો પાસે કરાવ્યાથી ઉદવારાના મોબેદોએ વલસાંડના સબારડીનેટ જડજની કોરટમાં એ બાબે ફરીઆદી માડી હતી કે—"સુરત જીલ્લામાં આવેલી કાવેરી નદીના દક્ષિણ કીનારાથી તે થાંણા જીલ્લાનાં વસાઇ પ્રાંતમાં આવેલી વઇતરણી નદી સુધી જેટલો મુલકછે તેમાં વસનારા તમામ પારસીઓની ધર્મની ક્રિયા કરવાનો તથા એ મુલકમાં દોખમાં, અગીઆરી વગેરે ધર્મનાં મકાંનો ગમે તે પારસી બંધાવે તેની ક્રિયા કરવાના હક હમારોછે, તેમ છતાં નવસારીવાલાઓએ મજકુર ખેરગાંમમાં દરેમેહર દોખમાંની ક્રિયા કીધી માટે કોરટે એવો ઠેડાવ કરી આપવો કે ઉપલી હદ વચ્ચેના તમામ પારસીઓની ધર્મની ક્રિયા કરવાનો હક ઉદવારાના સંજાણા મોબેદોનોછે, અને હવેથી એ હદમાં ભગરીઆ મોબેદો પારસીના ધર્મના ક્રિયા કરે નહી." એ મુકદમો બંધે બાજુની રાજીખુશીથી કોરટે શેઠ દાદાભાઇ નવરોજજી પ્રોફેસરની લવાદી ઉપર સોંપ્યો હતો, જેવણે એ બાબે ઘણીક તજવીજ કરી ફેસલો લખી મોકલ્યા મુજબ આજ દીને વલસાડના સબારડીનેટ જડજ રાવસાહેબ કરીશનામુખરાંમ આતમારાંમે ઉદવારાવાલાઓનો ઉપલો દાવો રદ કીધો, અને ખરચ બંધે બેરદને પોતપોતાને માથે નાખ્યો.

તા૦ ૯ મી આગશટ.

કલકતાવાલા શેઠ ફરાંમજી મનચેરજીએ અહમદનગરના કલેકટર ઉપર કોલેરાથી હેરાન થતા ગરીબો માટે રૂ ૫૦) રોકડા તથા કોલેરાની દવાના ભરેલા ત્રણ બાકસો ભેટ મોકલ્યા. ૩ એજ મુજબ બંગાલ તરફ આવેલાં મુજાફરપોર મધે રેલથી નાચાર થયલાંઓને એવણે પોતે જાતે જઇ કેટલીક મદદ કીધી હતી. ૪

તા૦ ૧૧ મી આગશટ.

ઈડેર મધે શેઠ હોરમજજી માણેકજી ભમગરાએ જરથોસ્તી મુસાફરોના ઉતારાને કીજે એક ધર્મશાલા બંધાવી તે પોતાનાં માતાજી મરહુમ કુવરબાઇની નજીએતે "કુવર હાલ"ને નામે આજ દીને જશન કરી ખોલ્લી મુકી હતી. જશનની ક્રિયા પુરી થવા બાદ શેઠ હોરમજજી તરફથી એક અંજુમન પત્ર વંચાયો તથા દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાએ તેમનો અંજુમન તરફથી ઉપકાર માન્યો. ૫

તા૦ ૧૪ મી આગશટ.

શેઠ હોરમજજી એદલજી કોટવાલે વાંસદામાં આવેલાં મવાસ ગામનાં જંગલમાંથી પટાયત જાતનો પુરી ઉમરનો એક વાઘ મારી સનાવાલાઓ તરફથી ઇનામ મેલવ્યું હતું. ૬

તા૦ ૧૫ મી આગશટ.

કલકતા મધે આવતા ડીસેમબર માસમાં થનારાં મોટાં પ્રદર્શણમાં મુંબઇ ઇલાકાની પેદાયશો મોકલવા માટે અતરે થયલાં ફંડમાં સરકારે રૂ. ૧૦૦૦), કછનાં રાજ તરફથી રૂ. ૫૦૦), ઈંગ્રેજોએ રૂ. ૩૦૨૦), હિંદુઓએ રૂ. ૧૪૩૦),

---

૧ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા૦ ૩૧ મી આગશટ ૧૮૮૩.

૨ ટાઈમસ ઓફ ઈંડીઆ, તા૦ ૮ મી આગશટ ૧૮૮૩.

૩ જામે જમશેદ, તા૦ ૧૦ મી આગશટ ૧૮૮૩.

૪ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૭ મી સપટેમબર ૧૮૮૩.

૫ મુંબઈ સમાચાર, તા૦ ૧૮ મી આગશટ ૧૮૮૩.

એ મકાંનપર નીચે મુજબ તખ્તી મારેલી છે:—"આએ મકાંન જરથોશતી હોરમજજી મકાશાહ ભમગરાએ પોતાનાં માતાજી મરહુમ બાઈ કુંવરબાઈનાં પુનને શારૂં બંધાવીયું છે અને શરવે જરથોશતીઓના ઉતારાને શારૂં તથા શારે રૂડે વાપરવાને શારૂં ખુલ્લું મુકીડું છે. દરેમેહર અને મોબેદને રેહેવાને શારૂં જુદું ઘેર અને બબરચી ખાંનું, કુવો, કુવર હાલ મલીને આરસાફીન શુધી, કુલ્લે રૂપીઆ ૭૧૨૫) ખરચ થઆ છે. રોજ ૨૭ મો માહા ૧૨ કદમી અને માહા ૧૧ શેહેનશાહી ૧૨૫૨ ઈઅજદેજરદી તા૦ ૧૧ મી આગશટ ૧૮૮૩ ઈશવી."

૬ રાસ્ત ગોફ્તાર, તા૦ ૧૫ મી આગશટ ૧૮૮૩.

મુસલમાંનોએ રૂ. ૮૨૫), યાહુધીના રૂ. ૧૦૦), પોરટુગીઝોનાં રૂ. ૩૦), અને પારસીઓના રૂ. ૧૫૨૬) ૧ મલી રૂ. ૮૪૩૧) ભરાયા હતા. ૨

તા૦ ૧૭ મી આગશટ.

ખાંન સાહેબ જમશેદજી રૂસતમજીએ છેલી આફગાંન લડાઇ વખતે ડેપ્યુટી કમીશરી જનરલની આફીસના વડા તરીકે એ વર્ષ સુધી દક્ષિણ આફગાંનીસતાંનમાં ઘણી બાહોદશીથી કામ ચલાવ્યું હતું તેમને આજ દીને સરકાર તરફથી સીંધ હેદરાબાદ ખાતે એક "વોર મેડલ" ભેટ આપવામાં આવ્યો હતો. ૩

તા૦ ૧૮ મી આગશટ.

ડાકટર નવરોજજી બહેમનજી ગંદેવીઆએ ઈંગલાંડ મધ્યે એલ. આર. સી. પી. તથા એમ. આર. સી. એસ. ની પદવીઓ મેલવી હતી.

તા૦ ૨૦ મી આગશટ.

કરાંચીનાં બેતીબંદરના કસટમ આફીસર શેઠ શોરાબજી નવરોજજી શેઠનાએ તે તરફ થોડા દીવસપર થયલાં મોટાં તોફાંન તથા રેલ વખતે ઘણી કીમતી મદદ કીધી હતી તેમને સીંધના કમીશનરે એક ખાશ સભા મેલવી આજ દીને એક લુનગીનું ઈનામ આપ્યું હતું. ૪

તા૦ ૨૨ મી આગશટ.

શેઠ મરજબાંન મનચેરજી કાવશજી મરજબાંનને હીંદુસથાંનની વડી સરકારે સ્ટેટ રેલવેનાં ખાતાંમાં આસીસ્ટંટ ત્રાફીક સુપરીનટેંડંટનું કામ શીખવા માટે પ્રોબેશનર નેમ્યા હતા. ૫

તા૦ ૨૪ મી આગશટ.

આજ દીને મરહુમ શેઠ દાદાભાઇ નવરોજજી પાલણજી બાટલીવાલા અથવા આમરીઆનાં ફંડમાંણુંમાં રૂ. ૧૮૨૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા. ૬

તા૦ ૨૮ મી આગશટ.

હિંદુસ્થાંનનો વદાય થતો ખજાંનચી મેજર ધી હાનરેબલ્ સર ઈવેલીન બેરીંગ, કે જે આ દેશની સરકારી તીજોરી નાદારી પરથી આબાદ હાલતમાં લાવ્યો હતો, અને જેણે દેશની આબાદી વધારવાનાં સાંધનો ખોલવાને પોતાથી બનતું કરયું હતું, તે નામદાર મીસર ખાતે પોતાનો નવો ઓહ્દો લેવા જવાને આજ દીને અતરે આવ્યો, તેને મુંબઈના રેહવાસીઓ તરફનું એક માનપત્ર જે ગઈ કાલ દીને એક જાહેર સભા મેલવી બાહલ રાખયું હતું, તે પોંહચાડવાને આગેવાન દેશીઓનું એક ડેપ્યુટેશન તે નામદારના ઉતારાને મકાંને ગયું હતું. એ ડેપ્યુટેશનમાં પારસીઓમાં શેઠો દાદાભાઇ નવરોજજી પ્રોફેસર, નવરોજજી ફરદુનજી, મેસાભાઇ ફરાંમજી કરાકા સી. એસ. આઇ., પીરોજશાહ મેહરવાંનજી મેહતા, ખાંનબાહદુર મનચેરજી કાવશજી મરજબાંન, હોમજી ખરશેદજી દાદીશેઠ, મનચેરજી નવરોજજી બનાજી, કેખશરૂ નવરોજજી કાબરાજી, અને દીનશાહ એદલજી વાછા હતા. ૭

તા૦ ૩૦ મી આગશટ.

ખાંનબાહદુર માણેકજી નશરવાંનજી નાણાંવતીને થાંણાના પેહલા વર્ગના બીજી પાયરીના સબારડીનેટ જડજ નેમ્યા. ૮

તા૦ ૨ જી સપટેમબર.

મહુની દરેમેહરનું મકાંન ઘણી નબલી હાલતમાં આવવાથી ત્યાંના જરથોસ્તીઓએ પોતપોતામાં એક ઉઘરાંણું કરી તે દરૂરત કરાવી ફરી આજ દીને પરસાવ્યું હતું. જશનની ક્રિઆ દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાનાએ કીધી હતી. ૯

તા૦ ૪ થી સપટેમબર.

એ૦ તેહમુરસ દીનશાહજી અંકલેસરીઆએ "ફરવરી

---

૧ આ રૂ. ૧૫૨૬) નીચે મુજબ ભરાયા હતા—(રૂ. ૨૦૦) હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ (રૂ. ૧૫૦) દીનશાહજી માણેકજી પીટીટ, (રૂ. ૧૦૦) ફરાંમજી દીનશાહજી પીટીટ, બહેમનજી દીનશાહજી પીટીટ, ફરાંમજી સાંડસની કું૦, શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઈ. ઈ; સરદાર ખાંનબાહદુર પદમજી પેશતનજી, નશરવાંનજી માણેકજી પીટીટ, બી. એન્ડ એ. હોરમારજીની કું૦, બેહરાંમજી નશરવાંનજી સીરવાઈ (રૂ. ૫૧) ખાંન બાહદુર રૂસતમજી ખરશેદજી મોદી, (રૂ. ૪૦) ખાંનબાહદુર ફરાંમજી અરદેસર કેકોબાદના (રૂ. ૨૫) બેહરાંમજી જીજીભાઇ, સી. એસ. આઈ; નાનાભાઈ બેહરાંમજી જીજીભાઈ, હોમજી ખરશેદજી દાદીશેઠ, (રૂ. ૨૦) નવરોજજી ફરદુનજી, ખાંનબાહદુર બેહરાંમજી દાદાભાઈ રેજીસ્ટરાર, ડાકટર ડોશાભાઈ પેશતનજી સુરતના. (રૂ. ૧૫૦) રૂ. ૨૦)ની અંદરની રકમ.

૨ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૭ મી આગશટ ૧૮૮૩.

૩ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૨૨ મી આગશટ ૧૮૮૩.

૪ મુંબઈ સમાચાર, તા૦ ૨૯ મી આગશટ ૧૮૮૩.

૫ રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી આગશટ ૧૮૮૩.

૬ જામે જમશેદ, તા૦ ૨૫ મી આગશટ ૧૮૮૩.

૭ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૯ મી આગશટ ૧૮૮૩.

૮ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૩૦ મી આગશટ ૧૮૮૩.

૯ જામે જમશેદ, તા૦ ૫ મી સપટેમબર ૧૮૮૩.

તથા આફરીંગાંનો અને આફરીનો "નું એક પુસ્તક જંદ હરફે પ્રોફેસર વેશ્ટરગારડનાં પુસ્તક ઉપરથી પ્રગટ કીધું. ૧

એજ એરવદે ખોરદેહ અવસતાનું પુસ્તક પણ જંદ હરફે છપાવી પ્રગટ કીધું હતું.

તા૦ ૫ મી સપટેમબર.

મરહુમ શેઠ દાદાભાઈ નોશરવાંનજીવાલાં મુંબઈનાં કદમી આતશબેહરાંમને પરડાયાને આજ દીને ૧૦૦) વર્ષ પુરાં થયાં. એટલી મુદતમાં કેહે છે કે પવિત્ર આતશને જે ઓરડામાં તથા આફરગાંનીઆંમાં પરઠયા હતા તેમાંથી હજુ સુધી કેઠે ખોસાડીઆ નથી.

તા૦ ૭ મી સપટેમબર.

ઈટાલીમાં આવેલાં કાસામીસીઓલામાં થયલા ધરતી કંપથી નાશ પામેલાઓના આસરાને માટે મુંબઇના ઇટાલીઅન કાનસલે ફંડ ઉભું કીધું હતું, તે મધે યુરોપ્યનોએ રૂ. ૨૦૭૦) હીંદુઓએ રૂ. ૮૫), મુસલમાંનોએ રૂ. ૧૭૫), યાહુધીઓએ રૂ. ૧૦૦), અને પારસીઓએ રૂ. ૧૩૦૦) ૨ મલી રૂ.૩૭૩૦) ભરાયા હતા.

તા૦ ૧૦ મી સપટેમબર.

રાંદેરનાં દોખમાં ભણી જવાનો રસ્તો ઘણી ખરાબ હાલતમાં હોવાથી અતરેવાલા શેઠ હોરમજજી અરદેસર હોરમજજી વાડીઆએ પોતાના મરહુમ બાવાની નઈઅતે ત્યાં એક પાકી સડકનો રસ્તો પોતાને ખરચે બંધાવી આપયો હતો.

એજ દોખમાંની સાંમે રીમન કપડાં નાખવાનો એક કુવો અતરેવાલા શેઠ જાંગીરજી કાવશજી જાંગીરજી રેડીમનીએ પોતાના મરહુમ મુરબીજીની નઈઅતે બંધાવી આપ્યો હતો.

તા૦ ૧૨ મી સપટેમબર.

આ૦ પેશતનજી કાવશજી રબાડીએ "ફરમાંને જરતોસત" નામનું એક પુસ્તક છપાવી શેઠ દીનશાહજી માણેકજી પીટીટને અરપણ કીધું હતું. ૩

તા૦ ૧૪ મી સપટેમબર.

"પારસીઓ મધે અપાતી બાલ કેલવણી" વિષે "એક જરયોશતી"ને નામે ફોરટ પ્રીંટીંગ પ્રેસ મધે ચોપાનીઆં છપાવી જરયોસ્તીઓમાં મુફત વેંહચયાં હતાં. ૪

તા૦ ૧૫ મી સપટેમબર.

એશીઆટીક ઓલમાઓની છઠીવારની "ઓરીએનટલ ઇનટર નેશનલ કાંનગ્રેસ" આએ અઠવાડીઆંમાં લંડન ખાતે મલી હતી; જે વેલાએ જુદી જુદી બાબદો ઉપર વંચાયલા ચાલીસ રેસાલાઓમાં પારસીઓને લગતી બાબદોના બે રેસાલા, જેમાં એક મુંબઇવાલા દસતુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાનાએ "અવસ્તાનાં થોડાક અગતનાં બોલોનો અભીઆસ" ૫ એ બાબદ ઉપર તથા બીજો મો૦ ડી૦ હારલેઝે "અવસ્તાના જમાના" વિષે લખેલો હતો. ૬

તા૦ ૧૬ મી સપટેમબર.

ડાકટર જાંગીરજી જમશેદજી ખરશેદજી લીલાંઉવાલાએ "કાલેરા—તેનો ઉપદરવ, ફેલાવો, અને તે અટકાવવાના ઉપાયો" વિષે એક ચોપાંનીઉં છપાવી પ્રગટ કીધું હતું. ૭

---

૧ "ફરવષી. બાજ ધરણાં સાથે તથા આફરીંગાનો અને આફરીનો, જંદ હુરફે. પ્રગટ કરનાર, તેહમુરસ દીનશાહજી અંકલેશરીઆ. મુંબઈ: ફોરટ પ્રીંટીંગ પ્રેસ. સને ૧૨૫૨ યજદજરદી ૧૮૮૩ ઈસવી."

૨ એ રૂ. ૧૩૦૦) નીચે મુજબ હતા—(રૂ.૫૦૦) દીનશાહજી માણેકજી પીટીટ (રૂ. ૨૦૦) નશરવાંનજી માણેકજી પીટીટ, બી. એન્ડ એ. હોરમારજી (રૂ. ૧૦૦) દાદાભાઈ હોરમજજી દુબારા (રૂ. ૫૦) ફરામજી સાંટસની કું૦, જમશેદજી નશરવાંનજી તાતા (રૂ. ૨૫) મેહરવાંનજી ફરામજી પાંડેની કું૦, નવરોજજી અરદેસર દાવર એન્ડ સનસ, એદલજી ફરામજી આલબલેસના છોકરાઓ, નવરોજજી ફરદુનજી (રૂ. ૧૦૦) રૂ. ૨૫)ની અંદરની રકમ.

૩ "ફરમાંને જરતોસત, યાને આપણા અશો જરતોસતે ફરમાવેલા હોકમો. માજદીઅસની દીનના લોકોને ધરમ સહમજાવવા થકી, તેમજ જરૂર કરી જરતોશતી બાલકોને ધરમની કેલવણી આપવા શારૂ. શેઠ દીનશાજી માણેકજી પીટીટની સાહેતાથી, ધરમ પુશતકોના દાખલાઓ શાથે. બનાવનાર, એ૦ પેશતનજી કાવશજી રબાડી. પારસી પ્રીંટીંગ પરેશ. યજદેજરદી શને ૧૨૫૨ ઈશવી શને ૧૮૮૩."

૪ "પારસીઓ મધે અપાતી બાલ કેલવણી. લખનાર, એક જરથોશતી. મુંબઈ: ફોરટ પ્રીંટીંગ પ્રેસ. સને ૧૨૫૨ યજદજરદી. ૧૮૮૩ ઈસવી."

૫ એ રેસાલો પછવાડેથી ૧૮૮૫ના ડીસેમબર માસમાં "On the avestic terms, Mazda—Ahura-Mazda-Ahura" એવાં નામથી દસતુર જામાસપજીએ ચોપાંનીયાંના આકારમાં છપાવી પ્રગટ કીધો હતો.

૬ જામે જમશેદ, તા૦ ૧૭ મી સપટેમબર ૧૮૮૩.

૭ "કાલેરા, તેનો ઉપદરવ અને ફેલાવો, અને તે અટકાવવાના ઉપાયો. (તારીખ ૬ ઠી આગસટ સને ૧૮૮૩ થી તે તા૦ ૨૧ મી આગસટ ૧૮૮૩ નાં જામે જમશેદ ઉપરથી) જામે જમશેદને માટે લખનાર, ડાકટર જાંહાંગીર જમશેદજી ખરશેદજી. મુંબઈ: ધી બોમ્બે જામે જમશેદ પ્રીંટીંગ પ્રેસ કંપની લીમીટેડ. સને ૧૮૮૩ ઈસવી."

તા૦ ૧૭ મી સપટેમબર.

દસતુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાનાએ "પાશોખે નીરંગે જવીતં દીનાન" નામનું ચોપાંનયું છપાવી પ્રગટ કીધું. ૧

તા૦ ૧૮ મી સપટેમબર.

આજ દીને મરહુમ શેઠ અરદેસર એદલજી પેતીગરાનાં ઉઠમણાંમાં રૂ. ૬૫૦) ધર્મખાતાંઓમાં આપ્યા.

તા૦ ૨૦ મી સપટેમબર.

હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટને મુંબઈના નામદાર ગવરનરની ધારા બાંધનારી સભાના એક અધિકારી તરીકે પાછા ત્રિજીવાર નેમ્યા. ૨

તા૦ ૨૪ મી સપટેમબર.

દક્ષિણ થાંણાના આસીસ્ટંટ કનઝરવેટર ઓફ ફારેસટસ શેઠ રૂસતમજી હોરમજજી માડન, એલ. સી. ઇ. એ બોરઘાતના "રીવરસીંગ" સ્ટેશનની નજદીક આદોશી જગાક્ષમાં ૬ાા ફીટ લાંબી એક વાઘણનો શેકાર કીધો. ૩

તા૦ ૪ થી અકટોબર.

રોજ ૧૬, માહ ૧ (શે૦) ૧૨૫૩ ય૦

મરણ—શેરાબજી નવેરોજજી વાડીઆ—ઉમર વરષ ૬૩) એવંન મરહુમ માસતર બીલ્ડર શેઠ નવરોજજી જમશેદજી વાડીઆના પાંચમા બેટા થતા થતા હતા. અને ૧૮૪૯ નાં સાલમાં વેપારને અરથે ચીન ગયા હતા. તેવંન મેસરસ લાયન બ્રધરસની પેહડીમાં ગેરંટી બ્રોકર અને પછી મેસરસ એવિરટ લેથમની પેહડીમાં મદદનીશ તરીકે નજદીક પંદર વર્ષ થયાં જોડાયા હતા. જ્યાં તેવન પોતાના મરણની ઘડી સુધી સારા ઓધ્ધાપર હતા. એવંન સર જમશેદજી બેનીવોલંત ઇંનસ્ટીટયુશનના લાંબી મુદત વેર ઓડીતર હતા.

તા૦ ૮ મી અકટોબર.

મુંબઈના નામદાર ગવરનર સર જેમસ ફરગયુસને પુણાં મધે હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, સરદાર ખાંનબાહાદુર પદમજી પેશતનજી, અને ખાંનબાહાદુર દસ્તુર નશરવાંનજી જામાસપજી જામાસપઆશાનાની તેમનાં મકાનમાં જઇ મોલાકાત લીધી હતી. ૪

તા૦ ૮ મી અકટોબર.

રોજ ૨૦, માહ ૧ (શે૦) ૧૨૫૩ ય૦

એડન મધે આજ દીને શેઠ કાવશજી દીનશાહજી એડનવાલાએ આદરાંનની એક દરેમેહર બંધાવી પરકાવી હતી. ૫ જશનની ક્રિયા એ૦ ફરામજી રૂસતમજી કોટવાલે કીધા બાદ શેઠ કાવશજી તરફથી એક અંજુમન પત્ર વંચાયો, જેમાં જણાવ્યું હતું કે એ દરેમેહરના ચાલુ ખરચને માટે તેવણે પોતાની જાતીકી મીલકતમાંથી ત્રણ મીલકતો જેનું ભાડું દર માસે રૂ. ૨૦૩) ઉપજે છે તે એલાહેદી કાઢી છે, તથા એ દરેમેહરના મુતવલી તરીકે તેવણ પોતે અને તેમના વારેસો છે. એ પછી ઉપલા એ૦ ફરામજી રૂસતમજી કોટવાલને એ દરેમેહરના દસ્તુર તરીકે નેમી એક શેઆલ, સોનાંનું ઘડીઆલ, અને હીરાની વીંટી ભેટ કરી; તથા એડનની જરથોસ્તી અંજુમન તરફથી સેક્રેટરી શેઠ મનચેરજી રૂસતમજી ઢોલુએ શેઠ કાવશજીને એક માંનપત્ર વાંચી શેઆલ તથા રૂપાંનાં ફુલદાંન સાથે એનાયતે કીધું. એ બાદ શેઠ કાવશજી તરફથી એક માનપત્ર અને શેઆલ મુંબઈ દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાનાને માટે મોકલવા ૬ તેમજ એકેકી શેઆલ અને ગીનીઓની આશીર્દાદ એ આદરાંનની ક્રિઆ કરનાર દસ્તુર ફરામજી રૂસતમજી કોટવાલ, ફરદુનજી રતનજી નરીમાંન, મનચેરજી કાવશજી કુટાર, અને શેરાબજી બેજનજી રાંણજીને ભેટ આપી હતી. એ પછી ચાશની કરી સર્વે જરથોસ્તીઓએ આખો દાહડો સાંજ તેહવાર તરીકે ગુજારયો હતો. ૭

---

૧ "પારોખે નીરંગે જવીતદીનાંન. યાને જુદદીનોને મજદયસ્ની જરથોશતી દીનમાં કહેવી રીતની કીરીઆ કરીને લેવા તે વીશેનાં દસ્તુર પેસુતનજીના ખોલાસાનો રદ જવાબ. બનાવનાર, જામાસપજી દસતુર મીનોચેહેરજી જામાસપઆસાનાં. મુંબઈ: ફોરટ પ્રીંટીંગ પ્રેસ. ૧૨૫૨ યજદજરદી. ૧૮૮૩ ઈસવી."

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૨૦ મી સપટેમબર ૧૮૮૩.

૩ જામે જમશેદ, તા૦ ૨૯ મી સપટેમબર ૧૮૮૩

૪ જામે જમશેદ, તા૦ ૧૦ મી અકટોબર ૧૮૮૩.

૫ રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી અકટોબર ૧૮૮૩.

૬ આ માનપત્ર તથા શેઆલ દસ્તુર જામાસપજીને તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૮૪ ને દીને એડનના કેટલાક જરથોસ્તીઓનાં એક ડેપ્યુટેશને તેમને મકાંને આવી ભેટ આપ્યું હતું.

૭ આ દરેમેહરમાં નીચે મુજબ તખતી મારેલી છે:— "અએ અહુરમજદ! તરને આને મનશની ગવશની કોનશનીથી તુને નમુચ. આએ પાક દરેમેહેર પારસી કાવશજી દીનસાજી દરજ્જનાંએ પોતાના બેહશતીઓ ફરજંદ દીનસાજી, બાવા દીનસાજી, માતાજી દીનબાઈ, અને ધણીઆંણી બાઈઆઈનાં પુનને કીજે શ્રી એદન મધે શદંતર નવા આલાત અને નવા ખરચનુમ કરીને આજ દીને આદરાંન સાહેબને તખતનશીન કરીને કુલે જરથુશતીઓનાં બંદગી તથા કીરીઆ કાંમના વપરાશને માટે ખોલી મુકી છે. રોજ ૨૦ મો બેહરાંમ એજદ માહ ૧ લો ફરોશ ફરેવરદીન શેહનશાહી શને ૧૨૫૩ યેજદજરદી, તા૦ ૮ મી અકટોબર સને ૧૮૮૩ ઈશવી, સંવંત ૧૯૩૯ નાં આશો શુદ ૭ ને

તા૦ ૯ મી અકટોબર.

શેઠ ફરાંમજી રૂસતમજી વાડીઆ, એમ. એ; એલ. એલ. બી. એ હાઈકોરટના સોલીસીટરની પરીક્ષા ફતેહમંદીથી પસાર કીધી. ૧

તા૦ ૧૦ મી અકટોબર.

ડાકટર દીનશાહ બહમનજી પેશતનજી માસતરે "મુંબઈમાં બંધાતી નવી ગટરો, તેની સમજ તથા તેથી ઉપજતા ફાએદા" વિષે એક ચોપાંનીઉં છપાવી પ્રગટ કીધું. ૨

તા૦ ૧૩ મી અકટોબર.

રોજ ૨૫, માહ ૧ (શે૦) ૧૨૫૩ ય૦

મરણ—આવાંબાઇ તે રૂસતમજી બરજોરજી ચીનાઈનાં માએ–ઉમર વરસ ૧૦૦) એકસો.

તા૦ ૧૩ મી અકટોબર.

અતરેનાં મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઅનાં આતશબેહરાંમનાં બોએવઃ વારાના ઇ. સ. ૧૮૩૪ થી તે ૧૮૪૯ સુધીના રૂપીઆ જે મરહુમ શેઠ હોરમજજી બહમનજી શેઠનાને ત્યાં ડીપાજીત મેલ્યા હતા તેની તા૦ ૩૧ મી ડીસેમબર ૧૮૮૧ સુધી વ્યાજ સાથે એકઠી થએલી આસરે રૂ. ૪૪૨૦૦)ની રકમ નવસારીના ભગર સાથના મોબેદોના લાભનું કાંઇ ધર્મખાતું સ્થાપવા માટે મરહુમ શેઠ હોરમજજી શેઠનાનાં વીધવા બાઇ રતનબાઈ તથા દીકરાઓ શેઠો હીરજીભાઇ અને ફરાંમજી હોરમજજી શેઠના જેઓ નામદાર કોરટ ઠેડવે તેને તે આપવાને તૈયાર હતા, તેમના પાસેથી વશુલ કરવાને ભગર સાથની અંજુમનની તરફથી દસ્તુર દારાબજી માહીઆરજી મેહરજી રાંણાના, દસ્તુર જમશેદજી રતનજી ફુતાર, બરજોરજી એદલજી કોટવાલ, ફરદુનજી નશરવાંનજી ભેદવાર, માણેકજી પાલણજી દાબુ, રૂસતમજી કૈકોબાદજી મેહરજીરાંણાના, ફરદુનજી બરજોરજી વાછા, નશરવાંનજી જમશેદજી પાવરી, અને રૂસતમજી એદલજી બામજીએ અતરેની હાઇ કોરટમાં ફરીઆદી માંડી હતી. એની સાંમે મરહુમ શેઠ હોરમજજી વાડીઆનાં આતશબેહરાંમના તરસ્ટીઓ મરહુમ શેઠ અરદેસર હોરમજજી વાડીઆ તથા શેઠો જમશેદજી બહમનજી વાડીઆ અને નશરવાંનજી અરદેસર વાડીઆએ એ નાણાં ઉપર તેઓનો આતશબેહરાંમના તરસ્ટીઓ તરીકેનો હક છે એવો વાંધો લઇ તે પોતાને સ્વાધીન માગયાં હતાં. આ મુકદમો નામદાર જડજ હાનરેબલ બરડઉડની હજુર ૮) વખત સાંભલવામાં આવ્યો હતો, અને તે દરમેઆંન વાદી ભગર સાથની અંજુમન તરફથી એ૦ મનચેરજી કેરશાસપજી માડન, એ૦ ફરદુનજી બરજોરજી વાછા, દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસ્પઆશાના, એ૦ નશરવાંનજી જમશેદજી પાવરી, દસ્તુર જમશેદજી શેરાબજી કુકાદારૂ, શેઠો શેરાબજી શાપુરજી બંગાલી, સી. આઈ. ઈ; દીનશાહજી માણેકજી પીટીટ, અને દીનશાહ પેશતનજી કાંગા, સોલીશીટરની; તેમજ પરતીવાદી આતશબેહરાંમના તરસ્ટીઓ તરફથી એ૦ અસપંદીઆરજી તેહમુલજી બજાં, એ૦ તેહમુલજી નવરોજજી સંજાણા, બી. એ; દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણા, અને શેઠ હીરજીભાઇ અરદેસર દાદીશેઠની શાહીઓ લેવામાં આવી હતી. જે બાદ નામદાર જડજે આજ દીને એ મુકદમાનો ચુકાદો આપયો કે ઉપલાં નાણાં ભગર સાથના મોબેદોની આશોદાદનાં છે, અને તે ઉપર આતશબેહરાંમના તરસ્ટીઓનો કસ્સો હક નથી. માટે એ નાણાંનું વાદીઓ જે ભગર સાથના મોબેદોના લાભનું ધરમખાતું કાઢવા માગે છે તે મુજબ ગરીબ અને નાતવાંન મોબેદોના નીભાવ તથા તેમનાં ફરજંદોને કેલવણી આપવાનું કાંઈ ધરમખાતું સ્થાપવું, અને તેની સાથે મરહુમ હોરમજજી બહમનજી શેઠનાનું નામ જોડવું, તથા આ મુકદમાના સંબંધમાં વાદીઓ તથા શેઠો હીરજીભાઇ, ફરાંમજી, અને બાઇ રતનબાઇને થયલો ખરચ ઉપલાં નાણાંમાંથી આપવો; અને આતશબેરાંમના તરસ્ટીઓ પોતાનો ખરચ પોતે આપવો. ૩

આ મુકાદાની સાંમે આતશબેહરાંમના તરસ્ટીઓએ હાઈ કોરટમાં અપીલ કીધી હતી, જે નામદાર વડા જડજ હાનરેબલ સર ચારલસ સારજંટ તથા હાનરેબલ જસટીસ કેમબાલની સાંમે ૪) વાર સાંભલયા પછી તેનો તા૦ ૧૫ મી સપટેમબર ૧૮૮૪ ને દીને તે નામદારોએ ચુકાદો આપયો કે મજકુર નાણાં ઉપર મોબેદોનો હક સાબેત થઈ ચુકો છે. એ નાણાં પ્રથમવારો લેનારા ધણીઓમાં વેંહચાયાં નહી, અને પડી રહયાં, તે મુંબઇમાં નાવર મરાતેબ કરવાની સરતને લીધેજ હતાં. એ સરત જો ન હોતતો મોબેદોને આ નાણાં મલત. એ નાણાં ઉપર ખરેખરો કોણનો હક પુંગે છે તે આં નકી થઇ શકે એમ નથી. તે નામદારોએ સુચનાં કીધી કે આ નાણાંનો ઉપયોગ ધરમખાતાંમાં કરવા માટે ઈંગલાંડમાં વારંવાર બંધાય છે તેવો એક નાહનો ધારો બાંધવા માટે સરકારને પારસીઓએ અરજ કરવી. એ બાદ ભગર સાથની અંજુમનનો તથા શેઠ હીરજીભાઇ શેઠનો ખરચ ઉપલાં નાણાંમાંથી અને અપીલ કરનારા આતશબેહરાંમના

૧ ટાઈમસ આફ ઇંડીઆ, તા૦ ૧૦ મી અકટોબર ૧૮૮૩.

૨ "મુંબઈમાં બંધાતી નવી ગટરો, તેની સમજ તથા તેથી ઉપજતા ફાયદા. (તારીખ ૧૭ મી જુલાઈ સને ૧૮૮૩ થી તે તા૦ ૩ જી આગસટ ૧૮૮૩ નાં જામે જમશેદ ઉપરથી) જામે જમશેદને માટે લખનાર, ડાકટર દીનશાહ બમનજી પેસતનજી માસતર. મુંબઈઃ ધી બોમ્બે જામે જમશેદ પ્રીંટીંગ પ્રેસ કંપની લીમીટેડ. સને ૧૮૮૩ ઈસવી."

૩ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૪ મી અકટોબર ૧૮૮૩.

તા૦ ૧૪ મી અક્ટોબર.

મધરાસનો નામદાર ગવરનર મી૦ ગ્રાંટ ડફ જે મલબાર કોસ્તા તરફ મુસાફરીએ નીકલ્યો હતો તે નામદારને આજ દીને કાનાનોરથી પાછા ફરતી વખતે શેઠ કાવશજી હીરજીભાઈ માલેગાંમવાલાએ પોતાની આરીસમાં નોતરી માન આપ્યું હતું. શેઠ કાવશજીનાં ધણીઆંનીએ તે નામદારનાં ગલાંમાં ફુલનો હાર પેહરાવ્યો, તથા તેમની નાહની બેટીઓએ ઈંગ્રેજીમાં રાજગીત ગાઇ સંભલાવ્યું. ૧

તરસ્ટીઓ તથા શેઠ ફરાંમજી શેઠનાનો ખરચ તેમને માથે નાખ્યો હતો.

મુકદમો પ્રથમ કોરટમાં ચુકયા પછી તા૦ ૪ થી નવેમબર ૧૮૮૩ ને દીને મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆનાં આતશબેહરાંમની શાલગરેહને દીવસે એ આતશબેહરાંમના તરસ્ટીઓ શેઠ નશરવાંનજી અરદેસર હોરમજજી વાડીઆ અને જમશેદજી બહમનજી વાડીઆએ એક હેંડબીલની મારફતે તથા વરતમાંન પત્રોમાં જાહેર ખબર છપાવી એવું જાહેર કીધું હતું કે તેઓએ પોતાના દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાની મસલતથી પોતાનાં આતશબેહરાંમ મધે અથોરનાંનોનાં ફરજંદોને નાવર મરાતેબ કરવાનો ઠડાવ કીધો છે અને જેઓ એ મરાતેબની ક્રીયા દસ્તુરજીની ખાતરી મુજબ કરશે તેને મજકુર આતશબેહરાંમમાં ક્રીયા કરવાના સઘલા હકો તેમનાં લવાજમ સાથે તથા તે ઉપરાંત યજદેજરદી ૧૨૫૩ થી તે ૧૨૬૩ સુધીનાં જેબી વરસમાં તે મરાતેબ થશે તે પછીનાં ૧૨૬૩ સુધીનાં સાલવેર તેને દર વરસે રૂ. ૧૦૦) મલીઆ જશે, એવી સરતથી કે તેણે મોબેદીનો પેશો ચાલુ રાખી દસતુરજીના હોકમને આધીન થઈ એજ મકાંનમાં વસી સઘલી ક્રિઆ કરવી.

ઉપલાં હેંડબીલમાં જાહેર કીધા મુજબ મુંબઇમાં કોઇ મોબેદનાં ફરજંદો તુરત મરાતેબ થવાને બાહેર નહિં પડવાથી દસ્તુર પેશુતનજીએ પોતાના બે નબીરાઓ રૂસતમજી તથા દીનશાહજી એદલજીને બાહેર પાડયા હતા. તેઓમાંના વડાને નાવર થવાની ક્રિયા તા૦ ૨૧ મી અને બીજાને તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૮૪ ને દીને કરવામાં આવી હતી. જે વેલાએ દસતુરજીને, તેમના બધે નબીરાઓને, તેમજ એ કામમાં મદદ આપનાર તથા આતશબેહરાંમની બોએ દેનાર મોબેદો પેશતનજી જમશેદજી કાતરક, પાલણજી એદલજી મોબેદજી, પાલણજી કાવશજી માડન, શાપુરજી જમશેદજી કાતરક, અને કેકોબાદ દોરાબજી પંથકીને અકેકી શેઆલ હોરાડવામાં આવી હતી. એ પછી આતશબેહરાંમના એક તરસ્ટી શેઠ નશરવાંનજી અરદેસર હોરમજજી વાડીઆએ એક અંજુમન પત્ર વાંચી સંભલાવ્યો કે આએ આતશબેહરાંમના દસતુરજી તથા યોજદાથરેગરીનું કામ કરનારા બરશનુમવાલા મોબેદોને આએ સાલ રૂ. ૩૦૦૦) તથા તેને મલતી રીતે હવે પછી દર સાલ વેંહચી આપવામાં આવશે. એ બાદ શેઠ નવરોજજી ફરદુનજી સી. આઇ. ઇ. એ અતરે મરાતેબ કરવાની તરફેણમાં એક ભાષણ કીધું હતું.

વળી એ આતશબેહરાંમની બોએ દેવાનું કામ કે જે ૫૩) વરસ થયાં નવસારીની વડી દરેમેહરને તાબેના ભગરીઆ મોબેદો કરતા હતા, તેઓએ હીયાં ઉપલી ક્રીયા કરવાને ના પાડવાથી તરસ્ટીઓએ બોએ દેવાનું કામ ગંદેવી તથા બીલીમોરાના ભગર સાથના મોબેદોને તા૦ ૧૮ મી ડીસેમબર ૧૮૮૪ થી સોંપયું. આ ઉપરથી મુંબઈમાં વસનારા ભગર સાથના મોબેદોએ તા૦ ૧૫ મી ડીસેમબર ૧૮૮૩ ને દીને મુંબઇની પારસી પંચાતનાં ફંડના તરસ્ટી સાહેબો જોગ એક અરજી કરી ઉપલી આતશબેહરાંમની બોએ દેવાનું કામ બીજા મોબેદોને એકદમ સોંપી દેવાને બદલે એ બાબેની ધીરજથી સમજુતી કરવાને બની આવે માટે તે કામ બે માસ ઢીલમાં નાખવાની તજવીજ કરવી. આના જવાબમાં તરસ્ટીઓના સેકરેટરી શેઠ નશરવાંનજી બેહરાંમજીએ તા૦ ૨૨ મી ડીસેમબર ૧૮૮૩ ને દીને એ૦ માણેકજી જમશેદજી દસતુર મેહરજી રાંણાના તથા બીજા શહી કરનારાઓને લખી જણાવ્યું કે આતશબેહરાંમના દસતુર પેશુતનજી બેહરાંમજી સંજાણાએ તરસટીઓને ખોલાસો લખી જણાવ્યા મુજબ નવસારીના ભગર સાથના મોબેદોએ ગંદેવી તથા બીલીમોરાના ભગર સાથના મોબેદોસાથે મલી મુંબઈનાં આતશબેહરાંમની બોએ આગલ દીધેલી છે.

આ ઉપરથી મુંબઈમાં વસતા ભગર સાથના મોબેદોએ પોતાની એક સભા તા૦ ૨૪ મો ડીસેમબર ૧૮૮૩ ને દીને કોટ મધેની મરહુમ માણેકજી શેઠવાલી દરેમેહરમાં ભરી હતી. આ વેલાએ સરનશીનની ખુરસી દસતુર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાને આપયા બાદ નવસારીની અંજુમન ઉપર ઉપલી સરવે બીનાં લખી જણાવી એ બાબે તેમનો શું વીચાર તથા ઠેડાવ છે તે જાણવા સારૂં એક અરજી મોકલવાનો તથા મુંબઈ મધે ભગર સાથના મોબેદોને વાપરવાને નવો વરસીયો કરવાને જોઈતા આલાત નવસારીથી મંગાવવાને મરહુમ માણેકજી શેઠની દરેમેહરના મુતવલીને અરજ કરવાને ઠેડવ્યું હતું. એ પછી તા૦ ૮ મી જાનેવારી ૧૮૮૪ ને દીને નવસારી મધે ઉપલી મુંબઈથી ગયલી અરજી વીશે વીચાર કરવાને વડી દરેમેહરમાં ત્યાંની અંજુમનની સભા મલી હતી જે વેલાએ એ અરજીનો જવાબ ઘડી કાઢવાને એ૦ રૂસતમજી જામાસપજી દસતુર મેહરજીરાંણાના, એ૦ નવરોજજી રતનજી કુતાર, એ૦ બરજોરજી એદલજી કોટવાલ, એ૦ હોરમજજી નવરોજજી બામજી, અને દસતુર ખુરશેદજી જમશેદજી જામાસ્પઆશાનાની એક કમીટીને સોંપ્યું હતું. આ કમીટીએ જવાબ તૈયાર કરી તે બાહલ રાખવા તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૮૪ ને દીને પાછી શમશત અંજુમન વડી દરેમેહરમાં ભેગી મેલવી હતી. સરનશીનની ખુરસી દસતુર દારાબજી માહીઆરજી મેહરજીરાંણાને આપવા બાદ તે જવાબ બાહલ રહયો જેમાં એવી મતલબના ઠેડાવો હતા કે અસલથી ચાલતો આવેલો સરવે પંથકનો હક છે કે કોઇ કોઇના હક ઉપર તરાપ મારવી નહી, તેથી તે રેવાજથી ઉલટા જઈ આતશબેહરાંમમાં બોય દે, નાવર મરાતબ થાય, અથવા તેમ કરવામાં જાહેર કે છુપી મદદ અથવા સલાહ આપે તેવી કોઈ

૧ મધરાસ મેલ, તા૦ ૧૫ મી અક્ટોબર ૧૮૮૩.

તા૦ ૧૫ મી અકટોબર.

સુરતવાલા શેઠ બરજોરજી ડોશાભાઈ મારફતીઆએ ઇંગ્રેજીમાં કાગજપત્રો, દસ્તાવેજો, અરજીઓ વગેરે લખવાની ઢપની એક ચોપડી પ્રગટ કીધી. ૧

———

તા૦ ૧૮ મી અકટોબર.

રોજ ૩૦, માહ ૨ (ક૦) ૧૨૫૩ ય૦

મરણ—અરદેસર ગુસતાદજી કોહીયાર—ઉમર વરસ ૫૨) શેઠ ગુસતાદજી ખરશેદજી કોહીયારના વડા દીકરા. એવણુ ૧૮૫૫ થી કરાંચી ખાતે વ્યાપારી પેહડીઓમાં જોડાયા હતા. તેમાં લાંબો વખત સુધી મેસરસ ફ્લેમીંગ કંપનીના ઓફર તેમજ પછવાડેથી પોતાને હીસાબે રોજગાર ચલાવતા હતા. તે તરફ પારસીઓમાં સરવેથી પેહલાં ફ્રીમેસન એવણુ થયા હવા. એવણુનું મરણ કરાંચી મધેજ નીપજયું હતું.

———

તા૦ ૧૮ મી અકટોબર.

શેઠ બેહરાંમજી પદમજી પેશતનજીને પુણ્યાં જીલ્લાના એક ખાસ માજીસ્ત્રેટ નેમી તેમને ત્રિજા વર્ગના માજીસ્ત્રેટની સત્તા આપી. ૨

———

તા૦ ૧૯ મી અકટોબર.

એમસટરડેમનાં છેલ્લાં પ્રદરશણુમાં અતરેવાલી "ફરાંમજી નવરોજજી" ની દુકાંનના માલેક શેઠ મોહલજી ફરાંમજી ઢોંડીને મુંબઈથી ચંટણી, અચાર, મુરબો, વગેરે બનાવટો દેખાડવા મોકવવા માટે એક કાંસાના ચાંદનું ઇનામ મલ્યું. ૩

———

તા૦ ૨૧ મી અકટોબર.

રોજ ૩, માહ ૨ (શે૦) ૧૨૫૩ ય૦

શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆએ ઉદવારાનાં આતશબેહરાંમનાં તખતપર રૂ. ૧૦૦૦)ની કીમતનું એક નવું અફરગાંનીઉં આજ દીને મેલાવ્યું. ૪

———

તા૦ ૨૫ મી અકટોબર.

નામદાર માહરાંણી વિકટોરીયાનો ત્રિજો પુત્ર ડયુક ઓફ કનાટ હિંદુસ્તાંનમાં એક લશ્કરી ઓધ્ધો લેવા માટે પોતાની બાનું સાથે પેહલવેહલો મુંબઇમાં આવનાર હોવાથી તે નામદારને અતરેના રેહવાસીઓ તરફથી ઘટતું માન આપવા તથા

ઉસકેરણી કરે, તથા બગર સાથની અનજુમને કરેલા ઠરાવને કંઈ નુકસાંન પોંહોચે એવી કાંઇ યુકતી કરે કરવે તેવાઓને બગર સાથની અનજુમનથી જુદા પડેલા ગણવા. પછી મરહુમ શેઠ હોરમજજી વાડીઆનાં આતશબેહરાંમમાં રેહનારા બગર સાથના મોબેદો જેઓ તા૦ ૨૦ મી ડીસેમબર ૧૮૮૩ ને દીનથી ત્યાંથી નીકલી મરહુમ દાદીશેઠવાલાં કદમી આતશબેહરાંમમાં જઇ વસ્યા હતા તેમને ત્યાં આસરો આપવા માટે તે મકાંનના મુતવલી શેઠ હીરજીભાઇ અરદેસર દાદીશેઠનો ઉપકાર માનવા તથા તેમના વડવા મરહુમ શેઠ દાદીભાઇ નોશરવાંનજીનું નામ જાહેર અંજુમનની મીજલસમાં જશનોમાં લેવાનો ઠેડાવ કરવામાં આવ્યો હતો.

એ બાદ મુંબઇ મધે નવો વરસીયો કરવાને નવસારીથી નીરંગ, આલાત, ભસમ, વગેરે લઈને તા૦ ૯ મી જાનેવારી ૧૮૮૪ ને દીને પગ રસ્તે ત્રણ બરશનુમવાલા મોબેદો એ૦ હોરમજજી ફરદુનજી મેહરજીરાંણાના, એ૦ ખરશેદજી બેહરાંમજી સહીયાર, અને એ૦ આદરજી કેરશાસપજી કોટવાલ મુંબઈ મધેની મરહુમ શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆની દરેમેહરના પંથકી એ૦ ફરદુનજી બરજોરજી વાછાનાં ઉપરીપણાં હેઠલ નીકલયા હતા. તેઓ પગ રસ્તે ગંદેવી, વલસાડ, ચીવલ, ચોસારા, પેંટ, નાશક, આટોલી, ઇગતપુરા, કસારા, શાહપુર, કલીઆંણી, અને થાંણા મધે રહી તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૮૪ ની રાતનાં મુંબઇ મધે આવી પુગા હતા. એઓને રસતામાં કોઈ સરકારી અમલદાર હરકત કરે નહીં તે માટેનો મુંબઈના કલેકટરે દસતુર જામાસપજી મીનોચેહરજી જામાસ્પઆશાનાની અરજ ઉપરથી એક પરવાંનો આપ્યો હતો. મુંબઈ આવ્યા પછી નવાં બરશનુમ લઇ તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૮૪ ને દીને મરહુમ માણેકજી શેઠની દરેમેહરમાં નવા વરસીયાની તથા તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૮૪ ને દીને નીરંગ દીનની ક્રિયા કીધી હતી, અને મુંબઈ ખાતેની સરવે દરેમેહરોમાં તે વડે યોજદાથરેગરીનું કામ ચલાવવાનું શરૂ કીધું, તથા આતશબેહરાંમમાંથી નીકલી ગયલા મોબેદોને પોતાના બેહદીનોને ત્યાંની ક્રિયા કરવા માટે ચંદનવાડી આતશબેહરાંમની પડોસમાંજ એક ઘર ભાડે રાખી તા૦ ૧૫ મી જુન ૧૮૮૪ થી તે દરેમેહર તરીકે વાપડવાને શરૂ કીધું.

૧ "A Book of correspondence, compiled by Burjorjie Dossabhoy Marfuttia, of Surat. Printed at the Mission Press, Surat 1883."

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, તા૦ ૧૮ મી અકટોબર ૧૮૮૩.

૩ ટાઈમસ ઓફ ઇંડીઆ, તા૦ ૧૯ મી અકટોબર ૧૮૮૩.

૪ એ અફરગાંનીઆં પર નીચલો લેખ કોતરેલો છે:—
"વાડીઆ દાદાભાઈ પેશતનજી બહમનજી લવજીએ શ્રી ઉદવાડાનાં આતસબેહેરાંમ શાહેબની દરેમેહેર રોજ. ૨૭ મો માહ. ૬ રોહેનશાહી શને ૧૧૯૯ ઈઅજદજરદી, અંગરેજી તારીખ ૨૭ મી મારચ ૧૮૩૦ ઈશવી. શવંત ૧૮૮૬ નાં વરસે ચઈતર શુદ ૩ ને વાર શનેઉને દીને નવી બંધાવીને અશલ શ્રી શંજાનમાં પરઠેલા પુરોતમ આતશબેહેરાંમ શાહેબને નવાં તખત ઉપર તખતનશીન કરેઆ હતા તે વખતે એ આતશબેહેરાંમ શાહેબનાં તખતનું પાતરૂં મેલીઉં હતું. જેહેને નુકશાંન પોહોંચવાથી આએ બીજું નવું પાતરૂં શને ૧૨૫૧ ઈઅજહેજરદી. શ૦ંત ૧૯૩૮. ઈસાવી શને ૧૮૮૧ નાં શાલમાં મેલીઉં છે."